સ્વાધ્યાય

પુસ્તક ૧

અંક ૧

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક

સરસ્વતી-વસંતગઢ

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મંદિર,
વડોદરા

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

દીપોત્સવી, વિ. સં. ૨૦૧૯

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બોક્સ નં ૭૫,
વડોદરા.

સંપાદક

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૧૯
ઑક્ટોબર, ૧૯૬૩

પુસ્તક ૧
અંક ૧

પુરોવચન

'સ્વાધ્યાય' નામનું નવું સંશોધન-સામયિક ગુજરાતીમાં શરૂ કરવા માટે પ્રો. સાંડેસરાને હું અભિનંદન આપું છું.

આ કામ માટે યુનિવર્સિટીમાંથી આર્થિક સહાય મેળવવા સારુ પ્રો. સાંડેસરા કેટલાક સમય પહેલાં મને મળ્યા ત્યારે એ સ્તુત્ય યોજના માટે જે કંઈ બની શકે તે કરવાની મેં તત્પરતા દાખવી. એમ કરવાનું મુખ્ય કારણ તો, ઉચ્ચ વિદ્યા-વિષયક એક ગુજરાતી સામયિકની જે જરૂરિયાત વરતાય છે તે જ હતું. વડોદરા યુનિવર્સિટીનું પ્રાચ્યવિદ્યા મન્દિર હાલમાં અંગ્રેજીમાં એક સંશોધન-સામયિક (Journal of the Oriental Institute) પ્રગટ કરે છે. વિદ્વત્તાનું ઉચ્ચ ધોરણ તે જાળવે છે અને તેણે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, પરન્તુ ગુજરાતીમાં અત્યારે થોડાંક જ એવાં વિદ્યા-વિષયક સામયિકો છે જે પાંગરતી વિદ્વત્તાને માતૃભાષામાં પોતાના વિચારો રજૂ કરવાની તક આપે.

દેશ સ્વતંત્ર થયો ત્યારથી વહીવટ, વિદ્યા અને કેળવણીનાં ક્ષેત્રોમાં અંગ્રેજીનું સ્થાન આપણી પ્રાદેશિક ભાષાઓ લે એની ચર્ચા આપણે કરી રહ્યા છીએ. ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે તેમ જ આપણા સર્વ વિચારો અને ચિંતનના વાહન તરીકે હિન્દી અથવા પ્રાદેશિક ભાષાઓ આપણે જોઈએ છે. છેલ્લાં આશરે સો વર્ષ થયાં આપણા દેશના બુદ્ધિશાળી વર્ગે, થોડાક અપવાદોને બાદ કરતાં, પોતાના વિચારો વ્યક્ત કરવા માટે અંગ્રેજીનો ઉપયોગ કર્યો છે. આધુનિક જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરવા

માંડી તથા નૂતન વિજ્ઞાનનો ઝડપી વિકાસ થયો તે સાથે આપણા બુદ્ધિજીવીઓ તે તે વિષયોના વિચારો અંગ્રેજીમાં વ્યક્ત કરવા લાગ્યા. વાર્તા, નાટક, કવિતા અને લલિત વાઙ્‌મયને બાદ કરતાં આ દેશમાં તૈયાર થયેલું ઘણુંખરું સાહિત્ય અંગ્રેજીમાં હતું. આપણી ભાષાઓમાં સામાજિક વિજ્ઞાનો, માનસશાસ્ત્ર, નૃવંશવિદ્યા, ઔષધવિદ્યા સમેત આધુનિક વિજ્ઞાનો, ઇજનેરી અને યંત્રવિદ્યા વિષે જૂજ સાહિત્ય છે. આપણા લોકોએ કરેલાં સંશોધનોનાં પરિણામો પ્રાદેશિક ભાષાઓમાં રજૂ કરવા માટે બહુ ઓછાં સામયિકો છે. એને પરિણામે આપણી પ્રાદેશિક ભાષાઓ યોગ્ય શબ્દકોશ વિકસાવી શકી નહીં અને આધુનિક વિજ્ઞાનોમાં તથા જ્ઞાનની નવી શાખાઓમાં અભિવ્યક્તિ માટેની સર્વસ્વીકૃત પરિભાષા ખીલવી શકી નહીં.

આથી, અંગ્રેજીનું સ્થાન પ્રાદેશિક ભાષાઓ લે એમ આપણે ઇચ્છતા હોઈએ તો, આપણા સર્વ વિચારોના વાહન તરીકે તેમનો ઉપયોગ આપણે કરવો જોઈએ. સર્વ વિચારોની અભિવ્યક્તિ માટે સતત પ્રયોજાય ત્યારે જ ભાષા વિકસે છે ને સમૃદ્ધ થાય છે.

આથી, ચિંતનના વાહન તરીકે આપણી પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ કરવાનો નિશ્ચિત પ્રયત્ન થવો જોઈએ. આપણા યુવાન વિદ્વાનો અને અધ્યાપકોએ પ્રાદેશિક ભાષામાં અનેક વિષયો પર વારંવાર લખવું જોઈએ. મને વિશ્વાસ છે કે, આ નવું સામયિક સર્વ વિદ્યાકીય વિષયોના વિમર્શને અવકાશ આપશે અને માત્ર પૌરસ્ત્ય વિદ્યાના વિષયોમાં મર્યાદિત નહીં રહે. આજે અંગ્રેજી ભાષામાં સંખ્યાબંધ શબ્દો એવા છે, જે પચાસ વર્ષ પહેલાંના કોઈ શબ્દકોશમાં નહોતા. એ જ રીતે આપણી ભાષામાં અમુક વિષયો પરત્વે સર્વસ્વીકૃત પરિભાષા ન હોય તો એમાં ભાષાનો કંઈ દોષ નથી, કેમ કે, એ વિષયો પરત્વે ભાગ્યે કંઈ લખાણ થયું છે. હું આશા રાખું છું કે, આ સામયિક ગુજરાતના ઉત્તમ લેખકોને આકર્ષશે. હું એ પણ આશા રાખું છું કે, તેમનાં લખાણો ભાષાને સમૃદ્ધ કરશે અને વિચારો અને ચિંતનના વિનિમય માટેનું એને ઉત્તમ સાધન બનાવશે.

'સ્વાધ્યાય'ની હું ઊર્ધ્વગામી યાત્રા ઇચ્છું છું અને આશા રાખું છું કે, જે ઉદ્દેશથી એનો આરંભ થયો છે તે ઉદ્દેશ સમય જતાં સફળ થશે.

જ્યોતીન્દ્ર મહેતા
વાઇસ-ચાન્સેલર
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી,
વડોદરા

સત્યની એક દિશા

સામાન્ય રીતે સાહિત્યના બે પ્રકાર લેખાય છે: એક વિદ્વદ્ભોગ્ય અને બીજો લોકભોગ્ય. જે લખાણ સંશોધનપૂર્વક, યોગ્ય રીતે તલસ્પર્શી દૃષ્ટિથી, ગંભીરપણે લખાયેલું હોય તે વિદ્વદ્ભોગ્ય અને એ સંશોધનનાં પરિણામોને આધારે જે લખાણ, સાધારણ જનતાના ઉચ્ચાવચ વર્ગને ગ્રાહ્ય બને એ દૃષ્ટિથી, વિવિધ કક્ષાવાળું લખાય તે લોકભોગ્ય. આ એક તાત્ત્વિક છતાં કામચલાઉ વ્યાખ્યા છે.

અખૂટ નિર્મળ પાણીની સરવાણીઓવાળાં જળાશય હોય ત્યારે જ તેમાંથી દરેક મોસમને અનુકૂળ અને દરેક પ્રકારની જમીનને માફક એવો પાક લઈ શકાય છે. એ જ દૃષ્ટિથી કાયમી સંગ્રહવાળા નવાણુની પરાપૂર્વથી હિમાયત થતી આવી છે. તે જ ન્યાયે વિદ્વદ્ભોગ્ય લખાણોની પણ પ્રતિષ્ઠા બંધાઈ છે અને તેનું મૂલ્ય અંકાયું છે.

સંશોધનનો પ્રયત્ન એ એક યોગસાધનાનો પ્રયત્ન છે. એ પ્રયત્ન લાંબા વખત લગી સતત અને ખંતપૂર્વક ચાલતો રહે તો જ તેનાં સત્યલક્ષી પરિણામો આવે. ઘણી વાર આવાં પરિણામોનું મૂલ્ય લૌકિક કે વ્યવહારુ આર્થિક દૃષ્ટિએ બહુ જોવામાં નથી આવતું, પણ પારમાર્થિક દૃષ્ટિએ એનું મૂલ્ય અમાપ છે. સંશોધન કરનાર જ્યારે તેના પ્રયત્નનું સત્યલક્ષી પરિણામ અલ્પાંશે પણ જુએ છે, ત્યારે તેના આનંદનો પાર નથી રહેતો. એ આનંદમાં તે પોતાના બધા શ્રમ અને બધી જહેમતોને વીસરી જાય છે. જ્યારે એ સંશોધનનાં પરિણામોનું મૂલ્યાંકન કરી શકે એવો નાનોમોટો વર્ગ નીકળે છે ત્યારે, તે પરિણામો, સંશોધકની હયાતી કે ગેરહયાતીમાં, ચોમેરથી અલૌકિક અભિનંદન પણ પામે છે. અંતે તો દરેક જણ સત્યના જ્ઞાનની તૃપ્તિ અનુભવે છે.

માનવીય સંસ્કૃતિ અને સભ્યતાના સ્તરોનો જે વિકાસ ઐતિહાસિક ક્રમમાં નજરે પડે છે તે આવી સંશોધનપ્રવૃત્તિને જ આભારી છે. પૃથ્વી ઉપર ચાલતા ચક્રમાંથી વાયુવિહારી ચક્રનો વિકાસ થયો છે તે સંશોધનના પ્રયત્ન વિના કદી સંભવી ન શકે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આ વસ્તુ દેખી અને અનુભવી શકાય છે.

સંશોધનકાર્યનું મહત્ત્વ અને મૂલ્ય સમજનાર ઓછા હોય છે, પણ તેથી એનું મહત્ત્વ કે મૂલ્ય જરાય ઓછું નથી. પાશ્ચાત્ય દેશોમાં જે અનેક ક્ષેત્રે ત્વરિત વિકાસ થયો છે અને હજી જે ઝડપભેર થઈ રહ્યો છે તેના મૂળમાં આવી સંશોધન-પ્રવૃત્તિની નક્કર ભૂમિકા છે. ભારતમાં સંશોધન-દૃષ્ટિ ન હતી કે એ માટેનો પુરુષાર્થ ન હતો એમ માનવાને કશું કારણ નથી, પરંતુ તે કાળે આવી વ્યાપક સગવડ ન હતી અને સંશોધનનો પ્રયત્ન પણ મુખ્યત્વે એક ખાસ દિશા પૂરતો જ મર્યાદિત રહેલો. છેલ્લાં સો દોઢસો વર્ષમાં ભારતીય પ્રતિભાએ નવી રીતે અને નવી દૃષ્ટિએ સંશોધનની પ્રવૃત્તિ પણ આદરી છે અને તેનાં સુપરિણામો પણ આવ્યાં છે.

ગુજરાત એ મુખ્યપણે વ્યાપારી-વૃત્તિનો પ્રદેશ છે એ ખરું, પણ પ્રતિભાને વ્યાપાર સાથે કાંઈ વિરોધ નથી હોતો; ઊલટું, કેટલીક વાર વ્યાપારમાં કેળવાયેલ ઉન્મુક્ત વૃત્તિને કારણે તે વધારે પણ

કાર્યસાધક નીવડે છે. અને ગુજરાતમાં માત્ર વ્યાપારી વૃત્તિના જ લોકો છે એવું પણ નથી. એમાં પરાપૂર્વથી બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રયત્ન કરનારા અનેક પુરુષાર્થી માણસો પાકતા આવ્યા છે. છેલ્લાં દોઢસો વર્ષની વાત કરીએ તોય તે ગાળામાં અનેક એવા વિશિષ્ટ ચિંતકો અને લેખકો થયા છે, જેમણે ગુજરાતની સંશોધક પ્રતિભાનાં પરિણામો લોક સમક્ષ રજૂ કર્યાં છે.

સંશોધક પ્રતિભાનાં ઝરણાં ઝીલતાં કોઈ કોઈ સામયિક પત્રો અને એવાં પુસ્તકો પણ પ્રસિદ્ધ થયેલાં છે, અને હજી એનો પ્રવાહ સાવ બંધ તો નથી પડ્યો.

કવીશ્વર દલપતરામે જ્યારે ગાયેલું કે "ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી" ત્યારે યુગ બીજો હતો. તે પછી તરત જ સદ્ગત્ સયાજીરાવ મહારાજનો યુગ ચમક્યો; અને જે સ્થળ માટે "ગુજરાતી વાણી લુંટાણી" એમ ઘસાતું બોલાયું હતું, એ જ સ્થળે તે વાણી શણગારાણી અને પૂજાણી! સદ્ગત મહારાજાએ વિદ્યાનાં અનેક ક્ષેત્રો ખુલ્લાં મૂક્યાં, ત્યાં જ્ઞાનના અખાડા ઊભા કર્યા અને તે મારફત વિદ્વદ્ભોગ્ય તેમ જ લોકભોગ્ય બન્ને જાતના વિવિધ વિષયના સાહિત્ય-નિર્માણનું કાર્ય ગુજરાતમાં એક રીતે સૌથી પહેલાં વ્યવસ્થિતપણે પ્રારંભ્યું. બીજાં શહેરોમાં સંશોધનનો પ્રવાહ કાંઈક મંદ જેવો દેખાય છે ત્યારે પણ વડોદરાની એ સંસ્થાઓ પોતપોતાની રીતે સંશોધનનું કામ તે વખતથી અખંડપણે કરતી રહી છે. તેથી જ વડોદરામાં જઈએ છીએ ત્યારે મારા જેવાને એક રીતે વિદ્યાભૂમિની સુવાસ આવે છે.

સર સયાજીરાવ મહારાજાના નામે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં અનેક કૉલેજો છે. પ્રત્યેક કૉલેજમાં ઉચ્ચાવચ કક્ષાના અનેક પ્રાધ્યાપકો છે. "ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ" છે. એક અસાધારણ કહી શકાય એવી ત્યાં લાયબ્રેરી છે. એ ઇન્સ્ટીટ્યૂટમાં માત્ર વિદ્યાની ઉપાસના કરતા હોય એવા વિદ્વાનો પણ છે. એ ઇન્સ્ટીટ્યૂટની સિરીઝ જગવિખ્યાત છે. એમાં સી. ડી. દલાલ જેવાનો સંશોધક-આત્મા રમમાણ છે. આવી સાધનસંપન્ન સંસ્થા તરફથી એક નવા સંશોધક પત્રનો જન્મ થાય છે અને તે ગુજરાતી ભાષામાં, એ બહુ રાજી થવા જેવી બિના છે.

સ્વ. પ્રો. ગજ્જરનો મનોરથ હતો કે માતૃભાષામાં ઉચ્ચ પ્રકારનું સંશોધન પ્રગટ થાય અને સાહિત્ય રચાય. એ વિચારને જ, જાણે તેમની જન્મશતાબ્દીના વર્ષમા, આ નવો સંકલ્પ વધારે સાકાર કરતો હોય તેવો ભાસ સહજ રીતે જ થઈ આવે છે.

ગુજરાતમાં અમદાવાદ, સુરત, ભાવનગર, રાજકોટ, આદિ બીજાં પણ એવાં સ્થળો છે, જ્યાં આવી સંશોધન-પ્રવૃત્તિ અને તેના પુરુષાર્થને ઘણો અવકાશ છે. વડોદરામાંથી પ્રસિદ્ધ થનાર આ સંશોધન-વિષયક 'સ્વાધ્યાય' પત્ર અનેક ઉત્સાહી પ્રતિભાશાળી વિદ્વાનોને પ્રેરણા આપશે એમ મને લાગે છે.

'સ્વાધ્યાય' એના નામને એના સંશોધન-કામથી વધારે સાર્થક બનાવશે એવી મારી શ્રદ્ધા છે.

સરિત્કુંજ, આશ્રમરોડ, અમદાવાદ–૯
તા. ૧–૯–૧૯૬૩

સુખલાલ સંઘવી

કુવલયમાલાકથા અને તેનાં સંધ્યાવર્ણનો

દલસુખ માલવણિયા

આચાર્યશ્રી જિનવિજયજી ઈ. સ. ૧૯૧૫-૧૬થી જે ગ્રન્થ વિષે મુગ્ધ હતા અને જેનો સંક્ષિપ્ત પરિચય આપીને વિદ્વાનોનું જે ગ્રન્થ પ્રત્યે આકર્ષણ જમાવ્યું હતું તે પ્રાકૃત ભાષામાં રચાયેલ ચંપૂ પ્રકારની ઉદ્યોતનસૂરિકૃત 'કુવલયમાલા' મહાકથા ઈ. સ. ૧૯૫૯માં પ્રસિદ્ધ વિદ્વાન્ ડૉ. આદિનાથ ઉપાધ્યે દ્વારા સુસંપાદિત થઈને મૂળ માત્રના પ્રથમ ભાગ રૂપે સિંઘી જૈન ગ્રન્થમાલામાં પ્રકાશિત થઈ ગઈ છે. બીજા ભાગમાં પ્રસ્તાવના આદિ આવશે.

બાણની કાદમ્બરી સંસ્કૃત સાહિત્યમાં તેની આલંકારિક ભાષા માટે સુપ્રસિદ્ધ છે. આ રચના આલંકારિક ભાષાની દૃષ્ટિએ બાણની કાદંબરીના જ અનુકરણમાં રચાઈ છે. કર્તાએ તેને સંકીર્ણકથા કહી છે. અને રચનાનો ઉદ્દેશ શૃંગારમાં વીંટીને ધર્મકથા કહેવાનો છે એમ સ્પષ્ટ કર્યું છે. આથી આમાં ભાષાની આલંકારિકતા અને શૃંગારિક અને વૈરાગ્યનાં વર્ણનો તેની ટોચે પહોંચે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બાણની કાદમ્બરી કે હર્ષચરિતમાં જેમ અનેક વાકયો અનેક અર્થોમાં વપરાયેલા છે. તે ટીકાકારો અને આધુનિક સમર્થ વ્યાખ્યાતા ડૉ. અગ્રવાલના તે વિષેના પરિચયગ્રંથોમાંથી જાણવા મળે છે, તેમ આમાં પણ અનેકાર્થી વાકયો અને સંદર્ભો છે. કોઈ સમર્થ ટીકાકાર આની ટીકા લખે ત્યારે તે સ્પષ્ટ થાય તેમ છે.

આ ગ્રન્થ ઈ.સ. ૭૭૯માં રચાઈ પૂરો થયો છે આથી તે કાળના ભારતના સાંસ્કૃતિક જીવનની સામગ્રી આમાં ભરી પડી છે. આમાં જે કેટલીક વિશેષતાઓ છે તે તેના સાર્થવાહોની યાત્રા, જળમાર્ગે વ્યાપાર ખેડનારાનાં સાહસો, લોકમેળા, તે તે દેશની ભાષાના નમૂના, રિવાજો આદિના વર્ણનોમાં સ્પષ્ટ થાય છે. ગળે ફાંસો ખાનાર વ્યક્તિનું વર્ણન તો કદાચ આમાં જ મળે. શોધવા જઈએ તો આવા જે મહાકાવ્યમાં અનિવાર્ય ગણાતા નગર આદિનાં વર્ણનો છે, તેમાં પણ ઘણું ઘણું નવું મળવાનો સંભવ છે. રાજસવારીનાં દશ્યો કે વિલાપનાં વર્ણનો અન્યત્ર પણ છે પણ આમાં તેમાં જે તાજગી અને લોકજીવનનો તાદશ ચિતાર જોવા મળે છે તેથી જાણે કે તે બધું આપણી સમક્ષ જ બની રહ્યું હોય એવો ભાસ ઊભો થાય છે. કેવળ કાવ્યાનંદ જેને લેવો હોય તેને માટે પણ આમાં અદ્ભુત સામગ્રી ભરી પડી છે.

ભારતીય ધર્મોનો 'કરે તેવું પામે', 'કરણી તેવી ભરણી', આદિમાં વ્યક્ત થતો કર્મસિદ્ધાંત જનજીવનમાં હાડોહાડ વ્યાપી ગયો છે એવો આપણો અનુભવ છે. એ સિદ્ધાંતના દાર્શનિક ચૂંથણાં તે અનેક ગ્રન્થોમાં છે. પણ લોકજીવનમાં એની વ્યાપ્તિ જેમ પુરાણોએ અને જાતકકથાઓએ કરી છે તેમ જૈનધર્મની અનેક કથાઓનો પણ આમાં જેવો તેવો ફાળો નથી. આવી કથાઓમાં આ કુલલયમાલાનું સ્થાન મહત્ત્વનું છે. તેમાં આસુરી વૃત્તિઓનાં માઠાં ફળ અને સદ્વૃત્તિઓનાં શુભ ફળ અને વીતરાગ બની પરમપદની પ્રાપ્તિ કેમ કરવી—આ બધું વર્ણવાયું છે. આથી તેમાં કેવળ આ લોકની કે અહીં વસનારા મનુષ્યોની જ વાત નથી, પણ આ કથા ત્રણે લોકને

સ્પર્શે છે. તેમાં સ્વર્ગના ઐકાંતિક સુખભોગ અને સુખ છોડવા કાળે થતા શોકનું જેમ વર્ણન છે તેમ નારકીના આત્યંતિક દુઃખો સર્વ કવચિત મળતા સુખનું પણ વર્ણન છે. સુખ અને દુઃખના ફેરામાં ફરતો મનુષ્ય કેન્દ્રમાં છે પણ તેનો સંબંધ સ્વર્ગ અને નરક તથા મોક્ષ સાથે કેમ છે તે સુસ્પષ્ટ કરી આપ્યું છે. સજ્જન અને દુર્જનનું વર્ણન ચોટદાર છે. દુર્જન ગમે તેટલો દુષ્ટ હોય પણ સજ્જનતા સામે તે પરાજિત થાય જ છે એવી આસ્થા વાચક આ ગ્રન્થમાંથી મેળવે છે.

આ ગ્રન્થ જો સંસ્કૃતમાં હોત તો આનો અનેકવિધ અભ્યાસ થયો હોત. પ્રાકૃત ભાષામાં શબ્દો ઘસાઈને સજ્જ થયા હોય છે આથી આવા આલંકારિક ગ્રન્થમાં જ્યારે તે વપરાય છે ત્યારે સંસ્કૃત ભાષામાં એક શબ્દના જે વિવિધ અર્થો થતા હોય છે તેથી ઘણા વધારે અર્થોની શકયતા ઊભી થાય છે. કવિએ આનો લાભ લીધો છે. પણ એથી આ કૃતિ સરલ છતાં ક્લિષ્ટ થઈ ગઈ અને જ્યારે આના ઉપરથી સંસ્કૃત કથા રચાઈ ગઈ ત્યારે તો આનો મૃત્યુઘંટ જ વાગી ગયો. પરિણામે આ ગ્રન્થનો અભ્યાસ થયો હોય એમ લાગતું નથી કારણ કે અવિરત શોધ છતાં માત્ર બે જ હસ્તપ્રતો આ મહત્ત્વની કથાની મળી શકી છે. જૈન ભંડારોમાં બીજાં જૈન-જૈનેતર મહાકાવ્યો કે કથાઓની અનેક પ્રતો ઉપલબ્ધ થાય છે એટલું જ નહિ પણ તેમના ઉપર નાનાંમોટાં ટિપ્પણો પણ મળે છે તે, તે તે ગ્રન્થના અભ્યાસની સૂચના આપી જાય છે. આ કુવલયમાલા વિષે આવું બન્યું નથી.

પણ આ મુદ્રણના યુગમાં તો હવે આ કુવલયમાલાનો પુનરુદ્ધાર થયો જ છે તો વિદ્વાનોનું ધ્યાન આ પ્રત્યે આકર્ષાશે જ એવો વિશ્વાસ છે, અને એમાં કાંઈક નિમિત્ત થવા અહીં એ કથામાંથી સંધ્યા–રાત–પ્રભાત એ ત્રિપુટીનાં કેટલાંક વર્ણનો આપું છું. ઉપર કહ્યા પ્રમાણે અનેકાર્થી શબ્દો એ વર્ણનમાં પણ પ્રયોજાયા છે, અને આલંકારિક હોવાનો મારો દાવો નથી. પણ મને અનેક અર્થોમાંથી જે સરળ અર્થ જણાયો તે જ મેં અહીં આપવા પ્રયત્ન કર્યો છે. કવિની ભાષાને પહોંચવું હોય તો તેમના જેવું જ કવિહૃદય જોઈએ—એ મારામાં નથી જ એના એકરાર સાથે આ સાહસ છે—તે એટલાં જ માટે કે કવિહૃદયી સજ્જનોનું આ પ્રત્યે આકર્ષણ થાય.

રાજાને ઘરે લાંબા કાળ સુધી રાહ જોવડાવ્યા પછી અને જીવના જોખમની માનતા પછી પુત્રજન્મ થાય ત્યારે તેના ઉત્સવમાં કાંઈ મણા રહેતી નથી. એવા ઉત્સવની સાંજનું આ વર્ણન છે (પૃ૦ ૧૫)—

कुकुंमरसारुणंगो अह कत्थ वि पत्थिओ त्ति णाउं जे ।
संझादूई राईएँ पेसिया सूरमग्गेणं ॥

'કંકુના રંગથી લાલઘૂમ અંગવાળો સૂર્ય કોણ જાણે કયાં ગયો એમ જાણવા જ રાત્રિએ તેના પાછળ પાછળ સંધ્યાદૂતીને મોકલી.' સંધ્યાદૂતીને મોકલી તો ખરી પણ સૂર્ય તો રંગીલા રાજા જેવો છે તો કદાચ તે તેમાં જ રકત કેમ ન થઈ જાય? આવી શંકા રાત્રિને થઈ—આ વિષે કવિની ભાષા આવી છે—

णिच्चं पसारियकरो सूरो अणुरायणिब्भरा संझा ।
इय चिंतिऊण राई अणुमग्गेणेव संपत्ता ॥

"આ સૂર્ય તો (ભેટવા માટે) પોતાના કરો (કિરણો) સદૈવ ફેલાવીને જ રાખે છે અને વળી આ સંધ્યા તો એના જ રાગે રંગાઈ ગઈ છે—એમાં અનુરક્ત છે—સંધ્યા પણ લાલ રંગે જ રંગાઈ ગઈ છે આવું વિચારીને રાત્રિ પણ તેની પાછળ પડી."—એટલે કે સૂર્યાસ્ત પછી સંધ્યા અને પછી રાત—આ ક્રમ છે તેનું સુંદર રૂપક અહીં કવિ બાંધી આપે છે.

સંધ્યા તો આથમતા સૂર્યની જેમ લાલ છે તેથી તે તેમાં અનુરક્ત સિદ્ધ થાય છે પણ રાત તેની પત્ની હોઈ વધારે લાલ મોઢાવાળી હોવી જોઈએ, છતાં તે કાળમુખી કેમ—એનો ખુલાસો કવિ આમ કરે છે—

संझाए समासत्तं रत्तं दट्ठूण कमलवणणाहं ।
वहइ गुरुमच्छरेण व सामायंतं मुहं रयणी ॥

"કમલવનના નાથ(સૂર્ય)ને પોતામાં રક્ત(આસક્ત, લાલ) જાણીને સંધ્યા તેને ભેટી પડી અને જ્યારે રજનીએ જોયું કે આ તો સંધ્યામાં રક્ત થઈ ગયો છે ત્યારે તેણી કાળમુખી બની ગઈ."

પણ રાતમાં માત્ર અંધારું જ નથી. ઝીણા ઝીણા તારાઓનો પણ ચમકાર હોય છે. આ વિષે કવિને શું કહેવાનું છે? સૂર્ય અને સંધ્યાનું મિલન જોઈને ક્રોધને કારણે રાતને જે આખે શરીરે પરસેવો વળ્યો તેનાં બિંદુઓના ચમકારા એ તારા છે આવું રૂપક કવિએ કર્યું છે તે આ—

पच्चक्खविलयदंसणगुरुकोवायावजायसंतावे ।
दीसंति सेयबिंदु व्व तारया रयणिदेहम्मि ॥

'અને જોતજોતામાં તો સૂર્ય સંધ્યામાં વિલીન થઈ ગયો. આથી તો રજની એવી મહા-કોપના અગ્નિથી સંતપ્ત થઈ કે તેણીના દેહમાં શ્વેત બિન્દુ (સેય=શ્વેત,=સ્વેદ=પરસેવો) જેવા તારલા ચમકવા લાગ્યા.'

આટલાથી જ પત્યું નહિ. ધીરે ધીરે સંધ્યા પછી અંધકારનું સામ્રાજ્ય જામે તે બીજું કાંઈ નથી પણ ગુસ્સાથી રાત માથું આમ તેમ પટકે છે તેથી તેના કાળા કેશ ચારે તરફ ફેલાય છે તે છે. એટલામાં વળી ચંદ્ર ઉદયમાં આવે તે પહેલા તેની પ્રભા ધીરે ધીરે ફેલાય છે. આ સફેદ ચાંદની એટલે રાત્રિનું માત્સર્યભર્યું હસિત જ છે. જુઓ આ વિષે કવિ શું કહે છે?—

उत्तारतारयाए विलुलियतमणिवरकसिणकेसीए ।
चंदकरधवलदसणं राईए समच्छरं हसियं ॥

"રાતમાં જ્યારે તારલા ઊતરી આવ્યા અને તેણીએ કાળાકેશોનાં ગાઢ અંધકારને ફેલાવી દીધો ત્યારે તેણીએ જે માત્સર્યથી હાસ્ય વેર્યું તે ચંદ્રના કિરણોના બનેલા તેણીના ધવલ દાંતને દેખાડતું હતું."

આટલામાં તો ચંદ્ર સ્વયં હવે રાતમાં ઉદિત થયો તે કવિની દૃષ્ટિમાં પૂર્વદિશા—સખીએ રાતના મુખમંડલમાં ચોડેલી શીતળ ટીલડી જેવો શોભતો હતો—આથી એને થોડું આશ્વાસન મળ્યું કે હજી તે સૌભાગ્યવતી છે અને મનનો સંતાપ કાંઈક ઓછો થયો.

पुव्वदिसाए सहीय व्व दिण्णा णवचंदचंदणणिडाली ।
रविविरहजलणसंतावियम्मि वयणम्मि रयणीए ॥

"રવિના વિરહાગ્નિથી સંતપ્ત એ રજનીના વદનમાં સખી જેવી પૂર્વદિશાએ નવીન ચંદ્રના ચંદનની ટીલડી ચોટી દીધી."

પણ આ શાંતિ તેની ક્ષણિક હતી. ચંદનની શીતળતા પણ તેને નવું જીવન આપે એવું હતું જ નહિ કારણ રાતનું અસ્તિત્વ તો મર્યાદિત છે. આથી તેણીએ ધીરે ધીરે વિરહાગ્નિથી ક્ષીણ થવું જ રહ્યું અને મરવું જ રહ્યું—એવી કલ્પના કવિને કર્યા વિના છૂટકો જ ન હતો અને તે જુઓ તેમના જ શબ્દોમાં—

ससियरपंडरदेहा कोसियहुंकाररावणित्थामा ।
अह झिज्जिउं पयत्ता रएण राई विणा रविणा ॥

"પછી તો ચંદ્રના કર (કિરણો)માં પડીને રજની પીળી પડી ગઈ અને ઘુવડથી નિષ્પન્ન ચિત્કારમાં પણ બળ રહ્યું નહિ અને રવિના વિરહનો અલસ ભર્યો મંજુલ ધ્વનિ કરતી તે રજની વેગથી ક્ષીણ થવા લાગી."

ક્ષીણ થતી ગઈ પણ મરી નહિ; પણ જ્યારે ફરી પાછી પૂર્વ દિશામાં પ્રભાતની સંધ્યા અને સૂર્યની લાલી જોઈ ત્યારે હવે તેને માર્ગ દીધા વિના છૂટકો જ ન હતો. આથી તેણી વિલીન થઈ ગઈ—

अरुणारुणपीउद्दिं आयंबिरतारयं सुरयझीणं ।
दट्ठूण पुव्वसंझं राई रोसेण व विलीना ॥

"સૂર્યથી લાલ-પીળા ઓઠવાળી, જરા લાલ થયેલા (આંખના) તારલાવાળી સુરતથી ક્ષીણ થયેલી પૂર્વ દિશામાં સંધ્યાને જ્યારે રજનીએ જોઈ ત્યારે રોષ કરીને તેણી વિલીન થઈ ગઈ."

પણ હવે રાત વીત્યે દિનલક્ષ્મીનો ઉદય થયો. દિવસનો પ્રકાશ એ બીજું કાંઈ નથી પણ આ ઉપર વર્ણવેલ ત્રિપુટીની ચર્યા જોઈને દિનલક્ષ્મીથી સહેજે હસી જવાયું તે છે. સ્ત્રીસ્વભાવ ઉપર આ એક ભારે કટાક્ષ છે. આમાં 'લે લેતી જાને' ભાવનું ઉદ્ઘાટન છે નહિ કે રજનીનું દુઃખ જોઈને સહાનુભૂતિ—

इय राईरविसंझातिण्हं पि हु पेच्छिउं इमं चरियं ।
पल्हत्थदुद्धधवलं अह हसियं दियहलच्छीए ॥

"આ પ્રમાણેના રાત-રવિ-સંધ્યા—આ ત્રણેના ચરિતને જોઈને દિનલક્ષ્મીએ દૂધ જેવા ધવલ અને મુક્ત હસિતથી મોઢું મરકાવ્યું."

આવું જ એક બીજું રસમય રૂપક સૂર્યાસ્ત વેળાનું છે. પ્રસંગ એવો છે કે એક વણિક કન્યાને એક રાજકુમાર અચાનક મેડી ઉપર જોઈ લે છે. અને તેણીનાં રૂપ-વૈદગ્ધ્ય આદિ ગુણોથી આકર્ષાઈ તેણીને પ્રાપ્ત કેમ કરવી એના ઉપાયના વિચારમાં ડૂબી જાય છે તે વેળા સંધ્યા થાય છે. આમાં વળી સૂર્ય-સંધ્યાનું નવ-વરવધૂનું રૂપક છે (પૃ. ૭૩)—

ताव य कुसुंभणिग्गयरायरत्तंबरो रवी रुइरो ।
णववरसरिसो रेहइ सेवंतो वारुणीं नवरं ॥

"એટલામાં તો કસુંબલ રંગના આકાશનો આંચળો ધરીને મનોરમ રવિ નવા વરરાજાની જેમ વારુણી (= મદિરા, = પશ્ચિમદિશા)નું સેવન કરતો શોભતો હતો."

પણ આ વારુણી સેવન એને ભારે પડી ગયું. મસ્તીમાં આવી લડથડિયા ખાતો તે ભાન-ભૂલીને અસ્તાચલથી પટકાયો અને સમુદ્રમાં ડૂબી ગયો—આ ઉદાત્ત કલ્પના કવિના જ શબ્દોમાં આવી છે—

वारुणिसंगपमत्तो पल्हत्थियरुइरकमलवरचसओ ।
अत्थइरिपीढयाओ रवी समुद्दम्मि कह पडिओ ॥

"કમનીય કમળોના ચષક (પ્યાલો)ને વિસ્તારીને વારુણીના સંગમાં મસ્ત બનેલ રવિ અસ્તાચલની પીઠિકામાંથી ગમેતેમ પટકાઈને સમુદ્રમાં ડૂબી ગયો."

પ્રકાશ પછી અંધકારનું સામ્રાજ્ય રાતમાં જામે છે તે પ્રતાપી સજ્જન રાજાના અસ્ત થવાથી જામતા દુર્જનોના સામ્રાજ્ય જેવું છે. એના વર્ણન માટે જુઓ કવિકલ્પના—

ताव य—

सुपरिसपयाववियले कुपरिसजणदिण्णपयडपसरम्मि ।
कलिजुयसमे पओसे खल व्व पसरंति तमणिवहा ॥

"એટલામાં તો સુપુરુષના પ્રતાપનો લોપ થયે કુપુરુષોના સમૂહને ખુલ્લો અવસર આપનાર કલિયુગ જેવી સંધ્યાના સમયે ખલની જેમ અંધકારનું સામ્રાજ્ય વ્યાપી ગયું."

આવા જ વર-વધૂના રૂપકને વળી બીજી રીતે બહલાવીને લોકજીવનના એકપક્ષને વાચા આપતો એક બીજો પ્રસંગ આચાર્યે આપ્યો છે. તેમાં જંગલમાં એકલી પડેલી, ગર્ભના ભારથી આક્રાંત અને દુઃખસમુદ્રમાં ગળાબૂડ યુવતી સ્ત્રીસ્વભાવને સુલભ ભયને કારણે વૃક્ષને ગજવર, હરિણને વાઘ, સસલાને સિંહ માની ભયાક્રાંત તો હતી જ અને વિલાપ કરી કરી થાકીને મૂર્છિત થઈ. આની આ દશા જોઈને આચાર્યે લોકાચાર પ્રમાણે મૃત્યુ પછીના સ્નાનવિધિ પતાવતા સૂર્યનું વર્ણન આ પ્રમાણે કર્યું છે (પૃ૦ ૭૫)—

एत्थंतरंमि सूरो मय त्ति णाऊण गरुयदुक्खत्तो ।
परिवियलियंसुवाओ अवरसमुद्दहं पत्तो ॥

સૂર્યે માન્યું કે એ મારી પત્ની તો મરી ગઈ એથી ચોધારે અશ્રુપાત, (अंसुवाअ=अश्रुवात, અંશુપાત=કિરણો ફેલાવવા, અંશુકપાત=કપડાં કાઢવાં) કરીને તે પશ્ચિમ સમુદ્રરૂપી કુંડમાં પડ્યો.

કુંડમાં સૂર્ય નાહવા તો પડ્યો પણ ડૂબી ન મરે એની ફિકર તેની વૃદ્ધ માતા દિનલક્ષ્મીને તો રહે જ ને? આથી તેણી તેની પાછળ પડી અને બીજે પરણી લેવા શાણી સલાહ આપી. એ સ્વીકારીને તે માર્ગે ચડે એ સ્વાભાવિક છે. આથી હવે સૂર્યે રક્તાંબરા સંધ્યાને નવવધૂ સ્વીકારી અને તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. આવું જ કાંઈક આ શ્લોકમાં ધ્વનિત થાય છે—

थेरीइ व दिणलच्छीय मग्गलग्गो रवी रइअपाओ ।
रत्तंबर-णववहुं व संझं अणुवट्टइ वरो व्व ॥

"વૃદ્ધા જેવી દિનલક્ષ્મી દ્વારા ચીંધ્યે માર્ગે પાદ પસારીને રક્તાંબરા નવવધૂ જેવી સંધ્યા પાછળ પાછળ વરની જેમ રવિ ચાલવા લાગ્યો."

પણ નવવધૂ કાંઈ એકલી ન હોય. પ્રથમવાર સાસરે જતી વખતે તેની સાથે તેની સખી-પણ હોવી જોઈએ. આથી સંધ્યાને સાથ દેવા તેની પ્રિયસખી રજની પણ આવી લાગી. આ કલ્પનાને સાકાર કરતી ગાથાં આવી છે.

तीय य मग्गालग्गा कसणंसुयपाउया पियसहि व्व ।
तिमिरंजणंजियच्छी राई रमणी व्व संपत्ता ॥

"સંધ્યાની પાછળ આખા શરીરે આંચળો ઓઢી તિમિરના કાજલથી આંખ આંજીને પ્રિય સખીની જેમ રાત્રી રમણીની જેમ આવી પહોંચી."

આથી જુદા જ પ્રકારનું સૂર્યાસ્તનું વર્ણન અન્યત્ર મળે છે. તેમાં વળી સાંજે આથમતી વખતના ગુલાંટ ખાતા સૂર્યના દર્શનને એક રમૂજી કલ્પનાથી મંડિત કર્યું છે. બાળક ગલોટિયા ખાતી વખતે જેવો દેખાય તેવો એ ગુલાંટ ખાતા સૂર્યને એમાં ચીતર્યો છે. અને કોઈ પાણીયારી પોતાના ઘડાને દોરડે બાંધી પાણીમાં ડૂબાડે તેમ સંધ્યાવધૂ સૂર્યઘડાને કિરણોના દોરડે બાંધી સમુદ્રમાં ઉતારે છે. અને પછી તો કવિ વૈરાગ્યના માર્ગે ચડી જાય છે. આ રહી એ ગાથાઓ (પૃ. ૮૨)—

अत्थइरिणिहियहत्थो अहोमुहो नयणहुत्तपाइल्लो ।
मत्थुत्थल्लं दाउं बालो इव ववसिओ सूरो ॥

"અસ્તાચલમાં હાથ (કિરણો) ઠેરવી નીચું મુખ રાખી નયનાભિમુખ પોતાના પગોને ગોઠવી માથાથી ગુલાંટ ખાવાની તૈયારી બાળકની જેમ સૂર્ય કરવા લાગ્યો."

પણ સંધ્યા તેને એમને એમ જવા દે તેમ હતી નહિ આથી તેણીએ તેને દોરડે બાંધ્યો, જેથી પાછો ખેંચી શકાય, અને પછી સમુદ્રમાં જવા દીધો—

संझावहूए णज्जइ गयणाहिंतो समुद्दमज्झम्मि ।
णियकररज्जुणिबद्धो सूरो कुडओ व्व ओयरिओ ॥

"આકાશમાંથી સંધ્યાવધૂએ કિરણરૂપ રજ્જુથી બાંધીને ઘડા જેવા સૂર્યને સમુદ્રમાં ઉતાર્યો એમ જણાય છે."

પ્રચંડ પ્રતાપી પુરુષ જ્યારે ઠંડો પડી જાય ત્યારે તેની જેવી દશા થાય તેવી દશા સૂર્યની પાણીમાં ડૂબીને ઠંડો થવાથી થઈ તે જુઓ—

अह मउलियप्पयावो तमपडलंतरियकिरणदिट्ठिल्लो ।
संकुइयकरोड्डियथेरओ व्व जाओ रवी एसो ।

"હવે તેનો પ્રતાપ મંદ પડી ગયો. માત્ર અંધકારના પટલમાં છુપાયેલા તેના કિરણો દેખાય છે. તેથી હાથ બાંધીને બેઠેલા વૃદ્ધની જેવો નિસ્તેજ સૂર્ય બની ગયો."

આમ બનવાનું કારણ ?—

जायस्स धुवो मच्चू रिद्धी अवि आवई धुवं होइ ।
इयं साहेंतो व्व रवी णिवडइ अत्थगिरिसिहराओ ॥

"જન્મેલનુ મૃત્યુ નિશ્ચિત છે. અને ઋદ્ધિએ તો નિશ્ચિતરૂપે આપત્તિ જ છે. જાણે કે આ બાબત સિદ્ધ કરતા કરતા અથવા કહેતા કહેતા સૂર્યે અસ્તાચલના શિખર ઉપરથી પડતું મૂકયું."

આથી આખા વાતાવરણમાં જે કરુણતા વ્યાપી રહી તેનુ વર્ણન હવે જોઈએ—

पाडियचंडयरकरो कमसो अह तवियसयलभुवणयलो ।
सहसा अत्थाओ च्चिय इय सूरो खलणरिंदो व्व ॥

"પ્રચંડ કરો (કિરણો) ફેલાવીને અને ક્રમશઃ સમગ્ર ભુવનને સંતપ્ત કરીને સહસા જ ખલનરેન્દ્રની જેમ સૂર્ય અસ્ત થયો."

अह दिणयरणरणाहे अत्थमिए णलिणिमुद्धविलयाहिं ।
पल्हत्थपंकयमुहं अव्वो रोउं पिव पयत्तं ॥

હવે જ્યારે સૂર્યરાજા અસ્ત થયો ત્યારે નલિની રૂપી મુગ્ધ વનિતાઓએ 'કમલમુખ વિસ્તારીને જાણે કે રોકકળ શરૂ કરી."

दट्ठूण य णलिणीओ रुयमाणीओ व्व मुद्धभमरेहिं ।
अणुरुव्वइ बालेहि व सुइरं रुइरे जणणिसत्थे ।

"માતાઓને રોતી જોઈને બાળકો રોવાનું શરૂ કરે તેમ નલિનીઓને આમ ચિરકાલથી રોતી જોઈને મુગ્ધ ભ્રમરોએ પણ ગુંજારવ શરૂ કર્યો."

उय मित्तस्स विओए हंसरवुम्मुक्करावकलुणाणं ।
विहडइ चक्कायजुयं अव्वो हियर्य व णलिणीर्ण ॥

"અથવા તો મિત્ર (સૂર્ય)ના વિયોગથી હંસોએ જે ઉન્મુક્ત વિલાપ કર્યો તેની કરુણતાથી નલિનીઓનું હૃદય ચક્રની ધરી તુટે તેમ ફાટી ગયું."

सूरनरिंदत्थवणे कुसुंभरत्तंबराणुमग्गेण ।
कुलबालिय व्व संझा अणुमरइ समुद्दमज्झम्मि ॥

"સૂર્યનરેન્દ્રના અસ્ત થવાથી કુલબાલિકાની જેમ કસુંબી રંગના ઓઢણી પહેરીને સંધ્યારાણી પણ સમુદ્રમાં પડીને સૂર્યની પાછળ સતી થઈ."

એક વસ્તુ ઉપર ધ્યાન દેવા જેવું છે. તે એ કે પ્રસંગાનુરૂપ સંધ્યાવર્ણનો દેખાય છે; જેમકે આ છેલ્લામાં મુનિઓના આશ્રમમાં સંધ્યાટાણાની વાત હોઈ આમાં અંતે વૈરાગ્ય અને કારુણ્યની વાત છે. આની પહેલાના પ્રસંગમાં ગર્ભિણીની મૂર્છા સાથે જ સંધ્યાના વર્ણનને સાંકળી લેવામાં આવ્યું છે. આમ વર્ણનોમાં વિવિધતા આવી છે.

પ્રા. 'વિગુત્ત', ગુ. 'વિગૂત', 'વિગૂચ' વગેરે

હરિવલ્લભ ચૂ. ભાયાણી

પ્રાકૃત તથા અપભ્રંશમાંથી ધાતુ 'વિગોવ્', ક.ભૂ.કૃ. 'વિગુત્ત', કર્મણિ અંગ વિગુપ્પ્', પ્રેરક ક.ભૂ.કૃ. 'વિગોઇય', નામ 'વિગોવણુ' તથા રૂપાંતરો 'વિગ્ગોવ્', 'વિગ્ગુત્ત', નામ 'વિગ્ગોવ', 'વિગ્ગોવણુયા' એ રૂપોના પ્રયોગ **પાઇઅસદ્દમહણ્ણવો**માં નોંધાયા છે. મૂળ ધાતુના 'તિરસ્કાર કરવો, ફજેતો કરવો, વ્યાકુળ કરવું' જેવા અર્થો હોવાનું સમજાય છે. કોશકારે તેને સંસ્કૃત 'વિગોપય્' (=પ્રકાશિત કરવું) ઉપરથી સિદ્ધ થયો માન્યો છે. દેશીનામમાલા (૭/૬૪)માં 'વિગ્ગોવ'નો અર્થ 'વ્યાકુલતા' આપ્યો છે. સિદ્ધહેમ (૪૮/૪/૪૨૧)માં આપેલા ઉદાહરણમાં 'કસરેહિં વિગુત્તાઇઁ' (=ગળિયા બળદોએ તો અમને હેરાન કરી મૂકયા—વ્યાકુળ કરી મૂકયા) એ પ્રયોગમાં આનું સમર્થન મળે છે.

બીજા કેટલાક અપભ્રંશ પ્રયોગો આ પ્રમાણે છે:

જા સોહગ્ગેં કામુ વિગોવઇ (પુષ્પદન્તકૃત 'મહાપુરાણુ', 'જે સૌંદર્યમાં કામદેવનો પણુ તિરસ્કાર કરે છે' ૯૨, ૮, ૩).

સંપાદકે તથા ટિપ્પણુકારે 'વિ ગોવઇ' એમ સમજફેરથી શબ્દભેદ કર્યો છે.

માણુસુ સમણ-ધમ્મ-વિગ્ગુત્તઉં મરઇ

(મહાપુરાણુ, ૯૦, ૨, ૪)

('માણુસ શ્રમણધર્મથી હેરાન થઈને મરે છે').

'પેક્ખિવિ મહુમહણુ મયણેં ણં સરિ વિ વિગ્ગુત્તી'

(મહાપુરાણુ, ૮૫, ૨, ૧૬)

'મધુમથન—એટલે કે કૃષ્ણુ-ને જોઈને સરિતા પણુ જાણે કે કામવ્યાકુળ બની ગઈ'.

પ્રાકૃત સુભાષિતસંગ્રહ 'વજ્જાલગ્ગ' (૧૫૩)માં 'વિગ્ગોવય', ધનપાલકૃત 'ભવિસ્સયત્ત-કહ'માં 'વિગ્ગુત્ત' આવા જ અર્થમાં' મળે છે.

'ઉપમિતિભવપ્રપંચાકથા'ના જૈન સંસ્કૃત પ્રયોગોમાં 'વિગુપ્યતે' તથા 'વિગોપિત' તિરસ્કાર કરવાના અર્થમાં પ્રયુક્ત થયા છે.[1]

જૂની ગુજરાતીના કેટલાક પ્રયોગ નીચે પ્રમાણે છે:

તેરમી શતાબ્દીના જિનપ્રભાચાર્યકૃત ભવ્યચરિત[2]માં 'વિગોઇઉ,' વપરાયો છે:

---

૧ અપભ્રંશ પ્રયોગોને લગતી કેટલાંક માહિતી મારી વિદ્યાર્થિની શ્રીમતી રત્ના શ્રીયનનાં અપ્રકાશિત મહાનિબંધ—'A critical study of the Des'ya and Rare words from Puṣpadanta's Mahāpurāṇa.'

૨ ડૉ. સાંડેસરાસંપાદિત, ફા. ગુ. સ. ત્રૈમાસિક, ૧, ૨.

બહુ વિગોઅઉ, ફેડિઉ ઠાઉ, જિમ ધુલાહડી કેરઉ રાઉ(ય)

'ધૂળેટીના રાજાની જેમ તેને માથે બહુ વિતાડવામાં આવ્યું—તેનું કામ ફેડ્યું.'

૧૪૨૨ પહેલાનું શાલિસૂરિકૃત વિરાટપર્વ (પં. ૧૭૫):

એ અણાહ ઇમ નારિ વિગોઈ

'એ અનાથ નારીને આવી રીતે દુઃખી કે હેરાન કરી'—એ જ (પં. ૧૮૭).

ઈણઇ હઉં ઇમ અકાજિ વિગોઈ

'એણે આમ મને વિનાકારણ હેરાન કરી'—એ જ (પં. ૪૮૩).

ઝૂંટિ ઝૂંબિ મુઝ નારિ વિગોઈ

'ઝૂંટવી ઝૂંમીને મારી સ્ત્રીને પીડી'—એ જ (પં. ૬૯૦).

ધાઉતાં ધડ નરેંદ્ર વિગોઇં

'દોડતાં ધડ રાજાઓને હેરાન કરતાં હતાં'—એ જ (પં. ૭૧૮).

તેમ કૌરવ તિં નીદ્ર વિગૂતા

'તેવી રીતે કૌરવ તે નિદ્રાએ કરીને વ્યાકુળ થયા—સંકટમાં પડ્યા.'

મોદીએ શબ્દકોશમાં પાઇઅસદ્દમહણ્ણવોને અનુસરીને 'વિગોઇ'નો અર્થ 'ફજેતો કરવો' અને 'વિગૂતા'નો અર્થ 'ઢાંકેલું, છાયેલું' (વિગુપ્ત) કર્યો છે. સોળમી શતાબ્દીના 'વિરહદેસાઉરીફાગુ'માં પણ 'વિગૂતી' શબ્દ વિરહિણી પોતાને માટે વાપરે છે ત્યાં 'દુઃખી થઈ ગઈ' કે 'હેરાન થઈ ગઈ' અર્થ છે. ડૉ. સાંડેસરાએ પણ 'સંકટમાં આવેલી' એવો અર્થ કર્યો છે. તેમણે શબ્દ સં. 'વિગુપ્તા' ઉપરથી સિદ્ધ માન્યો છે.

૧૫૮૨ના મંગલમાણિક્યકૃત **અંબડવિદ્યાધરરાસમાં**

હિવઇં એહનઇ વિગોઉં સાચ (૪/૧૯૦)

'હવે આને હું સાચે જ વિતાડું.'

એ પ્રયોગમાં 'વિગોઉં'નો અર્થ સ્પષ્ટ છે. ઉપરાંત ૨/૨૫૮ ને ૩/૭૨માં 'વિગોણઉં' શબ્દ 'વીતક' 'પીડા'ના અર્થમાં વપરાયો છે. અંતે શબ્દકોશમાં 'વિગોઉં'='પીડા કરું' અને 'વિગોણઉં'='વગોણું', 'ફજેતી' આપ્યા છે. 'વિગોવ', 'વિગુત્ત', 'વિગૂચ'ની વ્યુત્પત્તિ જરા અટપટી છે.

ધાતુપાઠ (૨૬/૧૨૩)માં 'ગુપ્' ધાતુ 'ગૂંચવાવું' એ અર્થમાં નોંધાયો છે. પ્રાકૃતમાં

ગુવિઅ = વ્યાકુળ, ક્ષુબ્ધ

ગુવિલ = ગહન, ઝાડી

ગુત્તિ = માથા ઉપર પહેરાતી ફૂલની માળા

એ શબ્દો ઉક્ત ‘ ગુપ્ ’માંથી સિદ્ધ ગુવ્ ’માંથી થયા છે. હેમચંદ્રે ‘ ગુપ્પ્ ’ ધાતુ ‘ વ્યાકુળ થવું ’ અર્થમાં તથા (સિદ્ધહેમ ૮/૪/૧૫૦) ‘ ગુપ્પંત ’ શબ્દ ‘ સંમૂઢ ’ અર્થમાં આપ્યો છે. (દેશીનામમાલા, ૨/૧૦૨). અપભ્રંશમાં ‘ ગુપ્પ્ ’ ધાતુ ‘ અટવાવું ’, ‘ ગૂંચવાવું ’ એ અર્થમાં સુપ્રચલિત છે (જેમ કે સ્વયંભૂકૃત પઉમચરિય ૨૦/૧૦/૫, ૪૬/૪/૩, ૨૩/૬/૭, ૬૦/૧/૨, ૭૨/૧૫/૫, ૭૪/૧૬/૭; પુષ્પદંતકૃત મહાપુરાણ ૭/૨૪/૧૦ વગેરે).

આમ,

સંસ્કૃત	ગુપ્	ગુપ્પતે	ગુપ્ત
પ્રાકૃત	ગોવ્	ગુપ્પઇ	ગુત્ત
	વિગોવ્	વિગુપ્પઇ	વિગુત્ત

એમ નિયમ પ્રમાણે રૂપો સિદ્ધ થયાં. ‘ ગુપ્ ’ના ‘ ગૂંચવાવું ’ અર્થ ઉપરથી ‘ વિગોવ્ ’ના ‘ સંકડામણમાં હોવું ’, ‘ સંકડામણમાં મૂકવું ’, ‘ હેરાન કરવું ’, ‘ વ્યાકુળ કરવું ’, ‘ વિતાડવું ’ અર્થ સમજી શકાય છે.

સંસ્કૃતમાં

મુચ્	મુચ્યતે	મુક્ત
રિચ્	રિચ્યતે	રિક્ત
વચ્	ઉચ્યતે	ઉક્ત
સિચ્	સિચ્યતે	સિક્ત

એવાં રૂપો ઉપરથી પ્રાકૃતનાં

મુચ્ચઇ	મુત્ત
રિચ્ચઇ	રિત્ત
વુચ્ચઇ	વુત્ત
સિચ્ચઇ	સિત્ત

એવાં રૂપો નિયમ પ્રમાણે થયાં. આથી ક. ભૂ.ના ‘ ત્ત ’ અને કર્મણિ વર્તમાનના ‘ ચ્ચઇ ’ બોલનારના મનમાં સાંકળાઈ ગયા, અને મૂળ જુદી રીતે કર્મણિ અંગ સાધતા ધાતુઓ પણ ‘ ચ્ચ્ ’ વડે તે સાધવા લાગ્યા. જેમ કે

ભૂ. કૃ.	જૂનું કર્મણિ રૂપ	નવું કર્મણિ રૂપ
રત્ત (રક્ત)	રજ્જઇ (રજ્યતે)	રચ્ચઇ
મત્ત	મજ્જઇ (માદ્યતે)	મચ્ચઇ
પહુત્ત (પ્રભૂત)	*પહુજ્જઇ (પ્રભૂયતે)	પહુચ્ચઇ
વિહત્ત (વિભક્ત)	વિહજ્જઇ (વિભજ્યતે)	વિહંચઇ
ગુત્ત	(ગુપ્પઇ)	*ગુંચઇ
વિગુત્ત	(વિગુપ્પઇ)	વિગુંચઇ
ખુત્ત (*ક્ષુપ્ત)	(ખુપ્પઇ)	ખુંચઇ

આ નવાં સધાયેલાં કર્મણિ અંગો ઉપરથી ગુજરાતીમાં 'રાચવું', 'માચવું', 'પહોંચવું', 'વહેંચવું', 'ગૂંચવવું' 'વિગૂચવું' ને 'ખૂંચવું' ઊતરી આવ્યા છે.

'વિગૂચ' કાન્હડદેપ્રબંધ (૧૪૫૬)માં વપરાયું છે:

પ્રધાને બાન વિગૂચતાં દીઠાં (૧/૧૭૭)

'પ્રધાને બાનને દુઃખી થતાં દીઠાં.'

આમ એ સૌ ગુજરાતી ધાતુઓ સાદૃશ્યમૂલક ઘડતરનાં પરિણામ છે. તેઓ નિયમિત ક્રમિક ધ્વનિવિકાસથી સધાયા નથી.

હીરાણંદકૃત વસ્તુપાલ રાસ (સં. ૧૪૮૫)

ભોગીલાલ જ. સાંડેસરા

ઇસવી સનના તેરમા શતકમાં થઈ ગયેલા, ગુજરાતના સુપ્રસિદ્ધ મંત્રીબંધુઓ વસ્તુપાલ અને તેજપાલ વિષે સમકાલીન તેમ જ પછીના સમયમાં થયેલા લેખકોને હાથે લખાયેલું વિપુલ સાહિત્ય મળે છે. એ સાહિત્ય જેમ સંસ્કૃતમાં છે તેમ અપભ્રંશ અને જૂની ગુજરાતીમાં પણ છે; એનો પરિચય 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો' એ પુસ્તકમાં મેં આપ્યો છે. જૂની ગુજરાતીમાં 'વસ્તુપાલ રાસ' અથવા 'વસ્તુપાલ-તેજપાલ રાસ' એ નામની કેટલીક રચનાઓ છે, જેમાં વસ્તુપાલ-તેજપાલનું જીવન અને કાર્ય એ વિષય છે. હીરાણંદ (સં. ૧૪૮૫=ઈ. સ. ૧૪૨૯), લક્ષ્મીસાગર (ઈ. સ. ૧૪૫૨ પછી), પાર્શ્વચન્દ્ર (ઈ. સ. ૧૫૪૧), સમયસુન્દર (ઈ. સ. ૧૬૨૬) અને મેરુવિજય (ઈ. સ. ૧૬૬૫) એટલા લેખકોએ રચેલા વસ્તુપાલ-તેજપાલ વિષેના રાસ અત્યાર સુધીમાં જાણવામાં આવ્યા છે. એ પૈકી લક્ષ્મીસાગર અને પાર્શ્વચન્દ્રની રચનાઓ આચાર્ય જિનવિજયજી–સંપાદિત 'જૈન સાહિત્ય સંશોધક' ત્રૈમાસિકના ત્રીજા પુસ્તકમાં પ્રગટ થયેલ છે તથા મેરુવિજયની રચના અમદાવાદમાં સવાઈભાઈ રાયચંદ તરફથી ઈ. સ. ૧૯૦૧માં અલગ પુસ્તિકારૂપે છપાઈ છે. સમયસુન્દરકૃત 'વસ્તુપાલ–તેજપાલ રાસ' મેં સંપાદિત કરીને 'ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિક'ના જાન્યુઆરી ૧૯૫૨ના અંકમાં છપાવ્યો હતો. આ પ્રકારની વસ્તુપાલ–વિષયક ગુજરાતી કૃતિઓમાં હીરાણંદકૃત 'વસ્તુપાલ રાસ' હજી અમુદ્રિત હતો, તે અહીં પ્રગટ કરવાની તક લઉં છું.

હીરાણંદસૂરિ અથવા હીરાણંદ એ પીંપલગચ્છના જૈન આચાર્ય હતા. તેમણે પોતાની ગુરુપરંપરા 'વસ્તુપાલ રાસ'ને અંતે તેમ જ એમની બીજી એક રચના 'વિદ્યાવિલાસ પવાડો'ને[1] અંતે આપી છે. આ બંને ય કૃતિઓ એક જ વર્ષમાં, સં. ૧૪૮૫માં રચાયેલી છે. 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૧ (પૃ. ૨૬–૨૭)માં હીરાણંદસૂરિની બીજી ત્રણ રચનાઓ 'દશાર્ણભદ્ર રાસ,' 'જંબુસ્વામીનો વિવાહલો' (સં. ૧૪૯૫) અને 'કલિકાલ' નોંધાયેલી છે. 'કલિકાલ'ના આદિ–અંતનું અવતરણ 'જૈન ગુર્જર કવિઓ'માં આપેલું નથી, તેમ જ કયા ભંડારમાં એની પ્રત છે એની નોંધ પણ નથી; માત્ર નામોલ્લેખ જ કરવામાં આવ્યો છે. ૧૯૫૦માં હું જેસલમેર ગયો ત્યારે ત્યાંના ગ્રન્થભંડારમાંથી હીરાણંદસૂરિ 'કલિકાલ રાસ' (સં. ૧૪૮૬) નામે ૪૮ કડીની એક નાની રચનાની નકલ મેં કરી લીધી હતી. વડોદરાના શ્રી આત્મારામજી જૈન જ્ઞાનમન્દિર (નં. ૨૦૧૦)માંથી હીરાણંદની રચનાવર્ષ વિનાની એક કૃતિ 'કલિકાલ બત્રીસી' પણ મળી છે. 'જૈન ગુર્જર કવિઓ'માં નોંધાયેલ 'કલિકાલ' તે આ 'રાસ' કે 'બત્રીસી' બેમાંથી એક હોવાનો સંભવ છે. આ ઉપરાંત, 'સરસ્વતી-લક્ષ્મી વિવાદગીત'એ નામના, હીરાણંદસૂરિકૃત એક સુન્દર ગીતની હસ્તપ્રત આઠેક વર્ષ પહેલાં પૂ. પં. રમણિકવિજયજીએ મને બતાવી હતી તથા એની નકલ કરવાની અનુમતિ આપી હતી.

---

૧ મુદ્રિત: 'ગુર્જર રાસાવલી'માં (ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ, ગ્રંથ ૧૧૮). સંપાદકો: બ. ક. ઠાકોર, મોહનલાલ દેસાઈ અને મધુસૂદન મોદી.

હીરાણંદસૂરિકૃત પ્રસ્તુત 'વસ્તુપાલ રાસ'ની હસ્તપ્રત પાટણના શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાન-મન્દિરમાંના, પ્રવર્તકશ્રી કાન્તિવિજયજી મહારાજના ગ્રન્થસંગ્રહમાં (નં. ૧૨૪૩૯) સચવાયેલી છે. એમાં લેખનસંવત નથી, પણ સુન્દર દેવનાગરી અક્ષરોમાં લખાયેલી આઠ પત્રની એ પોથી લિપિ ઉપરથી આશરે પાંચસો વર્ષ પહેલાની જણાય છે. વસ્તુપાલ વિષેનું વિવિધ સાહિત્ય વાંચતાં અને એકત્ર કરતાં ૧૯૪૩ની ઉનાળાની રજાઓમાં એની નકલ મેં કરી લીધી હતી. એને આધારે હીરાણંદકૃત 'વસ્તુપાલ રાસ' અહીં પ્રગટ થાય છે.

અન્ય ઐતિહાસિક સાધનોમાંથી મળતી ન હોય એવી કોઈ વિગતો હીરાણંદના આ રાસમાંથી પ્રાપ્ત થતી નથી, તો પણ પંદરમા સૈકા જેટલા જૂના સમયમાં રચાયેલા એક ગુજરાતી કાવ્ય લેખે ઇતિહાસ તેમ જ ભાષાની દૃષ્ટિએ એનું એક વિશિષ્ટ મહત્ત્વ છે. કુલ ૯૮ કડીની આ રચના છ 'અધિકાર' અથવા વિભાગમાં વહેંચાયેલી છે. (જોકે ત્રીજા અને ચોથા અધિકારમાં કેટલોક અંશ 'બોલી'ની અસરવાળા ગદ્યમાં છે.) પહેલા અધિકારમાં વસ્તુપાલનું પૂર્વવૃત્ત, બીજામાં ધર્મકાર્યવર્ણન, ત્રીજામાં એનાં બિરુદો, ચોથામાં સંઘચલન, પાંચમામાં ચિત્રકાવ્યો દ્વારા વસ્તુપાલસ્તુતિ, અને છઠ્ઠામાં સંઘયાત્રા અને ધર્મકાર્યોનું વર્ણન છે.

જૂની ગુજરાતી ભાષાસાહિત્યના અને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસીઓને હીરાણંદકૃત 'વસ્તુપાલ રાસ'નું આ પ્રકાશન કંઈક ઉપયોગી થશે એવી આશા રાખું છું.

વસ્તુપાલ રાસ

पढम कुमारो भरहे पढमो वरराय पढम भूपालो ।
पढम मुणिंदो सुक्खं पढम जिणो देउ संघस्स ॥ १ ॥

उवसग्गदुरियदलणो अयरादेवीयकुक्खसिरीहंसो ।
सिरिसंतिनाहपवरो सोलसमो जिणवरो जयउ ॥ २ ॥

जायवकुलसिंगारो जाइवकुलपूईओ नेमिजिणो ।
रायमईपरिहरिणो रायमईवल्लहो जयउ ॥ ३ ॥

नीलुप्पलदलवन्नो फणिमणिकिरणेहिं मंडियसरीरो ।
भवियाण कुणउ निच्चं पासजिणो......... सुहाइं ॥ ४ ॥

कंचणकंतिसरीरो सिद्धत्थनरिंदवंसवरतिलओ ।
हम्मीरमाणमहणो वीरजिणो तमभरं हरउ ॥ ५ ॥

अन्नाणतिमिरहरणो आगमकिरणेहिं कुणइ कमल व्व ।
मह हीयप्पडिबोहं वीरप्पहसूरि सूर व्व ॥ ६ ॥

कमलकमंडलहत्था सव्वगुणालंकिया य रूवपरा ।
आगमपुत्थयलीणा सुयदेवी य कुणइ सानिज्झं ॥ ७ ॥

દૂહા

જાસુ પસાઇં જાણીઇં સહૂઇ ઇણિ સંસારિ,
સા સરસઇ સોહામણી સમરીય હીઆ મઝારિ. ૮

વસ્તુપાલ મંત્રીસરહ ભુલિસુ રાસાબંધ,
કવીયણુ જાણઇ કવિયરસ, કહિ કિમ જાણઇ મુદ્ધ ? ૯

મહુયર દુદ્દર કમલવણુ સરવરમાહિ વસંતિ;
મહુયર માણઇ કમલરસ દુદ્દર કદ્દમ ષંતિ. ૧૦

નિય મંદિર મજ્જિ બહૂય કવિ કલોલ કરંતિ;
કવિયણુ રંજણુ કવિયરસ વિરલા કેવિ કવંતિ. ૧૧

જાં અવિરલ નવિ ઉપ્પજઇ કોમલ સરસ સકવિત્ત,
તાં ગુણવંતહ ગુણતણું કરીઇ કિસઉં ચરિત્ત ? ૧૨

જઇ રંભા રસિ અગ્ગલી નચ્ચઇ ભરહ સુભેઉ,
તઉ સ્યં ગામગહિલ્લડી તાલીય મ મ નચ્ચેઉ ? ૧૩

કવીય ન જાણું કવીય રસ મૂરષ મનહ મઝારિ,
વસ્તુપાલ ગુણિ રંજીઉ, ભુલ્લિસુ કવિત બિ-ચ્યારિ. ૧૪

ગાથા

जिणसासणसिंगारो धम्मधुराभारकंधरो वसहो ।
सिरिआसरायतणओ मंतीसर वस्तिगो जयउ ॥ १५ ॥

દૂહા

સાયરુ સાયરુ સમવડિહિં ગયણુ ગયણુ સમ હોઇ;
વસુહંતરિ વસ્તિગ સમઉ વસ્તિગુ અવર ન હોઇ. ૧૬

વિનય વિવેક વિચારિ ગુણિ દાનિ માનિ મહિલોઇ;
વસ્તુપાલ સમ અવર નર હૂઉ ન કલિયુગિ કોઇ. ૧૭

જાણિશિરોમણિ જાણીઇ વસ્તુપાલ સુવિચારુ;
રૂપવંત રસિ અગ્ગલઉ અંગિહિં અતિ ઝુજ્ઝારુ. ૧૮

કોડિ પવાડા કિદ્ધ જિણિ સારીય સામીય કજ્જ;
વસ્તુપાલ વક્ખાણીઇ સવિ સુહડઇં ધુરિ અજ્જ. ૧૯

કર ઉબ્ભવિ કવિ ઇમ કહઇ હરષિહિં **હીરાણંદ**—
વસ્તુપાલ જામલિ જગતિ અવર ન ઇસઉ નરિંદ. ૨૦

કમલક છંદ

ગુજ્જર ધર વર દેસ વષાણઉ, પટ્ટણુ અણિહલપુર તિહિં જાણઉ;
વીરધવલ વાઘેલઉ રાંણઉ, અરિદલગંજણુ અતિ સપરાણઉ. ૨૧

તસુ ઘરિ આસરાય મંત્રીસર, સુલલિત કૂયરદેવિ તણુઉ વર;
ચતુર ચકોર ચ્યારિ તસુ નંદણુ, લૂણિગ, મલ્લદેવ કુલચંદણુ. ૨૨

તસુ કુલગયણુ સૂર-શશિ સુંદર વસ્તગ-તેજપાલ ગુણમંદિર;
બિહું બંધવિ મહિમંડલિ આવીય ધમ્મકમ્મિ નિય નામુ રહાવીય. ૨૩

વસ્તુપાલ મંત્રીસર ઘરણી ધનુ ધનુ લલતાદેવીય તરુણીય;
તેજપાલ ધરિ અનુપમદેવીય, મૂરતિવંતીય અભિનવ દેવીય. ૨૪

ષટ્પદ

ચંડપ ચંડપ્રસાદ સોમ આસરાજનંદણુ,
વસ્તુપાલ સુવિસાલ પોરવાડકુલમંડણુ;
જયતસીહ તસુ પુત્ત દાનિ કિરિ સુરતરુ જંગમ,
લૂણસીહ લલિયંગુ તેજપાલહ અંગુત્તમ;
એ અટ્ઠ નામ અહનિશિ અચલ ભાવિ ભવીય હીયડઇ ધરહ,
ઇહં પુણ્યપુરિસ જામલિ વલીય અવર કોઇ મ મ તુડિ કરહ. ૨૫

इति प्राग्वाटज्ञातीय मंत्रीश्वरवस्तुपालप्रबन्धे षडधिकारसंबद्धे जन्मसंभवो नाम प्रथमोऽधिकारः ॥

દૂહઉ

બિહું બંધવિ મહિમંડલિહિં જે કિયડાં ગુરુ કમ્મ;
તે નિસુણઉ હો ભવીય જણુ, જિમ હુઇ સફલઉ જમ્મ. ૨૬

રાગ ધનાસી

પાંચ સહસ જિણિ જૈન વિહારુ, સહસ અઢાઇ મહેસરા એ;
નવસઇં ચઉરાસીય પોસહસાલ, લેષસાલા વર સાતસઇં એ. ૨૭

સાતસઇં સિત્રૂયકાર, બત્રીસ પવર પગાર,
જિનબિંબ લકખસવાઉ, સઇં દુન્નિ ગુરૂય તલાઉ,
કારીય પંચસઇં સિંહાસણું, સઇં પંચ વેદ ભણુંતિ બંભણુ,
સહસ ઇકુ વરષાસણું. ૨૮

આસણવટ્ટ ઇકુ સહસ વિસાલ, એકવીસ સૂરિપદિ થાપીયા એ,
કારીય ચઉસઠિ તુરક મસીતિ, સાતસઇં મઢ તપસી તણા એ. ૨૯

તપસીય મઢ સઇં સાત, પાંત્રીસઇં મુનિ ભાત,
સંઘપૂજ જીમણવાર વર વરસમાહિ ત્રિવાર;
વર વરસમાહિ ત્રિવાર તોરણ ચ્યારિસઇં રુલીયામણાં,
સઇં પંચ સમ્મોસરણ પંચે આગલાં જાદર તણાં. ૩૦

જાદર કંચણ કુંભ ચઉવીસ વાસકૂંપા વિહરાવીયા એ,
સહસ ઇકુ કાપડી જિમણ લહંતિ પરવ વહઇં, નિતુ ચ્યારસઇં એ. ૩૧

ચ્યારિસઇં ચઉસઠિ વાવિ, સઇં સાત કૂવ સુભાવિ,
ઇક્કસઉ નયરુ સમૃદ્ધ, જિણવર નામિહિં કિદ્ધ;
જિણવર નામિહિં કિદ્ધ, જીણિહિં સહસુ સુરહીય દિદ્ધઓ,
ત્રેસઠ્ઠિ માઝીય જીણિ જીતા, ઇમ જગિ જસુ લિદ્ધઓ. ૩૨

લિદ્ધઉ વરસ અઢારમાહિ લાછિ તણઉ જિણિ લાવલઉ એ,
બોલએ મુણિવર હીરાણંદ વસ્તિગ ધમ્મસંખ્યા રલી એ. ૩૩

ષટ્પદ

પંચસહસ પ્રાસાદ જીણિ શ્રાવકા કરાવીય,
સવા લાકખ જિણબિંબ, કણય રયણમઇ ભરાવીય,
લેષસાલ સઇં સત્ત, વસતિ નવસઇં ચઉરાસીય,
માહેસર પ્રાસાદ સહસ અઢ્ઢાઈ વાસીય,
સઇં સપ્ત કૂઅ, સઇં દુન્નિ સર, રંગ બદ્ધ બત્રીસ ગઢ,
ચ્યારિ સઇં વાવિ, ચઉસઠ્ઠિ અધિક સત્તસઇં તપસીય મઢ. ૩૪

દાનસાલ સઇં સત્ત, સહસ બંભણુ વરિસાસણુ,
વેદ ભણઇં સઇં પંચ, ચ્યારિસઇં વર સિંહાસણુ,
એકવીસ પદઠવણુ, કુંભ ચઉવીસ કણયમઇ;
સમોસરણુ સઇં પંચ, પંચે અગ્ગલ જાદરમઇ;
સઉ ઇક્ક નયર જિણિ નામિ કીય, સુરહિસહસ ઇકુ અપ્પીઉ,
સિરિ વીરધવલ પટ્ટહિં પવર વીસલદેવ જિણ થપ્પીઉ. ૩૫

સઇં પાંત્રીસ મુણિંદ અન્ન અણુદિન વિહરાવઇ,
વરસમાહિ ત્રિણિવાર સંઘ સુહગુરુ પહિરાવઇ,
ચઉસઠિ તુરક મસીતિ, ચ્યારિસઇં તોરણુ કારીય,
ત્રેસઠિ માઝીય જિત્ત કિત્તિ કલિયુગિ વિત્થારીઇ,
સઇં ચ્યારિ પરવ, ઇક સહસ નિતુ કાપડીયા ભોજન લહઇં,
ઇમ ધમ્મસંખ્યા વસ્તિગ તણી હીરાણંદ રષી કહઇ. ૩૬

इति श्रीवस्तुपालप्रबन्धे धर्म्मसंख्याह्वयो नाम द्वितीयोऽधिकारः ॥

કમલક છંદ

સહૂઇ વસ્તિગ ધમ્મ વષાણઇ, કહિ ન સહી કો સંખ્યા જાણઇ,
જસુ ઉપ્પરિ કિત્તણુ કારીય, સંખ્યા જાણઇ સા ઇક નારી. ૩૭

હિવ વાત—

તેહે બિહુ બાંધવે પ્રધાનપદ અંગીકરી અઢાર વરસ માહિ મનનઇ ઉચ્છાહિ એતલાં પુણ્ય કીધાં, સરસ્વતી પ્રસાદિ બત્રીસ બિરદ લીધાં.

કિસાં તે બત્રીસ બિરદ ? પ્રાગ્વાટવંશશૃંગાર ૧, અભિનવઉ વિશ્વકર્માવતાર ૨, સદાચારલોકસાર્થવાહુ ૩, જ્ઞાતિવારાહુ ૪, જિનશાસનપ્રભાવકુ ૫, સર્વજીવદયાપાલકુ ૬, યાચકજનચિંતામણિ ૭, ઉચિતજ્ઞશિરોમણિ ૮, વિવેકવયરાગર ૯, ગંભીરિમાસાગર ૧૦, ગોત્રગોવાલ ૧૧, સરસ્વતીકૂર્ચાલ ૧૨, સરસ્વતીપુત્ર ૧૩, અતિહિં પવિત્ર ૧૪, સરસ્વતીકંઠાભરણ ૧૫, ષંડેરાઉ ૧૬, લઘુ ભોજરાઉ ૧૭, કેશીકલ હથીરાય સ્થાપનાચાર્ય ૧૮, અતિહિં આર્ય ૧૯, સાંખુલા ષંડેરાઉ માનમર્દન ૨૦, રૂપિં કરી અભિનવઉ મદન ૨૧, સદ્બુદ્ધિનિવાસ ૨૨, સંઘદાસાનુદાસ ૨૩, સર્વકલાકુશલુ ૨૪, અવષ્ટંભકણુયાચલુ ૨૫, સંખોધારુ બેટનઉ જૈત્ર જૂયાર ૨૬, ષડ્દર્શનઆધાર ૨૭, ચંડપ–ચંડપ્રસાદ–સોમ–આસરાજ–કુલાવતંસ ૨૮, શ્રીકુમારદેવીયકુક્ષિસરોવરરાજહંસ ૨૯, નાગેંદ્રગચ્છિ શ્રી ઉદયપ્રભસૂરિ–પાદપંકજમરાલ ૩૦, કલિકાલનઉ કાલ ૩૧,* એવંવિધ મંત્રીશ્વર વસ્તુપાલ, જેહનઉ લઘુબાંધવ તેજપાલ, જેહે બિહું મિલી કીધઉ સુકૃતનઉ સુગાલ.

इति प्रा० मं० वस्तुपालप्रबन्धे बिरदाह्वयो नाम तृतीयोऽधिकारः ॥

इक्कदिणे सित्तुंजयकप्पं सुणिऊण सुगुरुपासम्मि ।
उपन्नो मनि भावो सित्तुजे वत्थुपालस्स ॥ ३८ ॥

सित्तुंजसमं तित्थं महिमगुणे महीयले धुवं नत्थि ।
जसु दंसणेण दुरियं दुरियं पणासइ अयरकालेणं ॥ ३९ ॥

દૂહા

ઉદય અનઇ અત્થમણુ મિસિ નિતુનિતુ સૂર ભમંતિ;
શત્રુંજય સમ અવર ગિરિ મહીયલિ કોઇ સંતિ? ૪૦

વિમલાચલિ દીઠઇ સહીય દુગ્ગઇ દુન્નિ ટલંતિ;
પુજ્જંતઇ આદિ જિણિ વંછિય આસ ફલંતિ. ૪૧

હિવ વાત—

ઇસઉ એક શ્રીશત્રુંજય તણઉ વિચારુ, મહિમાનઉ ભંડારુ, મંત્રીશ્વરિ મનમાહિ જાણી ઉત્સરંગ આણી યાત્રા ઊપરિ ઉદ્યમ કીધઉ, પુણ્યપ્રસાદ તેહેનઉ મનોરથ સીધઉ. હિવ અંગ વંગ તિલંગ કલિંગ ગૂડ ચૂડ વયરાટ કર્ણાટ કાસ્મીર ચીણ મહાચીણ ભોટ મહાભોટ શ્રીમાલ નેપાલ કુંતલ કેરલ ડાહલ જાંગલ મરુસ્થલ લાડ મેયવાડ ગૂજરાત પારિજાત સિંધુજાત સિંધુ સવાલષ ઉચ મૂલતાંણુ ઢીલીદુર્ગ ઢોરસમુદ્ર નર્મદાતટ ગંગાતટ પારસકૂલ બબ્બર કૂર કચ્છ મહાકચ્છ કીર સૌવીર જાલંધર માલવ મરહઠ સોરઠ કાસી કુંકણુ પંચાલ બંગાલ પ્રમુખ એવંવિહ દેસના ચતુર્વિધ શ્રીશ્રમણસંઘ ચલાવિઉ.

इति प्रा० मंत्री० वस्तुपालप्रबन्धे श्रीसंघचलनो नाम चतुर्थोऽधिकारः ॥

દૂહા

નાનાવિહ દેસહ તણી સંઘિ મિલી વર નારિ;
રૂપવંતિ રુલિયામણી રંભ તણઇ અવતારિ. ૪૨

---

* ૩૨મું બિરુદ હસ્તપ્રતમાં નથી.

ચંદ્રાનન

તહિં રંભઅવતારિ બુલ્લંતિ વસ્તિગ ગુણા, નવનવઇ બંધિ લોયાણુ આણંદણા;
ચંચલલોયણી જિસીય જલિ મચ્છીયા, કહિ સહિ કહિ સહી, ઉત્તરં પુચ્છિયા. ૪૩

કુંડલીઉ

તે નારી રંગિહિં મલીય બુલ્લઇં વયણુ રસાલ,
પુચ્છંતા પહિલું સિવે દ્યઇં ઉત્તર તતકાલ.
દ્યઇં ઉત્તર તતકાલ પુણુ અતિહિં વિયક્ખણુ,
નાટક છંદપમાણુ ભરહુ જાણઇ વરલક્ખણુ,
વિજ્જા રમલિ કરંતિ, વયણિ નવરસ અવતારી,
બુલ્લઇ વયણુ રસાલ મિલીય રંગિહિં તે નારી. ૪૪

દૂહઉ

સહીય ભણઇ, 'સુણિ હે સહી, બહુ નર મહીય વસંતિ,
વસ્તુપાલ કિણિ કારણિહિં વલિ વલિ સવિ ગાયંતિ?' ૪૫

ભુજંગપ્રયાત

સુણી વાણિ એ ગુજ્જરી નારિ બાલા, રસારંગિ બુલ્લંતિ વાણી રસાલા;
'જિણિં કારણિં વણ્ણવઇં વત્થુપાલં, સખી, સંભલે કારણું તં વિસાલં. ૪૬

કારણીઆ દૂહા

જિણિ કારણિ સીંગિણિ સમરિ આદરુ અતિ પામંતિ;
તિણિ કારણિ સુણિ હે સહી, વત્થપાલ ગાયંતિ. ૪૭

જિણિ કારણિ રોહિણીરમણુ ઉપમા અત્થ લહંતિ;
તિણિ કારણિ સુણિ હે સહી, વસ્તુપાલ વર્ણંતિ.' ૪૮

ત્રોટક

મારુવિણી બલ્લઇ અતિ સરલં, 'સહિ, નામે વસ્તિગ મંત્રિબલં,
જિણિં એકિહિં સંપિહિ સવિ ભુયણં, સખિ ધઉલીઉ કુત્તિગ એહ ઘણું. ૪૯

દૂહા

પાણી માહિ જિ ઉપ્પજઇ તિણિ નામિહિં સહિ નામુ,
સો સમરંગણિ સંહરીય વસ્તુપાલ અભિરામુ. ૫૦

પટ્ટણિ પાણી જે વહઇ તિણિ નામિહિં સહિ નામુ;
તસુ નંદન ઉપમા લહઇ વસ્તુપાલ ગુણધામુ.' ૫૧

કમલક

માલવ દેસર કી બાવલ્લા, બુલ્લણુ લાગી હિવ અડયલ્લા;
'ઇણિ પરિ વસ્તુપાલ વણ્ણિજ્જઇ, સવિ દાતારહ ધુરિ સ લહિજ્જઇ. ૫૨

અડયલા

ગંભીરિમ ગુણિ જિત્તઉ જલહર, લીલવિલાસ જ બાધિહિં જલહર;
પઉસીય નયણુમજિઝ કાજલહર, ઇસઉ વિયકખણુ વસ્તિગ જલહર. ૫૩

આરાહઇ અહનિસિ પય પાસહ, ષિણુ નવિ ઉઠ્ઠઇ ગુરુજણુ પાસહ;
પરઉપગારી જેમ કપાસહ, વસ્તિગુ બીહઇ કિમ ભવપાસહ?' ૫૪

નારાચ

જિ હેમ રૂપ્પ હીર ચીર અંગિ રંગિ ધારએ,
જિ રૂપવંતિ રંભમાણુ હેલ મત્ત વારએ;
જિ નટ્ઠ સલ્લ બંધિ વસ્તુપાલ કિત્તિ બુલ્લએ,
સુ સિંધુદેસ નારિ હિલ્લિ બુલ્લિ કેણુ તુલ્લએ? ૫૫

દૂહા

સાયરનંદણુ અરિદલણુ તસુ નંદણુ જે હોઇ;
વસ્તુપાલ મંત્રીસરિહિં રૂપિહિં જિતઉ સોઇ. ૫૬

ગિરિવર સૂયર આહરણુ તસુ ભોયણુ સૂય જેઉ;
વસ્તિગ મંત્રિ પરિક્કમિહિં હેલિહિં જિતઉ તેઉ. નાઠસલા (?) ૫૭

બિદ્દૂલાવા છંદ

તોરક્કી ખીખી રંગેણું બુલ્લંતી ચંગી અંગેણું;
હીયાલી બંધે દાતારં મંતીશં ગાઈ કત્તારં. ૫૮

મોતીદામ છંદ

'એક નારિ પાયાં વિણુ ચલ્લઇ, દેસિ વિદેસિ ભમય નવિ બુલ્લઇ;
અતિ ઉજ્જલ સહ કોઇ વષાણઇ, વસ્તિગ તણીય છતી નહુ જાણઇ. ૫૯

જલિ ઉપ્પની નારિ, ન નલિણી; કમિલિ વસઇ, પુણુ નવિ કુંડલિણી;
બાલવૃદ્ધ સહુ કોઇ જગીસઇ, વસ્તુપાલ ઘરઅંગણિ દીસઇ.' હીયાલી ૬૦

જિ જાણઇં નાટક ભેઉ સુરંગુ, જિ દીસઇ રૂપિ કરી અતિ અંગુ;
તિલંગીય ભાંમણિ તે અભિરામ, ભણંતિ મનોહર ગૂઢ સુનામ. ૬૧

દૂહા

'માણુસ મનિ કહિ કુણ વડી? જણુપાલક કુણ હોઇ?
વસ્તિગ તઉ કુણ જાણીઇ? કહઉ જિ જાણઇ કોઇ. ૬૨

અણુપરણ્યઉ કહીઇ કિસઉ? દેવહં ઘરિ કુણ નારિ?
વસ્તપાલ મનિ કુણ વસઇ? કહિ સહિ, હીય વિચારિ. ૬૩

વિવાહઇ વહુરઇ કિસઉં? જીમ અણિહિં સ્યું હોઇ?
વસ્તુપાલ સ્યું નવિ કહ્યું, ... ન જાઇં કોઇ.' ગુપ્તનામ ૬૪

પદ્ધડી

મરહટ્ટ દેસાંચીય નારિ, ગોમટઇ ચલંતી અતિ ઉદારિ;
બુલ્લંતિ અકૂઠઇ કવ્વ બંધ, ઇકુ હેમ અનઇ અરુ અતિ સુગંધ, ૬૫

અકૂઠીયા

'વસ્તિગુ પરઉપગાર, પરમન ભિંતરિ નવિ કૂડઉ;
સખીય. ભણઇ તે કહિ કિસઉ અતિ રૂઅડઉ? ૬૬
વસ્તુપાલ અરિદલિ મિલ્યઇ ઉજ્જલ મુહિ જિમ હીરઉ;
સખીય ભણઇ તે કહિ કિસઉ અતિ ધીરઉ? ૬૭
વસ્તિગુ અંગિ અનંત ગુણ, વલિ કહીઇ કાહા;
સખીય ભણઇ સાચઉં કિના અતિ હાહા'. ૬૮

દૂહઉ

સોરઠ્ઠી સોહામણી સહજિ સુરંગી બાલ;
જમક બંધિ વસ્તિગ તણા ગુણ વન્નવઇં વિસાલ. ૬૯

ત્રોટકં

'ગુણ વન્નવઇં સુરસાલ, કિરિ અભિનવઉ સુરસાલ;
જસુ બિરદ ષંડઇ રાઉ, રણિ ચડીય ષંડઇ રાઉ. ૭૦
જવ ધરઇ કરિ કરવાલ, તવ હોઇ ભય કરવાલ;
જવ ધરઇ કડિહિં કમાણ, તવ હણઇ નાયક માણ. ૭૧
જે વસુહ વડ દાતારુ વન્નીઇસુ સ દાતારુ;
અતિ ભીડભંજણ હારુ, બહુબુદ્ધિ કવિરંજણહારુ. ૭૨
જસુ નહીં ય અધિકારીઉ, સો જયઉ અધિકારીઉ;
જે વિમલ ગુણ વરસાલ, ઘઇ દાન જિમ વરસાલ.
ઘઇં દાનિ જિમ૦' ૭૩

ઇસી એક નારી હીઇ વિચારી વસ્તુપાલ મંત્રીશ્વરના ગુણ ગાયતી શ્રીસંઘમાહિ ચાલતી દીસઇં.

इति प्रा० मं० श्रीवस्तुपालप्रबन्धे चित्रवर्णनो नाम पंचमोऽधिकारः समाप्तः ॥

હિવઇં તેહ શ્રીસંઘ તણી લોકના કઉતિગ ભણી કાંઇ એક સંખ્યા કહીસ્યઇ. સાવધાન હૂઇ સાંભલઉ.

દૂહા

વસ્તુપાલ વર ગુણનિલઉ, નિમ્મલ ગુરુઅ ચરિત્ત;
સાઢીય બાર સુરંગુ જિણિ કીદ્ધીય તીરથ જત્ત. ૭૪

પઢમ જત્ત સેત્તજ તણીય જે કિમ વસ્તિગિ કિદ્ધ;
ઊલટુ આણી સંભલઉ તે તિમ કિહિસુ પ્રસિદ્ધ. ૭૫

કમલક છંદ

ચ્યારિ સહસ વર શકટ અનંતર, સિજવાલી સઇં પંચ નિરંતર;
સઇં અઢાર સુફ્ખાસણુ વાહિણિ, ચ્યારિ સહસ ચલ્લઇં હય સાહણિ. ૭૬
સત્તસઇં સત્થિહિં સૂરીસર, સઇં બાવીસ સુસીલ મુણીસર;
સઇં અગ્યાર સુજાણુ દિગંબર, ચિંધ અલંબિહિં છાયુ અંબર. ૭૭

પદ્ધડી

દેવાલા ઇકુ સસ્ર ધુરે વષાણિ, પદ્ધડી વર શીકરિ સઇં ઇ ગુણી સજાણિ;
રથ દંતતણા ચઉવીસ સાર, સા ગમઇ વિસાતર અત્તિ સુદ્દાર. ૭૮
પાલષીય પંચસઇં મનિ વિચારિ, સંધરક્ષણુ રાણા સત્થિ ચ્યારિ;
સઇં સત્ત સંઢિ રાતડી અંગિ, બહુ ભાર વહઇં જે મનહ રંગિ. ૭૯
સઇં વીસ રષત પોઠીય વહંતિ, ષર સત્ત સઇં સંખ્યા લહંતિ;
જેણુ ગાયણુ સત્થેહેં સહસ એકુ, પરાયણુ બિસ (?) અતિસુ છેકુ. ૮૦
સઇં પનરહ સત્થિહિં સધણુ હટ્ટ, ત્રિણિ સહસ અનઇ સઇં ત્રેણિ ભટ્ટ;
સઉ મેઘાડંબર ધવલ છત્ર, તંગોટીય પનરહ સઇં વિચિત્ર. ૮૧
સઉ ચઉરા ચલ્લઇં એક થંભ, ચઉપનસઇં નચ્ચણિ જિસીય રંભ;
કવિ કવિત કરઇં સઉ એક વેગિ, મંત્રીસઇ ચલ્લઇં ઇણિ વિવેકિ. ૮૨
માહે નીસાંણુ સઇં અઢાર, ગૂડીય ધયવડ નહીંય પાર;
ગુહિરઇં સરિ વજ્જઇ સઉ નીંસાણુ, સઉ તવલ ઢોલે ઝલ્લરિ પ્રમાણુ. ૮૩
દુડદુડીય દુનાંમાં સઉ મૃદંગુ, જિહિં નિતુ નિતુ નવ હુઇં ઉછરંગુ;
સઉ ભેરીય ભુંગલ અનઇ તૂર, ષેહારવિ છાઉ ગયણિ સૂર. ૮૪
કંદોઇ ચારણુ સુત્તહારુ, ઇક સહસ વિયકખણુ લોહકારુ;
સઉ મલ્લ સબલ જિહિં કરઇ કેલિ, ઇણિ સંખ્યાં હય નર વિજ્જ મેલિ. ૮૫

કમલક છંદ

રાસબંધ જુગીય કરિ ષપ્પર, જનમન રંજઇ સઉ વેસગર;
દુન્નિ સહસ પંચોત્તર દુરજીય, ત્રિહિણુ સહસ તડવાં તિહિં સજ્જીય. ૮૬
સત્ત લકખ હિવ એકારઇ, માણુસ મિલિય સંઘિ તિણિ સારઇ;
સંઘાહિવ વસ્તિગુ ઇમ ચલ્લીય, જિણુ ચલ્લંતઇ ધરણી ડુલીય. ૮૭
જિય જિયકાર હિવ નયરિ નયરિ ઉચ્છાહ કરંતઉ,
વેચઇ વિહવ અપાર જિણુપૂજ ન્હવણુ માલ પહિરંતઉ, મંત્રીસર મનરંગિ,
સંઘાહિવ વસ્તુપાલ ઇમ ચલ્લઇ સેત્રુંજ ગિરિવર શૃંગિ. ૮૮

છન્નૂ સહસ કોડિ અઢારઇ સેત્રુજે વેચીય એવંકારઇ,
નંદીસર વર તિલખું તોરણ જિણિ કારાવીય સરગારોહણ. ૮૯

પુલકદક્ષ નારાચ છંદ

તઉ જિણુ કારાવીય સરગારોહણુ ગિરનારહ અવતાર;
જિણિ સત્ત સહાસણિ દેઉલ થંભણુ વીર જિણંદ વિહાર.
ઈંદ્રમંડપ્ર અણુપમસર કારાવીય આણીય ઊલટ અંગિ;
સંઘાહિવ વસ્તુપાલ ઇમ ચલ્લઇ સેત્રુજ ગિરિવર શૃંગિ. ૯૦

ઇણિ પરિ સિદ્ધક્ષેત્ર સિંગારીય, ચલ્લીયઉ જિણુ મનિ સંભારીય,
આવીય ગિરિ ગિરિનારહ ઉપ્પરિ, વેચીય બાર કોડિ વિવિહપ્પરિ. ૯૧

વેચીય બાર કોડિ વિવિહપ્પરિ, અસીય સહસ લષ બાર;
સમ્મેયસિહર તીરથ અટ્ઠાવય સિત્રુંજય અવતારુ,
જિણકલ્યાણ ત્રયપમુહ કરાવીય, અન્ન તિત્થ બહુ ચંગિ,
સંઘાહિવ વસ્તુપાલ ઇમ૦ ૯૨

વેચીય વિહવ બાર જિણિ કોડી, ત્રિપન સહસ બાર લખ જોડી,
લૂણસીહ વસહીય કરાવીય, અબ્બૂય ગિરિવરિ ઉપ્પરિ આવીય. ૯૩

તઉ અબ્બૂય ગિરિવરિ ઉપ્પરિ આવીય અચલેસરિ નવલકખ,
સેરીસે થંભણ પુરિ સંષેસરિ વાણારસી પમુકખ,
પુરિ ભરૂઅચ્છિ દુન્તિ કોડિ જિન તીરથિ, પંચકખ શિવલંગિ,
સંઘાહિવ વસ્તુપાલ ઇમ૦ ૯૪

ષટ્પદ

એક લકખ ઇગસટ્ઠિ સહસ સઇ દુન્નિ ભલી પરિ,
બારવઇ પુરિ પંચલકખ, સોપારઇ પુરવરિ,
વેચીય કોડિ અઢાર જૈન માહેસર આગમ,
લિકખાવીય જિણિ દિદ્ધ કિદ્ધ બહુ સુકખહ સંગમ;
ઇણિ પરિ અસંખ વેચીય વિહવ સુર લચ્છીય જિણિહિં વરીય,
સો વસ્તુપાલ સંઘહ જયઉ **હીરાણંદ** સુમુચ્ચરઇ. ૯૫

વસ્તિગિ તેજગિ મંત્રિ બિહું બંધવ ચરીય,
મહીમંડલિ મનરંગિ ધમ્મકિત્તણ જે કારીય,
તીંહ સંખ્યા સવિ સુણીય, ભવિય મનભાવિ વષાણઉ,
એવંકારઇ સર્વ દ્રવ્ય સંખ્યા હિવ જાણઉ;
ત્રિણ્રિ સઇ કોડિ કંચણ તણીય, ત્રિહુતરિ કોડિહિં અગ્ગલી,
સિરિ વસ્તુપાલ વેચીય સુપરિ, **હીરાણંદહ** મનિ રુલી. ૯૬

રસાઉલઉ

નિયકુલ જિણિ ઉદ્ધરીય મહીયમંડલિ સરીય,
દાનિ માનિ પરિ**વરીય**, **ધમ્મમગ્ગિ સંચરીય**,
દહદસિ જસ વિત્થરીય, સયલ સમરથ અરીય;
ભૂયલિ જિણિ સંહરીય, જયસિરિ સઇં વર વરીય
નવનવઇ બંધિ નવરસિ ભરીય, વસ્તુપાલમંત્રિહિં ચરિય;
વીરપ્પહસૂરિ હીયડય ધરીય **હિરાણંદિહિં** મુણિ કરીય. ૯૭

ષટ્પદ

પીપલગચ્છિહિં સંત **શાન્તિસૂરીસર** અનુક્રમિ,
વીરદેવ વરસૂરિ પૂરિમનુ પહુસઇ આગમિ,
વીરપ્પહસૂરિંદ છંદ સિદ્ધાંત વષાણઇ,
હીરાણંદ મુણીસ સીસુ તસુ કિંપિ ન જાણઇ;
સહગુરુ પસાઇં વસ્તિગ તણઉ રાસાબંધ રસાઉલઉ,
શર[૫]-નાગ[૮]-વેદ[૪]-શશહરિ[૧] વરસિ, તીણિહિં રચીઉ રમાઉલઉ. ૯૮

इति प्रा० मंत्रीश्रीवस्तुपालप्रबन्धे यात्रावर्णनो नाम षष्टोऽधिकारः ॥
श्रीवस्तुपालरासाबंध समाप्तः ॥ शुभं भूयात् ॥ छ ॥

ચાચર-ચર્ચરી—એક અધ્યયન

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

પ્રાકૃત સાહિત્યમાં ચચ્ચર, ચઉક્ક, રચ્છા, ચઉમુહ, તિગ (ત્રિક), ચત્વર, ચિંઘાડગ (શૃઙ્ગાટક) એવા પ્રયોગો ઘણે સ્થળે મળે છે.[1] આ બધા શબ્દો શહેરના કે ગામના રસ્તાઓ, ચોક, વગેરે સ્થળ પરત્વે છે. પણ એ બધાનું યોગ્ય સ્પષ્ટીકરણ કરવા જેવું છે. આમાંના કેટલાક શબ્દો ગુજરાતી, હિંદી વગેરે ભાષાઓમાં ઊતરી આવ્યા છે. દાખલા તરીકે ચઉક્ક = ચોક, ચચ્ચર = ચાચર. કાશીમાં ચૌખમ્ભા નામથી પ્રખ્યાત વિસ્તાર સત્તરમા સૈકામાં લખાએલી ગીર્વાણપદમંજરીમાં ચતુષ્કંભ અને (તેના બજારને) ચતુષ્કંભિકાપણ તરીકે વર્ણવેલ મળે છે. દિલ્હીનો ચાંદનીચોક અને અમદાવાદનો માણેકચોક જેવા વિસ્તારો પ્રાચીન ચઉક્ક—ચતુષ્કની યાદ આપે છે. ચચ્ચર શબ્દ એ ચત્વર ઉપરથી ઊતરી આવેલો મનાય છે. હવે આપણે આ શબ્દોના અર્થ વિચારીએ.

ત્રિક અથવા તિગ એ ત્રિભેટો, જ્યાં ત્રણ રસ્તા મળે તે. એને આકૃતિ ૧ માં બતાવ્યા પ્રમાણે સમજાવી શકાય.

શૃઙ્ગાટક અથવા સિંઘાડગ એ શિંગોડા ઘાટનું સ્થળ, જ્યાં પણ ત્રણ રસ્તા ભેગા થતા હશે, પણ એ, ત્રિકોણની ત્રણ બાજુની માફક, જતા હશે. જૂઓ આકૃતિ ૨.

ચતુષ્ક, ચઉક્ક અથવા ચોક એ આકૃતિ ૩માં બતાવ્યા મુજબ ચાર રસ્તા મળવાનું સ્થળ, અને વચલી જગા એક ચતુષ્કોણ આકૃતિ માફક બતાવી શકાય. જ્યાં ચાર રસ્તા ભેગા તથા હોય એવો વચલો આખો ભાગ ચોક હોવી શકે.

ચત્વર એ વિચારણીય છે. સામાન્ય રીતે એમ લાગે કે આ પણ ચાર રસ્તા મળતા હોય એવું સ્થળ હોય. પણ કોશકારો એને અનેક રસ્તા જ્યાં મળતા હોય એવા સ્થળ તરીકે ઓળખાવે

---

૧ સરખાવો :— × × × अहिवासिओ तुरंगो मंतीहिं विसिट्ठमंतेहिं ॥ ४३ ॥

तो तिय-चउक्क-चच्चर-रच्छामुह-चउमुहे परिब्भमिउं ।
पत्तो नरिंदपासे उड्डइ पिट्ठिं चडइ राया ॥ ४४ ॥

આમ્રદેવસૂરિકૃત, આખ્યાનકમણિકોશ વૃત્તિ (પ્રાકૃત ટેક્સ્ટ સોસાઈટિ,) પૃ૦ ૧૮૭, ગાથા, ૪૩-૪૪

रमणीयमहावणसंडमंडिए सरवरेहिं संकिन्ने ।
अन्तो बहिं च चच्चर-चउक्क-चउमुह-तिगविभत्ते ॥ १ ॥

नयरम्मि वसंतपुरे........... ॥ २ ॥

અખ્યાનકમણિકોશવૃત્તિ, પૃ. ૧૭૭, ગાથા ૧-૨. ઉપરાંત જૂઓ એજન, પૃ૦ ૭૧, ગા૦ ૭૧; પૃ૦ ૧૪૫, ગા૦ ૧૬૫.

વળી જૂઓ ઔપપાતિકસૂત્ર, સૂ૦ ૧; રાયપસેણઇયસૂત્ર, સૂ૦ ૧.



આકૃતિ ૧ ત્રિક



આકૃતિ ૧ ત્રિક



આકૃતિ ૨ સિંઘાડગ



આકૃતિ ૩ ચતુષ્ક-ચૉક



આકૃતિ ૪ ચત્વર



આકૃતિ ૪ છચ્ચર-ચત્વર



આકૃતિ ૪ ચત્વર-ચ્ચ્ચર



આકૃતિ ૫ ચતુર્મુખ-ચઉમુહ



આકૃતિ ૬અ ચૌટું (?)



આકૃતિ ૬બ ચઉહટ્ટ (?)

છે. ચત્વર–ચચ્ચરને મળતો શબ્દ 'છચ્ચર' પણ પ્રાકૃત સાહિત્યમાં કવચિત્ નજરે પડે છે. કોશકારોને અનુસરીએ તો ચત્વર–ચચ્ચરને છ કે આઠ રસ્તા મળતા સ્થળ તરીકે (સામાન્ય રીતે ચારથી વધુ રસ્તા મળતા હોય એવા સ્થળ તરીકે), આકૃતિ નં. ૪ માં બતાવ્યા મુજબ, ઓળખાવી શકાય.

ચઉમુહં = ચતુર્મુખ = ચૌમુખ એટલે કે જેને ચાર તરફ મુખ છે તે. કદાચ એને ચૌખમ્બા (કે ચૌખમ્ભા)ની સાથે સરખાવી શકાય. ચાર સ્તંભવાળી કોઈ મંડપિકા, બજાર વચ્ચેનો માંડવો કે માંડવી, હોય. જેની બાજુઓ ચારે દિશાના રસ્તાઓની સન્મુખ હોવાથી એને ચોમુખ કહેતા હોય. (ચારે દિશા સન્મુખ એક એક તીર્થંકર પ્રતિમા હોય એવા શિલ્પને જૈનો ચૌમુખજીના નામથી પૂજે છે.) આ હિસાબે આગળ બતાવેલા ચતુષ્કની સાથે સરખાવવા જેવી આકૃતિ થાય. અથવા, આકૃતિ ૫માં બતાવ્યા મુજબ પણ ચઉમુહને રજૂ કરી શકાય. ચઉમુહ–ચૌમુખ અને ચતુષ્ક–ચોક વચ્ચેનો ભેદ વધુ વિચારવા જેવો છે, એમાં વધુ સંશોધન કરવા જેવું છે.

ચતુર્હટ્ટ–ચઉહટ્ટ[૧]–ચૌટું એટલે જેની ચારે દિશામાં હાટ અથવા દુકાનો, બજાર, હોય તે. એને આકૃતિ ૬અ અથવા આકૃતિ ૬બ મુજબ કલ્પી શકાય. પણ એમ કરવા જતાં ચતુષ્ક અને એની વચ્ચે કોઈ ખાસ ભેદ સ્થળનકશામાં (Ground-planમાં) રહે નહિ. એવું પણ હોઈ શકે કે કોઈ મંડપ અથવા મકાન જેની ચારે બાજુએ દુકાનો હોય તેને પણ ચઉહટ્ટ કહેવામાં આવતું હોય. સૂરતમાં ચૌટું અથવા ચૌટાબજાર છે. પણ આજે ત્યાં ચારે બાજુ દુકાનવાળું મકાન ચૌટું તરીકે ઓળખાતું હોય એવું નથી. મૂળ એવું કાંઈક હતું કે કેમ તે ખબર નથી. ચોક અને ચૌટું વચ્ચેનો ભેદ બીજી રીતે પણ પાડી શકાય. જ્યાં ગમે તે ચાર રસ્તા મળે તે ચોક, પણ જ્યાં ચાર બજારોના રસ્તા મળે તે ચૌટું. અર્થાત્ ચૌટું શહેરમાં અથવા વસતીમાં હોય જ્યારે ચોક ગમે ત્યાં હોય. ચાર બજારોના રસ્તા જ્યાં મળતા હોય એવી જગા ચોક કહી શકાય પણ જ્યાં ગમે તે ચાર રસ્તા (દુકાનોની હાર કે બજાર જેમાં ના હોય એવા) મળતા હોય તે ચૌટું ના કહી શકાય. આ ખુલાસો વધુ યુક્તિસંગત છે. જો કે આ ભેદ, વાસ્તવમાં, કાલક્રમે, વ્યવહારમાંથી નીકળી ગયો લાગે છે. એવું પણ બની શકે કે ચૌટામાં ચાર બજારોના રસ્તા જ ભેગા થતા હોય એવું ના હોય પણ જ્યાં જુદી જુદી વસ્તુઓની હાટો અથવા દુકાનો હોય તે ચૌટું કહેવાતું હોય.

રચ્છા = રથ્યા એટલે રથમાર્ગ. આ ઉપરાંત મોટા રસ્તા, highways અથવા main roads માટે મહાપથ શબ્દ પ્રાચીન સાહિત્યમાં મળે છે.

---

૧ પ્રાકૃત ટેક્સ્ટ સોસાઈટિ તરફથી પ્રકાશિત, આખ્યાનકમણિકોશ સાથે આમ્રદેવસૂરિકૃત આખ્યાનકમણિકોશવૃત્તિ છે જે એક મોટો ધર્મકથા ગ્રન્થ છે (રચ્યા સં. ૧૧૯૦–૯૧), એમાં પૃ૦ ૨૪૩ પર, એક કથાનકમાં બતાવ્યા પ્રમાણે મંત્રી અભયકુમાર પોતે રાજગૃહી નગરીમાં ચઉહટ્ટમાં ત્રણ કોડી રત્ન મૂકી નગરજનોને ભેગા કરે છે :—

इय भणिऊणं चउहट्टयम्मि रयणाण तिन्नि कोडीओ ।
उक्कुरुठाविय लोयं जाणावइ पडहयपयाणा ॥ ९ ॥

જૈન આગમ-સાહિત્યમાં આ બધાનો ઉલ્લેખ આવે છે. ઔપપાતિકસૂત્રના પહેલા સૂત્રમાં ચંપાનગરીના વર્ણનમાં सिंघाडग-तिग—चउक्क—चच्चर—पणियावण—विविहवत्थुपरिमंडिया सुरम्मा એવું વર્ણન આવે છે. પાઠભેદ તરીકે, ટીકાકાર શ્રી. અભયદેવસૂરિએ બીજો પાઠ નોંધ્યો છે—पुस्तकान्तरेऽधीयते-सिंघाडग-तिग-चउक्क-चच्चर-चउम्मुह-महामहपहेसु पणियावणविविहवेस—परिमंडिया. પોતાની ટીકામાં શ્રી. અભયદેવસૂરિએ આ શબ્દો નીચે પ્રમાણે સમજાવ્યા છે—शृङ्गाटकं-त्रिकोणं स्थानं, त्रिकं-यत्र रथ्यात्रयं मिलति, चतुष्कं-रथ्याचतुष्कमेलकं, चत्वरं—बहुरथ्यापातस्थानं અને चतुर्मुखं—चतुर्द्वारं देवकुलादि. મલયગિરિસૂરિએ પોતાના રાયપસેણઇયસૂત્ર, સૂ૦ ૧ ઉપરના વિવરણમાં પણ એ જ મતલબનો અર્થ લગભગ એ જ શબ્દોમાં આપ્યો છે (જૂઓ, પંડિત બેચરદાસ સંશોધિત આવૃત્તિ, પૃ૦ ૬). આમાં, ઉપરના બેઉ ટીકાકારો ચઉમ્મુહને—ચતુર્મુખને, ચારદિશામાં દ્વારવાળા દેવમંદિર આદિ તરીકે સમજાવે છે. એટલે જૈનોના ચૌમુખજી જેમાં મુખ્ય પધરાવેલા હોય એવા ચૌમુખજીના મંદિરને (રાણકપુરનું અથવા દેલવાડાનું ચૌમુખજીનું મંદિર) ચૌમુખ અથવા ચઉમુહ કહેતા. પણ देवकुलादि એવો શબ્દપ્રયોગ ટીકાકારોએ કર્યો છે એટલે ચારે દિશામાં પ્રવેશદ્વાર હોય એવાં મંદિરો ઉપરાંત અન્ય પણ સ્થાપત્યો હશે જે ચઉમુહ નામથી ઓળખાતા હશે.

શ્રી. હેમચંદ્રાચાર્યે સ્વોપજ્ઞભાષ્ય સાથેના પોતાના અભિધાનચિન્તામણિકોશમાં, ચોથા કાંડમાં, નીચે પ્રમાણે આપ્યું છે:—

चतुष्पथे तु संस्थानं चतुष्कं

(ભાષ્ય) चतुर्णां पथां समाहारश्चतुष्पथं तत्र ॥ १ ॥
संतिष्ठतेऽत्र संस्थानम् ॥ २ ॥
चत्वारोऽवयवा अस्य चतुष्कम् ॥ ३ ॥

त्रिपथे त्रिकम् ।

(ભાષ્ય) त्रयाणां पथां समाहारस्त्रिपथं तत्र ॥ १ ॥
त्रयोऽवयवा अस्य त्रिकम् ॥ २ ॥

આ પછી द्विपथ, असंकुल (गजाद्यध्वा त्वसङ्कुलः ॥ ५२ ॥) घंटापथ संसरण, श्रीपथ, राजपथ, महापथ, विपणि વગેરે સમજાવી આગળ કહે છે:—

श्लेषस्त्रिमार्ग्याः शृङ्गाटं

(ભાષ્ય) त्रयाणां मार्गाणां श्लेषो मेलनं श्रीयते तदिति शृङ्गाटम्...
शृङ्गैरटन्ति अस्मिन्निति वा, शृङ्गाटवद् मार्गैस्त्रिकोणत्वाद् वा ॥ १ ॥

बहुमार्गी तु चत्वरम् ॥ ५४ ॥

(ભાષ્ય) बहवो मार्गाः समाहृता बहुमार्गी ॥ १ ॥ चत्यते चत्वरम्,
'कॄ गॄ शॄ' (ऊणा-४४१) ॥ इति वरट् ॥ २ ॥

ચચ્ચર = ચત્વર એમ બધા વિદ્વાનો સ્વીકારે છે. દેશીનામમાલામાં હેમચંદ્રાચાર્યે चउक्क = चत्वरम् એમ સમજાવેલું છે, એ પણ નોંધવા જેવું છે (જૂઓ, દેશીનામમાલા, બોમ્બે સંસ્કૃત સિરિઝ્ આવૃત્તિ, પૃ. ૧૨૯).

વિ. સંવત ૧૧૯૦ (ઈ. સ. ૧૧૩૪)માં આમ્રદેવસૂરિએ પ્રાકૃત ભાષામાં આખ્યાનકમણિકોશવૃત્તિરૂપે એક મોટો સુંદર કથાગ્રન્થ રચ્યો. એમાં શહેરોના વર્ણનોમાં અને ઈતર કથાપ્રસંગોમાં આ બધા જ શબ્દો આવે છે. પણ, આ ગ્રન્થમાંથી વિશેષે કરીને ચચ્ચર ઉપર વધુ પ્રકાશ મળી શકે એમ છે એટલે આપણે તે જોઈએ. પણ તે પહેલાં ચઉક્ક શબ્દનો, ઉપર જણાવેલ અર્થ ઉપરાંત બીજો અર્થ, જે જાણીતો છે, તે પણ નોંધી લઈએ. દાખલા તરીકે, એ ગ્રન્થમાં, એક કથામાં, નરવિક્રમકુમાર, પોતાની પત્નીનું પાણિગ્રહણ કર્યા પછી, જયવારણ ઉપર આરૂઢ થઈ નગર વચ્ચે થઈ રાજમહેલમાં આવે છે ત્યારે—

वीइज्जंतो वत्थंचलेहिं नरनाहमंदिरं विसइ ।
उब्भियतोरण-मोत्तियचउक्ककलियं कलाकुसलो ॥ २०३ ॥

આખ્યાનકમણિકોશવૃત્તિ, પૃ. ૨૯૫.

અથવા એ જ ગ્રન્થમાં બીજા સંદર્ભમાં—

राजसभाए पत्तो मुत्तामणिमंडिए चउक्कम्मि ॥ १४८ ॥ એજન, પૃ. ૪૨

આમાં મોતીના ચોક પૂરવાની વાત, જે પ્રાચીન સાહિત્યમાં અને લોકવાર્તામાં જાણીતી છે તે અર્થ પહેલા સંદર્ભમાં સ્પષ્ટ છે.[૧] બીજા સંદર્ભમાં રાજસભાની આગળનો ચોક જે મુક્તામણિમંડિત છે એવો અર્થ હોઈ શકે. અથવા રાજસભામાં જ્યાં મોતીનો ચોક પૂરેલો છે એવો અર્થ પણ હોઈ શકે. મકાનની અંદરના ચોકનો ઉલ્લેખ હોવાનો સંભવ છે.

એ જ રીતે, આ જ ગ્રન્થમાં, ભદ્રા નામની એક અતિ ધનાઢચ શેઠાણીના ભવનમાં चंदणचउक्कનો ઉલ્લેખ આવે છે (એજન, પૃ. ૩૨, ગા. ૬૮).

ચચ્ચર, ચઉક્ક (ચોક) અને ચઉમુહ એ સ્થળોએ લોકસમુદાય એકઠો થતો રહેતો હશે જ્યાં સ્વાભાવિક રીતે જ વાતો ફેલાય, અફવાઓ પણ ફેલાય, નિન્દાસ્તુતિઓ પણ થાય. નલરાજા વનવાસમાં જાય છે ત્યારે નગરીમાં જે શોક અને ઉદાસીનતા છાઈ રહે છે તેના વર્ણનમાં એ જ ગ્રન્થકાર લખે છે—

उवरयविवित्तचच्चर-चउक्क-चहुमुह-जहिच्छकहा ॥ १३२ ॥ (એજન, પૃ. ૫૦)

વસન્તપુરનગરનું-નું વર્ણન કરતાં આમ્રદેવસૂરિ એને चच्चर-चउक्क-चउमुह-तिग-विभत्त (એજન, પૃ. ૧૭૭) એમ કહે છે. પણ આ ઉપરાંત બીજા સંદર્ભમાં ચચ્ચરનો વિશિષ્ટ અર્થ આપણને જાણવા મળે છે તે અગત્યનો છે. શ્રીકંઠદેશની જયંતીનગરીનો રાજકુમાર અપરમાતાના કોઈ કારસ્તાનને લીધે ઉદરરોગથી પીડાય છે અને વિકૃતસ્વરૂપ પામીને ત્યાંથી જતો રહી ઉજ્જેણી નગરીમાં આવે છે. ત્યાં महाकालस्स चच्चरे संठिओ (એજન, પૃ. ૧૫૭, ગાથા ૫૩) એમ ગ્રન્થકાર કહે છે. મહાકાલના 'ચચ્ચર'માં પડી રહેલા આ અતિદુર્બલ રાજકુમારને ઉજ્જેણીના લોકો દયા કરીને માંડાના ટુકડા નાંખે છે—वियरइ करुणाए जणो मंडयखंडाइ अणुदिवसं ॥ ५४ ॥ (એજન, પૃ. ૧૫૭).

---

૧ આ જ અર્થમાં, इंदनीलकुट्टिमतलविरइय मोतियचउक्को એવું એક વર્ણન આખ્યાનકમણિકોશવૃત્તિ, પૃ૦ ૧૨, ગા૦ ૧૩૬માં આવે છે.

અહીં મહાકાલના મંદિરના ચચ્ચરનો ઉલ્લેખ એવું સૂચવે છે કે મહાકાલના મંદિરના આ સ્થાનમાં ભિખારીઓ, રોગગ્રસ્તો ગરીબો વગેરે એકઠા થતા હશે. આમ આ ચચ્ચર એ મંદિર પાસેનું મંદિરનું કોઈ મોટું ચોગાન, જ્યાં ઘણાં રસ્તા કદાચ ભેગા થતા હોય, એમ અર્થ ઘટાવી શકાય.

આ સાથે પાટણના હિંગલાજ ચાચરને સરખાવી શકાય. ગુજરાતીમાં “ચાચર ત્યાં જાતર” એટલે કે જ્યાં ચાચર (ચચ્ચર) હોય છે ત્યાં ભવઈ વગેરે થાય છે, ભજવાય છે. હિંગલાજ એ માતાજીનું, દેવીનું નામ છે..મોટા અંબાજીમાતામાં તેમ જ મોટા બહુચરાજીમાં પણ “ચાચર” છે. વળી, પાટણમાં, ડૉ. સાંડેસરા જણાવે છે તેમ, એઓનો લત્તો, ત્યાં અનેક રસ્તા ભેગા હોવાથી ‘ચાચરિયું’ નામથી ઓળખાય છે. આમ ચાચર એ દેવસ્થાન પાસે, દેવસ્થાનના જ ભાગ તરીકેની વિશાળ જગા છે, ખાસ કરીને માતાનાં મંદિરો પાસેની, જ્યાં રાસ, ભવાઇ, વગેરે થતાં આવ્યાં છે. આ સ્થાન પાસે હંમેશાં ઘણા રસ્તા મળે તે ચાચર એવો પેલો બીજો અર્થ લેવાની જરૂર નથી, ખાસ કરીને ચાચર એ દેવસ્થાન સાથે સંકળાએલ સ્થળ હોય ત્યારે.

ઉપરનો અર્થ તો સ્પષ્ટ છે જ, પણ એને બીજો એક આધાર મળી રહે છે. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ કવિ સ્વયંભૂકૃત અપભ્રંશ ભાષામાં રચાએલું પઉમચરિઉ પ્રસિદ્ધ કરેલું છે. આ ગ્રન્થ (સન્ધિ ૫૬-૧૪-૬)માં ચચ્ચર શબ્દોનો પ્રયોગ આવે છે. એ ગ્રન્થની શબ્દસૂચિમાં ડૉ. ભાયાણીએ નોંધ્યા પ્રમાણે, આ શબ્દ જૈન હરિવંશપુરાણમાં આવે છે ત્યાં તેની એક પ્રાચીન ટિપ્પણિમાં “ચચ્ચર”ને ‘રાસ–સ્થાન’ તરીકે ઓળખાવ્યું છે. અને તે હકીકત પ્રખ્યાત જર્મન વિદ્વાન પ્રોફેસર આલ્સડૉર્ફે નોંધેલી છે. આમ સ્વાભાવિક રીતે જ, આજે નવરાત્રિ-ઉત્સવમાં જેમ માતાના મંદિર પાસે રાસ, ગરબા અને ભવાઈ થાય છે તેમ “ચાચર”માં ઘણ પ્રાચીન કાલથી રાસ, ગરબા, ભવાઈ વગેરે થતાં હશે.[1] વળી ચાર કે વધુ રસ્તા મળે એવા સ્થળે પણ આજે નવરાત્રિમાં રાસ, ગરબા તો થાય છે જ.

આની સાથે જ **ચર્ચરીગીત**નો વિચાર કરવો આવશ્યક છે. ભારતીય સંગીત ગ્રન્થોમાં ચર્ચરી એ ગીતોના એક પ્રકાર તરીકે દર્શાવેલ છે. હવે, આખ્યાનકમણિકોશવૃત્તિમાં ચર્ચરી ગીતોના કેટલાક ઉલ્લેખો આવે છે. વસંતસમયમાં નગરજનો જુદી જુદી ચર્ચરીઓ ગાતા. એમાં માતંગોની ચર્ચરી નીકળી. માતંગજાતિના લોકોની ‘ચર્ચરી’થી આકર્ષાએલા લોકો તે સાંભળવા ગયા. માતંગચર્ચરીમાં લોકસમુદાય ગયો એટલે નાગરકોની ચર્ચરી ભાંગી પડી. આ ઉલ્લેખ મૂળમાં નીચે પ્રમાણે છેઃ—

अह अन्नया य पत्ते उम्मायकरे वसंतसमयम्मि ।
अंदोलयकीलासुं विलासिलोयम्मि कीलंते ॥ १९ ॥

---

૧ ચચ્ચરીમાં વસન્તસમયે તાલસહ ગીતો ગવાતાં અને નૃત્ય પણ થતાં એ બાબત વિક્રમના તેરમા સૈકા લગભગમાં લખાએલા અબ્દુલ રેહમાનકૃત સન્દેશરાસક, ૩.૨૧૯ (સિન્ધી ગ્રન્થમાલાની આવૃત્તિ, પૃ. ૮૮)માં નોંધાએલી છે :—

चत्वरिहि गेउ झुणि करिवि तालु, नच्चीयइ अउव्व वसंतकालु ।
घण निविड हार परिखिल्लरीहिं, रुणझुण रउ मेहलकिंकिणीहिं ॥ २१९ ॥

આ સાથે સદર ગ્રન્થની તેમાંજ છપાએલી ટિપ્પનક રૂપ વ્યાખ્યા અને અવચૂરિ પણ જોવી.

विविहासु चच्चरीसुं गायंतीसु[......]नायरजणेणं ।
तेसिं मायंगाणं नीहरिया चच्चरी तइया ॥ २० ॥

गायंति गीयनिउणा तीए मज्झम्मि चित्त-संभूया ।
नायरय-चच्चरीओ तेसिं गीएण भग्गाओ ॥ २१ ॥

मायंगचच्चरीए मिलियाओ गीयपरवसमणाओ ।
मोत्तुं छिप्पमछिप्पं जायं असमंजसं सव्वं ॥ २२ ॥

नाऊण वइयरमिमं पहाणपुरिसेहिं गंतु विन्नत्तं ।
रन्नो जह देव इमे मायंगा तुज्झ गायंति ॥ २३ ॥

—આખ્યાનકમણિકોશવૃત્તિ, પૃ૦ ૨૨૧

આમ, માતંગો ગાવામાં કુશલ હતા, અને એમના ચર્ચરીગીતો ખૂબ આકર્ષક રહેતા એ વસ્તુ પણ ધ્યાનમાં રાખવા જેવી છે. આજે પણ કેટલીક પછાત કોમોમાં તેમ જ વણકરોમાં, આ જાતની કુશલતા, ગુજરાતના કેટલાક ભાગોમાં જોવા મળે છે.

ત્યારે આ ચર્ચરી-ગીત જ્યાં ગવાતાં એ સ્થાન ચર્ચરી કહેવાવા માંડ્યું એમ ઉપરના સંદર્ભ પરથી અનુમાની શકાય. શકસંવત્ ૭૦૦માં (= વિક્રમ સં૦ ૮૩૫=ઈ. સ. ૭૭૮માં) ઉદ્યોતનસૂરીએ રાજસ્થાનમાં આવેલા જાલોર શહેરમાં કુવલયમાલા-કથા નામનો સુવિખ્યાત સુંદર પ્રાકૃત કથાગ્રન્થ રચ્યો. આ ગ્રન્થ હવે ડૉ. એ. એન. ઉપાધ્યેના હાથે સંપાદિત થઈ સિંધી જૈન ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થયો છે. તેમાં પૃ. ૪-૫ ઉપર એક આખું **ચર્ચરી-ગીત** આપ્યું છે તે આ સંદર્ભમાં, લંબાણનો ભય હોવા છતાં, એક પ્રાચીન ચર્ચરી-ગીત હોવાથી અને ચર્ચરી-ગીતના પ્રકાર અંગે વધુ સંશોધન કરનારને રસ પડે તે ઈરાદે અહીં ઉતારું છું:—

जहा तेण केवलिणा अरण्णं पविसिऊण पंच चोर सयाइं **रास-णच्चणच्छलेण** महा-मोह-गह-गहियाइं अक्खिविऊण **इमाए-चच्चरीए** संबोहियाइं । अवि य ।

संबुज्झह किं ण बुज्झह एत्तिए वि मा किंचि मुज्झह ।
कीरउ जं करियव्वयं पुण ढुक्कइ तं मरियव्वयं ॥ इति धुवयं ।

कसिण-कमल-दल-लोयण-चल-रेहंतओ ।
पीण-पिहुल-थल-कडियल-भार-किलंतओ ।
ताल-चलिर-वलयावलि-कलयल-सद्दओ ।
रासयम्मि जइ लब्भइ जुवईसत्थओ ॥

संबुज्झह किं ण बुज्झह । पुणो धुवयं ति । तओ अक्खित्ता ।

असुइ-मुत्त-मल-रुहिर-पवाह-विरूवयं ।
वंत-पित्त-दुग्गंधि-सहाव-विलीणयं ।
मेय-मज्ज-वस-फोप्फस-हड्ड-करंकयं ।
चम्म-मेत्त-पच्छायण-जुवई-सत्थयं ॥

संबुज्झह किं ण बुज्झह । तओ विक्खित्ता ।

कमल–चंद–णीलुप्पल–कंति–समाणयं ।
मूढएहि उवमिज्जइ जुवई–अंगयं ।
थोवयं पि भण कत्थइ जइ रमणिज्जयं ।
असुइयं तु सव्वं चिय इय पच्चक्खयं ॥
संबुज्झह किं ण बुज्झह । तओ संविग्गा ।
जाणिऊण एयं चिय एत्थ असारए ।
असुइ–मेत्त–रमणूसव–कय–वावारए ।
कामयम्मि मा लग्गह भव–सय–कारए ।
विरम विरम मा हिंडह भवसंसारए ॥
संबुज्झह किं ण बुज्झह ।

ધનેશ્વરસૂરિકૃત સુરસુંદરીચરિઅ (રચના સંવત ૧૦૯૫), પરિચ્છેદ ૩માં वित्थरिय–चचरी –रव–मुहरिय–उज्जाण–भूभागे ॥ ५४ ॥ એ ઉલ્લેખમાં વસન્તમાં જ ઉદ્યાનમાં ગવાતી ચચ્ચરીનો ઉલ્લેખ છે. પણ, હરિભદ્રસૂરિની સમરાઇચ્ચકહામાં[1] તો આખ્યાનકમણિકોશવૃત્તિ જેવો—कहं नीयचच्चरी अह्माण चच्चरीए समासन्नं परिव्वयइ। એ ઉલ્લેખ બતાવે છે કે નીચ જાતિ ચચ્ચરી ગાવામાં ઘણી કુશલ મનાતી અને રહેતી.

આ ચચ્ચરી રાસરૂપે ગવાય છે એ ઉપરના કુવલયમાલામાંથી આપેલા અવતરણ પરથી સ્પષ્ટ છે; એ રાસનો જ પ્રકાર ગણાવો જોઈએ. શ્રી. રામકૃષ્ણ કવિએ ભરતકોશમાં, ચર્ચરી અંગે **વેમ**ના ગ્રન્થમાંથી નીચેનો આધાર ટાંકયો છે—

चर्चरी— यद्रासक्रमेणैव नर्तक्यो विनिवेशिताः ।
वर्णतालान्विते वाद्ये वाद्यमानेऽथ वादने ॥
प्रविश्य युग्मशो रङ्गं गायन्त्यश्चर्चरीं मुहुः ।
द्विपदीमथवा मानवस्तूचितपदोत्तराम् ॥
श्रृङ्गारवर्णनोपेतां वसन्तसमयोत्सवे ।
कुर्वन्ति नर्तनं सैषा चर्चरीति निगद्यते ॥

भरतकोश, पृ० २०३

આ ચર્ચરી-ગીત બાબત થયું. ચર્ચરીનૃત્ત એ એક પ્રકારનું દેશીનૃત્ત છે—

तेति गिध इति शब्देन नर्तनं रासतालतः ।
अथवा चर्चरीतालाच्चतुरावर्तनैर्नटैः ।
क्रियते नर्तनं तत्स्याच्चर्चरीनर्तनं वरम् ॥

—वेदः ।

भरतकोश, पृ० २०३–४

વળી चर्चरीनृत्य બાબત મહારાણા કુમ્ભા લખે છે:—

૧. સમરાઇચ્ચકહા (બંગાલ એશિઆટિક સોસાઇટિ આવૃત્તિ) પૃ. ૪૨

द्विपदा वर्णतालेन चर्च्चर्या वा मनोहरैः ।
सलास्यैर्गतिभेदैश्च मण्डलीभूय सर्वशः ॥
यत्र नार्यः प्रनृत्यन्ति प्राप्ते वासन्तिकोत्सवे ।
ताळिकाभिरलंकृष्टा देशभाषाविभूषिता ।
तदुक्तं चर्चरीनृत्यं रसरागलयानुगम् ॥ भरतकोश, पृ०८३४

ઈ. સ. ૧૧૩૦ આસપાસ સોમેશ્વરે માનસોલ્લાસ અથવા અભિલષિતાર્થચિંતામણિ નામના રચેલા ગ્રન્થમાં ઉદાહરણ સાથે ચચ્ચરી સમજાવી છે :—

पादाः षोडशमात्राः स्युर्द्वौ द्वौ च प्रासंयुतौ ।
इद्दक्षैर्बहुभिः पादैः कर्तव्या चच्चरी बुधैः ॥ ३०१ ॥

ઉદાહરણ તરીકે આપેલી ચચ્ચરીનો પાઠ ઘણો અશુદ્ધ છે, અહીં તે ઉતાર્યો નથી.

આગળ સોમેશ્વર લખે છે :—

रागो हिन्दोलकस्तत्र तालश्चैषाऽऽत्र चर्चरी ।
वसन्तस्योत्सवे गेया स्फुटं प्राकृतभाषया ॥ ३०३ ॥

ઉદ્યોતનસૂરિની કુવલયમાલા અને સોમેશ્વરકૃત માનસોલ્લાસથી પણ પ્રાચીન ઉલ્લેખ, ચર્ચરીના, મળે છે. હર્ષની રત્નાવલિ નાટિકાના પહેલા અંકમાં, મદનમહોત્સવમાં, જલક્રીડા, વનક્રીડા, નૃત્યગીતાદિની પ્રચુરતા સૂચવાઈ છે. એમાં વિદૂષક કહે છે :—

पेक्ख दाव इमस्स महुमत्तकामिणीजणअंगाहगहिदसिङ्गकजलप्पहारणचन्तणाअरजणजणिदकोदूहलस्स समन्तदो सुवुत्तमद्दलुद्दामचच्चरीसद्दमुहररत्थामुहसोहिणो पइण्णपडवासपुञ्जपिञ्जरिज्जन्दिसामुहस्स सिरिअं मअणमहूस्सवस्स ।

કાલિદાસના વિક્રમોર્વશીયમ્ નાટકમાં, ચોથા અંકમાં, રાજાના મુખમાં કેટલીક પ્રાકૃત-ભાષાની ઉક્તિઓ મૂકવામાં આવેલી નજરે પડે છે. આ ભાગ કેટલીક હસ્તપ્રતોમાં નથી અને એ ભાગો ખરેખર કાલિદાસરચિત છે કે પાછળના ક્ષેપકો છે એ બાબતમાં ઘણો વિવાદ ચાલુ રહ્યો છે. હમણાં હમણાં, એ ભાગો, એ અંકના બાકીના ભાગો સાથે અસંબદ્ધ નથી, તેમજ એ ભાગ, મૂળ લેખકના લખેલા હોઈ શકે એ મતને પુષ્ટિ મળવા માંડી છે. પ્રો. વેલણકરે વિક્રમોર્વશીયમ્ ઉપરની એક અપ્રસિદ્ધ કોણેશ્વરી ટીકા શોધી કાઢી છે. તેમાં પણ આ પ્રાકૃત ઉક્તિઓ જળવાઈ રહેલી છે,[1] અને પ્રો. વેલણકરે સંપાદન કરેલી, વિક્રમોર્વશીયમ્‌ની સમીક્ષિત આવૃત્તિ, જે સાહિત્ય અકાદામીએ બહાર પાડી છે, તેમાં આ ભાગ સ્વીકાર્યા છે. અહીં, પ્રો. વેલણકરની આવૃત્તિમાંથી પ્રાકૃત ભાગોમાં ચર્ચરીના ઉલ્લેખો વગેરેના અવતરણ નીચે આપ્યા છે જેથી ચર્ચરીનો છન્દઃશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરનારને, અને એના સ્વરૂપના વિકાસનો આગળ વિચાર કરનારને સરળતા થાય.[2]

(राजा) ×××

---

૧. જુઓ, એનાલ્સ ઓફ ધ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, વોલ્યુમ ૩૮ (ઈ. સ. ૧૯૫૭), ભાગ ૧-૨, પૃ. ૨૫૬-૬૦—પ્રો. વેલણકરનો લેખ, " વિક્રમોર્વશીય-કોણેશ્વરી ".

૨. પ્રો. વેલણકરસંપાદિત વિક્રમોર્વશીયમ્, પૃ. ૬૬થી ચાલુ.

द्विपदिकया दिशोऽवलोक्य । निःश्वस्य । सास्रम् ।
अये परावृत्तभागधेयानां दुःखं दुःखानुबन्धि । कुतः ।
अयमेकपदे तया वियोगः
प्रियया चोपनतः सुदुःसहो मे ।
नववारिधरोदयादहोभिर्—
भवितव्यं च निरातपत्वरम्यैः ॥ १० ॥

अनन्तरे चर्चरी ।[1]

जलहर संहर एहु को पइं आढत्तओ
अविरलधारासार दिसामुहकंतओ ।
ए मइं पुहवि भमंते जइ पिअ पेक्खिमि
तव्वे जं जु करीहिसि तं तु सहीहिमि ॥ ११ ॥

चर्चरिकया विचिन्त्य[2] **।**

वृथा खलु मया मनसः संतापवृद्धिरुपेक्ष्यते यदा मुनयोऽप्येवं व्याहरन्ति राजा कालस्य कारणमिति । तत् किमहं जलधरसमयं न प्रत्यादिशामि । विहस्योत्थाय । यदा मुनयोऽप्येवं व्याहरन्तीति पठित्वा । भवतु । प्रत्यादिशामि ।

अनन्तरे चर्चरी

गंधुम्माइअमहुअरगीएहिं
वज्जंतेहिं परहुअतूरेहिं
पसरिअपवणुव्वेल्लिअपल्लवणिअरु
सुललिअविविहपआरे णच्चइ कप्पअरु ॥ १२ ॥

तेन नर्तित्वा । अथवा न प्रत्यादिशामि, यदा प्रावृषेण्यैरेव चिह्नैः संप्रति मम राजोपचारः क्रियते । विहस्य । **पुनर्गंधुम्माइअ इति नर्तित्वा ।** × × × ×
× × यावदस्मिन्कानने तां प्रियामन्वेषयामि ।

पुनश्चचर्चरी । पाठस्यान्ते मिश्रकः । × × × ×

આ પછી દ્વિપદિકા, ખંડક આદિ વૃત્તોમાંની કેટલીક પ્રાકૃત ગાથાઓ વગેરે પછી, સદર આવૃત્તિના પૃ૦ ૭૦ ઉપર :—

तेन खण्डकान्तरे चर्चरी ।

बंहिण पइं इअ अब्भत्थेमि आअक्खहि मं ता
एत्थ वण भमंते जइ दिट्ठि सा महु कंता ।
णिसमाहि मिअंकसरिसे वअणे हंसगइ
ए चिण्हे जाणीहिसि आअक्खिउ तुज्झ मइं ॥ २० ॥

૧-૨. આ જાતની ચર્ચરી, ચર્ચરિકાના ઉલ્લેખવાળી Stage-directionsને જાણીને મેં કાળા ટાઇપમાં ઉપર છપાવી છે જેથી પ્રસ્તુત અવતરણમાં તે સહેલાઇથી નજરે પડે.

चर्चरिकयोपविश्याञ्जलिं बध्द्वा ।

नीलकण्ठ ममोत्कण्ठा वनेऽस्मिन् वनिता त्वया ।
दीर्घापाङ्गा सितापाङ्ग दृष्टा दृष्टिक्षमा भवेत् ॥ २१ ॥

चर्चरिकयावलोक्य ।

कथम् । अदत्वैव प्रतिवचनं नर्तितुमारब्धः ॥

पुनश्च चर्चरी ।

किं नु खलु हर्षकारणमस्य । × × × ×
× × × × **खुरकान्ते चर्चरी**

हेले हेले

परहुअ महुरपलाविणि कंती
णंदणवण सच्छंद भमंति ।
जइ पइं पिअअम सा महु दिट्ठी
ता आअक्खहि महु परपुट्ठी ॥ २४ ॥

एतदेव नर्तित्वा × × × × (पृ. ७४)
× × × × उपविश्य । **चर्चरी ।**
रेरे हंसा किं गोइज्जइ (३४ अ)

इति नर्तित्वोत्थाय ।

यदि हंस गता न ते नतभ्रूः सरसो रोधसि दर्शनं प्रिया मे ।
मदखेलपदं कथं नु तस्याः सकलं चोर गतं त्वया गृहीतम् ॥ ३२ ॥

पुनश्च चर्चरी

गइअणुसारे मइ लक्खिज्जइ । (३४ ब)

चर्चरिकयोपसृत्याञ्जलिं बध्द्वा ।

हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ।
विभावितैकदेशेन देयं यदभियुज्यते ॥ ३३ ॥

पुनश्च चर्चरी

कइ पइं सिक्खिउ ए गइ लालस
सा पइं दिट्ठि जहणभरालस ॥ ३४ ॥

पुनश्च चर्चरी । हंस प्रयच्छेल्यादि पठित्वा । × × × ×
× × अये प्रियासहायश्चक्रवाकस्तिष्ठति । यावदेनं पृच्छामि ।

अनन्तरे **कुटिलिका ।**

मम्मररणिअ मणोहरए

मल्लघटी ।

कुसुमिअतरुवरपल्लवए ।

चर्चरी

दइआविरहुम्माइअओ
　　काणणे भमइ गइंदओ ॥ ३५ ॥

द्विलयान्ते चर्चरी ।

गोरोअणवण्णा
　　चक्का भण इ मइ
महु सर कीलंती
　　धणिअ ण दिट्ठि पइं ॥ ३६ ॥

चर्चरिकयोपसृत्य जानुभ्यां स्थित्वा । ×××

(पृ० ८०) × × × कथम् । तूष्णीमास्ते । शङ्के, विप्रकर्षान्न शृणोति । भवतु । समीपमस्य गत्वा पृच्छामि ।

अनन्तरे चर्चरी ।

फलिहसिलाअलणिम्मलणिज्झरु
　　बहुविहकुसुमे विरइयसेहरु
किंणरमहुरुग्गीअमणोहरु
　　देक्खावहि महु पिअअम महिहरु ॥ ५० ॥

चर्चरिकयोपसृत्याञ्जलिं बद्ध्वा । × × × ×

(पृ० ८२) × × × **तेन कुटिलिकान्ते चर्चरी ।**

पुव्वदिसापवणाहअकल्लोलुग्गअबाहओ
　　मेहअ अंगे णच्चइ सललिअ जलणिहिणाहओ ।
हंसविहंगमकुंकुमसंखकआभरणु
　　करिमअराउलकसणकमलकआवरणु ॥
वेलासलिलुव्वेल्लिअहत्थदिण्णतालु ।
　　ओत्थरइ दसदिस रंधेइ णवमेहआलु ॥ ५४ ॥

चर्चरिकयोपसृत्य जानुभ्यां स्थित्वा । × × × × × (पृ० ८४)
अयमन्तिकमायान्तीं शिशुना स्तनपायिना ।
अनन्यदृष्टिस्तामेव मृगीं रुद्धां निरीक्षते ॥ ५८ ॥

इति नर्तित्वा चर्चरी ।[1]

---

૧ અહીં સંસ્કૃતમાં આપેલ શ્લો૦ ૫૮ પછી નૃત્ય કરી પછી ચર્ચરી ગાવામાં આવેલ છે તે નોંધપાત્ર છે.

सुरसुंदरि जहणभरालस पीणुत्तुंगघणत्थणी
थिरजोव्वण तणुअसरीरि हंसगइ
गअणुज्जलकाणणे मिअलोअणि भमंते दिट्ठ पइं
तह विरहसमुद्दंतरे उत्तारहि मइं ॥ ५९ ॥

× × × × (पृ० ८९) × × तत् कथय कथमियन्तं कालं मया विरहिता स्थितासि ।

अनन्तरे चर्चरी

मोरा परहुअ हंस रहंगम
अलि गअ पव्वअ सरिअ कुरंगम ।
तुज्झह कारणे रण्ण भमंते
को ण हु पुच्छिअ मइं रोअंते ॥ ७१ ॥

× × × (पृ० ९१) × ×

चर्चरी ।

पाविअसहअरिसंगओ
पुलअपसाहिअअंगओ ।
सेच्छापत्तविमाणओ
विहरइ हंसजुआणओ ॥ ७५ ॥
इति खण्डधारया निष्क्रान्तौ ।

ઉપરના અવતરણો જરૂરી છે. કવિ કાલિદાસના સમયમાં ચર્ચરીનું સ્વરૂપ, ચર્ચરી કોને કહેતા, એનો ઉપયોગ કેવો થતો એ બધાનો ખ્યાલ આપવો જરૂરી છે. ઉપરના અવતરણમાં શ્લો૦ ૧૧, ૨૦, ૩૪, ૩૬, ૫૦, અને ૫૪ની પહેલા અને પછી તરત જ આપેલી રંગ-સૂચી (stage-direction) ઉપરથી એ સર્વ ચર્ચરી અથવા ચર્ચરિકા તરીકે ગણવામાં આવ્યા છે એ વાત નિઃશંક છે. શ્લો૦ ૧૨ અને ૨૪ને પણ ચર્ચરી ગણવા જોઈએ કેમકે એ સંજ્ઞા આપતી નાટ્યસૂચી અથવા રંગસૂચી (stage direction) પછી તરત જ તે આપી છે અને સદર ગાથાઓ પછી इति नर्त्तित्वा, तेन नर्त्तित्वा અથવા एतदेव नर्त्तित्वा જેવી નાટ્યસૂચીઓ આવે છે, અને એવી જ રીતે શ્લો૦ ૩૪ પછી પણ આવે છે.

પ્રો૦ વેલણકરે પોતાની સંપાદિત વિક્રમોર્વશીયમ્‌ની આવૃત્તિની પ્રસ્તાવનામાં ઉપર અવતરિત શ્લોકો અથવા ગાથાઓની છણાવટ કરી વધુમાં બતાવ્યું છે કે ઉપરના અવતરણોમાંની ૩૫, ૪૫, ૫૯, ૭૧ અને ૭૫ એ નંબરની ગાથાઓ પણ ચર્ચરી જ ગણાવી જોઈએ. એઓ કહે છે કે રાજાએ ગાયેલી અથવા પઠન કરેલી ઉપર્યુક્ત પંદરમાંથી દશ ગાથાઓ ‘પ્રત્યુક્તિ’ ગાથાઓ છે અને એ તદ્દન સંભવિત જણાય છે કે, પ્રસ્તાવનાના ૪૦મા પરિચ્છેદમાં દર્શાવ્યા પ્રમાણે ધંધાદારી નૃત્યકારોએ રંગભૂમિ પર રજૂ કરેલ ચર્ચરીમાં રાજાએ પણ ભાગ લીધો હોય.

પ્રો. વેલણકરના મતે ગાથા નં. ૫૮ પણ ચર્ચરી લાગે છે અને નં. ૫૯ પણ ચર્ચરી છે, કેમકે નં. ૫૮ પછી इति नर्तित्वा चर्चरी એવી નાટ્ય-સૂચી છે.

પ્રો. વેલણકરે વધુમાં સૂચવ્યું છે કે ચર્ચરી અથવા ચર્ચરિકા એ નૃત્ય અથવા સંગીત-નૃત્ય (dance or musical dance) હશે. એટલે રાજા કાંતો સમૂહનૃત્યમાં જોડાતો હોય અથવા જેને એકાભિનય (solo-performance) કહીએ છીએ તેવું કરતો હોય. રાજા પણ નૃત્ય કરતો અને આ અંકમાં રાજાએ નૃત્ય કરવાનું હતું તે તો इति नर्तित्वा જેવી નાટય-સૂચી ઉપરથી સ્પષ્ટ થાય છે.

વિક્રમોર્વશીયમ્‌માં આવતી અસામાન્ય નાટય-સૂચીઓ પર ચર્ચા કરતાં, ચર્ચરીનો ઝીણવટથી અભ્યાસ કરી પ્રો. વેલણકરે છેવટે જણાવ્યું છે કે:—

"આ સર્વ દર્શાવે છે કે, (૧) ચર્ચરી કોઈ એક ચોક્કસ છંદનું નામ નથી; (૨) તે સંસ્કૃત (જો કે આ ઘણું વિરલ હતું) અથવા પ્રાકૃત શ્લોક સાથે અથવા કોઈ વખત કોઈ ચોક્કસ શ્લોક વિના પણ રજૂ કરી શકાતી; (૩) સમૂહગીત કે કોઈ ચોક્કસ શ્લોકનું પઠન એ ચર્ચરીના આવશ્યક અંશ તરીકે મનાતાં નહીં. (૪) તેની સાથે થતાં વાદ્યસંગીત અને નૃત્ય એ તેનાં મુખ્ય આકર્ષણ હતાં. પ્રાચીન સાહિત્યમાંના ચર્ચરી-વિષયક ઉલ્લેખો આ નિર્ણયોને પુષ્ટ કરે છે. 'કુવલયમાલા-કથા'માં ઉલ્લેખાયેલ ચર્ચરી, વદનક છંદવાળા શ્લોક સાથે આવે છે; અને આ વદનક છંદ એ એક પાદમાં ૧૬ માત્રાવાળી ચતુષ્પદી છે, અને તે (વદનક છંદ) આપણા શ્લોક નં. ૨૪, ૩૪, ૪૫, ૫૦, ૫૩, ૬૮ અને ૭૧નો છંદ છે. જિનદત્તે રચેલી ચર્ચરી આભાણક અથવા રાસક છંદમાં છે. આ છંદ પણ આપણા શ્લોક નં. ૧૧, ૨૮ (પહેલો) અને ૫૪ (બીજો)ના છંદ છે. જિનદત્તની ચર્ચરીના ટીકાકાર વિશેષ નોંધ કરે છે કે, 'इयं च नृत्यद्भिर्गीयते' 'જ્યારે લોકો નૃત્ય કરતા હોય છે ત્યારે આ ગવાય છે.' સોઢલની ચર્ચરી દોહા છંદમાં છે; તેને માટે આપણી ગાથા ૮ જુઓ.

"બીજી બાજુએ, ઈસ્વી સનની ૯મી કે ૧૦મી સદીમાં, સ્વયંભૂના સમયમાં, આ શબ્દ (ચર્ચરી) ક્યારનો ય બે પાદના એક વિશિષ્ટ છંદના અર્થમાં વપરાય છે. સ્વયંભૂ તેને, બે પાદની ૩૭ માત્રાવાળી 'દ્વિપદી' તરીકે ઓળખાવે છે; તેના પાદમાં, ૧૪મી અને ૨૨મી માત્રાએ યતિ હોય છે. રાજશેખર અને હેમચન્દ્ર (છંદોનુશાસન ૭. ૪૭) સ્વયંભૂના આ મત સાથે સંમત થાય છે. 'रत्नकरण्डक श्रावकाचार' (ર. સં. ૧૧૨૩) ના કર્તા શ્રીચન્દ્ર આરનાલ, મડિલા, અડિલા, આવલિ, આદિ છંદસમૂહમાંના એક તરીકે તેનો ઉલ્લેખ કરે છે. પણ 'પ્રાકૃત પૈંગલ' (૨. ૧૮૪), 'ર-સ-જ-જ-ભ-ર' ગણોમાં વિભક્ત થયેલ ચાર પાદોમાંનું દરેક પાદ ૧૮ અક્ષરનું, એવા માપવાળા વર્ણવૃત્ત તરીકે ચર્ચરીને ઓળખાવે છે. એ નોંધવું રસપ્રદ થશે કે, અહીં આપેલું દૃષ્ટાન્ત નૃત્ય કરતી કન્યાનું નિરૂપણ કરે છે, અને તે (દૃષ્ટાન્ત), 'પ્રાકૃત પૈંગલ'ના કર્તાએ ' માનસિક રીતે, નૃત્ય સાથે ચર્ચરીને કેવી સાંકળી તે કદાચ દર્શાવતું હોય. પણ જેની ચર્ચા થઈ રહી છે તે ચર્ચરી સાથે, દ્વિપદી કે ચતુષ્પદી પ્રકારના ચર્ચરી છંદને કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. આપણો ચર્ચરી છંદ કે જે 'કર્પૂરમંજરી'માંના છંદને મળતો છે તે જિનદત્ત અને સોઢલે જેનો ઉલ્લેખ કરેલો છે તે જ પ્રકારનો છે; અને તે (ચર્ચરી) સામાન્યતઃ કોઈ પણ ભાષા અને છંદની છંદોમય રચનાસહિતના નૃત્ય-સંગીતના પ્રકારને આપવામાં આવતું એક સામાન્ય નામ છે. નૃત્ય અને સંગીત જાણે કે તેનો (ચર્ચરીનો) આત્મા બનતાં અને જે હંમેશાં એક જ પ્રકારની ન હોવી જોઈએ એ છંદોમય રચના તેનું બાહ્ય સ્વરૂપ બનતું. આ વિષયમાં, પ્રાકૃત કવિતામાંનાં બીજા

આના જેવાં, ધવલ, મંગલ, ફુલ્લડક, ઝમ્બટક આદિ નામો સાથે ચર્ચરી નામ સરખાવવું જોઈએ. આ નામો, ઘણા જુદા છંદોમાં રચાયેલ ગીતોના એક વર્ગને આવવામાં આવે છે, અને તે (નામો) દેવોત્સવ, શુભ અવસર કે વીરપ્રશસ્તિ જેવા વિશિષ્ટ હેતુ સારતાં હતાં; જુઓ. છં. પ. ૩૨, ૩૯, ૪૦–૪૨. જ્યારે 'ઉત્સાહ' જેવા વિશિષ્ટ છંદનો ઉપયોગ વીરપ્રશસ્તિ માટે કરવામા આવતો ત્યારે તેને 'ઉત્સાહ-ધવલ' નામથી ઓળખવામાં આવતો. તેવી જ રીતે, આપણે જુદી જુદી ચર્ચરીને, દોહા-ચર્ચરી, આભાણક-ચર્ચરી, અને વદનક-ચર્ચરી જેવાં નામ આપી શકાય. પણ ચર્ચરીમાં શ્લોકના અતિ ગૌણ સ્થાનના કારણે, આવાં નામ ચલણી બન્યાં નથી."

'વિક્રમોર્વશીયમ્'માંની ચર્ચરી અને તેના ઉપરની પ્રો. વેલણકરની ચર્ચાનાં અગત્યનાં અવતરણો જોઈ હવે ચર્ચરી વિષે બીજા કેટલાક ઉલ્લેખો પણ જોઈએ.

રાજશેખરના 'કર્પૂરમંજરીસટ્ટક'માં ચતુર્થજવનિકાન્તરમ્માં નીચેનો ઉલ્લેખ નોંધપાત્ર છે—

चेटी निष्क्रान्ता । उभे प्रासादाधिरोहणं नाटयतः । ततः प्रविशति **चर्चरी** ।

विदूषकः ।

मुत्ताहलिल्लाहरणोच्चआओ लासावसाणे तलिणंसुआओ ।
सिञ्चन्ति अण्णोण्णभिमीओ पेच्छ जन्तजलेणं मणिभाईणेहिं ॥ ९ ॥

इदो अ

परिब्भमन्तीओ विचित्तबन्धं इमाओ दोसोलह णच्चणीओ ।
खेलन्ति तालाणुगदप्पआओ तुहङ्गणे दीसदि **दण्डरासो** ॥ १० ॥
समंससीसा समबाहुहत्था रेहाविसुद्धा अवराओ देन्ति ।
पंतीहिं होहिं लअतालबन्धं परोप्परं साहिमुही चलन्ति ॥ ११ ॥
मोत्तूण अण्णा मणिवारआई जन्तेहि धारासलिलं खिवन्ति ।
पडन्ति ताओ सहिआणमङ्गे मणोभुवो वारुणबाणचङ्गा ॥ १२ ॥
इसा मसीकज्जलकालकाआ तिकण्डचावाओ विलासिणीओ ।
पुलिन्दरूवेण जणस्स हासं समोरपिच्छाहरणा कुणन्ति ॥ १३ ॥
हत्थे महामंसबलीधराओ हुंकारफेक्काररवा रउद्दा ।
णिसाअरीणं पडिसीसएहिं अण्णा मसाणाभिणअं कुणन्ति ॥ १४ ॥
का–वि वाइदकरालहुडुक्का मन्दमद्दललएण मिअच्छि ।
दोल्लदाहिं परिवाडिचलाहिं चल्लिकम्मकरणम्मि पअट्टा ॥ १५ ॥
किङ्किणिकदरणज्झणसद्दं कण्ठगीदिलअजन्तिदतालं ।
जोइणीवलअणच्चणकेलिं तालणेउरखा विरअन्ति ॥ १६ ॥
कोदुहल्लवसजङ्गमवेसा वेणुवादणपरा अवराओ ।
कालवेसवसभामिअलोआ ओसरन्ति पणमन्ति हसन्ति ॥ १७ ॥[1]

૧ ડૉ. મનોમોહન ઘોષ સંપાદિત, કર્પૂરમંજરી (કલકત્તા યુનિવર્સિટિ, ૧૯૪૮), પૃ. ૧૩૩-૧૩૪.

શારદાતનયે (ઈ. સ. ૧૧૭૫–૧૨૫૦ વચ્ચે) લખેલા ભાવપ્રકાશનમાં (ગાયકવાડ સિરિઝ-માં પ્રકાશિત) અધિકાર ૯માં, પૃ. ૨૬૩ થી **રાસક**નું લક્ષણ આપતો વિભાગ શરૂ થાય છે તેના એક ભેદ તરીકે ચર્ચરીની વ્યાખ્યા આપી છે. આલીઢ, પુષ્પાંજલિ, ત્રણ અપસારક વગેરે ભેદ બતા-વ્યા પછી રાસકનું વિશિષ્ટ લક્ષણ આપ્યું છે નાટચરાસકથી ભિન્ન લક્ષણ સમજવાનું છે. આ રીતે જોતાં, શારદાતનય પણ ચર્ચરીને રાસકનો જ પ્રકાર ગણે છે એમ લાગે છે.

नाट्यरासकम्

षोडश द्वादशाष्टौ वा यस्मिन्नृत्यन्ति नायिकाः ॥
पिण्डीबन्धादिविन्यासै रासकं तदुदाहृतम् ।

(આ પછી પિણ્ડનું લક્ષણ આપી પછી—)

कामिनीभिर्भुवो भर्तुः चेष्टितं यत्र नृत्यते ॥
रागाद्वसन्तमालोक्य स ज्ञेयो नाट्यरासकः ।
चर्चरीमिति तां प्राहुर्वर्णतालेन तत्र तु ॥

(આ પછી અપસાર લક્ષણ અને રાસકના અપસારત્રયની વાત આવે છે)

लब्ध्वा दुग्धमहोदधौ सुरगणैः पीत्वामृतं यस्तदा
पिण्डीशृङ्खलिकाविशेषविहितो युक्तो लताभेदकैः ।
चित्रातोद्यविचित्रितैर्लययुतो भेदद्वयालङ्कृतः ।
चारीखण्डसुमण्डलैरनुगतः सोऽयं मतो **रासकः** ॥

ઉપરના ઉલ્લેખો પરથી સમજાશે કે રાસકના જ એક પ્રકાર તરીકે ચર્ચરી મનાતી હશે. કર્પૂરમંજરીનો ઉલ્લેખ અને દંડરાસનું વર્ણન એ મન્તવ્યને ટેકો આપે છે.

શાર્ઙ્ગદેવના સંગીતરત્નાકરના ચોથા અધ્યાય (પ્રબન્ધાધ્યાય)માં ચચ્ચરી પ્રબન્ધ નીચે મુજબ સમજાવ્યો છે—

रागो हिन्दोलकस्तालश्चचरी बहवोऽङ्घ्रयः ।
यस्यां षोडशमात्राः स्युर्द्वौ द्वौ च प्राससंयुतौ ॥ २९० ॥

सा वसन्तोत्सवे गेया चच्चरी प्राकृतैः पदैः ।
चच्चरीच्छन्दसेत्यन्ये क्रीडातालेन वेत्यपि ॥ २९१ ॥
घत्तादिच्छन्दसा वा स्याच्छन्दोलक्ष्मोदिताभिधा ।[१]

ઉપરના લખાણ પરથી લાગે છે કે આજે જેમ ન્હાનાલાલ, બોટાદકર આદિની કૃતિઓમાં રાસ અને ગરબાનું એક જ સ્વરૂપ કાયમ નથી રહ્યું તેમ ચચ્ચરી પણ જો ચચ્ચરી છન્દમાં ગવાઈ તો ચચ્ચરી કહેવાય પણ જો બીજા છન્દમાં લખાઈ કે ગવાઈ તો તે છંદના નામથી પણ એ લખાણ ઓળખાતું. લગભગ ચૌદમા સૈકા કે તે પૂર્વેના પ્રાકૃત પૈંગલમાં[૧] ચર્ચરી છંદ અને એના ઉદાહરણ નીચે મુજબ છે :—

૧. સંગીત રત્નાકર (આનન્દાશ્રમસિરિઝ), ભાગ ૧લો, પૃ. ૩૩૯.

आइ रगगण हत्थ काहल ताल दिज्जहु मज्झआ
सद्द हार पलंत बिण्ण वि सव्वलोअहि बुज्झिआ ।
बे वि काहल हार पुरहु संख कंकण सोहणा
णाअराअ भणंत सुंदरि चच्चरी मणमोहणा ॥ १८४ ॥

(चर्चरीः—ऽ । ऽ ॥ ऽ । ऽ ॥ ऽ । ऽ ॥ ऽ । ऽ = १८ वर्ण) ।

जहा,

पाअ णेउर झंझणक्कइ हंससद्दसुसोहणा
थुरथोर थणग्ग णच्चइ मोत्तिदाम मणोहरा ।
कामदाहिण धारि धावइ तिक्खचक्खुकडक्खआ
काहु णाअर गेहमंडणि एहु सुंदरि पेक्खिआ ॥ १८५ ॥[1]

શ્રી રામનારાયણ પાઠકે, બૃહત્પિંગલ, પૃ. ૧૧૩માં[2] ૧૮ અક્ષરના ચર્ચરી અથવા વિબુધપ્રિયા વૃત્તને આમ નોંધ્યો છે—

| | | | | | | |
ગાલગાલલ ગાલગાલલ ગાલગાલલ ગાલગા (૧૮)

સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ બ્રહ્માનંદે બે ‘ રાસાષ્ટક ’ ચારણી છંદોમાનાં બે લોકપ્રિય છંદો–રેણકી અને ચર્ચરી–માં રચ્યા છે. એમાં ચર્ચરી છંદનું એક ઉદાહરણ શ્રી ડૉ. મંજુલાલ મજમુંદારે, “ ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો—મધ્યકાલીન પદ્ય સ્વરૂપ ”, પૃ૦ ૫૨૦–૨૧ ઉપર નોંધ્યું છે અને આને રાસના પ્રકાર તરીકે જ ગણવામાં આવેલ છે. એમણે કવિ ન્હાનાલાલે વિશ્વગીતામાં અંક ૩, પ્રવેશ ૫માં ‘ બ્રહ્માંડમંડલનો મહારાસ ’ જે ચર્ચરી છંદમાં ગાયો છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઉપરના થોડાક ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થશે કે ચર્ચરી એ મુખ્યે વસંતમાં ગવાતી હોવાથી, તાલ સાથે, નૃત્ય સાથે રાસક્રમે મંડલમાં ગવાતી હોવાથી એને રાસ સાથે એક બાજુ ઘનિષ્ટ સંબંધ છે જ્યારે બીજી બાજુ વસન્તકાવ્ય તરીકે ફાગુ સાથે એક પ્રકારનો સંબંધ છે. સંભવ છે કે ઘણા લાંબા સમયથી “ ચચ્ચર ” શબ્દ એ ચર્ચરી ગીતના સ્થાન તરીકે વપરાતો હશે, અથવા ‘ ચચ્ચર ’માં ગાવાનું ગીત તે ચર્ચરી એમ પણ હોય જ્યારે ચતુષ્ક-ચઉક્ક એ સામાન્ય ચોકના અર્થમાં અને ચાર રસ્તાઓ જ્યાં મળે તે અર્થમાં વપરાતો હશે. જ્યાં ચચ્ચર-ચઉક્ક એ પ્રયોગો સાથે હોય ત્યાં ચચ્ચરનો પેલો વિશિષ્ટ અર્થ–ચાચર–રાસસ્થાન શરૂ થઈ ગયો હશે.

જાયસીના પદ્માવત (વાસુદેવ શરણ અગ્રવાલ સંપાદિત આવૃત્તિ, ૩૩૫. ૬, પૃ૦ ૩૩૩–૩૩૪)માં ચાઁચરિ આવે છે—હોઇ ફાગુ ભલિ ચાઁચરિ જોરી. આના ઉપર ડૉ. વાસુદેવશરણજી એ કરેલું ટિપ્પણ નોંધવા જેવું છે:—

૧. પ્રાકૃતપૈંગલ, ડૉ. ભોલાશંકર વ્યાસસંપાદિત (પ્રાકૃત ટેક્સ્ટ્સ સોસાયટી આવૃત્તિ), ૨.૧૮૪-૧૮૫, પૃ. ૨૮૪.

૨. બૃહત્પિંગલ, પૃ. ૪૭૦-૪૭૧ પર વધુ વિસ્તૃત સમજૂતી દાખલા સાથે આપી છે.

चाँचरि । सं० चर्चरी > प्रा० चच्चरी > चाँचरि। एक प्रकार का नृत्य, जिसमें पुरुष दोनों हाथों में रंगीन छोटे छोटे डंडे लेकर गाते हुए मण्डल बनाकर नाचते है। अब भी मध्यप्रान्तमें इसे चाँचर कहा जाता है; डांडिया रास। फागुन में अथवा विवाह उतसव में चाँचर होती है। चाँचर में ताल की गति पर जिनके डंडे नहीं मिलते वे रास से बाहर होते जाते है। और पूरा नृत्य जमने पर दर्शको में आनन्द की लहर व्याप जाती है।

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પણ ચર્ચરી જાણીતી હતી. સોમેશ્વરે ચર્ચરી વિષે લખ્યું છે તે આપણે આગળ જોઈ ગયા. આ ઉપરાંત, સોમેશ્વર માનસોલ્લાસ, વૉલ્યુમ ૩, પૃ૦ ૬૦, ગીત-વિનોદ, શ્લો૦ ૧૯૭માં નોંધ છે--

महाराष्ट्रेषु योषिद्भिरोवी गेया नु (तु) कण्डने ।
होलाके चचरी गेया राहाडी वीरवर्णने ॥ १९७ ॥

કવિ સોલણની ચર્ચરિકા પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ (ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ) માં પૃ૦ ૭૧–૭૪ પર શ્રી ચિમનલાલ દલાલે છાપી છે. એનો થોડોક નમૂનો આપું છું:—

પાઈ ચહુટ્ટઈ કક્કરીઉ ઉન્હાલઈ લૂ વાઈ,
જે કાયર તે વલિયા જે સાહસિય તે જાઈ. (૧૦)

સાહિલડા સરવરતલિહિં ઉગ્ગિઉ હવણછોડુ,
ઉજ્જિલિ જંતે ધંમિએ ગુંથિઉ નેમિહિં મઉડૂ. (૧૧)

સોલણનો સમય નક્કી નથી. શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈ, એમના જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧, પૃ૦ ૧૨માં, સોલણની ચર્ચરિકાનો ઉલ્લેખ કરી એને અનુમાને વિક્રમના ૧૪મા સૈકામાં મૂકે છે. એમનું અનુમાન ઠીક હોવા સંભવ છે. આ ચર્ચરી "દોહા" છન્દમાં છે.

વીર કવિએ સં. ૧૦૭૬ માં રચેલું જમ્બૂસ્વામીચરિત, કર્તા કહે છે તેમ, ચર્ચરી-બંધમાં રચાએલું અને ગવાતું. સં. ૧૧૦૦માં રચાએલા સુદર્શનાચરિતમાં તેના કર્તા નયનન્દી કહે છે તેમ, ચર્ચરી એ નૃત્યપૂર્વક ગવાતું ગીત હશે. આ બેઉ હકીકત માટે હું પ્રો. વેલણકરનો આભારી છું.[૧]

ચર્ચરીની શરૂઆત ક્યારે અને કેવી રીતે થઈ, એનું મૂળ શું, મૂળ સ્વરૂપ શું—એ બધી બાબતોમાં હજુ વધારે ખેડાણને અવકાશ છે. પણ અહીં ચર્ચરીનો પાછળથી કેવો ઉપયોગ થયો એ બાબતમાં સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતીના એક પીઢ વિદ્વાને મને જે રસિક અર્થ કરી બતાવ્યો તે નોંધવાલાયક છે. એ મુજબ "બીજા માણસને અસર કરવા માટે જે ખારું-

૧. પોતાની વિક્રમોર્શીયમ્‌ની પ્રસ્તાવના છપાતાં પહેલાં મને મારા આ લેખમાં ઉપયોગ માટે પ્રુફ વાંચવા મોકલવા બદલ પણ હું પ્રો. વેલણકરનો ઋણી છું.

ખાટું કહેવું (ચચરે એવું) તેને ચર્ચરી કહેવાય! *અને ખરેખર ચર્ચરી ફક્ત **શૃંગારરસમાં** નહિ પણ ઉપદેશમાં પણ ઉપયોગમાં લેવાઈ છે.

---

*ચાચર વિષે ગરબાઓમાં આવતા કેટલાક જૂનાનવા ઉલ્લેખો નીચે આપ્યા **છે:—**

(૧) જુ સૂધું ખાતાં બહુ મિલી, કાં છાનૂં કીધું સહુ મિલી?
' **ચૂકિ** ચડી વાઉ બાકરી ' (પાઠાન્તર—**ચોકિ** ચઢી વાહો બાકરી),
ધર્મ દેખાડું કાંઇ કરી.

× × ×
ગંગોદક સામ્હું શંખ જાઇ, સ્નાની શર ચુહુટઈ ઉગાઇ,
એકાદશી કીધઈ યશલાધ, ' ચોખી રોટી **ચાચરિ** ખાધ.'—૨૯૩
—માંડણકૃત પ્રબોધબત્રીશી, મ. બ. વ્યાસ સંપાદિત, પૃ. ૩૩,
' બોધાવિડંબનવીશી 'માંથી.

(૨) ફાગુણ માસ વસન્તરિત, જો ઢોલા નાવેસ;
ચાચર રૈ મિસ ખેલતી, **હોલી** ઝંપાવેસ...૨૦
—વાચક કુશલલાભ (વિ. સં. ૧૬૧૬), ઢોલા મારવણીની કથા, આનંદકાવ્યમહોદધિ, ૭, પૃ. ૨૬.

(૩) બહુચર **ચાચર** રમતાંતાં રંગમાં જો,
ગાતાંતાં ગુણનિધ ગાન સુંગધમાં જો...
—બહુચરાનો રંગ, વલ્લભ ભટ્ટકૃત.
બૃહત્કાવ્ય, દોહન, ભાગ ૫. પૃ. ૭૪૭.

(૪) **ચાચર** પૂજા કીજીએ રે મા, મન વાંચ્છિત ફળ લીજીએ રે મા;
અમૃતરસ એ પીજીએ રે મા, માજી તેં કર્યું સકલ દેદાર રે.
આઇ અંબિકા રે મા. (૧૮)

(૫) **ચાચર** પૂજીને આવતાં રે મા, આજ્ઞા માજીની લાવતાં રે મા;
વાચ્ય સન્મુખ પલાવતા રે મા, માજી ત્યાં પૂજન તારું થાય રે.
આઈ અંબિકા રે મા. (૨૩)
—વલ્લભ ભટ્ટકૃત ' આરાસુરનો ગરબો 'માંથી,
' કાવ્યદોહન ', ભાગ ૨, પૃ. ૬૯૧–૬૯૨

(૬) રંગમાં રંગમાં રંગમાં રે, બાળી બહુચર ખેલે મા રંગમાં.
× × ×
સોળ શણગાર માને અંગે સોહાવે, નક્કી ચુની જડી છે નંગમાં રે
ચાચર આગળ છંદ જ બોલ રે, ગરબે રમે છે આનંદમાં રે.........
ચુવાને ચંદન, કેસર કસ્તુરી, અવિલ ઊડે રે આનંદમાં રે.........
ચોસઠ યોગીની મા **ચાચર** ખેલે, ગરબો ગાય આનંદમાં રે.........
કવિ વલ્લભકૃત, બહુચર મા ખેલે રંગમાં, **રાસરજની,** (પ્ર. મેસર્સ એન. એમ. ઠક્કર, (મુંબાઇ) પૃ. ૨૮૬

(૭) **ચૌક ચાચર**માં ખેલતાં રે મા,
માનસરોવર ઝીલતાં રે મા,
પાપ ગયાં પગ પીલતાં રે મા,
માજી તમે ખુડતાં સાહ્યો બાળ શ્રી બાળી બહુચરા રે મા.
માજી તારો વલ્લભદાસનો દાસ, શ્રી બાળી બહુચરા રે મા.
—શ્રી વલ્લભ ભટ્ટ કૃત માતાજીના ઓવારણાં,
શ્રી જગદંબા સ્તોત્ર (પ્ર. શ્રી અંબાજી માતા.
ઘડિયાળી પોળ, વડોદરા,), પૃ. ૧૭.

(૮) **ચાચર** મોતીડે વધાવું રે અંબામાને **ચાચર** મોતીડે વધાવું.
મા કુમકુમ અક્ષતે ચાચર પૂજુ મા, ફૂલડિયાં વેરાવું.........
મા લાજે તજીને હું તો સ્વાંગ સજીને નાચું ને મંગળ ગાવું રે.........
—કવિ દલસુખકૃત ભજન અંક ૩૪, શ્રી જગદંબાસ્તોત્ર,
(પ્ર. શ્રી અંબાજીમાતા, ઘડિયાળી પોળ, વડોદરા), પૃ. ૪૭.

(૯) **ચાચર ચોક**માં ઘૂમતાં હો અંબિકા, રૂમઝૂમ રમતાં રાસ
પહેર્યાં આભૂષણ ઓપતાં હો અંબિકા,
ઝમકે ઝાંઝર પાય.
નરનારી સૌ એકઠા, રમતાં ચાચરમાંય,
મન ઉલટ અતિ આણીને, અંબાના ગરબા ગાય
ફરે ફૂંદડી ને તાળી લે સૌ હાથમાં રે,
ગોખે બેઠાં બેઠાં જુએ અંબે માત.........
—સ્વ. દીપકબા દેસાઈ

(૧૦) ચારુ **ચાચર ચોક**મહીં ગરબો માંડે મતવાલી,
એ તો કુમકુમ ને અક્ષતથી નોરતાં વધાવજે,
ગોરી તારા ગરબાને ઘૂમતો રાખજે.
—શ્રી. અવિનાશ વ્યાસકૃત 'સથવારો'

ગાન્ધારી

ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા

મહાભારતમાં ચાર ગાન્ધારીનો ઉલ્લેખ છે.* (૧) પૂરુવંશી અજમીઢની રાણી.[૧] (૨) માતા પાર્વતીની અનુચરી, દેવી ગાંધારી.[૨] (૩) શ્રીકૃષ્ણની પટરાણીઓ પૈકીની એક. શ્રીકૃષ્ણ આ રાણીને સ્વયંવરમાં વરેલા, અને યાદવી પછી રુક્મિણી વગેરેની સાથે એણે અગ્નિપ્રવેશ કરેલો.[૩] અને (૪) મહાભારતમાં કવિ વેદવ્યાસે જેની અદ્વિતીય ધર્મશીલતાનું ગાન કર્યું છે,[૪] અને પ્રસ્તુત લેખમાં જેનું મહાભારતના આધારે વિગતવાર ચરિત્રાલેખન કરવામાં આવ્યું છે તે સતી ગાન્ધારી. લોભી ધૃતરાષ્ટ્રની મહિષી, દુર્યોધનાદિ એકસો કૌરવ ભાઈઓની માતા, પતિવ્રતપરાયણા છતાં પતિને અધર્મ માર્ગેથી પાછા વાળવા સતત ઉદ્યમશીલ, પુત્રવત્સલા છતાં પુત્ર અન્યાયી જ રહે તો તેનો ત્યાગ કરવા તત્પર, પુત્રોના અને પતિના વિરોધીઓની ન્યાયી માગણીઓની તરફદાર, નિર્લોભી અને જિતેન્દ્રિય, સંયમપ્રાપ્ત સમૃદ્ધિથી જ સાચું સુખ મળે તેને તત્ત્વપૂર્વક સમજનાર, સ્ત્રીસન્માન અને શીલની જાગ્રત રખેવાળ, સંકડામણ, આંટીઘૂંટી અને અણીના પ્રસંગોએ પ્રજ્ઞા, ધૈર્ય, શીલ અને તત્ત્વજ્ઞાનના બળથી વાસ્તવિક વિચાર કરીને પરિસ્થિતિ સમજનાર, 'જ્યાં ધર્મ છે ત્યાં જય છે' એમ નિષ્ઠાપૂર્વક સમજનાર અને નિશ્ચયપૂર્વક આચરનાર, આ સતીની અડોલ ધર્મશીલતા વિકટતમ પ્રસંગોએ પણ એકધારી ઝગી રહે છે. એનો નિષ્કલંક ઝગઝગાટ ઉત્તરોત્તર વધતો જાય છે. એ ઝગઝગાટમાં ભરતી છે, ઓટ નથી.

આ સતી ગાન્ધારીને મહાભારતમાં પૌરાણિક રૂપકાત્મક ભાષામાં ધર્મના દશ દ્વારરૂપી, 'ધર્મ'ની દશ પત્નીઓ પૈકીની એક, મતિ દેવીના અંશાવતારરૂપે વર્ણવ્યાં છે.[૫]

---

* આ લેખમાંના આધારો ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટની મહાભારતની સમીક્ષિત વાચનામાંથી લીધા છે. મ. ભા.નું ૧૩મું પર્વ, અનુશાસનપર્વ હજુ પ્રકાશિત થયું નથી. તેથી તે પર્વનો એક ઉલ્લેખ મ. ભા.ની ચિત્રશાલા પ્રેસની આવૃત્તિમાંથી લીધો છે. એ આધારના આગળ 'ચિ.' સંજ્ઞા મૂકેલી છે.

૧. ૧–૯૫–૫૦.

૨. ૩–૨૨૧–૨૦.

૩. ૭–૧૦–૧૦; ૧૬–૮–૭૧.

૪. ૧–૧–૫૯થી.

૫. कीर्तिर्लक्ष्मीर्धृतिर्मेधा पुष्टिः श्रद्धा क्रिया तथा ॥ १-६०-१३
बुद्धिर्लज्जा मतिश्चैव पत्न्यो धर्मस्य ता दश ।
द्वाराण्येतानि धर्मस्य विहितानि स्वयंभुवा ॥ १४

*

सिद्धिर्धृतिश्च ये देव्यौ पञ्चानां मातरौ तु ते ।
कुन्ती माद्री च जज्ञाते मतिस्तु सुबलात्मजा ॥ १-६१-९८

એ ગાન્ધારના રાજા સુબલની અર્થવિદ્ પુત્રી.[1] 'અર્થવિદ્' તેના 'ધર્મથી જ અર્થ અને કામ છે...'[2] એવા ઉત્કૃષ્ટ અર્થમાં. નહિ તો ગાન્ધારીનો સગો ભાઈ શકુનિ પણ અર્થવિદ્ હતો.[3] કેવો અર્થવિદ્ હતો તે જાણીતું છે.

હવે આ બાજુ કૌરવકુમારો પાંડુ, ધૃતરાષ્ટ્ર અને વિદુર યુવાન થતાં તેમને માટે કુરુપિતામહ ભીષ્મ કન્યાઓની તપાસ કરતા હતા. તેવામાં તેમણે બ્રાહ્મણો પાસેથી સાંભળ્યું કે ગાન્ધારીએ ભગનેત્રહર (= દક્ષયજ્ઞભંગ સમયે ભગ દેવતાની આંખોનો નાશ કરનાર) વરદ શંકરને આરાધીને એકસો પુત્રો પામવાનું વરદાન મેળવ્યું છે.[4]

આ તત્ત્વવાળી વાત સાંભળીને ભીષ્મે ગાન્ધારરાજ સુબલ પાસે ગાન્ધારીનું માગું કરવા દૂત મોકલ્યો. સુબલ 'આ ધૃતરાષ્ટ્ર તો અંધ છે (તેને કન્યા કેમ પરણાવાય ?)' એમ વિચારમાં પડ્યો; પણ છેવટે કુળ, ખ્યાતિ અને વૃત્તની બુદ્ધિથી સમીક્ષા કરીને વિવાહની વાત સ્વીકારી. આ વાત ગાન્ધારીએ સાંભળતાં, એ પતિવ્રતપરાયણા નારીએ, એક કપડું લઈ તેની ગડીઓ વાળી, 'હું પતિને ઘોળીને પી જાઉં નહિ એવો નિશ્ચય કરી'[5] પાટો આંખે બાંધ્યો. પછી શકુનિ અત્યંત રૂપાળી ગાન્ધારીને લઈને હસ્તિનાપુર આવ્યો અને લગ્ન કરી યોગ્ય કરિયાવર કરી પાછો ગયો. પતિવ્રતા ગાન્ધારીએ અહીં પોતાનાં શીલ, આચાર, કાર્યો અને સચ્ચારિત્ર્યથી સર્વ કુરુઓને સંતોષ આપ્યો. એ અન્ય પુરુષોની સાથે (ખપથી વધુ) વાત પણ નહોતી કરતી.[6]

એક દિવસે ભૂખ અને શ્રમથી થાકેલા મુનિ વેદવ્યાસ ધૃતરાષ્ટ્રને ત્યાં આવ્યા. ગાન્ધારીએ તેમને (ભોજન અને સેવાથી) સંતુષ્ટ કર્યા. તેથી વ્યાસે તેને વર માગવા કહેતાં, તેણે પતિના જેવા (બળ અને વિદ્યાસંપન્ન) ૧૦૦ પુત્રો માગ્યા.[7] પછી યથાકાળે તે ગર્ભવતી થઈ. એણે બે વર્ષ સુધી ગર્ભ ધારણ કર્યો. દરમ્યાન સાંભળ્યું કે કુન્તીને બાલસૂર્યના જેવો તેજસ્વી પુત્ર (= યુધિષ્ઠિર) જન્મ્યો છે. એટલે (સ્ત્રીસુલભ માતૃત્વની ભૂખ અને તજ્જન્ય ઈર્ષ્યાથી) દુઃખી થઈને ધૃતરાષ્ટ્ર ન જાણે તેમ તેણે પરાણે પ્રસવ કર્યો. પણ બે વર્ષના ગર્ભધારણને અંતે લોઢાના ગઠ્ઠા જેવી પેશી જન્મી ! એટલે તે માંસપેશી ફેંકી દેવા નીકળી. વેદવ્યાસને આ ખબર પડતાં તેઓ દોડતા આવ્યા, અને પૂછ્યું, "તેં આ શું ધાર્યું છે ?" ગાન્ધારીએ પરમર્ષિને સાચી વાત કહી દીધી. "કુન્તીને સૂર્ય જેવી પ્રભાવાળો પુત્ર જન્મ્યો સાંભળીને મને બહુ દુઃખ થયું. એટલે મેં પરાણે પ્રસવ કર્યો, પણ એકસો પુત્રોનું આપનું વરદાન સફળ થવાને બદલે મને તો આ માંસપેશી જન્મી છે !"[8]

---

૧. ૧-૫૭-૯૪.

૨. ૧૮-૫-૪૯.

૩. ૧-૫૭-૯૪.

૪. ૧-૧૦૩-૫થી

૫. नात्यश्नीयां पतिमहमित्येवं कृतनिश्चया । १-१०३-१३

૬. ૧-૧૦૩-૧૦ થી ૧૭

૭. ૧-૧૦૭-૭, ૮ થી; ૧-૯૦-૬૧, ૬૨; એક બીજાનાં જુદાં જુદાં વર્ણન આપવાની અને તેથી એક વસ્તુને અનેક દૃષ્ટિકોણથી નિહાળવાની મ. ભા. ની ખાસિયત છે. તે મુજબ ૧૦૦ પુત્રોના વરદાનના બનાવનું આ બીજું રૂપાંતર છે.

૮. ૧-૧૦૭-૯ થી ૧૬

વ્યાસે ધીરજ આપતાં કહ્યું, "એ એમ જ થશે. મેં પૂર્વે કદી મશ્કરીમાં યે મિથ્યા ભાષણ કર્યું નથી, તો બીજી રીતે તો કેમ જ બોલું?"[1] એમ કહી ઘીથી ભરેલાં સો કૂંડાં તૈયાર કરાવી, માંસગ્રન્થિ ઉપર શીતળ જળ રેડાવ્યું. જળસિંચનથી ગ્રન્થિના અંગૂઠાના ટેરવા જેવડા સો ગર્ભભાગ થયા, અને પછી સમય જતાં પૂરા એકસો એક ગર્ભભાગ થયા. તે ગર્ભોને ઘીથી ભરેલાં કૂંડાઓમાં સુરક્ષિત જગ્યાએ મૂક્યા. ભગવાન વ્યાસ પછી સુબલપુત્રી ગાન્ધારીને "આ કૂંડાંઓને આટલા જ સમયે (નવ માસ પૂરા થયે?) ફરી ઉઘાડજે," કહીને હિમવાન ગિરિ ઉપર તપ કરવા ચાલ્યા ગયા.[2]

આ પછી ક્રમપૂર્વક તેમાંથી પુત્રો જન્મ્યા. તેમાં પ્રથમ દુર્યોધન જન્મ્યો. તે જન્મતાં ધૃતરાષ્ટ્રે ભીષ્મ, વિદુર અને પુષ્કળ બ્રાહ્મણોને બોલાવી પૂછ્યું, "રાજપુત્ર યુધિષ્ઠિર જ્યેષ્ઠ છે તેથી પોતાના (જ્યેષ્ઠત્વના) ગુણને લીધે રાજા થાય એમાં કંઈ કહેવાનું ન હોય; પણ તે પછી આ પુત્ર રાજા થશે ખરો?" એ કથન પૂરું થતાં જ ચારે બાજુ ઘોર ઉત્પાતો થવા માંડ્યા. આ જોઈને બ્રાહ્મણો તેમ જ મહામતિ વિદુર બોલ્યા, (ભીષ્મનું મૌન સૂચક છે) "તમારો આ પુત્ર કુળનો અંત લાવનાર થશે. તેના ત્યાગથી જ શાન્તિ છે, પાલન કરવાથી મહા અપનય થશે. તમારા એકસો પુત્રોમાંથી ભલે એક ઓછો થાય. એકને ત્યાગીને તમે જગત અને કુળનું રક્ષણ કરો. કુળના હિતને માટે એકને ત્યજવો, ગામના હિત અર્થે કુલને ત્યજવું, જનપદના હિત અર્થે ગામ ત્યજવું અને આત્માના હિત માટે (સમગ્ર) પૃથ્વીને ત્યજવી."[3] પણ રાજા ધૃતરાષ્ટ્રે પુત્રસ્નેહને લીધે તે પ્રમાણે કર્યું નહિ. તે પછી અનુક્રમે એકસો પુત્રો જન્મ્યા. પુત્રોના જન્મ પછી એક મહિને એકસો એકમી પુત્રી દુઃશલા જન્મી.[4] આ પુત્રોમાં દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ અને ચિત્રસેન પ્રધાન આગળ પડતા હતા.[5] ગાન્ધારી જ્યારે ગર્ભવૃદ્ધિથી પીડાતી હતી ત્યારે એક વેશ્યા ધૃતરાષ્ટ્રની પરિચર્યા કરતી હતી. તેનાથી બુદ્ધિમાન યુયુત્સુ જન્મ્યો હતો.[6]

---

૧. एवमेतत्सौबलेयि नैतज्जात्वन्यथा भवेत्।
वितथं नोक्तपूर्वं मे स्वैरेष्वपि कुतोऽन्यथा॥ १–१०७–१७

૨. ૧–૧૦૭–૧૭ થી ૨૩

૩. त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत्।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत्॥ १-१०७-३२

= ફે. ૨-૫૫-૧૦; ૫–૩૭–૧૬; ૧૨૬–૪૮.

= ફે. સ્કન્દપુરાણ, કાશીખંડ ૧૩–૯૦.

= ફે. પંચતંત્ર ૩–૮૪.

= ફે. હિતોપદેશ ૧–૧૪૯.

= ફે. ચાણક્યશતક ૩૧ (આવૃત્તિ હેબર્લીન).

= ફે. શાર્ઙ્ગધર પદ્ધતિ ૧૪૬૨.

૪ ૧–૧૦૭–૨૪ થી ૩૪; ૧ અ ૧૦૮.

૫ ૧–૯૦–૬૧, ૬૨; સો કૌરવ ભાઈઓમાં વિકર્ણ એકલો જ તેની માતાના સ્વભાવનો વારસો પામેલો હતો.

૬ ૧–૧૦૭–૩૫ થી ૩૭.

આટલી પુરાણમિશ્રિત વિગત પછી, મહાભારતમાં ગાન્ધારીના જીવનની માહિતી છૂટાછવાયા ઉલ્લેખોથી તૂટક તૂટક મળે છે. જેમ કે પાંડુરાજાના દેહાવશેષોને લઈ પાંડવો, કુન્તી અને ઋષિઓ હસ્તિનાપુર આવ્યા ત્યારે તેમનું સ્વાગત કરવા બીજાઓની સાથે ગાન્ધારી પણ ગઈ હતી.[૧] કુરુવંશના કુમારોની અસ્ત્રવિદ્યાની પરીક્ષા સમયે રંગમંચ ઉપર બેઠેલા ધૃતરાષ્ટ્રને વિદુર અને ગાન્ધારીને પાણ્ડવારણિ અર્થાત્ કુન્તી કુમારોની બધી ક્રિયાઓનું વર્ણન કરી સંભળાવતાં હતાં.[૨] અસહાય પાંડવોને દુર્યોધને વારણાવત મોકલવાનું કારસ્તાન કર્યું ત્યારે ધૃતરાષ્ટ્રનો દુર્વિચાર જાણતા યુધિષ્ઠિરે વિદાય લીધી ત્યારે, ભીષ્મ, દ્રોણાચાર્ય ઇત્યાદિ વડીલ ઉપરાંત યશસ્વિની ગાન્ધારીના આશીષ યાચ્યા હતા, જે તેમણે આપ્યા હતા.[૩]

આ પછી દેવી ગાન્ધારી ઠેઠ દ્યૂતના સમયે દેખા દે છે. ધૃતરાષ્ટ્રે હુકમ કરીને તેડી લાવવાની ફરજ પાડેલા વિદુરની સાથે જ્યારે પાંડવો હસ્તિનાપુર આવ્યા ત્યારે ધૃતરાષ્ટ્રના મહાલયમાં, સ્નુષાઓથી વીંટાયેલી, તારાઓથી વીંટાયેલ રોહિણી નક્ષત્રની જેમ શોભતી પતિવ્રતા ગાન્ધારીને પગે લાગ્યા અને ગાન્ધારીએ તેમને આશીર્વાદ આપ્યો.[૪] એ પછી તો સત્યાનાશી દ્યુત ખેલાયું. યુધિષ્ઠિર બધી રાજ્યલક્ષ્મી હારી બેઠા. ચાર ભાઈઓને હાર્યા. પોતાની જાતને ય હારી ગયા અને પછી (ધર્મ = કાયદાની) શંકાસ્પદ માલિકીની સ્થિતિમાં સાક્ષાત્ લક્ષ્મી સમાન દ્રૌપદીને ય હારી બેઠા. રજસ્વલા, એકવસ્ત્રા અધોનીવી દ્રૌપદીને દુઃશાસન સભામાં ઢસડી લાવ્યો. અને દ્રૌપદીના વસ્ત્રહરણની તૈયારી થવા માંડી.[૫] એ વખતે માતાના ધર્મશીલના એકમાત્ર વારસ વિકર્ણે, જ્યારે પિતામહ ભીષ્મ, દ્રોણ, કૃપ, ધૃતરાષ્ટ્ર અને વિદુર સુદ્ધાં (દુર્યોધનની શેહ અને કાયદાની આંટીઘૂંટીમાં ગૂંચવાઈને) ચૂપ બેઠા હતા ત્યારે, 'અગ્નિમાંથી પ્રગટેલો અગ્નિ અરણીને જ બાળી મૂકે છે,' 'આ તો આડું વહેરે છે,' 'આ તો પ્રાજ્ઞવાદિક મહામૂર્ખ છે,' એવાં કટાક્ષવચનો સહીને, સમગ્ર કૌરવસભાને ન્યાયસંગત બોલવા અને કર્તવ્યાભિમુખ થવા ભવ્ય પ્રયત્ન કર્યો હતો.[૬] તે પછી દ્રૌપદીવસ્ત્રહરણનો પ્રયાસ નિષ્ફળ થયો હતો. એ નિષ્ફળ જવાનાં કારણોમાં પવિત્ર દ્રૌપદીનું ઓજસ્વી શીલ તો હતું જ, પણ તે ઉપરાંત કૃષ્ણાને ઘસડી જવાતી જોઈને ગાન્ધારીની (આગેવાની) સાથે બધી કૌરવ સ્ત્રીઓએ જે ભૈરવ રુદન–ભયંકર રોકકળ કરી મૂકી હતી તે પણ ઓછું મહત્ત્વનું નહોતું.[૭]

---

૧. ૧–૧૧૭–૧૪.

૨. ૧–૧૨૪–૧૪, ૩૩.

૩. ૧–૧૩૧–૧૧થી૧૫

૪. ૨–૫૨–૨૬ થી ૨૮.

૫. ૨, अ. ૫૮ થી ૬૧

૬. ૨–૬૧–૧૧ થી ૨૫

૭. भारतानां स्त्रियः सर्वा गान्धार्या सह संगताः।
प्राक्रोशन्भैरवं तत्र दृष्ट्वा कृष्णां सभागताम् ॥ ૨–૭૨–૧૯.

સ્વજાતિદ્વેષી, લોભી, ઈર્ષ્યાળુ અને ઝઘડાખોર મનાતી સ્ત્રીઓએ જ રાજ્યના, ના સામ્રાજ્યના લોભ અને સ્ત્રીના માનના સંરક્ષણ અર્થે શક્ય તેટલો ભારે પ્રયત્ન કર્યો છે. આ વિગત મૂકીને કૃષ્ણ દ્વૈપાયને સ્ત્રીઓની ન્યાયબુદ્ધિમાં વિશિષ્ટ વિશ્વાસ દર્શાવ્યો છે.

એક વખતનું દ્યૂત પૂરું થયા પછી પાંડવો ઇન્દ્રપ્રસ્થ પાછા જતા હતા, ત્યારે દુર્યોધન તેના મંત્રીઓ સાથે ધૃતરાષ્ટ્ર પાસે જઈને ઊંધુંચત્તું સમજાવીને નબળા મનના એ સુતપ્રિય રાજા પાસેથી ફરી જુગાર રમવાની આજ્ઞા મેળવી આવ્યા. એ વખતે કૌરવસંસદના તમામ મુખ્ય સભાસદોએ તે સામે વિરોધ કર્યો. ત્યારે પુત્રસ્નેહવાળી, ધર્મયુક્તા અને (પોતાના પતિ-પુત્રોના અન્યાયથી) શોકકર્ષિત ગાન્ધારીએ, પતિને દુર્યોધનને ત્યજી દેવાની સ્પષ્ટ સલાહ આપી: "દુર્યોધન જન્મતાં જ વિદુરે કહ્યું હતું કે, 'આ કુલાંગારને પરલોક પહોંચાડી દો'. કૌરવો એ સમજી લે કે આ દુર્યોધન કુલનો ખરેખરો ઉચ્છેદક છે. તમે મૂર્ખ અને અશિષ્ટોની વાતને ટેકો આપો નહિ, અને ઘોર કુલક્ષયના કારણ બનશો નહિ. બાંધેલા સેતુને કોઈ ભાંગે ખરું કે? ઠરેલા અંગારાને કોઈ ધમે ખરું કે? એમ શાન્ત થયેલા પાર્થોને કોણ કોપાવે? તમને એ વાતનું સ્મરણ છે, તોપણ હું ફરી યાદ આપું છું કે, દુર્બુદ્ધિવાળાને શાસ્ત્ર કલ્યાણ કે અકલ્યાણનો ઉપદેશ આપી શકતું નથી. વૃદ્ધ (=બુદ્ધિશાળી) કદી પણ બાળક નહિ બને. તમારા પુત્રો તમારી આજ્ઞામાં રહો અને અવળે રસ્તે જઈ નાશ પામો નહિ. શમ, ધર્મ અને પરમાત્મામાં નિષ્ઠાવાળી બુદ્ધિ વડે તમારી (દ્રૌપદીને વરદાનો આપીને પ્રસન્ન કરી હતી તે) સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે તે તેવી જ રહો; તેનાથી ઊલટી ન થાઓ. ક્રૂરતાથી એકઠી કરેલી શ્રી વિનાશકારી છે, જ્યારે મૃદુતાથી એકઠી કરેલી શ્રી વધીને પુત્ર-પૌત્રોને વારસામાં મળે છે.[૧]" પણ મૂર્ખ ધૃતરાષ્ટ્રે તો "ભલે કુલનો અંત આવે પણ હું તેને વારી શકું એમ નથી. તેઓ (દુર્યોધન અને તેના મંત્રીઓ) ઇચ્છે છે તેમ જ થાઓ. પાંડવો પાછા ફરો અને મારા પુત્રો પાંડવો સાથે ફરી દ્યૂત રમો,"[૨] કહી એ સાધ્વી સ્ત્રીના કોમળ હૃદય ઉપર કુઠારાઘાત કર્યો. જોકે એ સારી રીતે સમજતો હતો કે, મૂર્ખતાથી પ્રવર્તેલું દ્યૂત, દ્રોણ, વિદુર અને ગાન્ધારીને જરાય રુચતું નહોતું, અને પોતે માત્ર પુત્રસ્નેહને લીધે જ દુર્યોધનને ત્યજી દેવાનું પગલું નહોતો ભરી શકતો.[૩]

આમ અન્યાય આચરતા, અણહકનું ખાવા ઇચ્છતા પોતાના પાટલી કુંવરને ત્યજી દેવાનું, અરે! મૃત્યુદંડ આપવાનું ય સૂચવતી એ સ્નેહાળ માતા, તેના સુકૃત્યથી પ્રસન્ન પણ થતી. પાંડવો સાથેની સ્પર્ધાથી વૈષ્ણવ યજ્ઞ કરવાનો આરંભ કરતાં દુર્યોધને યજ્ઞદીક્ષા લીધી ત્યારે એના સંકલ્પથી અજાણ, ગાન્ધારી પ્રસન્ન થઈ હતી.[૪] માતા ગાન્ધારીના અપાર સૌજન્યના પાંડવો બહુ ઓશિંગણ હતા. તેર વર્ષના અરણ્યવાસ દરમ્યાન ગાન્ધારીના જમાઈ સિંધુરાજ જયદ્રથે દ્રૌપદીનું હરણ કર્યું, ત્યારે દ્રૌપદીને છોડાવી તેનો પીછો કરતા ભીમસેનને ધર્મરાજે ખાસ ખરાવીને કહ્યું હતું કે, "મહાબાહો! દુઃશલા અને યશસ્વિની ગાન્ધારીને સ્મરણમાં રાખીને, સિંધુરાજ જયદ્રથ દુરાત્મા છે, છતાં તેને હણીશ નહિ."[૫] એ સૂચના યાદ રાખીને જયદ્રથને મારી નાખવા ધસતા ભીમસેનને અર્જુને ગાન્ધારી પ્રત્યેની દયાપૂર્વક અટકાવ્યો હતો.[૬]

---

૧. ૨-૬૬-૨૭ થી ૩૫
૨. ૨-૬૬-૩૬, ૩૭
૩. ૩-૧૦-૧ થી ૩
૪. ૩-૨૪૨-૫
૫. ૩-૨૫૫-૪૩
૬. ૩-૨૫૫-૫૯.

માતા ગાન્ધારી રાજપુરુષોમાં યે નબળા મનના ધૃતરાષ્ટ્ર કરતાં, સ્ત્રી હોવા છતાં, અનેકશઃ વધુ માનપાત્ર હતાં. પાંડવોની છાવણીમાં દૂતકાર્ય કરીને પાછા આવેલા સુત સંજયને ધૃતરાષ્ટ્રે એકાન્તમાં તેનો પોતાનો, બીજાઓનો અને પાંડવોનો યુદ્ધ અંગેનો નિશ્ચય, અને યુદ્ધના પરિણામ અંગેનો અભિપ્રાય પૂછ્યો.[1] એટલે અવિવેકી માણસોના મનના પરખંદા સંજયે, એકાન્તમાં કંઈ પણ કહેવાનો ઇનકાર કર્યો, કારણ કે તેથી ધૃતરાષ્ટ્રના મનમાં અસૂયા–સાચી સલાહ આપનાર પ્રત્યે દોષબુદ્ધિ જાગે, તેથી દ્વૈપાયન વેદવ્યાસ અને મહિષી ગાન્ધારી વાતચીત દરમ્યાન હાજર રહે તો પોતે સ્પષ્ટ મત દર્શાવે. વેદવ્યાસ અને ગાન્ધારી બન્ને ધર્મજ્ઞ, નિપુણ અને નિશ્ચયજ્ઞ હોઈ, ધૃતરાષ્ટ્રની અસૂયાને દૂર કરી શકે.[2] વ્યાસ અને ગાન્ધારી આવ્યાં ત્યાર પછી જ સંજયે પોતાનો અભિપ્રાય કહ્યો. તેના વક્તવ્યનો સાર આ એક વાક્યમાં સમાઈ શકે. "જ્યાં સત્ય છે, જ્યાં ધર્મ[3] છે, જ્યાં હ્રી અને આર્જવ છે, ત્યાં ગોવિન્દ પ્રગટે છે. તેથી જ્યાં કૃષ્ણ છે ત્યાં જય છે."[4] ધૃતરાષ્ટ્ર સંજયના વક્તવ્યથી ગભરાયો. તેણે દુર્યોધનને વારવા પ્રયત્ન કર્યો! (જ્યારે વારવાનો સમય હતો ત્યારે વાર્યો નહિ.)[5] પણ મત્ત દુર્યોધન શા માટે માને? એટલે ધૃતરાષ્ટ્રે ઈર્ષ્યાળુ, દુરાત્મા અને અભિમાની એવા દુર્યોધનને વારવા ગાન્ધારીને કહ્યું. સ્નેહથી અને સ્નેહાપાત્રના અન્યાયથી બળતા અંતરવાળી ગાન્ધારીએ દુર્યોધનને કહ્યું, "ઓ ઐશ્વર્યકામ! દુષ્ટાત્મા! વૃદ્ધોની આજ્ઞા ઉથાપનારા! બાલિશ! તેં ઐશ્વર્ય, જીવન, પિતાનો અને મારો યે ત્યાગ કર્યો લાગે છે! દુહૃદોની પ્રીતિ અને મારા શોકમાં વધારો કરીને જ્યારે તું ભીમસેનથી હણાઈશ ત્યારે પિતાનાં વચનને સંભારીશ."[6]

શ્રીકૃષ્ણવિષ્ટિપ્રસંગે દુર્યોધન કોઈની ય શિખામણ અને નીતિશાસ્ત્રના આધારો માનતો નહોતો ત્યારે નિરાશ થઈને વિદુરે ક્રોધી દુર્યોધનને કહ્યું, "હું તારો શોક નથી કરતો પણ આ વૃદ્ધ ગાન્ધારી-ધૃતરાષ્ટ્રનો શોક કરું છું.[7] વળી વિષ્ટિપ્રસંગે ધૃતરાષ્ટ્રસહિત આખી રાજસંસદના ગુરુજનોની અવજ્ઞા કરી દુર્યોધન સભા છોડી ચાલ્યો ગયો, એ વખતે ધૃતરાષ્ટ્રે વિદુરને મહાપ્રાજ્ઞા ગાન્ધારીને બોલાવી લાવવા આજ્ઞા કરી. ગાન્ધારી આવતાં ધૃતરાષ્ટ્રે દુર્યોધન પોતાની આજ્ઞા ઉથાપે છે એ ફરિયાદ કરી. રાજરાણી ગાન્ધારીએ યોગ્ય રીતે જ કહ્યું, "સુતપ્રિય એવા તમે જ નિંદાપાત્ર છો. તમે એની પાપબુદ્ધિ જાણો છો, છતાં તેને અનુસરો છો. એ કામ અને મન્યુથી લુબ્ધ થયો છે. મોહથી ઘેરાઈ ગયો છે. એને હવે બળાત્કારે પણ પાછો વાળી શકાય એમ નથી.

---

૧. ૫–૬૫– ૧ થી ૩, ૪, ૫

૨. ૫–૬૫– ૬, ૭

૩. જુઓ પાદનોંધ ૫(પૃ. ૪૯)માં દશ ધર્મદ્વાર વિશે.

૪. यतः सत्यं यतो धर्मो यतो ह्रीरार्जवं यतः।
ततो भवति गोविन्दो यतः कृष्णस्ततो जयः॥ ५–६६–९
S = ૧ – ૧૯૭–૨૫[S]; ૫ – ૬૬ – ૯[S]; ૯ – ૬૧ – ૩૦[S]
ઈશ્વરના અવતાર થવાની માન્યતા પાછળનું તત્ત્વજ્ઞાન આ શ્લોકથી સ્ફુટ થાય છે.

૫. જુઓ ઉપર પાદનોંધ ૨ (પૃ. ૫૩).

૬. ૫ – ૬૭ –૯, ૧૦

૭. ૫–૧૨૩–૧૯

આવા મૂર્ખ, બાલિશ, દુરાત્મા, દુષ્ટ સલાહકારવાળા અને લોભીને રાજ્ય આપીને તમે તેનું (કડવું) ફળ ભોગવી રહ્યા છો. મહાબુદ્ધિશાળી એવો કોણ સ્વજનોમાં પડેલી ફૂટની ઉપેક્ષા કરે ? તમને સ્વજનોથી છૂટા પડેલા જોઈને શત્રુઓ મશ્કરી કરશે...... ઇ."[1] એ પછી ધૃતરાષ્ટ્રે દુર્યોધનને સભામાં તેડી મંગાવ્યો. તાંબા જેવી લાલ આંખવાળા અને નાગની જેમ ફૂંફાડા મારતો દુર્યોધન માતાનાં વચન સાંભળવા આવ્યો. ઉન્માર્ગે ગયેલા દુર્યોધનનો ગાન્ધારીએ સમર્થ વાક્યોથી તિરસ્કાર કર્યો. ગાન્ધારીએ તેને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, વિદુર વગેરે હિતસ્વીઓનાં શાન્તિ અને સંપ કરાવનારાં વચનોનો સ્વીકાર કરવા કહ્યું, જિતેન્દ્રિય થવા અનુરોધ કર્યો. જિતેન્દ્રિય થયા સિવાય કદી લોકેશ્વરપ્રભુત્વ-સમ્રાટપદ મળતું નથી એમ સમજાવી ઇન્દ્રિયોનું નિયમન કરી પ્રેમને ધર્મ તથા અર્થમાં સ્થિર કરવા ઉદ્‌બોધન કર્યું. અજિતેન્દ્રિયની અવદશા જ હોય એ અનુભૂત હકીકત તર્કબુદ્ધ, સુશ્લિષ્ટ ભાષામાં વિગતથી સમજાવી. "કૃષ્ણ-અર્જુન અજેય છે (કારણ ત્યાં ધર્મ અને આચરનારી ક્રિયા છે) તે સાચું છે માટે શ્રીકૃષ્ણને શરણે જા. યુદ્ધથી કદી કલ્યાણ થતું નથી. તેમાં ધર્મ કે અર્થ પણ નથી. તો સુખ (= કામ પુરુષાર્થ) તો ક્યાંથી જ હોય ? યુદ્ધમાં કાયમ વિજય જ મળે એવું હોતું નથી. માટે તેમાં મન પરોવ નહિ. પરસ્પર ફૂટ ન પડે તે માટે આંતરવિગ્રહ ટાળવા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને બાહ્લિકે[2] પાંડવોને રાજ્યભાગ આપ્યો હતો. તેના મીઠા ફળરૂપે સમગ્ર પૃથ્વીનું નિષ્કણ્ટક રાજ્ય તું ભોગવે છે. માટે પાંડવોને તેમનો રાજ્યભાગ આપી દે. પાંડવોને તેર વર્ષ સુધી વનમાં રાખીને અપકાર કર્યો છે તે પૂરતો છે, માટે વૈરની શાન્તિ કર. તમે એટલે કે તું, કર્ણ અને દુઃશાસન પાંડવોનો રાજ્યભાગ પચાવવા ઇચ્છો છો પણ નહિ પચાવી શકો. અને પરિણામે ભીષ્માદિ મહારથીઓ જ્યારે ક્રોધપૂર્વક લડશે ત્યારે બધી પ્રજાનો નાશ થશે. માટે તું અમર્ષવશ થઈને આમ પૃથ્વીનો નાશ ન કર...... રાજપિંડ ખાધો છે એમ માનીને કદાચ ભીષ્મ, દ્રોણ વગેરે તારી વતી યુદ્ધમાં જીવનનો ત્યાગ કરશે પણ ધર્મને અધિક માનતા હોઈ તેઓ યુધિષ્ઠિરની સામે ઊંચી આંખ કરીને જોઈ શકશે નહિ. (એમનો લડવાનો ઉત્સાહ ઢીલો થશે, અને બરાબર નહિ લઢે.) આ જગતમાં (કેવળ) લોભથી જ મનુષ્યોને અર્થસંપત્તિ મળતી જોવામાં આવતી નથી. માટે હવે આટલેથી લોભને મૂકી દે અને શાન્ત થા."[3]

દુર્યોધન માતાનો ય અનાદર કરીને સભામાંથી ચાલ્યો ગયો.[4] ગાન્ધારીની ભવિષ્યવાણી, "તેને હવે બળાત્કારે પણ પાછો વાળી શકાય એમ નથી," એ સાચી પડી.

જોકે ગાન્ધારીએ તો આનાથી ય વિશેષ કહેલું. નિષ્ફળ વિષ્ટિ પછી યોગેશ્વર કૃષ્ણે ઉપપ્લવ્ય પાછા આવીને સભાનો અહેવાલ યુધિષ્ઠિરને આપતાં, ગાન્ધારીનાં ધર્મ અને અર્થયુક્ત આ વચનો ટાંક્યા હતાં. "ઓ પાપબુદ્ધિ ! તું પરંપરાથી ચાલ્યા આવતા કુરુરાજ્યનો અપનયથી નાશ કરીશ. રાજ્ય ઉપર મનીષી ધૃતરાષ્ટ્ર અને તેમના (સલાહકાર તરીકે) અનુજ દીર્ઘદર્શી વિદુર બેઠા

---

૧. ૫-૧૨૭ - ૧ થી ૮, ૯ થી ૧૫

૨. કુરુવંશી પ્રતીપનો દીકરો અને દેવાપિ તથા શંતનુનો નાનો ભાઈ. ભીષ્મ તેના ભત્રીજા થાય. ૧-૮૯-૫૨, ૫૩; ૯૦-૪૬, ૪૭.

૩. ૫-૧૨૭-૧૬ થી ૫૩.

૪. ૫-૧૨૮-૧ થી; ૧૪૮-૧થી.

છે. એમનું અતિક્રમણ કરીને તું મોહથી કેવી રીતે રાજપદ લેવા ઇચ્છે છે?[૧] ...આ રાજ્ય ખરી રીતે પાંડુનું છે અને તેથી પાંડવોનું જ છે. એટલે સાચી રીતે તો ધૃતરાષ્ટ્રે પ્રેરેલા અને ભીષ્મે પુરસ્કૃત કરેલા ધર્મપુત્ર યુધિષ્ઠિરે આ ન્યાયપ્રાપ્ત કૌરવ રાજ્યનું શાસન કરવું જોઈએ."[૨]

ગાન્ધારીએ ભાખેલ સર્વનાશનું ચિત્ર દુર્યોધનનો માનીતો સલાહકાર કર્ણ બરાબર સમજતો. તેથી તો શ્રીકૃષ્ણ કર્ણને પાંડવપક્ષમાં આવવા સમજાવવા ગયા ત્યારે એણે યુદ્ધને યજ્ઞની ઉપમા આપી છેવટે કહ્યું, "હે કેશવ! ધૃતરાષ્ટ્રની સ્નુષાઓ અને પ્રસ્નુષાઓ પોતાના પતિઓ, પુત્રો અને રક્ષકો (નાથાઃ = વાલીઓ) માર્યા જવાથી ગાન્ધારીની સાથે શ્વાન, ગીધ અને કુરરોથી ભરપૂર સમરાંગણમાં રડતી રડતી ભેગી મળશે (અને આંસુથી નાહશે). એ હે જનાર્દન! આ યજ્ઞનું અવભૃથસ્નાન થશે.[૩]

ગાન્ધારીનાં અને બીજા બહુશ્રુત વૃદ્ધ હિતચિંતકોનાં હિતવચન એળે ગયાં. યુદ્ધ શરૂ થયું. તેના આઠમે દિવસે કૌરવોના સૈન્યનો અને કૌરવ ભાઈઓનો ભારે સંહાર થયો. ત્યારે દર્પ ભાંગવાથી દૈવને દોષ દેતા દુર્યોધનને ભીષ્મ પિતામહને ક્રૂર વચનો સુણાવ્યાં. એટલે કર્તવ્યનિષ્ઠ દેવવ્રત ભીષ્મે એમને છાજતી ગૌરવયુક્ત વાણીમાં કહ્યું, "ભાઈ! આ સંહાર આમ થશે જ એમ પૂર્વે મેં, દ્રોણાચાર્યે, વિદુરે અને ગાન્ધારીએ તને કહ્યું હતું પણ તું જાગ્યો જ નહિ ને![૪] ધૃતરાષ્ટ્રે પણ યુદ્ધનો નાશકારી અહેવાલ સાંભળતાં પોતે (!), ભીષ્મે, વિદુરે અને ગાન્ધારીએ દુર્યોધનને કેટલો બધો વાર્યો હતો તે સંભાર્યું.[૫] વળી કૃષ્ણવિષ્ટિ પ્રસંગે એક વખત ભીષ્મે દુર્યોધનને રાજગાદીના વારસા અંગેનો ઇતિહાસ કહેતાં પોતાનું નિષ્પક્ષપાતપણું ગાન્ધારી ય જાણે છે એમ ઉલ્લેખ કર્યો છે.[૬] એમ ગાન્ધારી મેધાવિની છે અને પતિનું અતિક્રમણ ન કરવાની બુદ્ધિથી આંખે પાટા બાંધી રાખ્યા છતાં, ભીષ્મ અને વિદુર સરખા શાસ્ત્રવિશારદ પ્રાજ્ઞો પણ એને સન્માનપૂર્વક ઉલ્લેખે એવી જ્ઞાનચક્ષુ છે.

આ રાણી જેવી મેધાવિની છે એવી પ્રેમાળ પણ છે. ભારે આઘાતો એ ધૈર્યથી સહન કરે છે, પણ યુદ્ધમાં કર્ણનું મૃત્યુ થયાના અપ્રિય સમાચાર મળતાં ધૃતરાષ્ટ્ર બેભાન થઈને ભોંય ઉપર પછડાયા ત્યારે સત્યવ્રતા ધર્મદર્શિની ગાન્ધારી પણ ઘડીભર ધૈર્ય ખોઈને બેભાન થઈને પડી. કૌરવોની રાજરાણીઓએ તેને બેઠી કરીને આશ્વાસન કર્યું હતું.[૭]

---

૧. ગાન્ધારીનાં આ વચનો માથાભારે દુર્યોધન ધરાર રણીધણી થઈ બેઠો છે અને ભીષ્મ વગેરે શક્તિશાળી અને કૌરવ-પાંડવ પ્રત્યે સમદૃષ્ટિ રાખનારા પુરુષો ધર્મની સૂક્ષ્મતા = કાયદાની આંટીઘૂંટીઓમાં અટવાઈને નિઃસહાય બેઠા હતા એમ દર્શાવે છે.

૨. ૫-૧૪૬-૨૭ થી ૩૫; ૧૪૭-૧.

૩. ૫-૧૩૯-૫૦, ૫૧.

૪. ૬-૮૪-૩૯.

૫. ૬-૮૫- ૬, ૭

૬. ૫-૧૪૫- ૩૯.

૭. ૮-૩- ૧ થી ૪; ૯૯-૪૧ થી ૪૩.

તે પછી દુર્યોધનને ગદાયુદ્ધમાં ભીમસેને યુદ્ધનિયમોથી વિરુદ્ધ વર્તીને માર્યો. જોકે આ કૃત્ય દ્રૌપદીવસ્ત્રહરણપ્રસંગની તેની પ્રતિજ્ઞાને અનુરૂપ હતું છતાં મોટું અધર્મકૃત્ય હતું. ધર્મદર્શિની ગાન્ધારી પુત્રશોક વત્તા અધર્મકૃત્યનો બેવડો આઘાત નહિ સહી શકે એમ પાંડવોને લાગ્યું. તેમાંય "તપસ્વિની ગાન્ધારી તેના તપના પ્રભાવથી ત્રૈલોક્યને ય ભસ્મ કરી શકે એમ છે. એટલે જ્યારે એ અન્યાયથી પુત્રવધ થયાનું સાંભળશે ત્યારે અમને માનસાગ્નિમાં બાળી જ મૂકશે" એવો ડર યુધિષ્ઠિરના હૃદયમાં પેસી ગયો. તેથી યશસ્વિની ગાન્ધારીનો શોક શાંત કરવા માટે શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મોકલ્યા. ભગવાન શ્રીકૃષ્ણ ઝડપથી હસ્તિનાપુર આવ્યા. પ્રથમ ધૃતરાષ્ટ્રને પાંડવોને થયેલા અન્યાયની આખી કહાણી સંભળાવી. પછી બધું કાલને અધીન છે, એવું હેતુ અને કારણ વાળાં વાક્યોથી સમજાવી, ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીનાં વંશ, કુળ, પિંડ અને પુત્રોએ કરવાનાં સર્વ કાર્યો પાંડવોએ જ કરવાનાં છે; તથા પાંડવો ધૃતરાષ્ટ્ર-ગાન્ધારી માટે જીવ બાળે છે અને કૌરવનું મૃત્યુકારણ થવાથી શરમાઈ ગયા છે, વગેરે કહીને શાન્ત પાડચા.[૧]

પછી સતી ગાન્ધારી પાસે જઈને શ્રીકૃષ્ણે માનપૂર્વક કહ્યું, "હે સુવ્રતે! આ જગતમાં તમારા જેવી (મહાન) સન્નારી કોઈ નથી. પૂર્વે જ્યારથી દુર્યોધનને પણ તમે કઠોર વાક્ય કહ્યું હતું કે 'ઓ મૂઢ! મારું વચન સાંભળ–જ્યાં ધર્મ છે ત્યાં જય છે.'[૨] તમારું એ વચન આજે સાચું પડયું છે એમ જાણીને તમે મનમાં શોક ન કરશો, તેમ પાંડવોનો વિનાશ ચિંતવશો નહિ. બાકી તમે જો ક્રોધદીપ્ત ચક્ષુથી જુઓ તો, તપના બળને લીધે, સચરાચર પૃથ્વીને બાળી મૂકવા સમર્થ છો."[૩]

શ્રીકૃષ્ણનાં આ શીતળ વચનો સાંભળતાં ગાન્ધારી શાન્ત થયાં અને બોલ્યાં, "કેશવ! તમે કહો છો તેમ જ છે. મનોપીડાથી મારી બુદ્ધિ ચળી હતી (અને શાપ આપત), પણ તમારાં વાક્યોથી ફરી સ્થિર થઈ છે. પુત્રો વિનાનાં એવાં અમને તમારો અને પાંડવોનો જ આધાર છે" એમ કહીને વસ્ત્રથી મુખ ઢાંકીને પોકે પોકે રડચાં.[૪]

એમ એ રાજા-રાણીને શાન્ત કરી, અશ્વત્થામાનો રાત્રિહુમલાનો વિચાર સમજી ગયેલા જનાર્દને, ત્યાંથી ફરી પાંડવોની છાવણીએ જવા રજા માગી. શ્રીકૃષ્ણની વાણીથી શાન્ત થયેલાં બન્નેએ, "તમે શીઘ્ર જાઓ અને પાંડવોનું રક્ષણ કરો. અમે તમને તરત ફરી મળીશું," કહીને લાગણીપૂર્વક વિદાય આપી.[૫] આમ તત્પુરતો ગાન્ધારીનો ક્રોધાવેગ શ્રીકૃષ્ણે ઓછો કર્યો.

આણી તરફ રણભૂમિમાં મુમૂર્ષુ દુર્યોધનને વૃદ્ધ પિતા અને માતા ગાન્ધારી સાંભરે છે. પોતાના અન્ય હિતૈષીઓનો વિચાર કરતાં કરતાં એ મનમાં બોલે છે, "પોતાની પુત્રવધૂઓ અને પૌત્રવધૂઓથી ઘેરાયેલા અને રડતા મારા વૃદ્ધ પિતા અને માતા ગાન્ધારીની શી દશા હશે?[૬] પણ હવે બહુ મોડું થઈ ગયું હતું.

---

૧. ૯–૬૧–૩૮ થી ૪૦; ૬૨–૧થી, ૭થી, ૩૧થી.

૨. શ્રુણુ મૂઢ વચો મહ્યં યતો ધર્મસ્તતો જયઃ ॥ ૯–૬૨–૫૮

૩. ૯–૬૨ ૫૬ થી ૬૦.

૪. ૯–૬૨–૬૧ થી ૬૫.

૫. ૯–૬૨–૬૬થી ૭૦.

૬. ૯–૬૩–૩૬

માતા ગાન્ધારીની સલાહ ઘણી શાણી ગણાતી. દુર્ભાગ્યે દુર્યોધને તે ન માની. નિશાયુદ્ધ કરી પાંડવોનો નાશ કરવાનું વિચારતા અશ્વત્થામાને કૃપાચાર્યે ઉતાવળ નહિ કરતાં, "ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી અને વિદુરને પૂછીને કાર્ય કરવું" [૧] એમ જણાવ્યું હતું. જોકે આ મોડું છતાં સમયસરનું સૂચન માન્ય રહ્યું નહોતું. દુર્યોધનના અપનયને પરિણામે આવી પડેલા આ વિનાશથી, અને નિરાધારીથી સંતપ્ત થઈને કૃપાચાર્ય મરણોન્મુખ દુર્યોધનને કહે છે, "દુર્યોધન ! મને તમારો શોક નથી થતો, કારણ તમે તો યુદ્ધમાં સામી છાતીએ લડીને મૃત્યુ પામો છો એટલે પ્રશસ્ત ગતિને પામશો. પણ જેમના બધા પુત્રો માર્યા ગયા છે એવાં ગાન્ધારી અને તમારા પિતાનો હું શોક કરું છું. કારણ આ પૃથ્વી ઉપર ભિક્ષુકની જેમ શોક કરતાં કરતાં રઝળવું પડશે." [૨]

દુર્યોધન મૃત્યુ પામ્યો. આ અને ભીષણ પ્રણાશના સમાચાર ધૃતરાષ્ટ્ર પાસે આવ્યા. ધૃતરાષ્ટ્ર દુઃખી દુઃખી થઈ ગયો. તેને આશ્વાસન આપતાં સૂત સંજયના મુખે કવિએ, "તેણે ગાન્ધારી આદિનું કહ્યું નહોતું માન્યું" એમ ગાન્ધારીને સંભાર્યાં. [૩] વળી ધૃતરાષ્ટ્રનું સાંત્વન કરતાં મહર્ષિ વેદવ્યાસે પૂર્વની પુરાણકથાઓ યાદ કરતાં, દુર્યોધન કલિના અંશથી ગાન્ધારીની કૂખે જન્મ્યો હતો, તે વાત કરીને પુત્રશોકના અગ્નિને પ્રજ્ઞા અર્થાત્ સદ્બુદ્ધિરૂપી જળથી શાન્ત કરવાનો અનુરોધ કર્યો હતો. [૪]

સંજય, વિદુર, વેદવ્યાસ વગેરેની સાંત્વનવાણીથી કંઈક સ્થિરચિત્ત થયેલ ધૃતરાષ્ટ્રે સમરભૂમિ ઉપર જવા વિચાર્યું. અને તે માટે ગાન્ધારી, કુન્તી આદિ સ્ત્રીઓને તેડાવી. આ શોકાકુલ અને તેથી બેભાન જેવા સ્ત્રીવૃંદ સાથે ધૃતરાષ્ટ્ર રણભૂમિ ઉપર જતા હતા ત્યારે હસ્તિનાપુરમાં અભૂતપૂર્વ શોકમય વાતાવરણ સરજાયું. [૫] રણભૂમિ તરફ જતાં માર્ગમાં, નિશાયુદ્ધમાં પાંડવસેનાની કત્લ કરી નાસી જતા કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્મા મળ્યા. તેમાંથી કૃપાચાર્યે પ્રથમ ધૃતરાષ્ટ્રને ધીરજ ધરવા બે શબ્દો કહ્યા. પછી દેવી ગાન્ધારીને ઉદ્દેશીને કહ્યું, "તમારા પુત્રો યુદ્ધમાં પીઠ બતાવ્યા વિના શસ્ત્રોથી મૃત્યુ પામ્યા હોઈ સ્વર્ગે ગયા છે, માટે શોક ન કરશો. વળી ભીમસેને દુર્યોધનને અધર્મથી હણ્યો છે એવું સાંભળીને અમે ઊંઘતી પાંડવસેનાને, પાંચાલોને અને દ્રૌપદીના પુત્રોને કાપી નાખીને વૈર લીધું છે, માટે ધીરજ ધરજો," ઇત્યાદિ. પછી પાંડવોના ડરથી અલગ અલગ ત્રણ રસ્તે તે ત્રણે નાસી છૂટયા. [૬]

એ પછી બધાં રણભૂમિની નજીક આવ્યાં. તે પહેલાં પોતાનો પુત્ર અધર્મથી મરાયો છે એવું સાંભળ્યાથી તથા યુદ્ધભૂમિ પાસે આવતાં સ્ત્રીઓના મર્મભેદક વિલાપથી ગાન્ધારીનું સર્વપુત્રનાશનું દુઃખ તાજું થયું. એનું ચિત્ત વ્યથિત થયું. એણે ફરી એક વાર પાંડવોને શાપ આપવાનું ઇચ્છયું. એમનો આ દુર્વિચાર જાણીને [૭] સત્યવતીપુત્ર વ્યાસ ત્યાં મનના જેવા વેગથી

---

૧. ૧૦–૨–૩૧

૨. ૧૦–૯–૨૮,૨૯.

૩. ૧૧–૧–૨૫

૪. ૧૧–૮–૨૭ થી ૪૪.

૫. ૧૧–૧૦–૧ થી

૬. ૧૧–૧૦–૧ થી

૭. ૧૧–૧૩–૩.

આવી પહોંચ્યા. આવીને એ કલ્યવાદી—નિરોગી હિતવચન બોલનાર મહાત્માએ પુત્રવધૂ ગાન્ધારીને સમજાવી, "ગાન્ધારી! શાન્ત થા. યુધિષ્ઠિર ઉપર ક્રોધ ન કર. મારું સાંભળ. યુદ્ધના અઢારે દિવસ જ્યારથી દુર્યોધન તારી પાસે આવી કલ્યાણકારી આશીર્વાદ માગતો ત્યારે તું એને, 'જ્યાં ધર્મ છે ત્યાં જય છે' એમ કહેતી.[૧] તું ધર્મવેત્તા અને સત્યવાદિની છે એટલે તારું વચન સાચું પડયું છે. માટે તારા કોપને કાબૂમાં રાખ.[૨]"

ક્ષાત્રતેજથી સંપન્ન ગાન્ધારીએ પ્રશંસનીય સંયમ રાખ્યો. પાંડવોને શાપ્યા નહિ. એ શોકાર્તા રાજરાણીએ સસરા દ્વૈપાયન વ્યાસ આગળ વરાળ કાઢી: "હું પાંડવોની અસૂયા નથી કરતી. તેમનો નાશ પણ ઇચ્છતી નથી, પણ પુત્રશોકને લીધે મારું મન વિહ્વલ થઈ જાય છે. જેમ કુન્તીએ પાંડવોનું રક્ષણ કરવું જોઈએ. એમ મારે પણ મારા પુત્રોનું રક્ષણ કરવું જોઈએ. દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસનના દુર્વર્તનથી કૌરવોનો સંહાર થયો છે. તેમાં હું બિભત્સુ અર્જુન, વૃકોદર, નકુલ, સહદેવ કે યુધિષ્ઠિર કોઈને દોષ દેતી નથી. મારા પુત્રો લડવાડીઆ હતા અને આંતરવિગ્રહમાં માર્યા ગયા છે. તેનું મને દુઃખ નથી, પણ ભીમસેને (જીવ બચાવવા) વાસુદેવના દેખતાં, દુર્યોધનને ગદાયુદ્ધમાં અધર્મથી માર્યો છે, તેનાથી મારો કોપ સળગી ઊઠે છે. અરે! શૂરવીરો કેવળ પોતાનો જીવ બચાવવા માટે જ ધર્મજ્ઞોએ દર્શાવેલા ધર્મપથનો શા માટે ત્યાગ કરે?"[૩] આ આચારપૂત અકાટ્ય દલીલોનો શું જવાબ હોઈ શકે?

માતા ગાન્ધારીની આ ધર્મપૂત, કરુણાથી ભરેલી વાણી સાંભળી, બીધેલા ભીમે, તેનાથી બની શકતો વધુમાં વધુ અનુનય કરી, દુર્યોધનને અધર્મથી હણવાનાં કારણો ગણાવ્યાં. તેમાં દુર્યોધનના પરાક્રમની ભારોભાર પ્રશંસા કરી.

ગાન્ધારીને તેનાથી થોડું સારું લાગ્યું. એટલે ફરીથી કંઈક પ્રેમ સાથે દુઃશાસનના રુધિરપાનનું કારણ પૂછ્યું. જવાબમાં જાણે ભ્રાતૃપ્રેમથી ઉભરાઈ જતો હોય એવો દેખાવ કરી, વ્યવહારુ બની, ભીમે તેનું રુધિરપાન કર્યાનો ઇન્કાર કરી દીધો! અને એ તો કેવળ પ્રતિજ્ઞાપાલન માટે હોઠ જ લોહીવાળા કરેલા. એવું બહાનું બતાવી દીધું![૪]

ગાન્ધારીને આ પ્રતીતિજનક તો ન લાગ્યું, પણ ભીમસેનને ઉદાર દિલથી માફ કરી, માત્ર આટલું જ કહ્યું, "તેં તારો અલ્પ અપરાધ કરનાર માત્ર એક જ પુત્રને (= વિકર્ણ) જીવતો રાખ્યો હોત તો, રાજવિનાનાં વૃદ્ધ અને અંધ એવાં અમને તે લાકડીરૂપે થાત. વળી મારા બધા પુત્રોના કાળરૂપ એવા તેં જો (ક્ષાત્ર)ધર્મનું પાલન કર્યું હોત (દુર્યોધનને અધર્મથી માર્યો ન હોત) તો મને આટલું બધું દુઃખ ન થાત."[૫]

આટલું કહેતામાં ગાન્ધારી ફરી કોપાવિષ્ટ થયાં, અને "ક્યાં છે એ રાજા (યુધિષ્ઠિર)?"[૬] એમ પૂછવા માંડ્યાં.

---

૧. उक्तवत्यसि गान्धारि यतो धर्मस्ततो जयः ॥ ११–१३–९

૨. ૧૦–૧૩–૪ થી ૧૧

૩. ૧૦–૧૩–૧૨ થી ૧૯.

૪. ૧૧–૧૪–૧ થી ૧૦, ૧૧ થી

૫. ૧૧–૧૪–૨૦ થી ૨૨

૬. ૧૧–૧૫–૧

"તમારા પુત્રોનો નાશ કરનાર, નૃશંસ અને શાપયોગ્ય એવો હું આ રહ્યો," એમ મધુર વાણી બોલતા અને ધ્રૂજતા ધર્મરાજ, હાથ જોડીને હાજર થયા અને ચિંતન કરી "શાપાર્હ હોઈ મારે જીવીને કે રાજ્ય, ધન વગેરેનું ય શું કામ છે? માટે શાપ આપો."[૧]

સંયમી ગાન્ધારી કંઈ જ ન બોલ્યાં. માત્ર ઊંડા નિસાસા મૂકવા લાગ્યાં. એવામાં આંખોના પાટાની તરાડમાંથી એમની નજર રાજા યુધિષ્ઠિરની આંગળીઓનાં ટેરવાં ઉપર પડી કે તરત જ તે રાજાના દર્શનીય નખ અત્યંત કુરૂપ બની ગયા. આ જોઈને બીજા પાંડવો તો ડરને લીધે આઘા-પાછા થઈ ગયા, પણ કરુણાર્દ્ર ગાન્ધારીએ પ્રબળ સંયમથી ક્રોધને દૂર કર્યો, સ્વસ્થ થયાં અને માતાની જેમ પાંડવોને સાન્ત્વન આપ્યું;[૨] લેવાને બદલે આપ્યું.

[ક્રમશઃ]

૧. ૧૧-૧૫-૨ થી

૨. गान्धारी विगतक्रोधा सान्त्वयामास मातृवत् ॥ ११-१५-८

ઋગ્વેદાદિમાં વાસ્તુકલા

રસિકલાલ છો. પરીખ

વાસ્તુકલાના ઇતિહાસ માટે મહત્ત્વનું સાધન પુરાવસ્તુકીય અવશેષો ગણાય. બીજું સાધન સાહિત્યમાં આવતા તે વિષયના ઉલ્લેખો.

મોહેન-જો-દડો હડપ્પા વગેરે સ્થળોમાંથી પ્રકટ થયેલા અવશેષો ઉપરથી સિંધુ સંસ્કૃતિનાં મકાનો અને રાચરચિલાં તથા ગ્રામરચના અને નગરરચનાનો ખ્યાલ આવે છે. આ સમયનાં અવશેષોમાં લિપ્યક્ષરો મળ્યા છે પણ તે ઉપરથી ભાષાનું ચોક્કસ અનુમાન હજી કરી શકાયું નથી તેથી તે સંસ્કૃતિ વધારે સમઝવા માટે વાઙ્મય સાધન આપણે હજી યોજી શકયા નથી.

ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં આ પછીનો સમય વૈદિક યુગ તરીકે જાણીતો છે, કારણ વૈદિક વાઙ્મય જે આપણી સંસ્કૃતિમાં સચવાઈ રહ્યું છે અથવા કહીએ કે જીવતું રહ્યું છે તેનો સમય ઈ. સ. પૂ. ૮૦૦થી કમમાં કમ ઈ. પૂ. ૧૨૦૦–૧૫૦૦ મુકાય છે. આ રીતે આપણા ઇતિહાસમાં સિન્ધુ સંસ્કૃતિના કાલક્રમમાં પશ્ચાદ્‌વર્તી સંસ્કૃતિ તરીકે વૈદિક સંસ્કૃતિ અભ્યાસ અને સંશોધનનો વિષય થાય છે. આ બન્ને સંસ્કૃતિઓના અંતરંગ સંબંધ વિષે હજી કશા ચોક્કસ અભિપ્રાયો બાંધી શકાયા નથી. પાશ્ચાત્ય વિદ્વાનોમાં કેટલાકનો આ વિષયમાં એવો મત છે કે બહારથી આ દેશમાં આવેલા આર્યોએ એ જૂની પ્રજાના પુરો—દુર્ગો વગેરે ભાંગ્યા, તોડ્યા અગર બાળી નાંખ્યા અને તેમના ઉપર પોતાનું વર્ચસ્ સ્થાપ્યું. ઇન્દ્ર પુરંદર આ પ્રવૃત્તિનો નાયક બન્યો અને તેથી તે ઋગ્વેદમાંનો એક મહાન્ દેવ બન્યો.* આ એક વિચારણીય અટકળ છે, છતાં આવો ચોક્કસ અભિપ્રાય બાંધવાને હજી પૂરતાં પ્રમાણો નથી.

આ વૈદિક વાઙ્મયમાં ચાર વેદસંહિતાઓ—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદની સંહિતાઓ અગ્રસ્થાને છે. તે પછી બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને પ્રાચીન ઉપનિષદો આવે. આમાં મંત્રોના રચનાયુગ અને સંહિતારૂપે સંગ્રહયુગમાં સૈકાઓનો તફાવત મનાય છે. પણ આ બધું જૈન–બૌદ્ધ યુગ પહેલાં–વર્ધમાન મહાવીર અને સિદ્ધાર્થ ગૌતમબુદ્ધના સમય પહેલાં નિર્માણ પામી ગયું હતું, એટલે એ પહેલાંની–શ્રમણયુગ–મૌર્યકાળ અને પ્રાગ્-મૌર્યકાલ પહેલાંની સંસ્કૃતિ જાણવા માટે આ વૈદિક સાહિત્ય આપણું મુખ્ય સાધન છે. હકીકતમાં કોઈ પણ વિદ્યા કે કલાના ઇતિહાસમાં આ વૈદિક સાહિત્ય આવશ્યક સાધન છે.

પણ આ યુગના પુરાવસ્તુના અવશેષો અલ્પાલ્પ છે. તેથી એ યુગનાં સ્થાપત્ય અને શિલ્પનો અભ્યાસ કરવા માટે પ્રત્યક્ષ સાધનોનો અભાવ છે પણ એ ઉપરથી આપણે એમ અનુમાન નથી કરી શકતા કે એ સમયમાં મકાનો, રાચરચિલાં, વ્યવસ્થિત માનવવસાહતો વગેરે નહિ હોય. કેવળ સંભવાસંભવની અપેક્ષાએ વિચાર કરીએ તોપણ આ બધાનું અસ્તિત્વ હશે

---

* સપ્લીમેન્ટ ટુ કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા, વૉ. ૧, પૃ. ૯૦–૯૩.

એમ માનવું પડે. પણ વૈદિક યુગને માટે આવી તદ્દન અસહાય સ્થિતિ નથી. વૈદિક વાઙ્મયમાં આ બધાના ઉલ્લેખો છે, અને જોકે પુરાવસ્તુકીય અવશેષો ઉપરથી જેટલો સ્પષ્ટ ખ્યાલ મળે તેટલો આ ભાષાકીય અવશેષો ઉપરથી ન મળે, છતાં આ વસ્તુઓની ઝાંખી કરી શકાય તેવાં તો એ પ્રમાણો છે.

નિઘણ્ટુ (આશરે ઈ. પૂ. ૮૦૦–૯૦૦) કે જે વેદસંહિતાઓમાં વપરાયેલા મહત્ત્વના શબ્દોનો કોશ છે તેમાં **द्वाविंशतिर्गृहनामानि (अ. ३-४)** બાવીશ ગૃહનામો એટલે ગૃહ અર્થવાળાં નામો આપ્યાં છે.* આમાં ન ગણ્યાં હોય એવાં પણ ગૃહવાચક બીજાં નામો છે.+ આ બધાં નામો ભિન્ન ભિન્ન પ્રકારનાં ગૃહોનાં સૂચક છે કે નહિ તે કહેવાને પૂરતા પુરાવા નથી; પણ એટલું તો કહી શકાય કે કેટલાંક તો પ્રકારનાં સૂચક છે, જ્યારે કેટલાંક ગૃહના અમુક અમુક ભાગ ઉપરથી સૂચવાયેલા આખા ગૃહ માટે વપરાતા થયેલા શબ્દો હશે.

નિઘણ્ટુ ઉપરનું વિવરણ જે નિરુક્ત (આશરે ઈ. સ. પૂ. ૮૦૦–૬૦૦) કહેવાય છે તે ગૃહ શબ્દનો ગૃહ્–લેવું–સંઘરવું જેમાં બધું સંઘરાય છે તે ગૃહ એવો અર્થ કરે છે (૩–૧૩. પૃ૦ ૨૯૦ બો. સં. સી.). આ ઉપરથી જેમાં કાંઈ સંઘરી શકાય, રાખી શકાય તે બધાં ગૃહ કહેવાય; અને અમુક રીતે આ બાવીશે નામોથી સૂચવાતી વસ્તુઓ કંઈ ને કંઈ સંઘરે છે: જેમ કે કૃદર-ઊર્દર અને કૃદરનો અર્થ અનાજ ભરવાની કોઠી થાય છે. ઘણાંખરાં નામો લક્ષણાથી ગૃહસૂચક બન્યાં હશે.[1]

છતાં કેટલાંક તો ગૃહના પ્રકારનાં પણ સૂચક લાગે છે: જેમ કે હર્મ્ય. વેદોનાં સૂક્તોમાં જ્યાં જ્યાં ઉલ્લેખો હોય તે ઉપરથી કંઈક કલ્પના કરી શકાય છે. મેકડોનલ અને કીથના વેદિક ઈન્ડેક્સમાં આની સારી નોંધો છે. પણ મોહેં-જો-દડો અને હડપ્પામાંના અવશેષો પ્રકટ થયા એ પહેલાંની એ નોંધો છે. એટલે આ નવા સંદર્ભમાં તેમાં ઘટતું વિવેચન કરી તે ઉપયોગમાં લઈ શકાય.

ઋગ્વેદમાં ગૃહવાચક નામોમાં ‘ગય’નો ઉપયોગ વારંવાર મળે છે; ઘર, એમાં રહેલું ધન અને રહેનારા એ બધું પણ કોઈ કોઈ વાર ઉદ્દિષ્ટ હોય છે. ઋગ્વેદ ૫–૧૦–૩માં ‘ગય’ને સમઝાવતાં સાયણાચાર્ય કહે છેઃ **गम्यते निवासायेति गयं गृहम्**–નિવાસ માટે જવાય છે માટે ગય; અને બીજો અર્થ **गीयते स्तूयते इति वा गयं धनम्** (દ્ર. વિ. પૃ. ૭૫૯) ગવાય છે, સ્તવાય છે એટલે ગય=ધન. પણ પાશ્ચાત્ય કોશકારો, જેમ કે સર મૉનિયર વિલિયમ્સ ગય શબ્દને **जि** ધાતુ ઉપરથી ફલિત કરે છે. જે જીતેલું—પ્રાપ્ત કરેલું તે ગય—એટલે ઘર, સંપત્તિ વગેરે એમ અર્થ ઘટાવે છે.

‘દમ’નો પણ ઋગ્વેદાદિમાં અનેક વાર ‘ઘર’ના અર્થમાં ઉપયોગ થયેલો માલૂમ પડે

---

* १ गयः। २ कृदरः। ३ गर्तः। ४ हर्म्यम्। ५ अस्तम्। ६ पस्त्यम्। ७ दुरोणे। ८ नीळम्। ९ दुर्याः। १० स्वसराणि। ११ अमा। १२ दमे। १३ कृत्तिः। १४ योनिः। १५ सद्म। १६ शरणम्। १७ वरूथम्। १८ छर्दिः। १९ छदिः। २० छाया। २१ शर्म। २२ अज्मेति द्वाविंशतिर्गृहनामानि। निघण्टु अ. ३-४ बोम्बे सं. सी.।

+ તારાપદ ભટ્ટાચાર્ય કહે છે કે ઋગ્વેદમાં લગભગ ૩૦ નામો ગૃહવાચક છે. જુઓ ‘એ સ્ટડિ ઑન વાસ્તુવિદ્યા’, પૃ. ૧૩.

૧ પૃ. ૧૮૬, નિરુક્ત ભાષ્ય સાથે, પં. રાજારામ, લાહોર, ૧૯૧૪.

છે. પછીના સંસ્કૃતમાં એ 'દંપતી' શબ્દમાં રહેલો દેખાય છે. એનો સંબંધ એને મળતા ગ્રીક નામ અને ધાતુ જેનો અર્થ 'to build' 'બાંધવું' થાય છે એની જોડે બેસાડાય છે. લેટિન domus = home અને અંગ્રેજી domesticમાં પણ આ શબ્દ છે.

પછીના સંસ્કૃતમાં અપરિચિત એવાં બીજાં બે ગૃહવાચક નામો दुरोण અને दुर्योण છે. મૉનિયર વિલિયમ્સ આ બે શબ્દોને એકસરખા ગણે છે. ઋગ્વેદ ૩-૨૬-૫ના ભાષ્યમાં સાયણાચાર્ય રક્ષણના અર્થવાળા अव् ધાતુમાંથી તે વ્યુત્પન્ન કરે છે, અને યાસ્કનું પ્રમાણ ટાંકે છે;[૧] ઋ. વે. ૫-૭૭ના અશ્વિન સૂક્તમાં ઋચા ૪માં સ્થાન—ओकस गृह અને दुरोण સાથે આવે છે.[૨] આ ત્રણે ગૃહવાચક શબ્દો છે. સાયણ અહીં ओकःस्थानम् સાથે લઈ નિવાસયોગ્ય સ્થાન-ઉત્તરવેદિ નામનું—એવો અર્થ સમજાવે છે. गृहाः એટલે प्राचीनवंशादयः। અર્થાત્ કે આ ઋચામાં તે તે ગૃહવાચક નામોનો યજ્ઞ પરત્વે તે તે વિભાગો સૂચવવા ઉપયોગ કર્યો છે. અને दुरोणंનો देवयजनगृहम् એવો અર્થ કરે છે.

આમાંનો ओकस् શબ્દ વેદિક ઇન્ડેક્સમાં ઉલ્લેખ પામેલો જણાતો નથી. ભારત-યૂરોપીય ભાષાસ્તરનો આ શબ્દ છે જે ગ્રીક શબ્દ oikonomiaમાં છે, જેની સાથે અંગ્રેજી શબ્દ Economy સંબંધ ધરાવે છે. આ 'ઓકસ્' પછીના સંસ્કૃતમાં સુપરિચિત છે, ખાસ કરીને वनौकसः (વનમાં રહેનારા), दिवौकसः (સ્વર્ગમાં રહેનારા—દેવો) જેવા શબ્દોમાં. આનો ઉપયોગ ઋગ્વેદ આદિમાં ખાસ કરીને ઉપમા તરીકે વારંવાર મળે છે. જેમકે ઋ. વે. ૧-૬૬-૨માં કહ્યું છે કે અગ્નિ ओको न रण्वो રમણીય ઓકસ્-ઘરની જેમ ક્ષેમ (= સલામતી) ધારણ કરે છે (આપે છે). આમાં ઘરની રમણીયતા કે સુંદરતાનો ઉલ્લેખ છે. એવી ઉપમાનો બીજો દાખલો ઋ. વે. ૧-૧૦૪-૫માં છે. જેમાં એક 'નીથી' કહેતાં કેડી દસ્યુઓ તરફ જાય છે, એમના તરફ દોરી જાય છે,—તેને પોતાના સદનને જાણતી ગાય 'ओकस्' તરફ (ઘર તરફ—ગમાણ તરફ) જાય છે, તેની સાથે સરખાવી છે. એક ઉપમામાં તીર્થ પાસે (આરા પાસે) તરસ્યાને જેમ 'ओकस्' આનંદ આપે છે તેમ—એવો ઉલ્લેખ છે; અહીં સાયણાચાર્ય 'ओकः' पानीयादिकं सदनं—પરબ—એવો અર્થ કરે છે. રૂપક તરીકે પણ ओकस्નો ઉપયોગ થયો છે. જેમ કે ઋ. વે. ૨-૧૯-૧માં ઇન્દ્ર સોમમાં 'ઓકસ્' કરે છે—ઘર કરે છે. એવી જ રીતે ઋ. વે. ૩-૫૮-૬માં અશ્વિનો વિષે કહ્યું છે કે તમારું કલ્યાણકારી સખ્ય એ પુરાણ ओकस्—'પહેલાંનું ઘર' છે. पुराणमोकः सख्यं शिवं वाम्। ઋ. વે. ૪-૧૬-૧૫માં ઇન્દ્રને ओकस् 'ઘર' ગણ્યો છે. ઋ. વે. ૧-૩૦-૯માં પણ प्रत्नस्यौकसो—પ્રાચીન ओकस्—નો ઉલ્લેખ છે. આવા પ્રત્ન ઓકસ્નો ઉલ્લેખ ૮-૬૯-૧૮માં પણ છે.

ઋ. વે. ૫-૩૦-૧માં સોમને ઇચ્છતો ઇન્દ્ર યજમાનના 'ઓકસ્' તરફ જતો વર્ણવ્યો છે. ઋ. વે. ૭-૨૫-૪માં ઇન્દ્રને સદાને માટે 'ઓકસ્' થવા કહ્યું છે. ઋ. વે. ૭-૫૬-૨૪માં 'સ્વઓકસ્'માં રહેવાની પ્રાર્થના છે.

---

૧ दुरोणे अवरक्षणे इत्यस्मादौणादिको नक् प्रत्ययः। 'ज्वरत्वर' इत्यादिना ऊठ्। गुणः। दुरोण इति गृहनाम, दुरवा भवन्ति (निरु. ४-५) इति यास्कः। ऋ. वे. सं. वि. २. पृ. २८७.

૨ इदं हि वां प्रदिवि स्थानमोक इमे गृहा अश्विनेदं दुरोणम्।

ઋ. વે. ૧૦–૧૧૭–૪માં કહ્યું છે કે તે ઓકસ્ (ઘર) નથી કે જ્યાંથી કોઈ જતો રહે—(अपास्मात् प्रेयान्न तदोको अस्ति)—સાયણાચાર્ય સમઝાવે છે કે सदनं हि बन्धुभिः परिवृतम्–ઘર બન્ધુઓથી ભરેલું હોય.

ઋ. વે. ૧–૪૦–૫માં ઇન્દ્ર, વરુણ આદિ દેવોને ओकांसि કર્યા એનો ઉલ્લેખ છે. તો ઋ. વે. ૨–૩૮–૫માં અગ્નિનું તેજ नानौकांसि યજમાનો જુદાં જુદાં ઘરોમાં રહે છે એનો ઉલ્લેખ છે.

ઋ. વે. ૭–૫–૬માં અગ્નિ દસ્યુઓને એમના ओकस्માંથી બહાર કાઢે છે એવો ઉલ્લેખ છે. તો ઋ. વે. ૪–૫૦–૮માં કહ્યું છે કે જે રાજાને વિષે બ્રહ્મા (કવિ = ઋષિ) પહેલો જાય છે, તે જ સુતૃપ્ત થઈને પોતાના ઘરમાં રહે છે: स इत्क्षेति सुधित ओकसि स्वे। ઋ. વે. ૫–૩૩–૪માં ઇન્દ્રે સૂર્યના પોતાના ओकस्માં દાસનું નામ કોતર્યું–ततक्ष–એવો ઉલ્લેખ છે જેનો અર્થ સૂર્યના ગ્રહણ પરત્વે વિદ્વાનો લે છે.

'ओकस्' નામ उच् (ગ. ૪ પરસ્મૈપદ) ખુશી થવું અથવા હળેલું–મળેલું હોવું ના સૂચક ધાતુ ઉપરથી થયેલું મનાય છે.* એના ઉપરથી ओकिवस्–પરોક્ષ ભૂતકૃદન્તનું ओकिवांसा રૂપ ઇન્દ્ર અને અગ્નિ (એક ઘરમાં) 'સંગત' સાથે રહેવાના અર્થમાં ઋ. વે. ૫–૫૯–૩માં વપરાયું છે. સાથે મળી જવાના અર્થમાં ઓકયમ્ ૮–૪૯–૩ માં છે. આ ઉપરથી એમ અટકળ કરી શકાય કે ओकस् નામ હળીમળીને સાથે રહેવાની જ્યાં ક્રિયા થાય છે તે સ્થાનના સૂચક તરીકે પ્રયોગમાં આવ્યું હશે અર્થાત્ કે ઘરના અર્થમાં.

'ઓકય' શબ્દનો પ્રયોગ ઘરને હિતકારક એવા અર્થમાં ઋ. વે. ૯–૮૬–૪૫માં મળે છે. ઋ. વે. ૮–૨૫–૭માં પણ આ પ્રયોગ છે. તેનો અર્થ સાયણ ओको गृहम् तस्मै हितानि એવો કરે છે. પણ પાશ્ચાત્ય વિદ્વાનો એનો અર્થ આનુપૂર્વીથી–પરંપરાથી ચાલ્યા આવતા કાયદાઓ કરે છે. એનો અર્થ ઘરના પરંપરાગત નિયમો કે ગૃહસ્થ ધર્મ એવો પણ થઈ શકે.

ઋ. વે. ૧–૧૩૨–૫, ૩–૪૨–૮, ૮–૭૨–૪ અને ૧૦–૪૪–૯માં 'ઓકય' ફક્ત ઘરના અર્થમાં વાપરેલો જણાય છે. ઋ. વે. ૧–૯૧–૧૩માં સોમને સંબોધીને કહ્યું છે કે 'તું અમારા હૃદયમાં રમ–આનન્દ પામ, જેમ ગાયો સરસ ઘાસમાં અને મર્ત્ય-માનવી પોતાના ઓકયમાં–ઘરમાં मर्य इव स्व ओक्ये।

આમ 'ઓકસ્' શબ્દ સાથે હળીમળીને રહેવાનું સ્થાન, બંધુઓ સાથે રહેવાનું સ્થાન—જેમાં મર્ત્ય માનવી આનન્દ લે છે એવા સ્થાનના અર્થમાંથી 'ગૃહ' સૂચક બન્યો લાગે છે. ઉપમાઓ અને રૂપકોમાં ઉપમાનરૂપે પણ તે કેવી રીતે આવે છે તે ઉપર જોઈ ગયા.

ઋ. વે. આદિમાં વપરાતો એવો બીજો વૈદિક શબ્દ 'પસ્ત્ય' અને 'પસ્ત્યા' છે. આ શબ્દ અમર આદિ કોશકારો ગૃહના પર્યાયોમાં આપે છે, છતાં તેની વેદોત્તર સાહિત્યમાં વપરાશ નહિ જેવી

* મૅકડોનેલકૃત વેદિક ગ્રામર ફૉર સ્ટુડન્ટ્સ, પૃ. ૩૭૩, પૃ. ૬૭ પરિચ્છેદ ૮૯અ.

છે. જોકે કીર્તિકૌમુદી જેવી અર્વાચીન કૃતિમાં તેનો ઉપયોગ થયેલો આપટે કોશમાં જણાવેલો છે.* આ શબ્દની વ્યુત્પત્તિ શંકાસ્પદ છે. તેનો સંબંધ ' પમ્ ' = બાંધવું (દોરડાથી બાંધવું) એની સાથે મૉનિયર વિલિયમ્સ આપે છે. જો આ બરાબર હોય તો વાંસ અને ખપાટો બાંધી ઊભું કરેલું મકાન અને પછી બીજી કોઈ રીતે બાંધેલું મકાન એવા અર્થમાં એનો પ્રચાર થયો સંભવે.

ઋ. વે. ૧૦-૯૬-૧૧માં ગૌને પ્રિય એવા પસ્ત્યને પ્રકાશમાન સૂર્ય માટે પ્રકટ કરવાની અસુર ઇન્દ્રને-મહા બલવાન ઇન્દ્રને પ્રાર્થના કરી છેઃ प्र पस्त्यमसुर हर्यतं गोः । ઋ. વે. ૮-૨૭-૫માં મહાન્ દેવી અદિતિને સદનમાં-પસ્ત્યમાં (ગૃહમાં) પધારવા પ્રાર્થના છેઃ देव्यदिते सदने पस्त्ये महि॥

પસ્ત્ય કે પસ્ત્યાનો ખાસ કરીને બહુવચનમાં વપરાશ ઋ. વે.માં વધારે છે. જેમ કે ૧-૧૬૪-૩૦માં કહ્યું છે કે શ્વાસ લે છે, ગતિમાન્ છે, જીવન્ત છે તે પસ્ત્યાઓની મહીં ધ્રુવ હોય-સ્થિર હોય એમ રહે છે—સાયણાચાર્ય કહે છે તે પ્રમાણે-સ્થાણુ-સ્તંભની જેમ સ્થિરતાથી વસે છેઃ ध्रुवं मध्य आ पस्त्यानाम् । એ જ પ્રમાણે ૬-૪૯-૯માં અગ્નિ ત્વષ્ટાને પસ્ત્યોમાં લાવે એનો ઉલ્લેખ છે તેમ જ ૭-૯૭-૫માં यजतं पस्त्यानां છે. તેમાં ગૃહોના અર્થાત્ ગૃહોમાં રહેનારાઓના પૂજ્ય ત્વષ્ટા અને બૃહસ્પતિના ઉલ્લેખો છે. ૯-૬૫-૨૩માં ક્યાં ક્યાં સોમના રસ કાઢવામાં આવે છે તેનો ઉલ્લેખ છે, જેમાં मध्ये पस्त्यानाम् –' પસ્ત્યોની માંહી 'નો પણ ઉલ્લેખ છે. સાયણાચાર્ય આ સ્થળે पस्त्याओ લઈ એનો અર્થ ' સરસ્વતી આદિ નદીઓની પાસે ' એવો લે છે. પણ ચાલુ અર્થ,–ઘર કે ઘરમાં રહેતા માનવોનો અર્થ પણ બંધ બેસે છે.

પસ્ત્યા સ્ત્રીલિંગમાં અને બહુવચનમાં અનેક ઠેકાણે વપરાયેલો મળે છે. જેમ કે ૧-૨૫-૧૦; ૧-૪૦-૭; ૪-૧-૧૧; ૪-૫૫-૩; ૧૦-૪૬-૬માં પસ્ત્યાનો એકલો ગૃહ અર્થ ન રહેતાં ગૃહોનો સમુદાય એટલે કે વાસ અથવા શેરી, તેમાં વસતા લોકો, અને તેથી આગળ જઈને સામાન્ય પ્રજા જેવો પણ અર્થ થાય છે. જેમ કે ૧-૨૫-૧૦ वरुणः पस्त्या३स्वा । માં ' વરુણ પ્રજાઓમાં બેઠો ' એવો અર્થ લેવાય છે. એમાં ' વાસ ' નો અર્થ પણ અભિપ્રેત હશે. ૧-૪૦-૭માં प्रप्र दाश्वान्पस्त्याभिर-स्थितान्तर्वावत्क्षयं दधे માં दाश्वान् કહેતાં યજમાને પસ્ત્યાઓની સાથે અર્થાત્ પોતાના માણસો કે પ્રજાઓની સાથે વાસ કર્યો એવો ઉલ્લેખ છે. ૪-૧-૧૧માં स जायत प्रथमः पस्त्यासु–પસ્ત્યાઓમાં અગ્નિ પ્રથમ જન્મ્યો એવો ઉલ્લેખ છે. આમાં પસ્ત્યાનો અર્થ ગૃહો, અથવા પ્રજા બંને બંધ બેસે છે. ૪-૫૫-૩માં અદિતિને પસ્ત્યા કહેલી છે. प्र पस्त्या३मदितिं । સાયણાચાર્ય પસ્ત્યાનો અર્થ सर्वै-र्गन्तव्या અથવા સર્વને ઉપાસવા યોગ્ય અદિતિ એવો અર્થ કરે છે. ગ્રીફીથ વગેરે તેનો અર્થ Housewife-ગૃહપત્ની કે અધિષ્ઠાત્રી કરે છે. ૧૦-૪૬-૬માં ત્રિત પસ્ત્યાઓમાં બેસે છે એવો ઉલ્લેખ છે.

---

* मन्त्री निमन्त्रितजनेन सह प्रहर्षः ।
परस्यं प्रयातुमथ तं प्रभुमापपृच्छे ॥ की. कौ. स. ९. श्लो. ७४.

જેમ ૪–૫૫–૩માં અદિતિને પસ્ત્યા કહી છે તેમ ૮–૨૭–૫માં પણ દેવી અદિતિને પસ્ત્યા તરીકે સંબોધી છેઃ देव्यदिते सदने पस्त्ये महि ॥ હે મહાન દેવી અદિતિ પસ્ત્યે સદનમાં (કહેતાં ગૃહમાં) પધારો. સાયણાચાર્ય અહીંઆં 'પસ્ત્યે'ને સપ્તમીમાં લઈ 'ઘરમાં' એવો અર્થ કરે છે, પણ ૪–૫૫–૩ ના ઉલ્લેખને અનુસરી અહિંયાં પણ અદિતિને પસ્ત્યા કહી સંબોધન* કર્યું છે એવો અર્થ લેવો વધારે સુસંગત છે. આ ઉલ્લેખોમાં મોનિયર વિલિયમ્સ પસ્ત્યાનો અર્થ ગૃહદેવતા કરે છે.

પસ્ત્યા દ્વિવચનમાં જે બે શિલાઓમાં સોમને દબાવીને રસ કાઢવામાં આવે છે એમને સૂચવવા માટે વપરાયો છે. અહીંયાં પણ ભાવાર્થ સોમને રહેવાનું સ્થાન એવો જ છે.

પસ્ત્યવત્ (પસ્ત્યવાળો)ના અનેક ઉલ્લેખો ઋગ્વેદમાં છે. તેમાં તેનો અર્થ ગૃહનો માલિક અથવા સમૃદ્ધિવાન માણસ એવો થાય છે. આમ પસ્ત્ય અથવા પસ્ત્યા ગૃહ, ગૃહોના સમુદાય અને તેમાં વસતી પ્રજાઓના સૂચક તરીકે વપરાયો છે.

ગૃહ શબ્દના તો સંખ્યાબંધ ઉલ્લેખો છે. એમાંના મોટા ભાગના ઉલ્લેખો दाशुषो गृहम् અર્થાત્ કે યજમાનનું ઘર કે सोमिनो गृहम् સોમરસ કાઢનાર યજમાનનું ગૃહ એ સંબંધમાં આવે છે. ૫–૨૯–૩માં કુત્સ ઋષિના ઘરનો ઉલ્લેખ છે. ૬–૨૮–૬માં ગાયોને પ્રાર્થના છે કે ગૃહને 'ભદ્ર' કહેતાં 'સુંદર' કરોઃ भद्रं गृहं कृणुथ ।

આ બધા ઉલ્લેખોમાં સાતમા મંડલના ૮૮મા વરુણના સૂક્તની પાંચમી ઋચામાં આવતો ઉલ્લેખ મહત્ત્વનો છે. એમાં વરુણના બૃહત્ માન કહેતાં ઊંચા મકાન અને હજાર બારણાવાળા ઘરનો ઉલ્લેખ છેઃ बृहन्तं मानं वरुण स्वधावः सहस्रद्वारं जगमा गृहं ते । આમાં માનંનો અર્થ સાયણાચાર્ય 'જેમાં સર્વભૂતો સમાઈ જાય' એવો કરે છે. છતાં ઋગ્વેદમાં માનનો અર્થ ગૃહ પણ થાય છે. પણ મહત્ત્વનો ઉલ્લેખ તો સહસ્રદ્વાર = હજાર દરવાજાનો છે. સર્વોપરિ વરુણદેવના મકાનને હજારો દરવાજા છે; એવી ઋષિની કલ્પના ઉપરથી તે કાળમાં હજાર દરવાજાવાળાં મકાનો થતાં હશે એવી અટકળ વધારે પડતી ગણાય, છતાં અનેક દરવાજાવાળાં મકાનોથી અપરિચિત ઋષિને આવી કલ્પના સૂઝે તે પણ વધારે પડતી અટકળ છે, એટલે આપણે એવું અનુમાન કરી શકીએ કે વૈદિક યુગમાં અનેક દરવાજાવાળાં ઊંચાં મકાનો થતાં હશે.

૮-૭૩-૭ માં અશ્વિનોને એવી પ્રાર્થના છે કે તેઓ અત્રિ ઋષિને રક્ષણ આપે એવું ગૃહ કરી આપે.

દસમા મંડળનું ૧૪૨મું સૂક્ત અગ્નિને ઉદ્દેશીને છે, તેમાં સાતમી ઋચામાં કહ્યું છે કે 'આ અમારું નિવાસસ્થાન પાણી જેમાં એકઠાં થાય છે (અર્થાત્ હ્રદ કે તળાવ છે) અને સમદ્રનું નિવેશન કહેતાં ગૃહ છે; અહીંથી બીજે માર્ગે જાઓ, અને ત્યાં તમે ઇચ્છા પ્રમાણે ગતિ કરો.' આ પછીની

* સ્વરની દૃષ્ટિએ પણ તે સંબોધન તરીકે લઈ શકાય એમ છે.

આઠમીઋ ચા આ પ્રમાણે છેઃ आयने ते परायणे दूर्वा रोहन्तु पुष्पिणीः। ह्रदाश्च पुण्डरीकाणि समुद्रस्य गृहा इमे। 'તારા આવવામાં અને જવામાં પુષ્પોવાળી દૂર્વા ઊગો, તળાવો કમળવાળાં થાઓ; આ સમુદ્રનાં ગૃહો છે.'

સાયણાચાર્ય 'આ સમુદ્રનાં ગૃહો છે'—તેનું તાત્પર્ય એવું કરે છે કે જેમ સમુદ્રાવાસની ભૂમિ કયારે પણ બળતી નથી તેમ અમારાં ઘર પણ બળો નહીં; અને આખાનો ભાવાર્થ કાઢે છે કે દૂર્વા કે પુષ્પિત દૂર્વાથી પોતાના આશ્રયનું શીલત્વ, તળાવથી જળનું સાંનિધ્ય અને કમળથી ઉપભોગ્ય ફ્લાદિ અને સમુદ્રગૃહથી બળે નહીં એવું સ્થાન.

અહીં આ ઋચામાં આ સમુદ્રનાં ગૃહો છે, એ ઉલ્લેખ વિચારવા જેવો છે. વાવો, સરોવરો અને બીજાં એવાં જલગૃહો તેમ જ સમુદ્રગૃહો પછીના સમયમાં તો જાણીતાં છે. તો અહીં પણ એવો કોઈ ઉલ્લેખ હશે?

૧૦–૧૮–૧૨માં યમને ઉદ્દેશીને કહેલું છે કે ते गृहासो घृतश्चुतो भवन्तु–તારાં ઘર ઘી ઝરતાં થાઓ. અર્થાત્ કે આમાં સમૃદ્ધિવાળાં ઘરોનો ઉલ્લેખ છે.

૧–૨૮–૫માં ગૃહે ગૃહે સાંબેલાના उलूखलकના ધ્વનિનો ઉલ્લેખ છે. ૧–૭૧-૪માં ગૃહોનો ચોરોથી રક્ષણ કરવાનો ઉલ્લેખ છે.

૩–૫૩–૬માં ઇન્દ્રને સંબોધીને કહ્યું છે કે તારા ગૃહમાં સુરણ-રમણીયત્વ છે: सुरणं गृहे ते સાયણાચાર્ય સુરણના બે અર્થ કરે છે. सुंदरगीतादिध्वनि અથવા કલ્યાણી પત્નીથી સુરમણીય છે.

૭–૮૯–૧માં મૃણ્મય ગૃહનો ઉલ્લેખ છે: मोषु वरुण मृन्मयं गृहं राजन्नहं गमम्। मृळा सुक्षत्र मृळय ॥ १ ॥ હે વરુણ રાજન્, હું માટીથી બનેલા ઘરમાં ન જાઉં. મૃદુ થા. હે સુક્ષત્ર, દયા કર, દયા કર. આનો અર્થ સાયણાચાર્ય એવો કરે છે કે 'હું માટીના ઘરમાં ન જતાં તારા સુંદર સુવર્ણમય ઘરને પ્રાપ્ત કરું'. અથર્વવેદ ૫–૩૦–૧૪માં આવો જ ભૂમિગૃહનો ઉલ્લેખ છે. તે યમના સંદર્ભમાં છે, તેની સાથે આ માટીના ગૃહને સરખાવી એનો અર્થ કબર જેવો પાશ્ચાત્ય વિદ્વાનો કરે છે.

ઋગ્વેદમાં 'ગૃહપતિ' વિવિધ દેવોના તેમ જ યજમાનના સંદર્ભમાં વારંવાર આવે છે. ખાસ કરીને અગ્નિને વારંવાર ગૃહપતિ કહેલો છે. ૧૦–૮૫–૨૬માં નવવધૂને ઉદ્દેશીને કહેલું છે કે જેમ ગૃહપત્ની હોય તેમ તું ઘરમાં પ્રવેશ કર.

ગૃહના અને ગૃહવાચક બીજા કેટલાક શબ્દોના ઉલ્લેખો આપણે જોયા તે ઉપરથી ગૃહના પ્રકારોનો કે બાંધણીનો ખાસ ખ્યાલ આવતો નથી. સિવાય કે ઊંચા અને અનેક દ્વારવાળા ગૃહનું અનુમાન વરુણના સૂક્ત ૭–૮૯–૧ પરથી કૈંક કરી શકાય. પણ હર્મ્ય કે જેના અનેક ઉલ્લેખો ઋગ્વેદમાં છે તે ઉપરથી તે એક વિશિષ્ટ પ્રકારનું ઊંચું ભવન હશે એવી કલ્પના કરી શકાય છે. હર્મ્ય તથા હર્મ્યા શબ્દ हृ ધાતુ ઉપરથી કાઢવામાં આવે છે. અર્થાત્ હર્મ્યનો અર્થ મનોહર ગૃહ એવો થાય. બીજી વ્યુત્પત્તિ घृ घर्म ની સાથે સંબંધ ધરાવે છે અને એનો સંબંધ ગૃહ્ય અગ્નિની જોડે હોય એમ માનવામાં આવે છે.

૭–૭૬–૨માં હર્મ્યો તરફ પશ્ચિમ દિશામાં આવતી ઉષાનો ઉલ્લેખ છે. प्रतीच्यागा दधि हर्म्येभ्यः। અહીં સાયણાચાર્ય હર્મ્યનો અર્થ ઊંચા પ્રદેશો કરે છે, તે બરાબર લાગે છે. ગ્રીફીથનો અર્થ tops of houses અર્થાત્ ગૃહોના ઊંચા ભાગ છે.

૧–૧૬૬–૪માં મરુતોથી સર્વ ભુવનો તેમ જ સર્વ હર્મ્યો ધ્રૂજે છે એવો ઉલ્લેખ છેઃ भयन्ते विश्वा भुवनानि हर्म्या। ૭–૫૬–૧૬માં હર્મ્ય ઉપર રહેલા શિશુઓનો ઉલ્લેખ છે. ते हर्म्येष्ठाः शिशवो। ૫–૩૨–૫ માં ઇન્દ્રને ઉદ્દેશીને કહેલું છે કે યુદ્ધ કરતાં વૃત્રને અંધકારરૂપી હર્મ્યમાં મૂકી દેજે. युयुत्सन्तं तमसि हर्म्ये धाः। આ તમોમય હર્મ્ય અસુરોના હર્મ્યનું સૂચક હોય કે કોઈ કિલ્લાના અંધકાર ભરેલા ભાગનું સૂચક હોય! સ્થિરતાની ઉપમા આપવા માટે ૭–૫૫–૬ માં यथेदं हर्म्यं तथो એવો ઉલ્લેખ છે. ૮–૫–૨૩માં અસુરોએ પીડેલા કણ્વને નાસત્યો અર્થાત્ અશ્વિનોએ હર્મ્યમાં શાશ્વત રક્ષણ આપ્યું એવો ઉલ્લેખ છેઃ युवं कण्वाय नासत्या पिरिप्ताय हर्म्ये। शश्वदूतीर्दशस्यथः॥ ૯–૭૧–૪માં ઇંદ્રનો હર્મ્યને કબજે કરનાર તરીકે ઉલ્લેખ છે. ત્યાં સાયણાચાર્યે હર્મ્યનો અર્થ શત્રુપુર = શત્રુનો કિલ્લો એવો કરે છેઃ मध्वः सिञ्चन्ति हर्म्यस्य सक्षणिं। ૯–૭૮–૩માં પણ हर्म्यस्य सक्षणिंનો ઉલ્લેખ છે, અને ત્યાં સાયણાચાર્ય સક્ષણિનો અર્થ સેચન-શીલ લે છે. આ અર્થ જો ૯–૭૧–૪માં લઈએ તો હર્મ્યનો=સેચનશીલ એવો પતિ 'માલિક' એવો અર્થ લેવો વધારે સંગત થાય. ૧૦–૧૧૪–૧૦માં યમને હર્મ્યમાં સ્થિર કર્યાનો ઉલ્લેખ છે, પણ ત્યાં યમનો અર્થ નિયન્તા એટલે રથનો સારથિ એવો થાય છે. ૧૦–૪૬–૩માં અગ્નિને હર્મ્યોમાં સુખ આપનારો અને આનન્દ આપનારો કહ્યો છે. ૧૦–૭૩–૧૦માં ઇંદ્ર વિશે ઉલ્લેખ છે કે 'તે મન્યુમાંથી આવ્યો અને હર્મ્યોમાં રહ્યો. ઇંદ્ર કયાંથી ઉત્પન્ન થયો છે તે કોઈ જાણતું નથી'.

ઋગ્વેદના આ બધા ઉલ્લેખોની ચર્ચાથી ઘરની રચના કેવી હશે તેનો ખ્યાલ આવતો નથી, એ આપણે જોયું. અથર્વવેદ કાણ્ડ ૩, સૂક્ત ૧૨ અને કાણ્ડ ૯, સૂક્ત ૩ ઉપરથી ગૃહની રચના વિશે કાંઈક ખ્યાલ મળે છે. ઝીમરે આ સૂક્ત ઉપરથી આવી કાંઈક કલ્પના કરી છેઃ સારી જગા પસંદ કરી તેના ઉપર ચાર ઉપમિત્ (સ્તંભ) રોપવામાં આવતા અને તેમની સામે ટેકા માટે (પ્રતિમિત્) અમુક ખૂણાએ ઢળતા મોભ મૂકવામાં આવતા. ઊંચા સ્તંભોને તેમના ઉપર પરિમિત્ (મોભ) આડા મૂકીને જોડવામાં આવતા. છાપરું વાંસની વળીઓ અને વિષુવંત અથવા દોરિયા અને અક્ષુ કહેતાં જાળીથી બનાવવામાં આવતું. એનો અર્થ એવો થાય કે મોભ અને વાંસની વળીઓ ઉપર આચ્છાદન કરીને છાપરું બનાવવામાં આવતું હશે. ભીંતોમાં પલદ કહેતાં ઘાસ ભરવામાં આવતું. આખા મકાનને જુદાં જુદાં બંધનોથી જડી લેવામાં આવતું હશે. આ બંધનોને નહન, પ્રાણાહ, સંદંશ, અને પરિષ્વંજલ્ય એવાં નામો આપવામાં આવ્યાં છે.

ગૃહના સંબંધમાં બીજા ચાર શબ્દો નોંધવા જેવા છે, જે ઉપરથી ઘરના જુદાં જુદાં ભાગોનું સૂચન થાય છે. હવિર્ધાન (જે ભાગમાં હવિષ રાખવામાં આવે તે), અગ્નિશાલા,

પત્નીનાં સદન, અર્થાત્ સ્ત્રીઓનો ખંડ અને સદસ્ કહેતાં બેઠકનો ખંડ. ભીંતોને છેવટનો ઓપ આપવા માટે 'ઇટ' કહેતાં reed work–ખપાટોનો નિર્દેશ કરવામાં આવે છે. ઘરની બાજુઓને પક્ષ કહેવામાં આવતા. બારસાખ સાથેના બારણાને 'આતા' કહેતા. શિકય કહેતાં શીંકાનો પણ ઉલ્લેખ છે.*

અથર્વવેદમાં ગૃહ માટે શાલ કે શાલા શબ્દ મુખ્યત્વે વપરાય છે. અને ગૃહપતિને શાલાપતિ કહે છે. અથર્વવેદ કાણ્ડ ૩, સૂક્ત ૧૨માં નવું ઘર બંધાઈને પૂરું થાય તે સમયનું આશીર્વચન છે.

વસાહતો—ઋગ્વેદ, અથર્વવેદ, વાજસનેયિસંહિતા આદિમાં ગામના અર્થમાં ગ્રામના અનેક ઉલ્લેખો છે. જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં મહાગ્રામોનો પણ ઉલ્લેખ છે. ઐતરેય બ્રાહ્મણમાં નગરિન્ જાનશ્રુતેય અને જૈમિનીય ઉપનિષદ્ બ્રાહ્મણમાં નગરિન્ જાનશ્રુતેય કાંડવીયનો ઉલ્લેખ છે. પણ તૈત્તિરીયઆરણ્યક અને પછીના વૈદિક સાહિત્યમાં નગરનો શહેરના અર્થમાં ઉલ્લેખ છે.

ઋગ્વેદાદિમાં પુરના ઉલ્લેખો મહત્ત્વના છે. આ પુર મોટે ભાગે અસુરોનાં અને દાનવોનાં અને કોઈ કોઈ સ્થળે આર્યોનાં પણ નિર્દેશેલાં છે. અસુરોનાં આવાં પુરોને તોડનાર તરીકે ઇન્દ્રને વારંવાર પુરભિદ્ કે પુરંદર આદિ વિશેષણો અપાયેલાં છે. આ પ્રકરણના પ્રારંભમાં નિર્દેશ કર્યો છે તેમ મોહેં-જો-ડેરો, હડપ્પા આદિ સ્થળોને પુરોના અવશેષોના સંદર્ભમાં લેવાથી આ પુરો અંગે કાંઈક કલ્પના આવી શકે છે.

ઋગ્વેદ ૧–૧૮૯–૨માં અગ્નિને સર્વ પ્રકારના દુર્ગોને પાર કરવાની અને બહુલ ઊર્વીની જેવી પૂઃ અર્થાત્ વિશાળ પુરી થવાની પ્રાર્થના કરી છે. **पूश्च पृथ्वी बहुला न ऊर्वी भव** અર્થાત્ કે વિશાળ પુરીની જેમ રક્ષણ આપનાર થવા પ્રાર્થના કરી છે. ૧–૫૮–૮માં 'આયસી' પુરીઓનો ઉલ્લેખ છે અર્થાત્ લોહની બનાવેલી અથવા તો લોઢા જેવી મજબૂત પુરીઓનો ઉલ્લેખ છે. **ऊर्जो नपात्पूर्भिरायसीभिः।** હે બલના પુત્ર! લોહની પુરીઓથી અમારું રક્ષણ કર. ઋગ્વેદ ૧–૧૬૬–૮માં મરુતોનું 'શતભુજિ પુરીઓથી' રક્ષણ કરવા પ્રાર્થના કરી છે. **शतभुजिभिस्तमभिहुतेरघात्पूर्भी रक्षता मरुतो यमावत।** 'હે મરુતો શતભુજવાળી પુરીઓથી અભિભવ કરનારા પાપમાંથી બચાવો. ૪–૩૦–૨૦માં ઇન્દ્રે **अश्मन्मयी** કહેતાં પથ્થરની બનાવેલી સો પુરીઓને યજમાન દિવોદાસના લાભાર્થે છિન્નભિન્ન કરી એવો ઉલ્લેખ છે. ૧–૧૩૧–૪માં ઇન્દ્રના વિશે કહ્યું છે કે તેણે શારદી પુરીઓનો બલપૂર્વક નાશ કર્યો. **शारदीरवातिर सासहानो अवातिरः।** ૧–૧૭૪–૨માં આવી સાત શારદી પુરીઓનો ઇંદ્રે નાશ કર્યાનો ઉલ્લેખ છે. **सप्त यत्पुरः शर्म शारदीर्दर्त्।** આવો જ સાત શારદી પુરીઓના નાશ કર્યાનો ઉલ્લેખ પુરુકૃત્સ રાજાના લાભાર્થે કર્યાનો ઉલ્લેખ છે. શારદી પુરી એટલે શું એ એક વિચારવાનો પ્રશ્ન છે.

ઋગ્વેદ ૮-૬-૨૩માં મોટી ગોમતી-ગાયોથી ભરેલી પુરીનો ઉલ્લેખ છે. **आन इन्द्र महीमिषं पुरं न दर्षि गोमतीम्**—હે ઇંદ્ર અમને મોટી ગાયોથી ભરેલી પુરી અને અન્ન આપવાની ઇચ્છા કર. ઋગ્વેદ ૭-૧૫-૧૪માં અગ્નિને પ્રાર્થના છે કે મોટી લોહની બનાવેલી 'શતભુજિ' પુરી માનવોના

---

* Vedic Index vol. I. પૃ. ૨૩૦ થી ૨૩૧.

રક્ષણ માટે થાય. अधा मही न आयस्य नाधृष्टो नृपीतये। पूर्भवा शतभुजिः। ઉપરના ઉલ્લેખોમાં પુરીના આયસી, शतभुजि, અને मही એ ત્રણ વિશેષણો ધ્યાનમાં લેવા જેવા છે. મહી એટલે મોટી, આયસી એટલે લોહની બનેલી કે લોઢા જેવી મજબૂત, શતભુજિનો સાયણાચાર્ય ૧-૧૬-૮માં અસંખ્યાત ભોગવાળી અર્થાત્ ફણા આકારની દુર્ગરચનાઓવાળી એવો અર્થ કરે છે અને ૭-૧૫-૧૪માં શતભુજિનો સો ગણી એવો અર્થ કરે છે.

૭-૫૨-૧માં વસુઓને દેવોમાં અને માનવોમાં પુરી થવાનું કહ્યું છે: पूर्देवत्रा वसवो मर्त्यत्रा. ૭-૯૫-૧માં સરસ્વતીને આયસી પુરી થવાનું કહ્યું છે એ જ ઋચામાં એને વિશાળ રથ્યા જેવી અર્થાત્ પ્રતોલી અથવા માર્ગ જેમ વહેતી વર્ણવી છે:

प्र क्षोदसा धायसा सस्र एषा सरस्वती धरुणमायसी पूः।

प्रबाबधाना रथ्येव याति विश्वा अपो महिना सिन्धुरन्याः॥ १॥

૮-૮૦-૭માં ઇંદ્રને દૃઢ થવાનું કહ્યું છે કારણ કે તે ભદ્રાપુરી છે. इन्द्र दृह्यस्व पूरसि भद्रा।

૩-૩૪-૧માં પુરભિદ્ ઇંદ્ર દાસને કેવી રીતે તરી ગયો તેનો ઉલ્લેખ છે. ૧-૧૧૨-૧૪માં 'પુરભિદ્ય'નો અર્થ સંગ્રામ કર્યો છે. અર્થાત્ જેમાં પુરીઓને ભાંગી-તોડી નાંખવામાં આવે છે તેવો સંગ્રામ. पुराणि नगराणि भिद्यन्ते अस्मिन् इति पुरभिद्यः संग्रामः (સાયણ).

याभिर्महामतिथिग्वं कशोजुवं दिवोदासं शम्बरहत्या ताभिरू षु ऊतिभिरश्विना गेतम्॥

હે અશ્વિનો, શમ્બરને હણતી વખતે મહાન્ અતિથિગ્વ, કશોજ્વ અને દિવોદાસને તથા પુરભિદ્ય કહેતા સંગ્રામમાં ત્રસદસ્યુને જે રક્ષણો વડે સાચવ્યા તે રક્ષણોની સાથે તમે બે આવો. ૧૦-૪૭-૪માં ઇંદ્રને દસ્યુહન, પુરભિદ અને સત્ય કહ્યો છે. दस्युहनं पूर्भिदमिन्द्रं सत्यम्। ૯-૮૮-૪માં સોમને વૃત્રોનો હણનાર અને પુરભિદ્ કહ્યો છે. हन्ता वृत्राणामसि सोम पूर्भित्।

૫-૬૬-૪માં દક્ષની પુરીઓનો ઉલ્લેખ છે. અહીંયાં જ 'દેહી'*નો પણ ઉલ્લેખ કરવો જોઈએ. ઋગ્વેદ ૬-૪૭-૨માં શમ્બરની મોટી સેનાઓ તથા ૯૯ દેહીઓનો ઇંદ્રે નાશ કર્યાનો ઉલ્લેખ છે. पुरूणी यशश्च्यौत्ना शम्बरस्य वि नवतिं नव च देह्यो इ हन्॥ સાયણાચાર્ય અહીંયાં દેહીઓનો અર્થ આમ કરે છે: देह्यः दिग्धा उपचिता आसुरीः पुरीः, तदीयान् देहान् वा અર્થાત્ દેહીઓ એટલે લીપેલી ખડકાયેલી અસુરોની પુરીઓ અથવા અસુરોના દેહો. ઋગ્વેદ ૭-૬-૫માં અગ્નિએ દેહીઓને આયુધોથી નમાવી એવો ઉલ્લેખ છે. यो देह्यो इ अनमयद्वधस्नैः। અહિંયા સાયણાચાર્ય દેહીનો અર્થ ઉપચિત એવી આસુરી વિદ્યાઓ કરે છે. देहीरुपचिताः आसुरीर्विद्याः—દેહીનો સંબંધ दिह् ધાતુ જોડે અને દેહ સાથે છે. લિંપી ગુંપીને સફાઈદાર કરેલી રચના, શરીર વગેરે.

---

* Vedic Index Vol. I pp. 379 and 539.

ઉપરના સંદર્ભોમાં સાયણાચાર્ય જે પહેલો અર્થ 'લીંપેલી' ઉપચય પામેલી અસુરોની પુરીઓ કરે છે. તે ઠીક બંધ બેસે છે. હાલના વિદ્વાનો દેહીનો અર્થ પુરની આજુબાજુ ઊભા કરેલા મટોડાના કોટ જેવો કરે છે. પણ ઉપરના ઋગ્વેદના બંને ઉલ્લેખોમાં આવી દિવાલોનો કોટવાળી પુરીઓ લેવો વધારે ઉચિત લાગે છે. શંબરની આવી ૯૯ પુરીઓ હતી.

યજુર્વેદસંહિતા અને બ્રાહ્મણગ્રંથોમાં મહાપુર*ના ઉલ્લેખો છે.

મૃણ્મય ગૃહ—શ્મશાન—સ્તૂપ—ઐડૂક

મૃણ્મય ગૃહનો પહેલાં ઉલ્લેખ કર્યો છે. એનો અર્થ મૃતદેહ માટેનું માટીનું ઘર–સ્તૂપ કે કબર જેવો કરવામાં આવે છે. વૈદિક પરંપરામાં મૃત માટે દાહ અને દાટવું એ બન્ને પરંપરાઓ હતી કે એકલા દાહની એ વિષે મતભેદ છે. કેટલાક ઉલ્લેખો દાટવાનું સૂચન કરે છે. તેમ ન હોય તોપણ દાહ પછી અસ્થિઓનો સંગ્રહ કરી તેને દાટવામાં આવતાં હશે અને તેના ઉપર મૃણ્મયગૃહ કે એવું બીજું કાંઈ સ્મારક કરવામાં આવતું હશે એમ માનવાને કારણ છે.

ઋ. વે. ૧૦–૧૮–૪માં જીવોથી–જીવતાંઓથી મૃત્યુને જુદો પાડવા પરિધિ મૂકવાનો ઉલ્લેખ છેઃ परिधिं दधामि સાયણાચાર્ય આ પરિધિ કે પરિધાન તરીકે પાષાણ મુકાતો એમ સૂચવે છે. એ જ ઋચામાં अन्तर्मृत्युं दधता पर्वतेन એમ કહ્યું છે. અર્થાત્ સાયણાચાર્ય પ્રમાણે પર્વત વડે શિલ્લોચ્ચય વડે મૃત્યુને અંદર મૂકો. અંતર્હિત કરો એવો ઉલ્લેખ છે.

આ પરિધિ તે સ્તૂપની આજુબાજુ કઠોડા હોય છે. તેનું સૂચક છે તે ઉપરથી એમ અટકળ કરી શકાય કે શ્રમણપરંપરાએ પ્રસિદ્ધ કરેલા સ્તૂપનું આ મૂળ સ્વરૂપ હોય. સ્તૂપના સ્વરૂપને મળતું બીજું લક્ષણ આ જ સૂક્તની ૧૩મી ઋચામાં છે.

उत्ते स्तभ्नामि पृथिवीं त्वत्परीमं लोगं निदधन्मो अहं रिषम् ।
एतां स्थूणां पितरो धारयन्तु तेऽत्रा यमः सादना ते मिनोतु ॥

[અસ્થિ કુંભને ઉદ્દેશીને આ ઋચા બોલાય છે.] હે અસ્થિકુંભ તારી આજુબાજુ (કે ઉપર) આ લોગ કહેતાં લોષ્ટને (કપાલ–ઠીબું–કલાડા જેવું) મૂકતો હું પૃથિવીને (તારા ઉપર પડતા) થંભાવું છું. હું પીડા ન પામું. આ સ્થૂણાને (થાંભલીને) પિતાઓ ધારણ કરે (સ્થિર કરે). યમ તારે માટે અહીં સદન કરે.

આમાં જે 'લોગ' જમીનને પડતી અટકાવે છે તે કાં તો અસ્થિકુંભ ઉપરનું ઢાંકણ હોય અથવા તો એ માટીના ઢગ ઉપર જ મુકાતું ઢાંકણ હોય. જો આ બીજો અર્થ લઈ શકાય તો એ સ્તૂપો ઉપર જે ઇંટો કે પથ્થરનું આચ્છાદન થાય છે તેને મળતું લક્ષણ થયું. આ લોગ ઉપર કે ઢગની બાજુએ સ્થૂણા–થાંભલી–રોપવામાં આવતી હશે. સ્તૂપોની પાસે આવા સ્તંભ રોપવાની રીત બૌદ્ધ સ્તૂપોમાં તો સર્વસામાન્ય છે.

* વૈદિક ઈન્ડેક્સ. વો. ૨, પૃ. ૧૪૧.

આ ગમે તે હોય પણ ઋગ્વેદના કાળમાં ‘ પરિધિ ’ ‘ લોગ ’ અને ‘ સ્થૂણા ’ સાથેના દાટવાના ઢગની પ્રથા હતી એટલું અનુમાન તો કરી શકાય છે. *

સ્તૂપ શબ્દ ઋ. વે.માં બે સ્થળે ઉલ્લેખાયેલો છે—૧–૨૪–૭ અને ૭–૨–૧માં, તે ઉપરાંત ૧૦–૧૪૯–૫માં હિરણ્યસ્તૂપનો ઉલ્લેખ છે.

૭–૨–૧ અગ્નિને ઉદ્દેશીને છે. હે અગ્નિ, આજે અમારા સમિધને સ્વીકાર—ભોગવ. યજનીય એવા ધૂમને દૂર કરતો અત્યન્ત પ્રકાશ, દિવ્ય સાનુને સ્તૂપો વડે સ્પર્શ કર. સૂર્યનાં રશ્મિઓ સાથે સમાગમ આપ.

આ ઋચામાં સાયણ સ્તૂપનો અર્થ તપ્ત એવો કરે છે. તેથી તપ્ત રશ્મિઓથી સ્પર્શ કર એમ અર્થ થાય. પણ યાસ્કાચાર્ય નિરુક્ત अ. १० खं. ३३ માં स्तूपः स्त्यायतेः संघातः અર્થાત્ સ્તૂપ એટલે ઢગ એવો અર્થ કરે છે. એ અર્થ આ સૂક્તમાં જ્વાલાઓના સંઘાતના અર્થમાં બેસી શકે.

ઋ. વે. ૧–૨૪–૭. નીચે પ્રમાણે છે :—

अबुध्ने राजा वरुणो वनस्योर्ध्वं

स्तूपं ददते पूतदक्षः ।

नीचीनाः स्थुरुपरि बुध्न एषामस्मे

अन्तर्निहिताः केतवः स्युः ॥

આમાં સ્તૂપનો અર્થ કોઈ પ્રકારની રચનાનો સૂચક લાગે છે. ‘ પવિત્ર કૌશલવાળો વરુણ મૂળ રહિત પ્રદેશમાં (અંતરિક્ષમાં) વનની ઉપર ધરે છે. આમનું મૂળ ઉપર છે અને નીચે રહે છે. અંદર મૂકેલા કેતુઓ (= સૂચકો) અમારા માટે હો. ’

આ ઋચાનો અર્થ જોઈએ તેટલો સ્પષ્ટ નથી પણ એમાં બે વસ્તુઓ ધ્યાનમાં લેવા જેવી છે. પ્રથમ તો મૂળ વિનાના પ્રદેશમાં સ્તૂપ જે મૂળવાળા અર્થાત્ પાયાવાળા સ્તૂપથી જૂદા પ્રકારનો છે. જે વરુણની અદ્ભુત શક્તિ સૂચવે છે. બીજું વરુણના પ્રકાશમય સ્તૂપનું મૂળ ઉપર છે પણ તેનું તેજ નીચે વિસ્તરે છે. તે ઊંધા કરેલા સ્તૂપનું સૂચક છે. તેની અંદર રહેલા કેતુઓ તે સ્તૂપની અંદર રહેલા અસ્થિના સૂચક ગણી શકાય. આમ આ ઋચામાં સ્તૂપની રચનાનો નિર્દેશ વધારે સ્પષ્ટ છે.

૧૦–૧૪૯–૫માં સાયણાચાર્ય નિરુક્તનો જ ઉલ્લેખ ટાંકી સ્તૂપનો અર્થ સંઘાત જ કરે છે.

ઋગ્વેદના આ ત્રણે ઉલ્લેખો ઉપરથી સ્તૂપનો મૂળ અર્થ સંઘાત કે ઊભો કરેલો રાશિ કે ઢગ થાય છે એ સ્પષ્ટ છે. શ્રમણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયેલા સ્તૂપનો મૂળ અર્થ પણ આ જ છે.

---

* એ સ્ટડિ ઑન વાસ્તુવિદ્યા, તારાપદ ભટ્ટાચાર્યકૃત, પૃ. ૨૦–૨૧.

૧–૨૪–૭નો જે અર્થ ઉપર કર્યો છે તે જો બરાબર હોય તો 'જેની અંદર કાંઈક મૂકેલું છે' એવા અસ્થિગર્ભ સ્તૂપનું એ સૂચક બને. છતાં એ ઉપરથી શ્રમણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ સ્તૂપ જેવી રચનાઓ વેદકાળમાં થતી હશે એમ કહી શકાય નહિ. એ માટે વધારે પુરાવાની જરૂર છે.

શતપથ બ્રાહ્મણ (કાણ્ડ-૧૩. અ-૮. બ્રા. ૧-૨)માં શ્મશાનનો ઉલ્લેખ છે.

अथास्मै कल्याणं कुर्वन्ति। अथास्मै श्मशानं कुर्वन्ति। गृहान् वा प्रज्ञानं वा...। 'મૃતને માટે કલ્યાણ કરે છે, એને માટે શ્મશાન કરે છે, અથવા **પ્રજ્ઞાન** (કહેતાં જણાવનાર સૂચક–સ્મારક) કહે છે.'

આ પ્રજ્ઞાન ઋ. વે. ૧–૨૪–૭માં **अन्तर्हिताः केतवः** અંદર મૂકેલા કેતુઓ અર્થાત્ કે સૂચકોના જેવું લાગે છે.

શતપથ બ્રાહ્મણમાં બે પ્રકારનાં શ્મશાનો નિર્દિષ્ટ છે. દૈવી પ્રજાઓનું ચતુઃસ્રક્તિ અથવા ચાર ખૂણાવાળું કે ચોરસ અને પ્રાચ્ય આસુરી પ્રજાઓનું પરિમણ્ડલ કહેતાં ગોળ. દૈવી પ્રજા એટલે દેવોને પૂજનારી આર્ય પ્રજા. તેમનું શ્મશાન તે ચાર ખૂણાવાળું. પૂર્વની આસુરી પ્રજા એ શ્રમણ સંપ્રદાયોની સૂચક હોય એમ લાગે છે. તેમનું શ્મશાન ગોળ. અર્થાત્ કે આર્યોનું શ્મશાન કહેતાં ગૃહ કે પ્રજ્ઞાન કે કેતુ કે સ્મારક તે ચાર ખૂણાવાળું અને શ્રમણોપાસક પૂર્વની આસુરી પ્રજાનું શ્મશાનગૃહ કે પ્રજ્ઞાન ગોળ. આ બીજા પ્રકારનો ઘાટ શ્રમણોના સ્તૂપના સૂચક છે. પહેલો પ્રકાર આર્યોનું શ્મશાન એ એડૂકનું× પૂર્વરૂપ લાગે છે.

વૈદિક કાલમાં ખંડેરો

પ્રો. ટી. બરોએ (ઑક્સફર્ડ) જર્નલ ઑફ ઈન્ડીઅન હિસ્ટરી, એપ્રિલ, ૧૯૬૩ના અંકમાં **અર્મ** અને **અર્મક** શબ્દોની ચર્ચા કરી છે. તેમણે એ શબ્દોનો અર્થ વિનષ્ટ ગ્રામ અથવા શૂન્યગ્રામનિવાસ અર્થાત્ ખંડેર કર્યો છે. તેમણે ઋગ્વેદથી પાણિનિ સુધીમાં આ શબ્દના મહત્ત્વના ઉલ્લેખોની ચર્ચા આપી છે. ઋગ્વેદ ૧–૧૩૩–૩નો નીચે પ્રમાણે ઉલ્લેખ આપ્યો છે: **अवासां मघवञ्जहि शर्धो यातुमतीनाम्। वैलस्थानके अर्मके महावैलस्थे अर्मके ॥** હે મઘવન્, આ જાદુગર સ્ત્રીઓની સેનાઓનો વૈલસ્થાનકના અર્મકમાં અને મહાવૈલસ્થના અર્મકમાં નાશ કર. આ જ સૂક્તની પહેલી ઋચામાં વૈલસ્થાનનો ઉલ્લેખ છે: આ ઉપરથી આર્યેતર વૈલસ્થાનક અને મહાવૈલસ્થ નામના બે નગરોનાં ખંડેરોનો આમાં ઉલ્લેખ આવે છે.

સાયણાચાર્ય વૈલસ્થાનના વૈલને બિલ ગણી એનો ગર્ત એવો અર્થ કરે છે અને ગર્ત શ્મશાનવાચી છે એમ કહે છે, તેથી વૈલસ્થાનનો અર્થ શ્મશાન કરે છે. બીજો અર્થ બિલ સંબંધી સ્થાન-નાગલોક એવો કરે છે. ત્રીજી ઋચામાં અર્મકનો અર્થ સાયણાચાર્ય શબોથી કુત્સિત એવું સ્થાન અર્થાત્ શ્મશાન કરે છે. બીજો અર્થ બિલ કહેતાં 'મોટું દર, અંધકારથી ભરેલું' એવો પણ કરે છે. મહાવૈલસ્થનો અર્થ મહાશ્મશાન અથવા નાગલોક કરે છે. સાયણાચાર્યના અર્થનું તાત્પર્ય મડદાંઓથી કુત્સિત એવું સ્થળ તે અર્મક. અહીંયાં સહજ રીતે લોથલ શબ્દની

× જુઓ જર્નલ ઑફ ધી ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ વૉ. ૧, નં. ૩. માર્ચ ૧૯૫૨મા એડૂક ઉપર ડૉ. પ્રિયબાળા શાહનો લેખ (પૃ. ૨૭૮–૨૮૫).

યાદ આવે છે, જેનો અર્થ પણ લોથ કહેતાં મડદાઓનું સ્થળ એવો થાય છે. મોહે–જો–દડોનો પણ એવો જ અર્થ થાય છે. આ બંને સ્થળોએ હડપ્પાની સંસ્કૃતિના અવશેષો મળ્યા છે તે પણ નોંધવું જોઈએ. પ્રો. બરો આ અને બીજાં પ્રાચીન વૈદિક સાહિત્યના ઉલ્લેખો ઉપરથી એવા અભિપ્રાય પર આવે છે કે 'વૈદિક સાહિત્યના સમય (ઈ. સ. પૂ. ૧૫૦૦ થી ઈ. પૂ. ૮૦૦)માં જે શ્મશાન જેવાં ખંડેરો હતા તે સિંધુસંસ્કૃતિના અવશેષો હોય એવી અપેક્ષા રાખી શકાય.' *

ગૃહદેવતા—પસ્ત્યા—અદિતિ—વાસ્તોષ્પતિ

આપણે પહેલાં જોઈ ગયા કે અદિતિ—પસ્ત્યા ગૃહદેવતા છે. ઇમારતો બાંધવાના સમગ્ર ઉપક્રમનો વેદોત્તર સંસ્કૃતિમાં વાસ્તુવિદ્યામાં સમાવેશ થાય છે. આ વાસ્તુવિદ્યાના દેવ તે વાસ્તોષ્પતિ. આ વાસ્તોષ્પતિની એક દેવ તરીકે ઋગ્વેદમાં કલ્પના થયેલી છે. આ બતાવે છે કે મકાનો બાંધવાની પ્રક્રિયાએ પણ ધાર્મિક વિધિનું સ્વરૂપ લીધું હતું. અને તેના ખાસ દેવતા તરીકે વાસ્તોષ્પતિની કલ્પના પણ થઈ ગઈ હતી. ઋગ્વેદના વાસ્તોષ્પતિના સૂક્તો ઉપરથી અને અથર્વવેદના શાલાનિર્માણના સૂક્તો ઉપરથી ગૃહજીવનની ભાવનાનો ઠીક ખ્યાલ આવે છે. તે જોઈએ:

૧–૧૫૪–૬માં યજમાન અને યજમાન પત્નીના વાસ્તુઓ કે જ્યાં મોટા શૃંગોવાળા અને ચપલગતિના બળદો છે ત્યાં જવાની કામનાનો ઉલ્લેખ છે.

૮–૨૫–૫માં મિત્રાવરુણ અન્નના વાસ્તુ કહેતાં નિવાસસ્થાનમાં રહે છે એનો ઉલ્લેખ છે. ૫–૪૧–૮માં ત્વષ્ટાને વાસ્તોષ્પતિ કહ્યો છે.

વાસ્તુના પતિ વાસ્તોષ્પતિની સ્તુતિ ઋ. વે. ૭–૫૪માં કરી છે. ૭–૫૫–૧માં પણ તેનો ઉલ્લેખ છે. ૮–૧૭–૧૪માં ગૃહના આધારભૂત સ્તંભ ધ્રુવ કહેતાં સ્થિર થાય એવી પ્રાર્થના છે. એમાં જે વાસ્તોષ્પતિને ઇન્દ્ર પણ ગણે છે અને તેને મુનિઓનો સખા કહ્યો છે. ૧૦–૬૧–૭માં વ્રતના પાલન કરનાર વાસ્તુના પતિને દેવોએ ઘડ્યો એનો ઉલ્લેખ છે.

देवा वास्तोष्पतिं व्रतपां निरतक्षन् ॥

---

* Such are the references to arma-or armaka in early Sanskrit literature. They extend from the Ṛgveda to Pāṇini, but detailed information is found only in the Vedic texts. It has been argued in the first place on general considerations that such ruins would be expected to belong to the Indus civilisation on account of their situation and date and a detailed examination of the statements of the Vedic texts in connection with this term has confirmed this. The result is of value since it has not been easy to correlate literary and archaeological evidence as far as the early history of India is concerned. By these references to arma-armaka the position is now considerably clarified. They confirm the theory that it was in fact the Aryans who were responsible for the overthrow of the Indus civilisation; they show that for centuries the most important of these ruins were conspicuous features of the countryside and they supply interesting information about the location of some of them. (p.p. 165-166).

ઋ. વે. મં. ૭. સૂ. ૫૪.

वास्तोष्पते प्रति जानीह्यस्मान्त्स्वावेशो अनमीवो भवा नः ।
ये त्वेमहे प्रति तन्नो जुषस्व शं नो भव द्विपदे शं चतुष्पदे ॥ १ ॥

હે વાસ્તુના પતિ (ગૃહના પાલયિતા દેવ)! અમને પ્રત્યેકને જાણુ! અમારે માટે શોભન ગૃહવાળો અને રોગ હરનારો થા! અમે જે તારી પાસે માગીએ તે અમને ભોગવવા આપ! અમારાં બેપગાં અને ચોપગાં વિષે સુખકર થા.

वास्तोष्पते प्रतरणो न एधि गयस्फानो गोभिरश्वेभिरिन्दो ।
अजरासस्ते सख्ये स्याम पितेव पुत्रान्प्रति नो जुषस्व ॥ २ ॥

હે વાસ્તુના પતિ અમારા તારનાર (સંવર્ધક) હે ઇન્દુ (સોમ) ગાયોથી, અશ્વોથી અમારા ગૃહનો સંવર્ધક થા! તારા સખ્યમાં અમે જરા રહિત (સદા યુવાન) થઈએ. પિતા જેમ પુત્રને તેમ તું અમને (જે માગીએ તે) ભોગવવા આપ!

वास्तोष्पते शग्मया संसदा ते सक्षीमहि रण्वया गातुमत्या ।
पाहि क्षेम उत योगे वरं नो यूयं पात स्वस्तिभिः सदा नः ॥ ३ ॥

હે વાસ્તુના પતિ સુખ આપનાર રમણીય, મોકળાશવાળી તારી સંસદ્ (સાથે બેસવાનું સ્થાન) વડે અમે શક્તિમાન થઈએ, અમારા યોગક્ષેમમાં ઉત્તમનું પાલન કર! સ્વસ્તિઓથી અમારું તમે સદા પાલન કરો.

અથર્વવેદ—કાણ્ડ ૩. સૂ. ૧૨

इहैव ध्रुवां नि मिनोमि शालां क्षेमे तिष्ठाति घृतमुक्षमाणा ।
तां त्वा शाले सर्ववीराः सुवीरा अरिष्टवीरा उप सं चरेम ॥ १ ॥

અહીંયાં જ શાલાને સ્થિર કરું છું. ઘીને સિંચતી તે સલામત રહો. હે શાલે તે તારી પાસે અમે સર્વવીરો, સુવીરો અક્ષત વીરો સંચરીએ.

इहैव ध्रुवा प्रति तिष्ठ शालेऽश्वावती गोमती सूनृतावती ।
ऊर्जस्वती घृतवती पयस्वत्युच्छ्रयस्व महते सौभगाय ॥ २ ॥

હે શાલે અહીંયાં જ સ્થિર થઈને પ્રતિષ્ઠિત થા, અશ્વોથી સમૃદ્ધ ગાયોથી બલથી સમૃદ્ધ, ઘીથી સમૃદ્ધ, દૂધથી સમૃદ્ધ મોટા સૌભાગ્યને અર્થે ઊંચી થા.

धरुण्यसि शाले बृहच्छन्दाः पूतिधान्या ।
आ त्वा वत्सो गमेदा कुमार आ धेनवः सायमा स्पन्दमानाः ॥ ३ ॥

હે શાલે તું ભંડાર છું, તારું છાપરું વિસ્તૃત છે. તારામાં પવિત્ર ધાન્ય છે. તારી પાસે વાછડું આવે, કુમાર આવે, સાંઝના (દૂધ) ઝરતી ગાયો આવે.

इमां शालां सविता वायुरिन्द्रो बृहस्पतिर्नि मिनोतु प्रजानन् ।
उक्षन्तून्दा मरुतो घृतेन भगो नो राजा नि कृषिं तनोतु ॥ ४ ॥

આ શાલાને સવિતા સ્થિર કરો. વાયુ ઇન્દ્ર, જ્ઞાની બૃહસ્પતિ મરુતો ઘીથી જલથી સિંચો. અમારો રાજા ભગ ખેતીને વિસ્તારો.

मानस्य पत्नि शरणा स्योना देवी देवेभिर्निमितास्यग्रे ।
तृणं वसाना सुमना असस्त्वमथास्मभ्यं सहवीरं रयिं दाः ॥ ५ ॥

હે માનની (ગૃહની—કે વાસ્તોષ્પતિની) પત્નિ! શરણ આપનારી, સુખ કરી દેવીદેવોથી પ્હેલાંથી સ્થિર કરાઈ છું. તૃણને પહેરતી તું સુમના થા! અને અમોને વીરો સહિતની સંપત્તિ આપ!

ऋतेन स्थूणामधि रोह वंशोग्रो विराजन्नप वृङ्क्ष्व शत्रून् ।
मा ते रिषन्नुपसत्तारो गृहाणां शाले शतं जीवेम शरदः सर्ववीराः ॥ ६ ॥

હે વાંસ ઋતથી (યોગ્ય ક્રમથી) (મધ્ય) સ્તંભ ઉપર આરૂઢ થા! ઉગ્ર-વિરાજતો શત્રુઓને દૂર કા'ડ! તારા ગૃહોમાં રહેનારાઓને હાનિ ન થાઓ! હે શાલે! અમે સર્વ વીરો સો શરદ જીવીએ.

एमां कुमारस्तरुण आ वत्सो जगता सह ।
एमां परिस्रुतः कुम्भ आ दध्नः कलशैरगुः ॥ ७ ॥

તરુણ કુમાર આની પાસે આવ્યો, વાછડું આવ્યું. જંગમ (પશુઓ)ની સાથે, છલકાતો કુંભ આવ્યો, દહીંના કલશો આવ્યા.

पूर्णं नारि प्र भर कुम्भमेतं घृतस्य धाराममृतेन संभृताम् ।
इमां पातॄनमृतेना समङ्ग्धीष्टापूर्तमभि रक्षात्येनाम् ॥ ८ ॥

હે નારિ! કુંભ પૂર્ણ ભરીને લાવ, અમૃતથી ભરેલી ઘીની ધારાને. આ પીનારાઓને અમૃતથી દીપિત કર. ઇષ્ટાપૂર્ત (શ્રૌત અને સ્માર્ત કર્મ) આનું રક્ષણ કરો.

इमा आपः प्र भराम्ययक्ष्मा यक्ष्मनाशनीः ।
गृहानुप प्र सीदाम्यमृतेन सहाग्निना ॥ ९ ॥

આ જલ ભરીને હું લાવું છું–જલ નીરોગી અને રોગને નાશ કરનારાં ! અમૃત અગ્નિની સાથે ઘરોની પાસે (વાસ કરવા) હું ચાલું છું.

અ. વે. કા. ૯. સૂ. ૩

उपमितां प्रतिमितामथो परिमितामुत ।
शालाया विश्ववाराया नद्धानि वि चृतामसि ॥ १ ॥

સર્વ પસંદ સામગ્રી ધારણ કરતી શાલાના જે ઉપમિતો, પ્રતિમિતો અને વળી પરિમિતોના બંધનો છે તે અમે છોડીએ છીએ.

यानि तेऽन्तः शिक्यान्याबेधू रण्याय कम् ।
प्र ते तानि चृतामसि शिवा मानस्य पत्नि न उद्धिता तन्वे भव ॥ ६ ॥

તારી અંદર જે શિંકાઓ રમણીયતાને માટે બાંધ્યા હતાં તે બધાં છોડીએ છીએ. માનની પત્ની ઊંચી થતાં અમારી જાતને કલ્યાણકારિણી થા.

हविर्धानमग्निशालं पत्नीनां सदनं सदः ।
सदो देवानामसि देवि शाले ॥ ७ ॥

હે દેવિ ! શાલે ! તું હવિર્ધાન છું, અગ્નિશાલ છું, પત્નીઓનું સદન છું, અને બેઠક છું.

यस्त्वा शाले प्रतिगृह्णाति येन चासि मिता त्वम् ।
उभौ मानस्य पत्नि तौ जीवतां जरदष्टी ॥ ९ ॥

હે શાલે જે તને સ્વીકારે છે, અને જેણે તને આપી છે (બાંધી છે) તે બન્ને, હે માનની પત્નિ (ગૃહની પત્ની–માલકણ) તે બંને ઘડપણ સુધી જીવો !

यस्त्वा शाले निमिमाय संजभार वनस्पतीन् ।
प्रजायै चक्रे त्वा शाले परमेष्ठी प्रजापतिः ॥ ११ ॥

હે શાલે જેણે તને સ્થિર કરી, જેણે વનસ્પતિ (વનનાં વૃક્ષો) એકઠાં કર્યાં,–હે શાલે પરમેષ્ઠી પ્રજાપતિએ તને પ્રજા માટે કરી.

नमस्तस्मै नमो दात्रे शालापतये च कृण्मः ।
नमोऽग्नये प्रचरते पुरुषाय च ते नमः ॥ १२ ॥

તેને નમસ્કાર! દાતાને અને શાલાપતિને (ગૃહના માલિકને) નમસ્કાર કરીએ છીએ. વિચરતા અગ્નિને નમસ્કાર અને તારા પુરુષને (આત્માને?) નમસ્કાર.

गोभ्यो अश्वेभ्यो नमो यच्छालायां विजायते ।
विजावति प्रजावति वि ते पाशांश्चृतामसि ॥ १३ ॥

ગાયોને, અશ્વોને નમસ્કાર, જે કાંઈ શાલામાં જન્મે છે તેને નમસ્કાર. હે વિવિધ જન્મ આપનારી! હે પ્રજાપતિ! તારા પાશોને અમે છોડીએ છીએ!

अग्निमन्तश्छादयसि पुरुषान्पशुभिः सह ।
विजावति प्रजावति वि ते पाशांश्चृतामसि ॥ १४ ॥

તું અગ્નિને અંદર ઢાંકે છે (રાખે છે), પશુઓ સાથે પુરુષોને! હે વિવિધ જન્મ આપનારી! હે પ્રજાવતિ તારા પાશોને અમે છોડીએ છીએ.

ऊर्जस्वती पयस्वती पृथिव्यां निमिता मिता ।
विश्वान्नं बिभ्रती शाले मा हिंसीः प्रतिगृह्णतः ॥ १६ ॥

બલવાળી, દૂધવાળી, સ્થિર થયેલી, પૃથ્વીમાં રચાયેલી, સર્વ અન્નને ધારણ કરતી હે શાલે! (તારો) સ્વીકારની હિંસા કરીશ નહીં.

तृणैरावृता पलदान्वसाना रात्रीव शाला जगतो निवेशनी ।
मिता पृथिव्यां तिष्ठसि हस्तिनीव पद्वती ॥ १७ ॥

ઘાસથી આચ્છાદિત, પરાળને પહેરતી શાલા જંગમ પ્રાણીઓનું રાત્રિની જેમ વિશ્રામ સ્થાન છે. પૃથ્વીમાં રચાયેલી પગવાળી હાથણીની જેમ તું ઊભી છું.

ब्रह्मणा शालां निमितां कविभिर्निमितां मिताम् ।
इन्द्राग्नी रक्षतां शालाममृतौ सोम्यं सदः ॥ १९ ॥

બ્રહ્મ વડે સ્થિર કરાયેલી શાલા, કવિઓ વડે સ્થિર કરાયેલી-રચાયેલી અમર એવા ઇન્દ્ર-અગ્નિ શાલાનું રક્ષણ કરો.—સોમનું સ્થાન!

यां द्विपक्षां चतुष्पक्षा षट्पक्षा या निमीयते ।
अष्टापक्षां दशपक्षां शालां मानस्य पत्नीमग्निर्गर्भ इवा शये ॥ २१ ॥

જે બે બાજુઓવાળી, ચાર બાજુઓવાળી, છ બાજુઓવાળી જે સ્થિર કરાય છે, આઠ બાજુવાળી, દશ બાજુવાળી શાલા-માનની પત્નીમાં અગ્નિ ગર્ભની જેમ સૂવે છે.

प्रतीचीं त्वा प्रतीचीनः शाले प्रैम्यहिंसतीम् ।
अग्निर्ह्य१न्तरापश्चर्तस्य प्रथमा द्वाः ॥ २२ ॥

(મારા તરફ) આવતી એવી તું તરફ, અહિંસક તરફ હે શાલે, હું આગળ વધું છું, કારણ કે તારી અંદર અગ્નિ છે અને જળ છે. ઋતનું પ્રથમ દ્વાર !

મુનશીની નવલકથાઓમાં ચમત્કારનું નિરૂપણ

યશવંત શુક્લ

વડોદરામાં ભરાયેલા લેખકમિલનમાં વાર્તામાં ચમત્કારના નિરૂપણનો પ્રશ્ન છણાવા પામ્યો હતો ત્યારે શ્રી મુનશીના "ગુજરાતનો નાથ"માંના ચમત્કારક પ્રસંગોનો દૃષ્ટાન્ત તરીકે ઉપયોગ થયો હતો. કાક કીર્તિદેવનું કુળ જાણી લાવે છે એ પ્રસંગ સંભવાસંભવની દૃષ્ટિએ જ નહીં પણ નવલકથામાં ચમત્કારનું આ પ્રકારનું નિરૂપણ રસદૃષ્ટિએ નિર્વાહ્ય ગણાય કે નહીં એ દૃષ્ટિએ પણ ચર્ચાયો હતો. ચમત્કારકનો અર્થ અહીં અતીન્દ્રિય, અતિમાનુષ અથવા અતિપ્રાકૃત એવો લેવાનો છે અને રસની પરિભાષામાં જેને ચમત્કૃતિ અથવા ચમત્કારક કહીએ તેનાથી આ સાવ ભિન્ન છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

ઉપર ઉલ્લેખેલી સભામાં આ પ્રસંગ અંગે બે મુદ્દા ઉપસ્થિત થયા હતા એવું સ્મરણ છે: એક તો એ કે કીર્તિદેવનું કુળ જાણી લાવવા સુધીની ઘટનાઓ તે જમાનાની માન્યતાઓ પ્રમાણે નિરૂપાયેલી ઘટનાઓ હોવાથી સંભવાસંભવનાં આજનાં ધોરણોથી એ પ્રસંગને કસવાની જરૂર નથી; બીજો એ હતો કે, ગમે તે પ્રકારે, ચમત્કારક ઘટનાના નિરૂપણમાંથી અદ્ભુત રસ નીપજી રહ્યો હોય તો સંભવાસંભવની પીંજણમાં પડ્યા વિના અમને તો એ અદ્ભુતને આસ્વાદવાની ગરજ છે.

'ગુજરાતનો નાથ'માં કીર્તિદેવ પોતાનું કુળ જાણવાની ઇચ્છાથી પાટણના સ્મશાનમાં જઈને કાળભૈરવને આરાધે, જોગણીઓનું આહ્વાન કરે, તાંત્રિક સાધના આદરે અને ફટકો ખમવાની શરતે હાથ ધરી પોતાનું લોહી આપે ત્યાં સુધીની ઘટનાઓ પાત્રવ્યવહારની ઘટનાઓ હોઈને સમજાય એવી છે. એ પ્રકારના પાત્રવ્યવહારની વાસ્તવિકતા ઘટાવવી આજે પણ કદાચ મુશ્કેલ નથી. આ વીર માલવી યોદ્ધો પણ પાટણના સ્મશાનમાં મધરાતે કાળભૈરવને આરાધતાં ફફડાટ અનુભવે અને પોતાના મિત્ર કાકને સાથે રાખે, અર્થાત્ કીર્તિદેવ પોતાનું લોહી આપે ત્યાં સુધીની પ્રક્રિયાનો કાક સાક્ષી બની રહે એ ઘટના પણ અતર્ક્ય નથી. પણ લોહી લીધા પછી કાળભૈરવની એજન્સી કીર્તિદેવના કુળની ત્યાં ને ત્યાં જાણ કરવાને બદલે મુદત પાડે એ જરાક વિસ્મયકારક છે. નવલકથાકારને આ પછીની ઘટનાઓ યોજવા માટે આટલો ગાળો પાડવાની જરૂર પડી છે એ તો સુસ્પષ્ટ છે.

મુંજાલના હાથમાં સપડાયેલો અને અવાવરુ વાવના ભોંયરામાં કેદ પુરાયેલો કીર્તિદેવ આપેલી મુદતે પાટણના સ્મશાનમાં બીજી વાર હાજર થઈ શકે એવો સંજોગ લેખકે રહેવા દીધો નહીં હોવાથી ઉદા મહેતાની કેદમાંથી મંજરીને છોડાવવા આવી પહોંચેલા કાકને માથે બાજુના ભોંયરામાં પુરાયેલા કીર્તિદેવનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરી આપવાનું કર્તવ્ય આવી પડે છે. આ બધી ભેદી પરિસ્થિતિઓની પરંપરાને શક્યાશક્યતાનાં ધોરણો પ્રયોજવાનુ માંડી વાળીએ તો આટલે સુધી આવતાં માનુષી અને સ્વાભાવિક પાત્રવ્યવહાર ચિત્રિત થયેલો છે એમ કહેવામાં ઝાઝી હરકત નથી.

તે પછી આપેલી મુદતે કાક એકલો પાટણના સ્મશાનમાં જાય છે અને કીર્તિદેવે શીખવેલા તાંત્રિક વિધાનને અંતે કાળભૈરવની એજન્સી કાકને કીર્તિદેવના કુળની જાણ કરે છે, એટલું જ નહીં, બરાબર જે વખતે મુંજાલની તલવાર કીર્તિદેવના ગળા ઉપર પડવાની તૈયારીમાં તે અણીની ક્ષણે ‘ખબરદાર!’ કહેતો કાક નાટચાત્મક રીતે ભોંયરામાં ઉપસ્થિત થાય છે અને કીર્તિદેવના કુળની જાહેરાત કરે છે તે ઘટનાઓ માત્ર પાત્રવ્યવહાર સૂચવતી ઘટનાઓ નથી પણ જગતના ભૌતિક વિધાન સાથે સંબંધ ધરાવતી વસ્તુલક્ષી ઘટનાઓ છે. આ ઘટનાઓમાં પાત્રોના કર્તૃત્વ ઉપરાંત લેખકનું પણ કર્તૃત્વ છે, કેમ કે ‘ગુજરાતનો નાથ’ની ઘટનાસૃષ્ટિનો વિધાતા તેનો લેખક છે.

હવે પાત્રોને તેમની શ્રદ્ધા, બુદ્ધિ, મનોદશા, જરૂરિયાત આદિનાં પ્રેર્યાં તેમના સામાજિક સંદર્ભમાં વ્યવહરતાં ચિત્રિત કરવાં એ એક વસ્તુ છે, અને નવલકથાના વસ્તુવિકાસને અસર કરતી અને જગતની ભૌતિક રચના સાથે સંબંધ ધરાવતી બિનંગત હકીકતોનું આલેખન કરવું એ બીજી વસ્તુ છે. એકનો વિચાર એક રીતે થઈ શકે અને બીજાનો વિચાર બીજી રીતે થઈ શકે. પહેલી બાબતમાંથી નીપજતો પાત્રવ્યવહાર બીજી બાબતમાં નિર્દેશેલા ઘટનાજગત ઉપર અસર પાડી શકે કે કેમ એ બૌદ્ધિક પ્રતીતિનો વિષય હોવાથી એનો સહેજે અલાયદો વિચાર કરવો પ્રાપ્ત થાય છે.

એટલે કુળ જાણવા માટે કીર્તિદેવે જે જે ઉધામા કર્યા તે પાત્રવ્યવહારનો પ્રશ્ન છે પણ કાક કીર્તિદેવનું કુળ કાળભૈરવ પાસેથી કઢાવી લાવ્યો એ ઘટના જગતનો વસ્તુલક્ષી પ્રશ્ન છે. આ પ્રસંગમાં પાત્રની શ્રદ્ધા, બુદ્ધિ, લાગણી, જરૂરિયાત આદિએ પ્રેરેલો વ્યવહાર ઘટનાજગતનો નિર્ણાયક બને તે ઉપરાંત જે સામાજિક સંદર્ભ આલેખાયો હોય તેમાં સંભવી શકે એવો, મનુષ્યની ચેતનાએ યુગોના અનુભવને આધારે નોંધી રાખેલાં બીજાં બળો પણ એનાં નિર્ણાયક બને છે. શ્રી. મુનશીના ચમત્કારક ઘટનાના નિરૂપણમાં પાત્રવ્યવહાર અને ઘટનાજગતનાં પરિબળો વચ્ચે વિરોધાભાસ રચાય છે અને આ વિરોધાભાસ અસંભવદોષની ઝાંખી તો કરાવે જ છે પણ એ રસક્ષતિનો પણ અનુભવ કરાવે છે.

દાખલા તરીકે સતનું પારખું લેવા માટે ઊકળતા તેલની કઢાઈમાં હાથ બોળાવવા સુધીનો પાત્રવ્યવહાર આલેખી શકાય પણ સતવાળા પાત્રનો હાથ દાઝ્યો નહીં એમ કહીએ ત્યારે ભૌતિક સૃષ્ટિના વારંવાર નોંધાયેલા અનુભવ સાથે એનો મેળ મેળવવાની જરૂર પડે છે. ઊકળતા તેલમાં હાથ નાખવાથી સતવાળા પાત્રનો પણ હાથ દાઝ્યો એમ કહેવાથી આજના સાંભળનારની બૌદ્ધિક પ્રતીતિઓનો સંવાદ એ કથન સાથે સધાશે પણ એથી વિરુદ્ધનું કહેનારે શ્રોતાની બૌદ્ધિક પ્રતીતિનો સહકાર મેળવવા વાસ્તે કાં સંદર્ભ બદલાવવો પડે અથવા તો વાતાવરણ બદલાવવું પડે. આ પ્રશ્ન કેવળ લેખનસ્વાતંત્ર્યનો પ્રશ્ન નથી, રસાનુભવનો પણ પ્રશ્ન છે.

“ગુજરાતનો નાથ”માં થયેલું અતિપ્રાકૃત અથવા અતિમાનુષ ઘટનાનું આલેખન એ સોલંકી સમયના ગુજરાતની મૂલ્યસૃષ્ટિને અનુસરતું આલેખન છે એમ કહેવાથી લેખક છૂટી જઈ શકતા નથી કેમ કે ભૌતિક સૃષ્ટિમાં નીપજી શકે તેવી ઘટનાઓના નિરૂપણમાં ઘટનાને પ્રેરનારાં પરિબળો અને નિયમો—અને પરિબળો કરતાં યે વિશેષ તો નિયમો—જમાને જમાને જુદા હોતા નથી. વળી આ નવલકથા સોલંકી સમયના ગુજરાતની પ્રજાને વાંચવા માટેની નવલકથા હોત તો

વાત જુદી હતી પણ લેખકને આ જમાનાના વાચકોનો બૌદ્ધિક સહકાર મેળવવાનો હોવાથી એમણે ભૌતિક ઘટનાઓના વિધાયક નિયમો પરત્વે આજના વાચકોનો ખ્યાલ ધ્યાનમાં લેવાનો રહે છે, કેમ કે રસાનુભવની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે એ ખ્યાલ એક અગત્યનું તત્ત્વ છે.

નવલકથા એ વાર્તા છે તોપણ વિજ્ઞાનયુગમાં યંત્રોદ્યોગપ્રધાન માનવસમાજની જરૂરિયાતોને વશ વર્તીને આ સાહિત્યસ્વરૂપ પેદા થયું હોવાથી વિજ્ઞાનયુગની બૌદ્ધિક અપેક્ષાઓનું બંધન પોતાના જન્મકાળથી જ એણે વહોરી લીધું છે. જૂની વાર્તા અને નવલકથા વચ્ચેનો આ એક મુખ્ય અને મૌલિક ભેદ છે; પણ તેનો અર્થ એવો નથી કે અતીન્દ્રિય અનુભવનું આલેખન નવલકથામાં થઈ જ ન શકે. લેખકના સ્વાતંત્ર્ય ઉપર મર્યાદા મૂકવાનો કોઈને અધિકાર નથી. વાસ્તવમાં રૂપગત અપેક્ષાઓનું બંધન લેખકને હોઈ શકે નહીં કેમ કે પ્રત્યેક કલાકૃતિને એનું વિશિષ્ટ રૂપ હોય જ છે. તેમ છતાં કલાકૃતિ નીપજી રહ્યા પછી ભાવકપક્ષે રસાનુભવની પ્રક્રિયામાં વિક્ષેપરૂપ થનારાં તત્ત્વોની ચર્ચા અવશ્ય કરવી જોઈએ. "ગુજરાતનો નાથ"માં પ્રાકૃતિક વા માનુષી ઘટનાઓ આલેખાઈ છે તેને આસ્વાદવા માટે જે બૌદ્ધિક પ્રતીતિઓનો સહારો લેખક મેળવે છે તે જ પ્રતીતિઓ ચમત્કારક ઘટનાને આસ્વાદવા માટેની ભૂમિકારૂપે ચાલુ રહેવાથી રસાસ્વાદમાં વિઘ્ન ઊભું થાય છે. જો નવલકથામાં લેખકે અતીન્દ્રિય કે અતિમાનુષ વાતાવરણ આલેખવું હોય તો ભાવકની અપેક્ષાઓની ભૂમિકા એણે બદલાવી આપવી જોઈએ જેથી એની પ્રતીતિઓ એ અપેક્ષાઓને અનુસરી શકે; જેમ કે ગલીવરની મુસાફરીમાં લેખકે વહેંતિયાઓ અને અતિકાય મનુષ્યોના સમાજની વચમાં ગલીવરને મૂકી આપ્યો હોવાથી એ રૂપકકથાની અપેક્ષાઓ બદલાઈ જતાં પ્રતીતિઓનું સ્વરૂપ પણ બદલાઈ જાય છે. બીજો દાખલો આપું તો Animal Farmના લેખકે પોતાની રૂપકકથામાં જે પશુલોક આલેખ્યો છે તે માનવલોકની જેમ વ્યવહરે છે ત્યારે સંભવાસંભવની અપેક્ષાઓનો પ્રકાર જ બદલાઈ જતો હોય છે. શ્રી મુનશીએ "ગુજરાતનો નાથ"માં અપેક્ષાઓ અને પ્રતીતિઓ બદલાવવાની મુદ્દલ કોશિષ જ કરેલી નહીં હોવાથી કીર્તિદેવના કુળની શોધવાળી ઘટના અદ્ભુતરસનું પણ નિર્માણ કરી શકતી નથી. લેખકની પાછળ ઘસડાતાં ભાવકને પરાણે પોતાની અપેક્ષાઓ બદલાવવી પડતી હોવાથી એ રસભંગનો ક્લેશ અનુભવે છે.

આ દૃષ્ટિએ જોઈએ તો "ભગવાન કૌટિલ્ય"માં વાર્તાને અંતે કૌટિલ્યને જે ધર્માનુભવ થાય છે તે માટે ભાવકોને લેખકે સજ્જ કર્યા હોવાથી એ અનુભવ ક્લેશકર નીવડતો નથી. વળી 'તપસ્વિની'માં રાજબાને જ્યારે કંઈ પાર્થિવ, સ્થૂળ, અભદ્ર કે બીભત્સની ગંધ આવે છે ત્યારે એની સુરુચિ ઉપરાંત એનું સમસ્ત ચૈતન્ય મૂર્છિત થાય છે તેવું એ પાત્રનું આલેખન નિર્વાહ્ય લાગે છે, જોકે ઘટના બનતાં પહેલાં ઘટનાના સ્વરૂપને ભદ્રાભદ્રના સંદર્ભમાં અગાઉથી પામી જવાની એની શક્તિ વિસ્મય પ્રેરે તેવી છે. તેમ છતાં એને એક પ્રકારનું aesthetic moral perception ગણીને એની આસ્વાદ્યતા સ્વીકારી શકાય તેમ છે. પણ રાજબાની આ શક્તિ હજી બીજરૂપે હોવી જોઈએ તે સ્થિતિમાં જ્યારે નર્મદાતીરે મંદિરના ભોંયરામાં યોગીરાજને એમની મૃત્યુ પામેલી પ્રિયતમા સાચમાચ ઉપસ્થિત હોય એ રીતે શરીરગતિના ભૌતિક નિયમોને ખોટા પાડીને પ્રવર્તતા એણે નરી આંખે જોયા એને એક પાત્રને થયેલો બીજા પાત્ર વિશેનો અનુભવ કહીને બાજુ પર નહીં મૂકી શકાય.

ભૌતિક નિયમોને અતિક્રમનારા ચમત્કારો બની શકે છે એવી લેખકની શ્રદ્ધા કે સ્વાનુભવ હોય ત્યારે પણ નવલકથા કેવળ લેખકના સ્વાનુભવને જોરે આસ્વાદ્ય બની શકતી નથી. પ્રત્યેક અનુભવને એનું વિશિષ્ટ વાતાવરણ હોય છે અને નવલકથાની સમગ્ર અનુભવપરંપરાનું પણ વિશિષ્ટ વાતાવરણ હોય છે. એ વાતાવરણના સંદર્ભમાં કરેલું સ્વાનુભવનું સ્વકલ્પનાનું, અતીદ્રિય કે અતિમાનુષ ઘટનાઓનું અથવા ચમત્કારોનું પણ આલેખન આસ્વાદ્ય બની શકે પણ ઇન્દ્રિયગોચર અને અતીન્દ્રિયનો સંકર રસાવહ બની શકતો નથી.

કલાકૃતિની અખંડતા—unityનો અનુભવ આ સાંકર્યરહિતતા ઉપર નિર્ભર છે.

ધોળકાની વાવનો શિલાલેખ

હરિપ્રસાદ શાસ્ત્રી

ધોળકા એ ગુજરાતનું એક ઐતિહાસિક નગર છે. ત્યાં સોલંકી, વાઘેલા અને મુસ્લિમ કાલના અનેક શિલાલેખ નજરે પડે છે. એમાં સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસે આવેલી જૂની વાવના પ્રવેશદ્વાર પર રહેલો શિલાલેખ એ ગુજરાતની વાવોના શિલાલેખોમાં નોંધપાત્ર છે.

આ લેખ એક લંબચોરસ તકતી પર કોતરેલો છે. એ તકતી ૨' ૮$\frac{3}{4}$" લાંબી અને ૧' ૧$\frac{1}{4}$" પહોળી છે. લેખ કુલ ૧૮ પંક્તિનો છે ને દરેક પંક્તિમાં સરેરાશ ૬૦ અક્ષર છે. લેખ દેવનાગરી લિપિમાં કોતરેલો છે. એની ભાષા સંસ્કૃત છે. આરંભિક વાક્ય ગદ્યમાં છે; એ સિવાયનો બાકીનો બધો ભાગ પદ્યમાં છે. પદ્યમાં કુલ ૧૭ શ્લોક છે, જેની રચના શાર્દૂલવિક્રીડિત (શ્લો. ૧, ૭), સ્રગ્ધરા (શ્લો. ૨), મંદાક્રાન્તા (શ્લો. ૩, ૧૪, ૧૫), અનુષ્ટુભ (શ્લો. ૪, ૮, ૯, ૧૦, ૧૩, ૧૭), રથોદ્ધતા (શ્લો. ૫), માલિની (શ્લો. ૬, ૧૨), ઇન્દ્રવજ્રા (શ્લો. ૧૧) અને શાલિની (શ્લો. ૧૬) એવા વિવિધ છંદોમાં કરેલી છે.

લેખની મિતિ વિક્રમ સંવત ૧૪૬૬ શક વર્ષ ૧૩૩૨ના જ્યેષ્ઠ સુદિ દશમી અને બુધવારની છે. એ સમયે ધવલમંડલ શ્રી મદફર પાતશાહની હકૂમત નીચે હતું અને સહદેવ એ મંડલનો અધિકારી હતો.

શ્લોક-૧માં પોતાના દશ અવતારો વડે દૈત્યોના ઉપદ્રવથી રક્ષણ કરનાર, યોગીશ્વરોના હૃદયમાં રહેલા અને પાતક દૂર કરનાર હરિ(વિષ્ણુ)ની સ્તુતિ કરવામાં આવી છે. પછી શ્રી **ટક** નામે વીરવંશની પ્રશસ્તિ કરી છે. (શ્લો. ૨). એ વંશમાં મલ્હાણ ગોત્રમાં **આશાપાલ** નામે રાજમુદ્રાધિકારી થયો (શ્લો. ૩). એ મિત્રો, બંધુઓ, સેવકો અને દુઃખિતોની આશાઓ સર્વદા પાળતો પોતાનું નામ સાર્થક કરતો (શ્લો. ૪). એને **પૂર્ણપાલ** નામે પુત્ર હતો, જે સચિવેશ્વર થયો અને પરમાર્થ કરવામાં અગ્રણી હતો (શ્લો. ૫). એનો પુત્ર **સહદેવ** પાતસાહનો માનીતો હતો અને ભારે પ્રતાપી તથા યશસ્વી હતો (શ્લો. ૬). એને જાણે વિધાતાએ જ લોકોપકારની બુદ્ધિ અર્પી હતી. (શ્લો. ૭). એનો **આશાચંદ** નામે પુત્ર દેવલોક પામ્યો. એના અકાલ મરણથી એનાં માતા-પિતા બહુ દુઃખી થયાં; વિશેષતઃ પોતાના નિઃસંતાનત્વને લઈને (શ્લો. ૮-૯) પિતા **સહદેવ** અને માતા **સાધૂ** પોતાના પુત્રના પુણ્યાર્થે પ્રવૃત્ત થયાં અને એ પ્રવૃત્તિ દ્વારા પોતાના વાત્સલ્યને અનુરૂપ હર્ષ પામવા લાગ્યાં (શ્લો. ૧૦-૧૧). પોતાના પુત્રના પુણ્ય માટે સતત દ્રવ્યનું દાન કરતા સહદેવે સાર્વજનિક પરમાર્થ માટે ઇચ્છા કરી અને આ અદ્ભુત વાવ કરાવી (શ્લો. ૧૨-૧૩). પછીના ત્રણ શ્લોકોમાં વાવની પારમાર્થિક ઉપયોગિતાનું, વાવ બંધાવનાર સ્વામીના કીર્તનનું તથા વાવના શીતલ જળથી પોતાની તૃષા છિપાવતા પથિકોના આશીર્વાદનું નિરૂપણ કરેલું છે (શ્લો. ૧૪-૧૬). એ પછી **शिवमस्तु सर्वजगतः ॥ श्रीः ॥** એવાં મંગલવાચક પદ આવે છે એ પરથી મૂળ લેખ અહીં સમાપ્ત થતો હોવાનું સૂચિત થાય છે.

એ પછી વળી એક શ્લોક આવેલો છે, જેમાં બે સ્ત્રીઓ પોતાના પતિની પાછળ સતી થઈ હોવાનું જણાવેલું છે. આ શ્લોકમાં પતિનું નામ કે એની પત્નીઓનાં નામ આપવામાં આવ્યાં નથી, પરંતુ પૂર્વાપર સંબંધ પરથી સહદેવના મૃત્યુપ્રસંગે એની બે પત્નીઓ સતી થઈ હોવાનું સૂચિત થાય છે. આ પરથી એવું માલૂમ પડે છે કે વાવ બંધાવ્યાને લગતો મૂળ લેખ સહદેવની હયાતી દરમ્યાન એ વખતે જ લખાયો અને કોતરાયો હશે, જ્યારે સતી થયાને લગતો આ શ્લોક એના મૃત્યુ પછી એ લેખને અંતે ઉમેરવામાં આવ્યો હશે. પુરવણીના શ્લોક પછી પણ **मंगलं ॥ श्रीः ॥** એવાં મંગલપદ મૂકેલાં છે.

લેખની મિતિ ઈ. સ. ૧૪૧૦ની ૧૪મી મેની બરાબર છે, ત્યારે ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતનાં પગરણ થઈ ચૂક્યાં હતાં. ગુજરાતના સૂબા ઝફરખાન ઊર્ફે મુઝફ્ફરખાને હિ. સ. ૮૧૦ (ઈ. સ. ૧૪૦૭)માં સુલતાન મુઝફ્ફરશાહ તરીકે રાજસત્તા ધારણ કરી હતી ને એ હિ. સ. ૮૧૩ (ઈ. સ. ૧૪૧૦)ના જૂનમાં મરણ પામ્યો. તેના પછી તેનો પૌત્ર અહમદખાન તખ્તનશીન થયો. આ અહમદશાહે હિ. સ. ૮૧૩ (ઈ. સ. ૧૪૧૧)માં અમદાવાદ વસાવ્યું. મુઝફ્ફરશાહે પોતાના મૃત્યુ પહેલાં પાંચેક મહિના પર પોતાના અસાધ્ય રોગને લઇને ગાદીત્યાગ કરી અહમદખાનને ગાદી સોંપી હતી એવું કેટલાક નોંધે છે,[1] પરંતુ આ લેખની વિગતો પરથી તો મુઝફ્ફરશાહના મરણ પહેલાંના મહિના સુધી મદફ્ફર (મુઝફ્ફર) જ પાતશાહ ગણાતા હોવાનું માલૂમ પડે છે.

ટત્ક નામે જે વંશનો અહીં ઉલ્લેખ આવે છે, તે ટાંક અથવા તાંક નામે જાતિને લગતો હોવા સંભવે છે. પદ્માવતીનો નાગવંશ તાકવંશ કહેવાતો. એ લોકો તક્કદેશ (પંજાબ)થી દક્ષિણે આવ્યા અને રાજસ્થાન, માળવા અને મધ્ય ભારતમાં સત્તાધીશ થયા. ટાંક રજપૂતોમાં તાક કુલનું નામ જળવાઈ રહ્યું છે.[2] સુલતાન મુઝફ્ફરશાહનો બાપ વજીહ ઉલમુલ્ક મુસલમાન થયો તે પહેલાં ટાંક જાતિનો સહારન નામે રજપૂત હતો.[3] 'રત્નકોશ'ની એક હસ્તપ્રતમાં રાજવંશોમાં જણાવેલો ટાકવંશ એ આ વંશ હોવાનું જણાય છે.

મલ્હાણ ગોત્ર એ ગોત્રપ્રવરોને લગતા ગ્રન્થોના 'ગોત્રપ્રવર નિબન્ધકદમ્બ' નામે સંગ્રહમાં જણાવેલું નથી.

ધવલમંડલ એટલે ધવલક્કક (ધોળકા) વિભાગ. સોલંકી રાજ્યમાં રાજ્યના મુખ્ય વહીવટી વિભાગોને 'મંડલ' કહેતા. મુસ્લિમ વહીવટમાં એને માટે 'ઇલાકો' કે 'જિલ્લો' જેવું કંઈ નામ પ્રચલિત થયું હશે, પરંતુ અહીં સંસ્કૃત લેખમાં 'મંડલ' શબ્દ પ્રયોજાયો છે.

આશાપાલને 'રાજમુદ્રાધિકારી' કહ્યો છે. એના પુત્ર પૂર્ણપાલને 'સચિવેશ્વર' કહ્યો છે ને એના પુત્ર સહદેવને 'પાતશાહનો માન્ય' અને 'પ્રભુ' (સ્વામી) કહ્યો છે એ પરથી આ કુટુંબમાં વહીવટી હોદ્દો ઓછામાં ઓછી ત્રણ પેઢીથી ચાલુ હોવાનું ફલિત થાય છે.

---

૧ રત્નમણિરાવ, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ ૧, પૃ. ૩૦૫.

૨ એજન, પૃ. ૨૦૬–૮.

૩ એજન, પૃ. ૩૦૨–૩.

એ જમાનામાં સાધનસંપન્ન ગૃહસ્થને બે કે ત્રણ પત્ની હોય એ સામાન્ય હતું. સતી થવાનો રિવાજ પણ પ્રચલિત હતો. મૃત્યુ પામેલા પતિ પાછળ સહગમન કરવું એ સ્ત્રીઓને સ્વર્ગની સીડી સમાન છે એવી એ સમયની માન્યતા આ લેખમાં પણ નજરે પડે છે.

મિતિની વિગતોમાં વિક્રમ સંવતના વર્ષની સાથે શક સંવતનું વર્ષ પણ આપવામાં આવતું.

पाठ

१ ॥ ॥ संवत् १४६६ वर्षे शाके १३३२ प्रवर्त्तमाने अद्येह **धवलमंडल**करणे **श्रीमद-**
प्फरपातसाहराज्ये ज्येष्ट(ष्ठ) शुदि दशम्यां तिथौ बुधदिने प्रभुणा श्री**सहदेवे-**

२ **न आसचंद्र**सुतश्रेयोऽर्थं वापीकीर्त्तनं कारितं ॥ विश्वे यः स्वदशावताररचनाचातुर्यवर्यो महादैत्यो-
पद्रवरक्षणप्रवणधीर्धैर्यैकधामाद्भुतः । सर्वत्रस्थि-

३ तिभास्वरोऽपि हृदये योगीश्वराणां स्थितो देवः पातु दुरंतपातकतमोभास्वान् स युष्मान् हरिः । १
वंशः श्री**टल्क**नामा जगति विजयते प्रोच्चतायां प्रवृ-

४ त्तः श्रीमद्भिर्मर्त्त्यरत्नैरतुलभुजबलैः ख्यातिमद्भिः समंतात् । राजन्यानामिवेच्छा भवति सुचरिते
भाग्यसौभाग्यभाजां यस्मिन् वीरांकुराणां

५ किल निखिलकलाकौशले च प्रकामं । २ वंशे जातो जगति विहिते तत्र **मल्हाण**गोत्रे **आशापालः**
सुकृतसवलो राजमुद्राधिकारी । चक्रे स्वार्थं वि-

६ दधदनिशं यः परार्थं मनीषी साधुष्वासीत् सदयहृदयो निर्द्दयो विद्विषां यः । ३ मित्राणां पोष्य-
वर्गस्य बंधूनां दुःखितात्मनां । सर्वदा पालयन्नाशाश्चक्रे

७ स्वं नाम सार्थकं । ४ **पूर्णपाल** इति पूर्णसौहृदस्तत्सुतश्च सचिवेश्वरोऽजनि । योऽर्थिसार्थपरितोष-
कारकः पुण्यकर्म्मसु जगर्ज्ज मेघवत् । ५ स जयति

८ **सहदेवः** सत्प्रभुस्तस्य पुत्रो विमलभुजबलश्रीः पातसाहस्य मान्यः । हयवरखुरलीलाक्षोभितद्वेषि
वर्गो नयविनयविवेकैः ख्यातिमान् यः प्रतापी ॥ ६ ॥

९ धाता वीक्ष्य सुदुःखितं कलियुगेनापीड्यमानं जनं बुद्धिं श्री**सहदेव**सत्प्रभुहृदो लोकोपकारय किं ।
प्रादात्तेन कृपालुमौलिमुकुटः पुण्यक्रियां सर्वदा ।

१० दानाद्यैः कुरुतेऽथवास्ति सहजं सर्वं हि भाग्याधिके ॥ ७ **आशाचंद्रा**भिधः सूनुस्तदीयस्त्रिदिवं
ययौ । आचंद्रार्कं स्थिरो नूनं धर्म्म एव भवे भवेत् ॥ ८ अकालमर-

११ णात्तस्य पितरौ । बहुदुःखितौ । विशेषान्निरपत्यत्वादतिचिन्ताकुलो हृदि । ९ प्रभुश्री**सहदेव**श्च
साधू नाम्नी च तत्प्रिया । तौ विवेकात् स्वपुत्रस्य पुण्यहेतोर्धृतो-

१२ द्यमौ ॥ १० वात्सल्ययुक्तौ पितरौ स्वपुत्रभोगोपभोपप्रथितप्रसक्तेः । तारुण्यपुण्ये समये भवेतां
हृष्टौ यतः स्नेहभरे दृढत्वं । ११ व्यतनुत **सहदेवः** सत(सत्)प्रभु-

१३ द्रव्यदानं स्वतनयसुकृताय स्नेहबंधाद्भुतत्वात् । अकृत च पुनरिच्छां निश्चलां शब्दसिद्धौ यदिह सहृदयानां जन्म विश्वोपकृत्यै । १२ जनकेन स्वपुत्रस्य श्रे–

१४ योऽर्थे च विनिर्म्ममे । वापीयं बहुविज्ञाना चित्तविस्मयकारिणी ॥ १३ वापी रम्या जलनिधिरि- वांभोधिरेषास्ति पूर्णा पातालात् किं प्रकटमपतत् कुंडमेतत्

१५ सुधायाः । गंगाश्रोत्रं(स्रोतं) किमिह सहसा प्रादुरासीत् प्रभावात् पुण्यप्राप्तेर्न तृडमिभवो देहिना- मत्र यत् स्यात् ॥ १४ उत्कल्लोला यदिह बहुधा भाति वापी तृ–

१६ षार्ताः श्रान्ताः पान्थाः श्रमविरहिता वारि पीत्वा भवेयुः । मन्ये धन्यः प्रभुरभिनवात् कीर्त्तनाद् यद्यशः श्रीमुत्प्रोचुर्या प्रतिदिनमहो पूर्वजानामपूर्वा । १५

१७ आचंद्रार्कं नंदतादत्र वापी तोयैः पूर्णा लोचनानंददात्री । आशीर्वादे सादराः पांथसार्थाः पायं पायं शीतलं वारि यस्यां ॥ १६ शिवमस्तु सर्वजगतः ॥ श्रीः

१८ सत्योः सहगमनेन प्रेमोल्लासोऽत्र को[ऽ]प्यभूत् । स्त्रीणां साहसयोगो हि स्वर्गे सोपानपंक्तिवत् ॥ १७ मंगलं ॥ श्रीः ॥

જ્ઞાનચંદ્રની 'સિંહાસનબત્રીશી'

રણજિત પટેલ (અનામી)

મનુષ્ય જેમ જેમ પોતાને અને પોતાની આસપાસની માનવસૃષ્ટિને સમજતો થયો તેમ તેમ તેના ઉચ્ચ ગુણોના નિધાન એવાં લોકોત્તર સ્ત્રીપુરુષો પ્રત્યે આદર કરવાની ટેવ દૃઢ બનતી ગઈ. આમાંથી વીરપૂજા જન્મી. પોતે જેને સર્વગુણોનું ભાજન માન્યો તેવો લોકોત્તર વીર તેની કલ્પનાને ઉત્તેજવા લાગ્યો. તેના ગુણો વિષે સાંભળવાની તેનામાં જિજ્ઞાસા થવા લાગી. એમાં કલ્પના અને અતિશયોક્તિ ભળ્યાં અને વીરકથાઓનો જન્મ થયો. મહાભારત આવી વીરકથાઓનો અમૂલ્ય ખજાનો છે. દરેક યુગમાં લોકોત્તર વીરો તે તે યુગના કથાસાહિત્યને પોતાના વ્યક્તિત્વથી ઘડતા રહ્યા છે. રામચન્દ્ર, શ્રીકૃષ્ણ, ઉદયન વત્સરાજ, ગૌતમ બુદ્ધ, વિક્રમાદિત્ય અને ભોજ આવા વીરોનાં કેટલાંક ઉદાહરણો છે.

ભારતીય કથાસાહિત્યમાં પરદુઃખભંજન, પરમ ઉદાર અને સાહસિક વીર વિક્રમનું સ્થાન અનન્ય અને વિશિષ્ટ પ્રકારનું છે. વિક્રમ-વિષયક ભારતવ્યાપી અનેક વાર્તાચક્રોમાં 'સિં. બ.'નું સ્થાન ઘણું અગત્યનું છે અને કેટલાક વિવેચકો તો એ વાર્તા-ચક્રમાં 'સિં. બ.'ને શ્રેષ્ઠ ગણે છે. મૂળે આ વાર્તાઓ સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ઊતરી આવી છે અને જૈન-જૈનેતર અનેક કવિઓએ છેક સંવત્ ૧૫૦૦ આસપાસથી આ વાર્તાઓ ગુજરાતીમાં રચવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતી સાહિત્યમાં 'સિં. બ.'વિષયક ઉપલબ્ધ જૂનામાં જૂની રચના મલયચંદ્રકૃત (સં. ૧૫૧૯) છે. 'આપણું લોકવાર્તા-વિષયક પ્રાચીન સાહિત્ય' એ નિબંધમાં ('ઇતિહાસની કેડી'–પૃ. ૧૫૩, લેખક: ડૉ. ભોગીલાલ સાંડેસરા) 'સિં. બ.' વિષેની સંખ્યાબંધ ગુજરાતી તેમ જ સંસ્કૃત કૃતિઓનો નિર્દેશ મળે છે. અહીં તો મલયચંદ્ર પછી માત્ર એંશી વર્ષને અંતરે થઈ ગયેલા (સં. ૧૫૯૯) જૈન પરંપરાના એક સમર્થ કવિ જ્ઞાનચંદ્રની 'સિં. બ.'નો પરિચય કરાવવાનો ખ્યાલ છે.

સોરઠગચ્છ ક્ષમાચંદ્રસૂરિ પરંપરામાં વીરચંદ્રસૂરિ શિષ્ય જ્ઞાનચંદ્રે સં. ૧૫૯૯ માગસર સુદ ૧૦, ગુરુવારના રોજ 'સિં. બ.'ની રચના કરી છે. તેઓએ સં. ૧૫૬૫માં મંગલપુરમાં (માંગરોળમાં) ત્રણ ખંડમાં, ૯૧૮ કડીઓનો 'વંકચૂલનો પવાડઉ રાસ' રચ્યો છે. અને સં. ૧૫૯૩માં સોરઠના રત્નાગરપુરમાં (માંગરોળમાં) 'વેતાલપંચવીસી' રચી છે. એ ઉપરાંત ૧૮ કડીના એમના રચેલા 'બારમાસ' પણ મળે છે. (જુઓ–મોહનલાલ દલીચંદ દેસાઈકૃત 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૩. ખંડ ૧લો, પૃ. ૫૪૩).

સં. ૧૫૯૯માં રચાયેલી જ્ઞાનચંદ્રની 'સિં. બ.' આ વિષેની જૂની ગુજરાતી વાર્તાઓમાંની એક મહત્ત્વની કૃતિ છે. બીકાનેરના અભયસિંહ જૈન જ્ઞાનભંડારમાંથી કુલ ૪૦ પત્રની પોથી મળી આવી છે. એની નકલ કર્યા સંવત ૧૬૭૯ છે. પોથીના અક્ષર સ્પષ્ટ અને સુંદર છે, પણ એનાં પાનાં બરડ ને કેટલેક સ્થળે ખવાઈ ગયેલાં છે.

પ્રાસાદિક વાર્તાકથનશૈલીને કારણે વાર્તાનો પ્રવાહ પાણીના રેલાની માફક સડસડાટ વહ્યે જાય છે અને સ્થળે સ્થળે સુંદર વર્ણનો, અલંકારો, ચમત્કૃતિયુક્ત વિચારો, સામાન્ય વિધાનો, અવતરણો, સંક્ષેપમાં કહેલી છતાં નાનામાં નાની આવશ્યક વિગતો વગેરે તત્ત્વોને કારણે તેમ જ સરલતાથી વહ્યે જતી ભાષાના પ્રાસ, વર્ણસગાઈ અને છંદોવૈવિધ્યને કારણે આ કૃતિ નોંધપાત્ર છે. પ્રસંગે પ્રસંગે કવિ વાર્તાઓની નાની વિગતોમાં થોડો થોડો ફેરફાર કરે છે અને તેથી તેની વાર્તાઓ સુગ્રથિત કલાકૃતિઓ બને છે.

વર્ણનોની દૃષ્ટિએ કવિ સ્થળે સ્થળે પોતાની શક્તિનો સરસ પરિચય આપે છે. પહેલી જ વાર્તામાં ઇન્દ્રસભાનું વર્ણન અને શાપને કારણે ખર બનેલા વિદ્યાધરે રાજાની પુત્રીને પરણવા માટેની આવશ્યક શરત તરીકે નગર ફરતો બનાવેલો તાંબાનો કોટ કવિએ સુંદર રીતે વર્ણવ્યો છે. એ જ પ્રમાણે, આગળ ચાલતાં કવિ, ગણિકાને ભર્તૃહરિનો વાડવ અમરફળ આપે છે ત્યારે ગણિકા તે ખાવું કે કેમ તેનો વિચાર કરે છે તે પણ સુંદર, પ્રાસાદિક અને મંથનયુક્ત વાણીમાં વર્ણવે છે. ગણિકા ભર્તૃહરિને આ ફળ આપવા જાય છે તેનું કવિએ કરેલું વર્ણન પણ વાસ્તવિક અને તાદૃશ છે:

× × × ×

ગિરુઆ ગાંદ્રવ જે ગુણવંત લીઈ શ્રીમંડલ વાજાં જંત્ર ॥ ૧૯ ॥

ઈક માદલ મોટા કડિ કસે, તાલધરા તાલ લેઈ હસે।
ઇક લીઈ મહુઅરિ વીણાવંસ, એક લીઈ હડક ધણધુંસ ॥ ૨૦ ॥

કીધ વેસ વારૂ સણગાર, ભૂષણ ભજે વિવિધ પરકાર।
લેઈ ફૂલ ઘાલ્યું શ્રોવનથાલિ, ઉછાંડું પટકોલ વિસાલ ॥ ૨૧ ॥

કીધૂં સાંગલિ મસ્તકિ થાલ, વાજ્યાં તૂર તવર નઈ તાલ।
નવ નવ નાદિં આલસ કરે, પોઢાં પાડ પાત્ર તિહાં ધરે ॥ ૨૨ ॥

ઠામિ ઠામિ લેતાં થાકણાં, જોવા મલિયાં માણસ ઘણાં।
અતિ આડંબર ઉછવ ઘણો, ઇણિ પરિ આવ્યાં રા આંગણે ॥ ૨૩ ॥

આગળ ચાલતાં છઠ્ઠી વાર્તામાં પણ કવિએ સુંદર વર્ણનો આપ્યાં છે. વિક્રમ ઉપવનમાં જવા તૈયાર થાય છે તેનું વર્ણન વાસ્તવિક લાગે તેવું છે. દા. ત.:

આવ્યો સ્વામી રાય વસંત, મહીપતિ મનમથ હરષિ હસંત।
કીધ સજાઈ ક્રીડા તણી, આવી રમિં ઉજેણીધણી ॥ ૮૭ ॥

ચડીઉ ચંચલિ વિક્રમ રાંણ, તો ગાજ્યાં ગુહરાં નીસાણ।
હય હીંસઈ ધરણી ધડહડે કે વીનાં તિહાં પ્રાણ જ પડે ॥ ૮૮ ॥

લીધા ગંધ્રવ (સરસ) રસાલ, લીધા માદલ તંતી તાલ।
લીધી સાથઈ અંતેઉરિ, રૂપઇં રંભા વિદ્યાધરી ॥ ૮૯ ॥

લીધા ચંદન ચૂઆ ઘણા, કૂપા લીધા ગલાબહ તણા।
લીધા ધૂપ અગર અપાર, કુંકમ કેસર નિ ઘનસાર ॥ ૯૦ ॥

વિક્રમ ઇમિ સજાઈ કરી, આવ્યો ઉપવનિ ઘોસટ ધરી।
ષડોષલી નિર્મલ જલભરી, હવે શૃંગાર કરિ સુંદરી ॥ ૯૧ ॥

એવું જ સ્ત્રીઓના શણગારનું અને વિલાસનું વર્ણન ત્યાં કર્યું છે. જેમ કે:

કે ચરણે ચમરી વેસરે, કેસરિ ષૂંપ કેતકી ભરે।
કે ઝબકે મણિધર રાષડી, કે સારે કાજલ આંખડી ॥ ૯૨ ॥

કે કુંડલ શ્રવણે સજ કરે, કે સરિ માગ મોતીઇં ભરે।
તિલક ભામની ભાલિ ધરે, મોતી મેહલિ નાકઇં નરનાર ॥ ૯૩ ॥

કે ઉરિ પેહિરે નવસર હાર, કેહ નગોદર નિરષઈ સાર।
કે બાંધિ બાંહિ બેરષા, કે હીરા ઝલકે નવલષા ॥ ૯૪ ॥

કે ચોલી કએ ચોરિ કસે, કે અહિ વલગી લે ઉહલસે।
શ્રોવન ચૂડી કંકણ પાણિ, પહિરે ચીર કટીય કે તાણી ॥ ૯૫ ॥

કે પગ ઝંઝરના ઝંકાર, કટિ મેષલના કે ષલકાર।
કે ઉઢણિ ચોષી ચૂંનડી, કે કસૂંભા સરિ ઘાટડી ॥ ૯૬ ॥

કાંમનિ ઈમ કીધા સણગાર, ધૂપટ ધૂપ્યાં અંગ અપાર।
તેવતેવડી ટોલી મલી, આવી ષેલિણી ષડોષલી ॥ ૯૭ ॥

ઝીલે રાજા કરે ટંકોલ, માંડો દીરઘકા રંગરોલ।
કે છંટે છેહલ છલ કરી, શ્રોવન સીંગાં કે જલ્ય ભરી ॥ ૯૮ ॥

કુસમ તણીં કુંદકિ હણે, પવન કરે વાલે વીંઝણે।
કે અબીરઈ રા આનન ભરે, ચરચે કે કુંકમિ કેસરઈ ॥ ૯૯ ॥

કે છમકલે છેતરી લીઇ, કે કાંમનિ ઉલાલા દીઈ।
કે ભમહિ ઉલાલે ભાવિ, કે પ્રીછે હડેવિ લગે આવિ ॥ ૪૦૦ ॥

ભીની ચોલી ભીના ચીર તણિ, તે ઉપે નારિ સરીર।
કમલબાંણ મૂંકે કે બાલ, કે વાંણી જંપઈ સરસાલ ॥ ૪૦૧ ॥

કે કામની કટાક્ષહ કરઈ, કે કામિની ભૂપતિ ભંજ ધરે।
નયણ ધૂલાવે કરિ ઘૂંઘટો, કેઈ આઘો કરે શંગટો ॥ ૪૦૨ ॥

× × × ×

મુહ મચકોડી દીઈ મરકલો, લાગે તે અમૃંત એકલો ॥ ૪૦૩ ॥

આમાં સ્ત્રીઓની સ્વાભાવિક લીલાનું સારું ચિત્ર પ્રગટ થાય છે. કવિ, ત્યાર પછી થયેલા સંગીત અને નૃત્યનું વર્ણન એટલી જ તાદશ અને પ્રવાહી ભાષામાં આપે છે. વિક્રમના

ઉપવનવિહારની આ વાર્તામાં સ્ત્રીઓના શણગાર અને સ્વાભાવિક લલિતવિલાસનું કવિએ જે ચિત્ર આપ્યું છે તે પ્રેમાનંદના ' મામેરું ' કાવ્યમાં આવતાં નરસિંહની ઠેકડી કરવા મળેલી નાગર સ્ત્રીઓનાં વર્ણન અને ચેષ્ટાની યાદ આપે તેવું છે.

જ્ઞાનચંદ્રની ' સિં. બ. 'માં આવતા તપ કરતા ગરીબ વાડવની સ્ત્રીની વાણી પણ પ્રેમાનંદના ' સુદામાચરિત 'માં આવતી સુદામાની ગરીબ પત્નીના જેવી આર્દ્ર અને અસરકારક લાગે છે :

વસિ વાસિ તિહાં વાડવ એક, અભિનવ મૂરતિવંત વિવેક ।
વેદ ચ્યારિ જોતિક લહિ જેહ, કર્મ વસિ પણિ નિરધન તેહ ॥ ૨૫ ॥

એક દિન કામનિ કહિ શુણુ કંત, વારૂ એક વાત વરતંત ।
ષલું ન પહિરૂં બલ્યું ન ષાધ, તૂં ઘરવાસ તણાં ફલ લાધ ॥ ૨૬ ॥

ઘર કૂબો નિકર ગર પડે, ઉંદિર ષણે ઉકેરા ચડે ।
બેસણિ નહીં પોતે પાટલો, સુવાનિ ષોડો ષાટલો. ॥ ૨૭ ॥

પાનિ પથ–ણિ વાક હવાણુ (?), ષાંડી હાંડી ભાગું ભાણુ ।
સારૂં ભાત ન કાંઈ ભોજંન, નહીં બંભણુ પરોહણે પરજંન ॥ ૨૮ ॥

સુધિપષિ દીવો સસિહર જાણિ, અંધારે અંગીઠ વષાંણિ ।
આમંત્રણ ચોપડ પામીઇ, કંત કેણી પરિ દૂષ વામીઇ ॥ ૨૯ ॥

કવિનું છંદો ઉપરનું પ્રભુત્વ અને છંદોવૈવિધ્ય પણ એના પુરોગામીઓની (મલયચંદ્ર સં. ૧૫૧૯, અજ્ઞાત બ્રાહ્મણ કવિ–સં. ૧૫૩૩) કૃતિઓને મુકાબલે ધ્યાન ખેંચે એવાં છે. દુહા, ચૂપઇ, ગાથા, છંદ ત્રિભંગી અને છંદ સારસી જેવા છંદો કવિએ વાપર્યા છે. વસ્તુછંદનો ઉપયોગ ઠીક ઠીક કર્યો છે, અને એક સ્થળે રાગ આસાઉરીમાં એક ગીત પણ આપ્યું છે. આ ગીત પહેલી જ વાર્તામાં–બલકે પ્રસ્તાવનામાં ભર્તૃહરિના રાજ્યના દરિદ્રી બ્રાહ્મણે કરેલા દેવી-સ્તવનનું છે. નમૂના તરીકે તે અહીં નોંધ્યું છે :

વિદ્યાનંદ મઈ રૂપ સુણીઈ અકુલ તૂં અભેદ રે ।
બંભ હરિહર પાર ન લહઈ કહિ નતિ ઇમ વેદ રે ॥ ૩૮ ॥

આદિ અનાદિ સામીણી, બાલા તૂં બહૂ નામ રે ।,
ત્રિહૂ ભવનિ ત્રિપુર સું(દ)રી, હરસિધ પૂરે કામ રે ॥ ૩૯ ॥. . આદિ૦
(આચલી)

નહીં જણિ દિન સૂર સસિહર, નહીં સંઝા પ્રાત રે ।
નહીં જલધર અસુર સુરનર, તહીંઇ તૂં જગમાત રે ॥ ૪૦ ॥. . આદિ૦

અવગતિ ગતિ કોય ન બુઝે, તુંહ આપેઆપ રે ।
નહીં જણિ દનિ પવન પાવક, તહીંઇ તાહરો વ્યાપ રે ॥ ૪૧ ॥. . આદિ૦

સ્વર્ગમ્રત્ય પાતાલ જલિથલિ, સયલ તૂં બ્રહ્માંડિ રે ।
નવકોટિ કાત્યાયની તે તૂં, છપન કોટિ ચામંડિ રે ॥ ૪૨ ॥..આદિ૦

વાગ ભવ વર્ણ પઢમ વારૂ, પછહ કામહ રાજ રે ।
સાહસહ જે જપ જંપે બાલા, સરે તેહનાં કાજ રે ॥ ૪૩ ॥..આદિ૦

ગડઅડે ગયમર કરે કલિરવ, સાહણ તુરણ તોષાર રે ।
તુઝ કૃપાથી બારે બાઝે, દીઈ અરથ ભંડાર રે ॥ ૪૪ ॥..આદિ૦

છત્ર ચામર ધરિ સરવરિ, નામે જે તુઝ સીસ રે ।
કલ્લોલ વાંણી વલી વ્યાકર્ણ દીઈ તૂઠી જગીસ રે ॥ ૪૫ ॥..આદિ૦

પઉઢિ પાણઇ સિધવેણા, ધરી મુદ્રા ઠામિ રે ।
પાણિ દષણિ અર્થતારણ, સેવિ લહિ મનકામ રે ॥ ૪૬ ॥...આદિ૦

ધ્યાન એણી પરિ ધરે નર જે, જપિ બાલા નામ રે ।
ન્યાન સ્વામિને સેવંતાં પામીઇ અવિચલ ઠામ રે ॥ ૪૭ ॥...આદિ૦

—આમાં દેવીની શક્તિનું વર્ણન જેટલું અર્થદૃષ્ટિએ સમૃદ્ધ છે તેટલું જ તેના ભાષાવૈભવમાં આકર્ષક અને કલાત્મક છે. સૂર્યમંડળ સુધી પહોંચતા સિંહાસનની વાર્તામાં (વાર્તા નં. ૧૮) કવિ વિક્રમ પાસે સૂર્યની સ્તુતિ કરાવે છે તેનો છંદ અને ભાષાવૈભવ પણ નોંધપાત્ર છે. જેમ કે:

સ્તુતિગાથા

કાસપિ કુલ સિગારં, દ્વિણીયર દિવનાહિ દેહ દાતારં ।
વંદિત વસધાં સારં, ભત્તવછલ જયો ઉરણસ્ય ॥ ૪૯ ॥

ભૂયણ ત્રિયભણિ નયણં સોહિ સારથિ રથિ જે અરણ ।
વપુ ચામીકર વરણં તિહૂયણ જયકારં જગદેવં ॥ ૫૦ ॥

છંદ ત્રભંગી

જય જય જગરાણં, પ્રસિધપુરાણં, સુરનરત્રાણં ષેઠાણં ।
સેવિ સુવિહાણં, જેવં ભાણં, વેદપુરાણં લહિ જાણં ॥ ૫૧ ॥

મનવેગપ્રમાણં, રથિકેકાણં, પાર ન જાણં પંથાણં ।
કરે કલ્યાણં, સહેસ ભુજાણં, દે નિરવાણં સુહાણં ॥ ૫૨ ॥

ગાથા મોહે જે જગ સયલં જણિ જગિ ઉગમિ વિથરે કમલં ।
છૂટે બંધણ ધમલં તે સુભ કરે ભાણ સવ્વસ્સ ॥ ૫૩ ॥

છંદ તે સવિ જયકારં, તિમરવિડારં, જગવ્યાપારં વિથારં ।
વરસે જલધારં, વડદાતારં, સધિસધારં તનિતારં ॥
ટાલે અંધકારં, પરઉપગારં, પાપનિવારં સુતિકારં ॥
સવિ સવિચારં, વરણ અઢારં, અલિ આધારં ભવતારં ॥ ૫૪ ॥

ગાથા તારણુ તારણુ સમ થાજે નતિ દીસે વંછીય અથો।
ઉગમિ પઢચ સમથો સો તિહૂયણુ સૂર પરસંનો ॥ ૫૫ ॥

છંદ પુહવિ પરસંગં, ઝલકે અંગં, મેર સરંગં ચડિ ચંડં।
આકાસિ ઉતંગં, ચાલિસ ચંગં, રાસિ ભુજંગં રતંગં ॥
રાનલ અરધંગં, તપઈ સુતુંગં, ભરિકરિ ભૃગં પયગંગં।
જજિ જાપહ જંગં, વદે વેદંગં, તે ષટઅંગં સુચિ રંગં ॥ ૫૬ ॥

ગાથા રંગહ જોતિક જાણ્યો જંપે ચોવેય અઠદહ પુરાણો।
રવિ તેજહ અવહરણો સોઈ ભત્ત સુર જયકરણો ॥ ૫૭ ॥

છંદ સુષ કરે સવિસાલં, પાપપષાલં, કસમલટાલં ગુણપાલં।
કરિ ધરિ જપમાલં, દહિ જંજાલં, કુષ્ટંહકાલં, કિરપાલં ॥
સેવક સંભાલં, કરે મયાલં, ઝાકઝમાલં કસમાલં।
ઉઘડે સતાલં, દેવદયાલં, ચંચલ ચાલં મછરાલં ॥ ૫૮ ॥

કલસ સહિસ કિરણુ ઝલહલઈ, દલે દુષ સેર અંધારહ।
સુર તેત્રીસહ કોડિ જોડિ કર કરિ જુહારહ ॥
છુટે ગાલા ગાય રાય રાણા ઉલગઈ।
વદે વેદ વિપ્ર પુરાણુ વાણિ વ્યાચારઈ લગઈ ॥
થાનકિ થાનકિ ગેલિ નઈ વસઈ ભાણુ ભાવહિ હરણું।
કવિ કહિ ન્યાન વિક્રમ વદઈ જનમિ જનમિ તુમ્હ પયસરણું ॥ ૫૯ ॥

—આમાં વાપરેલો છંદ ચારણી સાહિત્યમાં સારા પ્રમાણમાં વપરાયો છે. કવિની ભાષામાં ચારણી અસર પણ અહીં દેખાય છે. કલસ(શ), શામળે વાપરેલા છપ્પાઓને મળતી છંદરચના છે. એનાં મૂળ આટલાં જૂનાં છે એ પણ નોંધપાત્ર છે. શામળે પોતાની વાર્તાઓમાં ગુજરાતી લોકવાર્તાઓની અનેક કૃતિઓની વિશેષતાઓનો કોઈ ને કોઈ પ્રકારે ઉપયોગ કર્યો છે. તે જોતાં બે તર્ક અહીં સંભવિત છે. કાં તો શામળને આ છંદોરચના માટેનું સૂચન આવી પુરોગામી કૃતિમાંથી મળ્યું હોય અથવા આની ય પહેલાં ચારણી સાહિત્યમાં આવા છંદો હોય અને શામળે તે ઉપરથી સૂચન લીધું હોય.

આ કવિનું જ્ઞાન સામાન્ય વિધાનોની બાબતમાં પણ પ્રગટ થાય છે. પહેલી વાર્તામાં રાજા ભર્તૃહરિની રાણી લીલાવતીના ચારિત્ર્યનું વર્ણન કરતાં સ્ત્રી-સ્વભાવ વિષે કવિ કેટલીક સારી ઉક્તિઓ આપે છે. દારિદ્રય વિષેનું બારમી વાર્તાનું વિધાન અને દ્યૂત વિષેનું ૨૭મી વાર્તામાંનું નિંદાત્મક અને પ્રશંસાત્મક વિધાન નોંધપાત્ર છે. જેમ કે :

રા કહિ દૂત વિસન તૂં મૂંકિ માનવ ભવ નર આલિ મ ચૂકિ।
દૂતઇં સાજણુ દૂજણુ થાઈ, દૂતઇં મૂ મૂંકર માયા માય ॥ ૮૬૦ ॥

દૂતઇં દયતા ન આંણે પ્રેમ, દૂતઇં ન પૂછે હેમ ન ષેમ।
દૂતઇં ન કરે કોઈ વીસાસ, દૂતઇં સઇંધે પામે હાસ ॥ ૮૬૧ ॥

દૂતઇં વિણસે લછિ ઘર તણીં, દૂતઇં હાણિ પરલોકહ તણીં।
દૂતઇં સપરસ થાઇ ચોર, દૂતઇં પડીઇ નરકઇં ઘોર ॥ ૮૬૨ ॥

દૂતઈં કુલ બોલિ કુલવંત, દૂતઇં હીંડે હાથ ઘસંત।
દૂત સાચનો આણે અંત, દૂતઇં કૂડા સપત કરંત ॥ ૮૬૩ ॥

દૂતઈં આવિ વિસનહ સાત, દૂતઇં નેહ ધરે નહીં નાત।
દૂતઈં સૂના સેવે મઠ, દૂતઈં ભીતિ ઉતરિ ગઠ ॥ ૮૬૪ ॥

દૂતઈં નરનઈં ચિંતા ઘણી, દૂતઈં ડીલઇં થાઈ રેવણીં।
દૂતઈં હરણીંષી હારીઇં, દૂતઇં સૂચિ સત્ય વારીઈ ॥ ૮૬૫ ॥

—આમાં તે સમયમાં દ્યૂત વિષે લોકોમાં કેવો ખ્યાલ હતો તેનું વર્ણન છે; પણ કવિ ઢાલની બીજી બાજુ પણ રજૂ કરે છે અને જુગારીને મુખે દ્યૂતની પ્રશંસા કરાવે છે :

વલતો ઉતર નર તે દીઈ, દૂતઇં ષંતિ રસ ખેલીઇ ॥ ૮૬૬ ॥

દૂતઈં કીજે રંગ ટકોલ, દૂતઈં નસિદનિ ઝાકઝમોલ।
દૂતઈં થઈએ બાવનવીર, દૂતઈં છેતરીઇ નરધીર ॥ ૮૬૭ ॥

દૂતઈં છહિલપણું સીષીઇં, દૂતઈં નર નવનવ નરષીઈં।
દૂતઈં કૃપણપણું છોડીઈ, દૂતઇં મિત્ર ઘણા જોડીઈ ॥ ૮૬૮ ॥

વૈરાગ્ય વિષે અને સંસારની અસારતા અને ક્ષણિકતા વિષે સોળમી વાર્તામાં કવિએ કેટલાંક સુંદર વિધાનો વરરુચિ પંડિત પાસે કરાવ્યાં છે ત્યાં કવિની દૃષ્ટિ અસાર સંસારની માયા છોડીને વૈરાગ્યનું સેવન કરવાનો ઉપદેશ આપવાની છે. સાથે જ કવિ સત્કર્મોનું કેવું ફલ મળે છે તે પણ સાદી વેગવતી ભાષામાં કહે છે. જેમ કે :

કરે ગોઠિ વરરચ પંડિત, ષણિ સુતો રીઝે નર ચિત્ત ॥ ૫૯૪ ॥

એ સંસાર અસારહ જોઈ, તે પણિ બૂઝે વિરલો કોઈ।
જેહવો પાંણીનો પંપોટ, એહવી જીવી જાણો ષોટ ॥ ૫૯૫ ॥

પરતક્ય પેષો એ ઘટ આમ, એ કાયાનૂં કુડું કાંમ।
સગૂં સણેજું કારણિ મિત્ર, સીધઇ કાજિ તે થાઈ સત્ર ॥ ૫૯૬ ॥

જેહવો ઇંદ્રધનુક આકાસિ, જેહવો બીજ તણો પ્રકાસિ।
જેહવો મર્કટનો વૈરાગ, જેહવો દીસે સંઝયા રાગ ॥ ૫૯૭ ॥

જેહવો દીસે મૃગજલ દૂરિ, જેહવો બિહોપુરનો જોઈ સૂર।
જેહવા ગંગાના કલ્લોલ, જેહવો નીર રહિ સરિઘોલ ॥ ૫૯૮ ॥

જેહવો ચંચલ ગજનો કાંન, જેહવો રાગીનૂ જો ધ્યાંન।
તેહવું ધન જોવન સંસારિ, એ વિક્રમ તૂં વયણ અવધારિ ॥ ૫૯૯ ॥

ઇમ જાંણી કાંઈ કીજે ધર્મ, જેણિ છુટે સેધાં નરકર્મ।
ધર્મે પામે નર પરલોક, ધર્મે ટલે સઇંધા સોક ॥ ૬૦૦ ॥

દીઇ દાંન સપાત્રઇં જેહ, સંસારઇં સુષ પામે તેહ।
ત્યાગ સપાત્રઇં સીધા ઘણા, દાંનઇં રાજરધિ નહીં મણા ॥ ૬૦૧ ॥

બ્રહ્મવ્રત પાલે નિરતૂં જેહ, સાચો સારૂં ન રહૂં તેહ।
પરદારાગમ પાપ ન પાર, તે જઈ જોજ્યો આગમસાર ॥ ૬૦૨ ॥

જે તપ તપે સુભટ તે સૂર, તપ તપતાં ક્રમ જાઈ દૂર।
તપિ હત્યાદિક છૂટે પાપ, તપિ ઉધરીઈં આપઈ આપ ॥ ૬૦૩ ॥

દત દીઈ જો મનિ વાસના, બ્રહ્મ વરત જો મનિ વાસના।
તપ તપીઇ જો મનિ વાસના, ધર્મ ખરો જો મનિ વાસના ॥ ૬૦૪ ॥

—આ અવતરણમાં વૈરાગ્ય પ્રબોધતાં કવિ જે સુંદર ઉપમાઓ એક પછી એક રજૂ કરતો જાય છે તે એની શૈલીનું વિશિષ્ટ લક્ષણ છે. કવિ ત્રેવીસમી દુઃસ્વપ્નની વાર્તામાં વિક્રમની રાજસભાનું અને તેની દિનચર્યાનું તાદશ, વૈભવયુક્ત અને ચિત્રાત્મક વર્ણન આપે છે.

કવિ જુદા જુદા વિષયોનું જ્ઞાન પણ આવાં વિધાનોમાં અને વાર્તાઓમાં પ્રગટ કરે છે. એનું જ્યોતિષનું જ્ઞાન, દુષ્કાળની વાર્તામાં પ્રગટ થાય છે, તો પ્રથમ વાર્તામાં કરેલું દેવીપૂજાનું વર્ણન શક્તિપૂજાની પ્રચલિત વિધિનું જ્ઞાન પ્રગટ કરે છે. આમાં આવતું બધું જ નિરૂપણ કવિની પોતાની વિશેષતા છે એમ કહેવાનો આશય નથી; કેમ કે રામચંદ્ર જેવા પુરોગામીમાં (સં. ૧૪૯૦) આવાં વર્ણનો મળી આવે છે. કવિની વિશેષતા તો માત્ર એક હજાર અને ચોત્રીસ કડીની આ વાર્તામાં આવાં વર્ણનોના સંક્ષેપમાં છતાં સુરેખ રીતે સમાવેશ કરવામાં રહેલી છે.

કોઈ કોઈ જગ્યાએ પોતાના વિષયનિરૂપણમાં કવિ સંસ્કૃતમાંથી અવતરણો આપે છે. આવાં અવતરણોમાં ઘણુંખરું મધ્યકાલીન અશુદ્ધિ જોવા મળે છે. એનો બે રીતે ખુલાસો કરી શકાય. કાં તો પ્રજાનું તે વખતનું સંસ્કૃતનું જ્ઞાન એટલું અચોક્કસ અને ઉપરછલ્લું હતું અથવા એમ કહી શકાય કે જૈન કવિઓના લોકભાષામિશ્રિત સંસ્કૃતમાં એક પ્રકારની વિશેષતા જોવા મળે છે જેને આપણે જૈન સંસ્કૃતનું નામ આપી શકીએ. ડૉ. સાંડેસરાએ વિખ્યાત ‘ પંચતંત્ર ’ ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનામાં આ જૈન સંસ્કૃતનો વિગતે ઉલ્લેખ કરેલો છે. આવાં અવતરણો મુખ્યત્વે ક્રોધ વિષે, દરિદ્રતા વિષે, ક્ષમા વિષે, સ્ત્રીચરિત્ર વિષે ને સ્ત્રીચરિત્રને પરિણામે પ્રગટ થતા નિર્વેદ વિષે પણ કવિએ આપ્યાં છે. સંસ્કૃત ઉપરાંત પ્રાકૃતમાં ગાથાઓ અને જૂની ગુજરાતી ભાષામાંથી પણ કવિ પોતાના વિષયને કે વિધાનને પુષ્ટ કરવા અવતરણો આપે છે.

આ કૃતિમાંથી આજથી ચારસો વર્ષ પહેલાંની સામાજિક સ્થિતિ અને માન્યતાનો પણ થોડોક ખ્યાલ મળી રહે છે. લોકોમાં પરોપકાર કરવાની શક્તિ ભલે ઓછી હશે પણ પરોપકારની પ્રશંસા આ કવિની કૃતિમાં અને બીજી કૃતિઓમાં પણ જોવા મળે છે. તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે હજારો વર્ષ જૂની પરંપરામાં પરોપકાર પ્રત્યે જે શ્રદ્ધાની દૃષ્ટિ હતી તે મધ્યકાલીન ગુજરાતમાં પણ ચાલુ રહી છે. દ્યૂત આર્ય પ્રજાના સામાજિક જીવનનું એક મહત્ત્વનું વ્યસન રહ્યું છે. છેક ઋગ્વેદકાળથી માંડીને એનાં વર્ણનો મળે છે. એટલું જ નહીં પણ અનેક મહાન રાજાઓ આને લીધે પાયમાલ થઈ ગયેલા અને મહાન વિનાશનો અનુભવ કરવા પામેલાં એવાં મહાભારત જેવાં વિરાટકાવ્યોમાં, મૃચ્છકટિક જેવાં નાટકોમાં તેમ મધ્યકાલીન યુગમાં રચાએલા સાહિત્યમાં પણ મળે છે.

ભારતીય પ્રજામાં પ્રારબ્ધવાદ પણ ઘણાં ઊંડાં મૂળ નાખી બેઠેલો છે. અહીં પણ જયશેખરની વાર્તામાં અને મનસિદ્ધિની વાર્તામાં વિક્રમની ઉક્તિમાં મધ્યકાલમાં પણ પ્રજાજીવનનું આ લક્ષણ કેવું વ્યાપક હતું એ કલ્પી શકાય છે. નાટક, નૃત્ય અને ગીત મધ્યકાલમાં પ્રજારંજનનાં લોકપ્રિય સાધન હતાં એવું પણ આ વાર્તાઓ ઉપરથી સમજાય છે. ઐન્દ્રજાલિકની વાત ઉપરથી આવા જાદુ જેવા ખેલ લોકપ્રિય હતા એમ દેખી શકાય છે. પ્રાચીન સમયમાં પણ વિદ્યાનું મહત્ત્વ ઘણું હતું અને લોકો દૂર દેશ સુધી વિદ્યાપ્રાપ્તિ માટે જતા અને જૂની ભારતીય પરંપરા પ્રમાણે ગુરુને ત્યાં રહી વિદ્યા પ્રાપ્ત કરતા એ સ્થિતિ પણ સૂચિત થાય છે.

જ્ઞાનચંદ્ર પછી લગભગ એંશી વર્ષે (સં ૧૬૭૯) સંઘવિજયે ‘ સિંહાસનબત્રીશી ’ રચી છે તેમાં સ્થળે સ્થળે જ્ઞાનચંદ્ર ડોકાય છે. સં. ૧૫૩૨માં લખાયેલી (રચાઈ હશે એ પહેલાં) ‘ વિક્રમકથા ’ને આ બંનેય કવિઓ અનુસરતા હોય તોપણ જ્ઞાનચંદ્ર વિષે એક સારા કવિ તરીકેનો ખ્યાલ આપણા મનમાં ઉત્પન્ન થાય છે. કવિની શૈલી સર્વત્ર પ્રાસાદિક છે. વાર્તા કહેવાની એની ફાવટ એટલી જ નોંધપાત્ર છે. નાની વાર્તામાં પણ કવિ દરેકે દરેક વાતને ક્રમબદ્ધ રીતે નિરૂપે છે. એક પ્રસંગમાંથી સ્વાભાવિક રીતે જ બીજો પ્રસંગ પ્રગટતો હોય એવું સર્વત્ર દેખાય છે. કવિ નાનામાં નાની વિગતની બાબતમાં પણ વાંચકને શંકામાં રાખતો નથી તે એની ચીવટતા અને ઝીણવટ બતાવે છે. વર્ણન, છંદ, અલંકાર, સૂક્તિકથન, અવતરણો વગેરેમાં કવિ પોતાનું ચિત્ર બતાવી આપે છે. ભાષાની દૃષ્ટિએ પણ આ કૃતિ અનેક રીતે ઉપયોગી થાય એવી છે. આ પ્રત વિક્રમના સત્તરમા સૈકાને અંતે લખાયેલી છે; એટલે કે જે વખતે પ્રેમાનંદ માત્ર બાળક હશે અને અખાનું સર્જન પૂર વેગથી ચાલી રહ્યું હશે, તે વખતના ગુજરાતની કાવ્યભાષા કેવી હશે તેનો ખ્યાલ આ કૃતિની ભાષા ઉપરથી આવી શકે છે. ભાષાનાં કેટલાંક સામાન્ય વલણો સહેજે તારવી શકાય તેવાં છે. ‘ અઈ ’ અને તેમાંથી પ્રગટ થયેલો ‘ એ ’ આ પ્રતમાં સાથે સાથે વપરાયાં છે. અનેક સંસ્કૃત શબ્દો, થોડા થોડા ફેરફાર સાથે કવિએ વાપરેલા છે. ‘ ખ ’ને બદલે હસ્તપ્રતમાં ‘ ષ ’ સર્વવ્યાપક છે. ‘ ઋ ’ને બદલે ‘ ર ’ પણ ઘણે સ્થળે દેખાય છે. જોડાક્ષરમાંથી બે ભિન્ન સ્થાનીય વર્ણોને બદલે એક જ વર્ણનું દ્વિત્વ (ભક્તને બદલે ભત્ત) જોવા મળે છે. ‘ દિનકર ’ને બદલે ‘ દિણીયર ’, ‘ દનિકર ’, ‘ ક્ષિતિપતિ ’ને બદલે ‘ ષતિપતિ ’, ‘ સ્થાનક ’ને બદલે ‘ થાનકિ ’, ‘ અરુણ ’ને બદલે ‘ અરણ ’, ‘ સુવર્ણ ’ને બદલે ‘ સોવણ ’, ‘ ઉપર ’ને બદલે ‘ ઉપરિ ’, ‘ ભુવન ’ને બદલે ‘ ભૂયણ ’, ‘ વસુધા ’ને બદલે ‘ વસધા ’, ‘ કાશ્યપ ’ને બદલે ‘ કાસપિ ’, ‘ શૃંગાર ’ને બદલે ‘ સિંગાર ’, ‘ અક્ષર ’ને બદલે ‘ અષિર ’, ‘ પુરુષ ’ને બદલે ‘ પરસો ’, ‘ હવે ’ને માટે ‘ હિવ ’, ‘ નિશિ ’ને બદલે ‘ નશિ ’, ‘ ખાદ્ય ’ને બદલે ‘ ખાજ ’, ‘ વિશ્વાસઘાત ’ને બદલે ‘ વિશ્વાસહઘાત ’, ‘ થયું ’ને માટે ‘ થીઉ ’ જેવા અનેક પ્રયોગો જોવા મળે છે.

આ હસ્તપ્રત લખનાર લહિયાએ કવિની પોતાની જ ભાષા સાચવી રાખી હોય તો આ કૃતિની ભાષા ઈ. સ.ના સોળમા શતકના મધ્યની છે. એટલે મીરાં અને નાકરના સમયના નજીકની છે, અને એણે પોતે હસ્તપ્રત લખી એ યુગની આ ભાષા હોય તો તે અખાના સમયની છે એ દૃષ્ટિએ એનું ઐતિહાસિક મહત્ત્વ પણ નોંધપાત્ર છે.

કની, કન્યા

સોમાભાઈ પારેખ

'પંચદંડની વાર્તા'ના અધ્યયન દરમ્યાન, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्र-प्रबन्ध'માં (આશરે ૧૫મો સૈકો) નીચે દર્શાવેલા સન્દર્ભમાં મને 'કની' શબ્દ મળ્યો :

'राजमन्दिरमध्ये गतः सन् व्यावृत्यमानं राजानं च विलोक्य क्षुब्धः। वेतालं सस्मारे, आगतः सः तद्बलेन अदृश्यीभूय चतुर्थभूमौ स्थितः सर्वं पश्यति पञ्चशतकनीनां नृत्यादिकं। निद्रादिछद्मना क्षणेन ता विसृष्टाः गताः सर्वाः। वृद्धवाहिक्या द्वारं स्थगितं यावत्सः विलोकयति क्षणान्तरे तावत् कश्चिदधस्तात् सुभट......उपरि आगत्य राजकनीमाह्वयति स्म। ......तत्कृत्वा राजकनीं गृहीत्वा चचाल।'

ઉપર્યુક્ત પરિચ્છેદમાં પ્રયોજાયેલ 'કની' શબ્દનું પગેરું શોધતાં મને જણાયું કે તે ભારતીય આર્ય અને ભારત-યુરોપીય ભાષા સમૂહોમાં સારી રીતે વ્યાપક બનેલો શબ્દ છે. 'કની'નો જોડિયો શબ્દ 'કન્યા' આજે મુખ્યત્વે સર્વ ભારતીય ભાષાઓમાં વપરાય છે, પણ 'કની' ઋગ્વેદ સિવાય અન્ય સંસ્કૃત સાહિત્યમાં મળતો નથી.[1] તેના પારંપરિક પ્રયાણની સમીક્ષા આ પ્રમાણે છે :

ઋગ્વેદ એ ભારતીય આર્ય ભાષાસમૂહનો પ્રાચીનતમ લિખિત નમૂનો છે. એમ. મોનિયર વિલિયમ્સે સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોષમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે, તેમાં कनी (a girl, a maiden); कना :—છોકરી, બાલા, બાલિકા, કન્યા, કુમારિકા, (a girl, a maiden) એવાં રૂપ મળે છે. આ શબ્દનું છઠ્ઠી વિભક્તિ બહુવચનનું રૂપ कनीनां ઉપર્યુક્ત 'પંચદંડછત્રપ્રબન્ધ'ની કૃતિમાં જ મળે છે. कनीની સાથે સાથે ઋગ્વેદમાં कन्या શબ્દ પણ મળે છે. कनी અને कन्या બન્ને શબ્દ પાણિનિએ નોંધેલા कन्–कण् ધાતુમાંથી આવેલા છે. આ બન્ને ધાતુઓનો અર્થ 'નાના થવું' એવો આ સન્દર્ભમાં થાય છે; અને पण् અને वन् જેવા શબ્દોને य પ્રત્યય લાગતાં જેમ અનુક્રમે पण्य અને वन्य રૂપો મળે છે તે પ્રમાણે कन् + य = कन्य રૂપ (Chaste, undefiled, the smallest)–'પવિત્ર, વિશુદ્ધ, નિષ્કલંક, ચારિત્ર્યવાન, સૌથી નાનું' એ અર્થમાં મળે છે. कन्यना સમાનાર્થ શબ્દો, ઝન્દમાં Kainin અને ભારત-યુરોપીય ભાષાના હિબેરિયન ભાષાસમૂહમાં Cain એવાં રૂપમાં મળે છે. कन्य પરથી આવેલો શબ્દ कन्यक—છોકરી, બાલાં, બાલિકા, કન્યા, કુમારિકા, પુત્રી, (the girl, maiden, virgin, daughter.) એ અર્થમાં યજુર્વેદ અને મહાભારતમાં મળે છે. कन्यना (બાલા, કુમારિકા) એ રૂપ ઋગ્વેદમાં અને એ જ અર્થમાં कन्यला રૂપ ઋગ્વેદ અને અવેસ્તામાં મળે છે. कन्या શબ્દ ઋગ્વેદ, અવેસ્તા અને મહાભારત જેવા પ્રાચીન સાહિત્યમાં વપરાયેલો મળે છે.

---

૧ 'પંચદંડછત્રપ્રબન્ધ' જેવી લોકસાહિત્યની કૃતિમાં 'કની' શબ્દ સચવાઈ રહ્યો છે, તે પરથી અનુમાન થાય છે કે, ઋગ્વેદકાળથી માંડી નિદાન પંદરમા સૈકા સુધીની લોકબોલીમાં તે પ્રયોજિત હતો.

कन् ધાતુ કે જેમાંથી कनी અને कन्या શબ્દો વ્યુત્પન્ન થયેલા તેમાંથી નીચે દર્શાવેલો શબ્દો થોડા અર્થભેદે સંસ્કૃતમાં મળે છે :[૧]

कन—નાનું, લઘુ, તનુ, ક્ષુદ્ર

कनय—વધારે નાનું બનાવવું

कना—બાલા, કુમારિકા

कनिष्ठ—कनिष्ठक—સૌથી નાનું, અતિ ક્ષુદ્ર

कनी—બાલા, બાલિકા, કન્યા, કુમારિકા

कनीन—બાલિશ, યુવાન, તરુણ

कनीनक—કુમાર, યુવાન

कनीयस्—નાનું, લઘુ; નાનો ભાઈ કે નાની બહેન; નાનો પુત્ર કે નાની પુત્રી

कनीयस—નાનું, લઘુ

कन्य—વિશુદ્ધ, પવિત્ર, નિષ્કલંક, ચારિત્ર્યવાન; સૌથી નાનું.

कन्यक—છોકરી, બાલા, બાલિકા, કન્યા, કુમારિકા, પુત્રી; સૌથી નાનું.

कन्यना—બાલા, કુમારિકા

कन्यला—બાલા, કુમારિકા

कन्यस—વધારે નાનું, સૌથી નાનું, અતિ ક્ષુદ્ર

कन्या—છોકરી, બાલા, બાલિકા, કુમારિકા, પુત્રી.

कन् ધાતુના પાઠાન્તરરૂપે મળતા, તેના સમાનાર્થ ધાતુ कण् ધાતુમાંથી નીચેના શબ્દ સંસ્કૃતમાં મળે છે :

कण—ધાન્ય, અનાજના દાણા

कणिक—ધાન્ય, અનાજના દાણા

कणियस्—ઘણું નાનું, અતિ ક્ષુદ્ર

कणिश—અનાજનું કે ધાન્યનું ડૂંડું.

किंशारु—ધાન્યની કંટી

कणीक—નાનું, અલ્પ, ક્ષુદ્ર

कन् ધાતુનો એક બીજો ઉપર્યુક્ત સન્દર્ભમાં મળતો આવે તેવો અર્થ 'તેજસ્વી હોવું (થવું),' 'આનંદી હોવું (થવું)' (કે જેનો મૂળભૂત રીતે 'યુવાન થવું,' 'નાના હોવું (થવું)' એવો અર્થ થતો) એ પણ વ્યાપક હતો. તેના પરથી कनक (સોનું), कनिष्क (તેજસ્વી) જેવા શબ્દ આપણને મળ્યા છે.

---

૧ આ સર્વ શબ્દો એમ. મૉનિયર વિલિયમ્સના સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાંથી લીધા છે.

જેમ અવેસ્તા અને ઝન્દમાં कनी અને कन्याना સમાનાર્થ શબ્દોનાં રૂપ મળે છે, તેમ થોડા અર્થભેદ સાથે ભારત–ઇરાની (Indo–Iranian–ફારસી)માં તેમનાં રૂપ આ પ્રમાણે મળે છે.[1]

कनीझ—સ્ત્રી ગુલામ, દાસી, બાલા, કુમારિકા, છોકરી.

कनिझक—બાલા છોકરી.

कनिझकि फिराशी—રખાત સ્ત્રી.

कनाझक-वाद—ગુલામ સ્ત્રી અથવા કુમારિકાનો પુત્ર, દાસીપુત્ર.

कनीझगी—દાસી અથવા કુમારિકા તરીકેની ફરજ.

कनीझी—કન્યાત્વ, કૌમાર્ય, તારુણ્ય; દાસી, લૌંડી અથવા ગુલામ બાલિકાની સ્થિતિ.

‘ કની ’ અથવા ‘ કન્યા ’ શબ્દનાં રૂપ જુદી જુદી યુરોપીય ભાષાઓમાં મળે છે, પણ તેની અર્થવ્યાપ્તિ (Connotation) થોડી જુદા પ્રકારની છે. પ્રાચીન યુરોપીય (Old European) ભાષામાં તેનું Cwén રૂપ મળે છે.[2] ભારતીય આર્યભાષા(Indo–Aryan)-માંનો ‘ ક ’ ભારત-યુરોપીય (Indo–European) ભાષાસમૂહમાં ‘ શ ’ થાય છે. તે નિયમ આધારે ‘ કની ’, ‘ કના ’, ‘ કન્યા ’ એ શબ્દોનું પ્રાચીન યુરોપીય રૂપ Cwén મળે તે બરાબર છે. Cwén (કની)ના પ્રાચીન યુરોપીય ભાષાઓમાં નીચે દર્શાવેલા અર્થ થાય છેઃ[3]

Cwén—I. Woman, femina; II. wife; III. a king's or emperor's wife, Queen, regina; IV. a common woman; V. Harlot; VI. girl; VII. a young woman; VIII. married woman. IX; a low wife, a low woman.

[શ્વેન—૧. સ્ત્રી; ૨. પત્ની; ૩. રાણી, સામ્રાજ્ઞી; ૪. સામાન્ય સ્ત્રી; ૫. વેશ્યા, ગણિકા; ૬. બાલા, કન્યા, છોકરી; ૭. યુવતી; ૮. પરિણીત સ્ત્રી; ૯. હલકી કક્ષાની પત્ની (રખાત સ્ત્રી), નીચ કક્ષાની સ્ત્રી.]

શ્વેન (Cwén)નું મધ્ય-યુરોપીય (Middle European) ભાષારૂપ ‘ કવેને ’ (Quene) અને નવ્ય યુરોપીય (Neo–European) રૂપ ‘ કવીન ’ (Queen) થાય છે. પ્રાચીન જર્મનમાં આ શબ્દનાં ‘ કોને ’ (Kone), ‘ કોન ’ (Kon), ‘ શેના ’ (Chena), ‘ શોને ’ (Chone) રૂપો મળે છે. ઇંગ્લેંડની પ્રાચીન ઍંગ્લો–સૅકશન ભાષામાં ‘ કવેઅન ’ (Quean) રૂપ મળે છે. અને તેનો અર્થ ‘ ગણિકા ’, ‘ વેશ્યા ’ (a slut, a harlot) મળે છે. ‘ કની ’—‘ કન્યા ’નો એક અર્થ, ભારતીય આર્યભાષાસમૂહમાં ‘ ગણિકા ’, ‘ વેશ્યા ’ થતો હશે કે કેમ તે વિશે મને શંકા હતી; પણ ઉપર્યુક્ત અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત ‘ पञ्चदण्डछत्रप्रबन्ध ’માં નૃત્ય કરતી ‘ पञ्चशतकनी ’ નો ઉલ્લેખ છે, ત્યાં ‘ કની ’નો અર્થ ‘ ગણિકા ’,

---

૧. પી. સ્ટેઈનગૅસઃ ‘ એ કૉમ્પ્રીહેન્સીવ પર્શીઅન–ઇંગ્લીશ ડીકશનેરી.’

૨. એન ઍંગ્લો–સૅકશન ડીકશનેરી ઑફ જોસેફ બોઝવર્થ–ટી. નૅાર્થકોટ વડે સંવર્ધિત અને સંપાદિત.

૩. ઉપર્યુક્ત.

'વેશ્યા' થાય છે; અને આ જ અર્થમાં, આ જ સન્દર્ભમાં જૈન કવિ પંડિત શુભશીલગણિએ પોતાની સંસ્કૃત પદ્ય કૃતિ '**पञ्चदण्डछत्रकथा**'માં **पण्याङ्गना** શબ્દ આ પ્રમાણે પ્રયોજ્યો છે:

चन्द्रभूपाङ्गजा लक्ष्मीवती सप्तावनौ गृहे ।
गत्वा च कारयामास नृत्यं चारु **पण्याङ्गनाः** ॥ १४० ॥

विक्रमार्कनृपोऽदृश्यरूपश्च सप्तमक्षितौ ।
गत्वा **पण्याङ्गनानृत्यं** पश्यति प्रमोदितः ॥ १४१ ॥

એ રીતે 'કની' = 'પણ્યાઙ્ગના' = વેશ્યા, ગણિકા એવો અર્થ થાય છે. આ અર્થને ઍંગ્લો-સૅક્શનના 'ક્વેઅન' (Qwean) શબ્દ દ્વારા પુષ્ટિ મળે છે, અને હવે ચોક્કસ રીતે કહી શકાય કે 'કની'નો એક અર્થ ઉપર દર્શાવ્યા પ્રમાણે થતો હોવો જોઈએ. એમ. મૉનિયર વિલિયમ્સે કે આચાર્ય આપ્ટેએ તેઓના શબ્દકોશોમાં આ અર્થની નોંધ કરેલી નથી, તે હવે થવી જોઈએ.

સ્કૉટલૅન્ડ અને ઉત્તર ઇંગ્લૅન્ડના પ્રદેશમાં, આનાં 'ક્વેયન' (Qweyn), 'ક્વેઅન' (Quean) એવાં પ્રાચીન રૂપો મળે છે અને એના બે અર્થ—'બાલા, છોકરી' અને 'યુવતી' થાય છે. ગૉથિક ભાષાઓમાં તેનું 'ક્વેન્સ' (quens), ડૅનીશમાં 'ક્વીન્ડે' (Quinde) અને 'કોને' (Kone), સ્વીડીશમાં 'ક્વીન્ના' (Qwinna), 'કના' (Kana), સ્લાવિકમાં 'શેના' (Shena), ગ્રીકમાં 'ગુને' (Guné), લૅટિનમાં 'શયની' (Cayani) અને આઈશલૅન્ડની ભાષામાં 'કોના' (Kona), 'કુના' (Kuna), 'ક્વાન' (Kwán), 'ક્વૅન' (Kwén), આદિ આ શબ્દનાં રૂપ મળે છે. પ્રાચીન યુરોપીય ભાષામાં તેનું (Cwén) રૂપ મળે છે, તે ઉપરાંત તેનાં બીજાં રૂપ 'શ્વેના' (Cwéna) 'શ્વૅને' (Cwéne) અને 'શ્વાન' (Cwán) મળે છે.[૧]

આ રીતે, 'કની' અને 'કન્યા' શબ્દો જુદા જુદા સ્વરૂપમાં અને વિવિધ અર્થવ્યાપ્તિમાં (પણ મૂળભૂત રીતે એક પ્રધાન રૂપ અને પ્રધાન અર્થ જાળવી રાખીને) આપણને, ભારતીય આર્યભાષામાં ઝન્દ અવેસ્તામાં, ભારત-ઇરાની(ફારસી)માં અને ભારત-યુરોપીયમાં મળે છે. પ્રાચીન ભારતીય આર્ય અને પ્રાચીન યુરોપીયમાં આ શબ્દો સારી રીતે વપરાયેલા મળે છે, તે જોતાં તે પ્રાક્-ઐતિહાસિક કાળથી ભારત-યુરોપીય પ્રજાસમૂહની બોલચાલની ભાષામાં સારી રીતે વપરાતા હોવા જોઈએ, એમ માનવાને કારણ મળે છે. પાણિનિ જેવા વૈયાકરણોએ તેમને **कना**, **कनी**, **कन्या** જેવાં શિષ્ટ સ્વરૂપે સંગ્રહ્યા હોવા જોઈએ, બાકી લોકબોલીમાં (પાણિનિ પૂર્વે, ઋગ્વેદ પહેલાં) તેમના શા ઉચ્ચાર થતા હશે, એ એક કલ્પનાનો વિષય છે. પણ પ્રાચીન યુરોપીયનાં 'શ્વૅન', 'શ્વૅના', 'શ્વૅને' અને 'શ્વાન' સાથે પ્રાચીન ભારતીય આર્યનાં ઉપર્યુક્ત રૂપો સરખાવતાં, લિખિત સ્વરૂપમાં સચવાયેલાં રૂપો બોલાતી ભાષાના ઉચ્ચારની નજીક હશે એમ માની શકાય.

'કની' શબ્દ સાથે સંબંધ ધરાવતી બે પ્રાક્-ઐતિહાસિક જાતિઓ કંઈક વિચારણા માગી લે છે. આ બે જાતિઓ (૧) મુખ્યત્વે દક્ષિણ ભારતમાં કેરલમાં મળતી આદિવાસી જાતિ

૧ યુરોપીય ભાષાઓનાં આ રૂપ 'ઍન ઍંગ્લો-સૅક્શન ડીક્શનેરી ઑફ બોઝવર્થ'માંથી લીધાં છે.

'કની[1]', અને (૨) યુરોપમાં, નૉર્વેથી શ્વેતસમુદ્ર સુધીના ફિન્લેન્ડ, લેપલેન્ડ સહિતના પ્રદેશમાં, પ્રાચીન સમયમાં વસતી 'કવેઇન' (Quaines) જાતિ[2].

'Primitive India' ('આદ્યિયુગનું ભારત') એ પુસ્તકમાં 'કની' જાતિ વિષે આ પ્રમાણે નોંધ મળે છે:

'ભારતની સૌથી પ્રાક્-કાલીન જાતિઓ પૈકીની એક કની જાતિ ઓસ્ટ્રેલિયાની આદિવાસી જાતિ સાથે પણ ઘનિષ્ઠ સામ્ય ધરાવે છે; વાંકડિયા વાળવાળા શ્યામ વર્ણના પુરુષો પાંચ ફૂટ ઊંચા છે............................ત્રાવણકોરમાં કનીઓને ગુલામોની જાતિ ગણવાની પ્રથા છે. પદ્મનાભપુરમ્‌ના મહારાજાઓના તેઓ છત્રધર હતા, એટલું ફક્ત (ત્યાંના) હિન્દુઓ યાદ કરવાને તૈયાર છે; તે પ્રમાણે કદાચ હોય. છતાં ય એ નિઃશંક છે કે, હાલ પડતી દશામાં આવેલી આ જાતિએ બીજા યુગોમાં સ્વતંત્ર અને સુખી જીવન અનુભવ્યું હશે, અને પ્રાચીન વર્ણનો માનવામાં આવે તો તેઓએ ગૌરવભર્યો ભૂતકાળ પણ જોયો હશે........................નવ્ય-પાષાણયુગના સમકાલીન કનીઓ સાથે રહેતાં, અમને સેંકડો વર્ષોની આવદશા પછી તેમની સ્મૃતિમાંથી સરકી ગયેલ, તેમની વિકસિત સંસ્કૃતિના એક ભાગની સાક્ષીરૂપ, તેઓની અપૂર્વ નાટચકલા જાણવા મળી.'

'કવેઇન' જાતિ ક્યારે થઈ ગઈ તે જાણવા મળતું નથી, પણ તે જાતિ વિષે પરિચય આપતાં ભૂલથી એક પ્રાચીન યુરોપિયન લેખકે તેને 'સ્ત્રીઓની એક જાતિ' તરીકે ઓળખાવી; ત્યારથી 'કવેઇન' શબ્દ સ્ત્રીજાતિના અર્થમાં વપરાવા લાગ્યો છે. 'કવેઇન્સ' (Quaines)-નું પ્રાચીન યુરોપીય ભાષાનું રૂપ 'શ્વેનાઝ'—(Cwénas) મળે છે, અને તેનું લેટિન રૂપ શયની' (Cayani) મળે છે. તેઓનો પ્રદેશ 'શ્વેન-લેંન્ડ' (Cwén-land) કહેવાતો હતો.

આ બન્ને જાતિઓના ઉલ્લેખમાંથી એટલું તથ્ય તારવી શકાય કે, 'કની' અને 'શ્વેન' (Cwén) એ સ્ત્રી માટે વપરાતા શબ્દ હોઈ શકે. કેરલની કની જાતિ સાથે, ભારતભરમાં વ્યાપક બનેલી 'દેવદાસી'ની સંસ્થાને કોઈ સંબંધ હતો કે કેમ એ વિચારવા જેવું છે. એ જાતિ (કની) નૃત્યકલા અને નાટચકલા જાણતી હતી, એવા 'Primitive India' ('આદ્યિયુગનું ભારત') માંના ઉલ્લેખથી, સ્કોટીશ શબ્દ 'કવેઅન' (Quean) અને અજ્ઞાત સંસ્કૃત પંચદંડછત્ર-પ્રબન્ધ'કારે પ્રયોજેલ 'કની' શબ્દ તેમ જ પંડિત શુભશીલગણિએ યોજેલ 'પણ્યાઙ્ગના' શબ્દના 'ગણિકા, વેશ્યા' એ અર્થોને પુષ્ટિ મળે છે.

આ સમગ્ર ચર્ચાને અન્તે એમ નિષ્પન્ન થાય છે કે, 'કની', 'કન્યા' એ પ્રાચીન ભારત-યુરોપીય ભાષાસમૂહના શબ્દો છે; પણ તે કોઈ પ્રાક્કાલીન 'કની' નામના, 'કવેઇન'—'શ્વેન' નામના ભારતી-યુરોપીય પ્રજાસમૂહ પૈકી કોઈની સમગ્ર સ્ત્રીજાતિના નામકરણમાંથી અર્થસંકોચ સાથે ઊતરી આવેલા શબ્દો છે કે કેમ, તે એક સંશોધનક્ષમ મુદ્દો હું વિદ્વાનોની વિચારણા માટે રજૂ કરું છું.

૧. નદીન પેપ્પાર્ડ: (અનૂદિત) 'Primitive India,' પૃ. ૨૬–૨૮; પ્રકાશક: જ્યૉર્જ જી. હરપ, લંડન, ૧૯૫૯.'

૨. ઍન ઍંગ્લો-સેક્શન ડીક્શનેરી ઑફ જોસેફ બોઝવર્થ'

ગ્રન્થાવલોકન

આનન્દમીમાંસા :—વ્યાખ્યાતા : પ્રો. રસિકલાલ છો. પરીખ, પ્રકાશક : પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા; કદ : રૉયલ આઠ પેજી; પૃ. ૮ + ૧૫૨; મૂલ્ય રૂ. ૪=૦૦ નં. પૈ.

'મહારાજા સયાજીરાવ સ્મારક વ્યાખ્યાનમાલા'ના ઉપક્રમે, ઈ. સ. ૧૯૬૦ના ફેબ્રુઆરી માસમાં તા. ૨૨ થી તા. ૨૪ સુધીમાં, અમદાવાદના ભો. જે. વિદ્યાભવનના વિદ્વાન અધ્યક્ષ, ગુજરાતી સાહિત્યનાં વિવિધ લલિત સાહિત્યસ્વરૂપોના સર્જક, મર્મગામી વિવેચક અને પ્રસિદ્ધ પ્રાચ્યવિદ્યાવિદ્ પ્રો. રસિકલાલ છો. પરીખે 'આનન્દમીમાંસા' વિષય ઉપર જે ત્રણ વ્યાખ્યાનો આપ્યાં તેને અહીં ગ્રંથરૂપે, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરાના પ્રાચ્યવિદ્યા મન્દિર તરફથી પ્રગટ કરવામાં આવ્યાં છે.

એ ત્રણ વ્યાખ્યાનોનાં શીર્ષક આ પ્રમાણે છે : (૧) પરિભાષા અને પ્રકાર : પ્રેમનો ભૂમા, (૨) જ્ઞાનભૂમા અને રસભૂમા, (૩) કર્મયોગનો ભૂમા અને અધ્યાત્મયોગનો ભૂમા.

પ્રથમ વ્યાખ્યાનમાં વ્યાખ્યાતા પંચેન્દ્રિયો દ્વારા પદાર્થોથી થતા આનંદની ચર્ચા કરે છે અને 'અમરકોશ,' મૉનિયર વિલિયમ્સ અને ઉપનિષદોના આધારે 'આનંદ' શબ્દના તેર કે વધારે પર્યાયોની સમીક્ષા કરી, શબ્દની પરિભાષા બાંધી, આનંદ પદાર્થની, તૈત્તિરીય અને બૃહદારણ્યક ઉપનિષદોને આધારે સમજ સ્પષ્ટ કરી, માનુષ આનંદ ઉત્તરોત્તર વિકાસ પામી બ્રહ્માનંદ સુધી કેમ ને શી રીતે પહોંચે છે તે વિશદ રીતે દર્શાવે છે. આગળ ચાલતાં સનત્કુમાર અને શંકરાચાર્યને આધારે લેખક સુખ અને ભૂમાની ચર્ચા કરી, ભૂમાનો આનંદ માનવજીવનમાં કયાં કયાં મળે તે આ પ્રમાણે દર્શાવે છે :—(૧) એક પ્રેમાનુભવ, (૨) બીજું રસાનુભવ, (૩) ત્રીજું નિષ્કામ કર્મ, (૪) ચોથું જિજ્ઞાસા તૃપ્તિનો જ્ઞાનાનન્દ અને (૫) પાંચમું આત્માનુભવનો બ્રહ્માનંદ.

આમાંના પ્રથમ—પ્રેમાનુભવને પ્લેટોના 'Eros'ના સંદર્ભમાં વિગતે સમજાવી વ્યાખ્યાતા પ્રેમના સારમાં રહેલું અદ્વૈત, એ વિસ્તરણનો આનંદ, એ ભૂમાનું સુખ—માણસ પામે તો તેનું 'અદ્વિતીય કલ્યાણ' છે—એમ કહી પ્રથમ વ્યાખ્યાનનો ઉપસંહાર કરે છે.

માનુષ આનંદને બ્રહ્માનંદ સુધી વિકાસ પામતો બતાવવાનો આ પ્રયાસ સાચે જ સમર્થ છે. પ્રથમ વ્યાખ્યાન માટે એક સૂચન કરવાનું મન થાય છે ને તે એ કે પ્લેટોના 'Eros'માંથી લીધેલા ઠીક ઠીક લાંબા અંગ્રેજી અવતરણનો ગુજરાતી અનુવાદ આપી શકાયો હોત તો ઘણા વાંચકોને એકંદરે વિશેષ લાભ થાત.

બીજા વ્યાખ્યાનમાં 'જ્ઞાનભૂમા અને રસભૂમા'ની મીમાંસા કરવામાં આવી છે—જેમાં 'જ્ઞાનભૂમા'ની ચર્ચાને કેવળ દોઢ પાનું આપવામાં આવ્યું છે જ્યારે રસભૂમાની ચર્ચાને લગભગ ૩૪ પાનાં આપવામાં આવ્યાં છે. જ્ઞાનભૂમામાં, 'આનંદોનો આખો દરિયો જેમાંથી ઊલટે છે એવાં બૌદ્ધિક સૌંદર્યો વ્યક્ત કરનાર સાયન્સ—અર્થાત્ જ્ઞાન'—વિદ્યા પ્રાપ્ત કરનાર જ્ઞાનવીરો—સંશોધન-

વીરોના ‘સહભૂ આનંદ’ને બિરદાવ્યો છે, જ્યારે ‘રસભૂમા’માં, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં અર્વાચીન-યુગમાં રૂઢ થયેલા ‘Aesthetics’નો વિકાસ આલેખી, તેની સંસ્કૃતપરંપરા સાથે તુલના કરી, રસાનંદ કે સૌંદર્યાનન્દ, આનંદમીમાંસાનો કેવી રીતે એક પ્રકાર છે તે સરસ ને સમર્થ રીતે પ્રતિપાદિત કર્યું છે. આ વ્યાખ્યાનમાં નાટ્યશાસ્ત્રમાં અને કાવ્યશાસ્ત્રમાં રસનું જે વિવરણ, પૃથક્કરણ ને વિવેચન કરવામાં આવ્યું છે તેમાં ભરત, ભટ્ટ લોલ્લટ, શ્રી શંકુક, ભટ્ટ તોત, ભટ્ટ નાયક, અભિનવગુપ્ત પાદાચાર્ય વગેરે નાટ્યશાસ્ત્રી અને અલંકારશાસ્ત્રીઓનો ઐતિહાસિક દૃષ્ટિએ શો ને કેવો મૌલિક ફાળો છે તેનું મર્મગામી બયાન આપવામાં આવ્યું છે. રસની આ ધારાવાહી મીમાંસામાં અભિનવગુપ્ત પાદાચાર્યના ‘આનન્દમય સંવિત્’ના મુદ્દાએ વ્યાખ્યાતાને ઠીક ઠીક આકર્ષ્યા લાગે છે. એમને મતે ‘રસ એ ક્રિયા છે. એ ક્રિયા થતી હોય ત્યારે જ યથાર્થ રીતે રસ છે એમ કહેવાય, એટલે કે કોઈ કાવ્ય-કે નાટ્ય કે ચિત્ર કે ગીત સાંભળતા કે જોતા હોઈએ, એના ભાવોને ચાવતા હોઈએ એ ક્રિયા જ રસ છે.’ એથી જ તેઓ રસને चर्व्यमाणतैकसारः કહે છે. ‘રસાનુભવ એ માનસિક વ્યાપાર, પ્રવૃત્તિ, ક્રિયા છે. એ એક પ્રક્રિયા છે, સિદ્ધ વસ્તુ કે તત્ત્વ નથી.’

વ્યાખ્યાનના અંતમાં પ્રો. પરીખ, પાશ્ચાત્યપરંપરા પ્રમાણે સૌંદર્યાનુભવનું લક્ષણ ચર્ચી, ‘સૌંદર્યના ચિંતનમાં ભાવક વ્યવહારની વ્યક્તિ ન રહેતાં, પ્રયત્નેચ્છા (Will) વિનાનો શુદ્ધ જ્ઞાતા છે’ એ તત્ત્વ ઉપર ધ્યાન ખેંચે છે અને અંતમાં ‘આર્ટનું અસ્તિત્વ આત્મા (Spirit)ના Intuition દર્શનમાં’ જોતા મહાન ચિંતક ક્રોચેનો મત ચર્ચી, રસાનુભવ, રસાનંદ પણ ભૂમાના આનંદનો પ્રકાર છે એમ પ્રતિપાદિત કરે છે. આ બીજા વ્યાખ્યાનમાં, આ વિષયના પ્રો. પરીખના પૂર્વ-પશ્ચિમની તત્ત્વમીમાંસાના અભ્યાસનો સારો એવો નિચોડ આવી જાય છે. કેટલીક વાર તો પૂર્વ-પશ્ચિમની વિચારપરંપરાનું પૃથક્કરણ કરી ઉભયનું તત્ત્વસામ્ય તેઓ નિર્દેશે છે. ભરતના નાટ્યશાસ્ત્રના રસસૂત્રની ચર્ચા પછી તેનું તાત્પર્ય તારવતાં કહે છે: ‘તેમાં એક તત્ત્વ તો સ્પષ્ટ થાય છે કે નાટ્ય કે કાવ્ય (અને બીજી કોઈ પણ કલા) ભાવોને જાગ્રત કરવા માટે છે. આ તત્ત્વ પાશ્ચાત્ય Aestheticsના ફિલસૂફો અને વિવેચકોમાં પણ આગળ પડતું દેખાય છે. (પૃ. ૨૯)

આગળ ચાલતાં શ્રી શંકુકની અનુકૃતિ અને અનુમિતિ એ બે તત્ત્વોને પશ્ચિમની વિચારણા સાથે મૂકે છે: ‘આ અનુકૃતિ ઍરિસ્ટોટલના Mimesis જેનો અંગ્રેજીમાં Imitation થી અનુવાદ કરવામાં આવે છે તેનું સ્મરણ કરાવે છે.’ (પૃ. ૩૩)

ક્રોચે અને અભિનવગુપ્તપાદને તેઓ આ રીતે સાંકળે છે: “પાશ્ચાત્ય ચિંતકોમાં ક્રોચેનું સ્થાન Aestheticsમાં વિશિષ્ટ છે. એમને મન કલા એ શુદ્ધ નિદિધ્યાસન—Contemplation છે. એ પોતે આર્ટની વ્યાખ્યા—‘Art is vision or intuition’—‘કલા એ દર્શન છે’—એમ કહી આપે છે અને જેમ અભિનવગુપ્તપાદ ‘અવિઘ્ના સંવિત્’નાં અનેક નામ આપે છે તેમ ક્રોચે પણ આપે છે—જોકે જુદી રીતે.’ (પૃ. ૪૯)

·આજનું મનોવિજ્ઞાન જેને Propensities, Feelings, Emotions અને Sentiments કહે છે તેવા ૪૯ ભાવોની એક પંરપરા સંસ્કૃતમાં લગભગ બંધાઈ ગઈ છે. આ બાબતમાં ભરતની મૌલિક દૃષ્ટિને પ્રો. પરીખ સરસ રીતે બિરદાવે છે: “ભરતની આ દૃષ્ટિ કાવ્ય અને

બીજી કલાઓને લોકજીવન જોઈ વિભાવો અને અનુભાવો કલ્પવા કહે છે એ ઉપર ખાસ ધ્યાન દેવા જેવું છે. જમાને જમાને અને દેશે દેશે અને વૈયક્તિક દષ્ટિ પ્રમાણે જુદા જુદા થતા વિભાવો અને અનુભાવો સમજવા ઉપર એમાં ભાર છે. આ દષ્ટિ સંસ્કૃત સાહિત્યના પછીના કવિઓ સમજ્યા હોત તો જે વિભાવાદિના સમયો કે સંકેતોમાં—Conventionsમાં તેઓ બદ્ધ થઈ ગયા તે ન થાત. તેમની પ્રતિભામાં નવા જીવનની ચમક આવત અને તેમના કાવ્યને વિશેષતા અર્પત." (પૃ. ૨૭).

રસપ્રતીતિમાં, કલાકારથી થતાં વિઘ્નોની ચર્ચા કરતાં અભિનવગુપ્તપાદથી તે એક બાબતમાં જુદા પડે છે: 'પણ અભિનવગુપ્તપાદ જે એમ કહે છે કે તે (પ્રતિપત્તિની અયોગ્યતા) દૂર થતાં 'हृदयसंवादो लोकसामान्यवस्तुविषयः—લોકને સામાન્ય એવું વસ્તુ જ હૃદયસંવાદનો વિષય બને' એ વધારે પડતું છે—એમ વિવેચનની દષ્ટિએ કહેવું જોઈએ'. પણ આ સૌમ્ય વિધાન કર્યા પછી લેખક 'જે હોય તે ખરું' એટલું વાકય ઉમેરી 'વિવેચનની દષ્ટિ'ને ઝાંખી કરે છે! આખા ગ્રંથમાં 'જે હોય તે ખરું' એ વાકય અનેક વાર (પૃ. ૮, ૯ ૧૩, ૨૦, ૩૧, ૪૦, ૫૬) આવે છે જે ટાળી શકાયું હોત તો ઠીક થાત એમ લાગે છે.

ત્રીજા વ્યાખ્યાનમાં ગીતાના તત્ત્વજ્ઞાન અનુસાર 'કર્મયોગનો ભૂમા' સમજાવવા તેમાંથી અનેક સંસ્કૃત અવતરણો આપ્યાં છે અને તેનું વિવરણ તથા અર્થઘટન કર્યું છે અને સાર તારવ્યો છે કે 'માણસ જ્યારે જીવનની દરકાર કર્યા વિના મહાન કાર્યો કરતો હોય છે ત્યારે આ હૃદ્દેશે રહેલો ભૂમા તેની પ્રેરણા હોય છે; એને એનું ભાન કંઈક હોય, ન પણ હોય, છતાં તેનો સ્પર્શ તેને લાગતો હોય, તેનો ધક્કો તે અનુભવતો હોય. આમ અનાસક્ત કર્મયોગની શકયતા હૃદયમાં રહેલા ભૂમાની પરમ આસક્તિ છે; એટલે જ આ ભૂમાને જાણવો—તેના આનંદને માણવો એમાં જ ઋષિઓ મહાન પુરુષાર્થ માને છે' (પૃ. ૫૯).

ત્રીજા વ્યાખ્યાનના ઉત્તરાર્ધમાં લેખક 'અધ્યાત્મયોગનો ભૂમા' સમજાવતાં કહે છે: 'પોતામાં જ પરમ તત્ત્વ કે પરમ શક્તિ દેખાતી હોવાથી એને કોઈ આત્મા કહે, અને આ જાતના જ્ઞાનને આત્મજ્ઞાન કહે; કોઈ પરમ તત્ત્વનું મહત્ત્વ જોઈ તેને મહત્ કહે, કોઈ એનું બૃંહણ જોઈ બ્રહ્મ કહે, કોઈ એની વિશાળતા કે વ્યાપકતા જોઈ ભૂમા કહે. આ બધું અધ્યાત્મવિદ્યા કે બ્રહ્મવિદ્યામાં સમાય. આ વિદ્યા જ મોક્ષશાસ્ત્ર બને છે.' (પૃ. ૬૧). એ પછી 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એ શ્રીમદ્ રાજચન્દ્રના સૂત્રને વિગતે સમજાવે છે, આત્મજ્ઞાનની કક્ષાઓ ચર્ચે છે અને ભૂમા એ માનવ-જીવનની મૌલિક પ્રેરણા છે એવું પ્રગલ્ભ વિધાન કરે છે. આ ભૂમાનું સુખ = આનંદ એને પ્રો. પરીખ માનવવિકાસનું પ્રાથમિક ને પરમ બલ માને છે. એમની વિચારણાના સાર જેવું એક અવતરણ જોઈએ: 'માણસમાં એની જીવવાની અને પ્રજનનની વાસનાઓ ઉપરાંત આ ઊર્ધ્વ થવાની–ભૂમા થવાની, મહત્ થવાની અદમ્ય વાસના છે. એ આનંદસ્વરૂપ છે, અને એ આનંદ અનુભવવાની ઝંખના જ્ઞાનવિજ્ઞાનમાં, સૌંદર્યમાં, પ્રેમમાં તથા મહાન કર્મયોગમાં માણસને પ્રેરે છે અને અંતે તે આનંદબ્રહ્મ કે બ્રહ્માનંદને જાણવા અને પામવા પ્રેરે છે' (પૃ. ૭૩).

પુસ્તકને અંતે, ઘણો મોટો પરિશ્રમ લઈ લેખકે વિદ્વત્તાપૂર્ણ દીર્ઘ ટિપ્પણ (લગભગ ૩૪ પાનાંનું), વ્યાખ્યાનો તથા ટિપ્પણોમાં ઉપયુકત ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજી ગ્રંથોની યાદી અને શબ્દાનુક્રમ આપ્યાં છે.

સમગ્ર રીતે, આ વ્યાખ્યાનો વાંચતાં, ન્યાયશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, યોગશાસ્ત્ર, કાવ્ય-નાટ્ય-રસશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્ર—એમ અનેક શાસ્ત્રોનું આજીવન ચિંતનમનન કરનાર, તેનું આકંઠ પાન કરનાર, અને તેનું શિષ્ટ ને મિષ્ટ ભાષામાં નવનીત સારવી આપનાર એક સમર્થ જ્ઞાનવીરની છબિ ચિત્ત પર અંકિત થાય છે.

રણજિત મો. પટેલ

*　　　*　　　*　　　*

ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક :—વ્યાખ્યાતા પ્રો. વિ. ર. ત્રિવેદી પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ–૨; કદ : ક્રાઉન સોળ પેજી; પૃ. ૮ + ૧૩૨; કિંમત રૂ. ૨=૫૦ ન. પૈ.

ગુજરાતના સાહિત્ય અને ઇતિહાસ ઉપર વ્યાખ્યાનમાળા યોજવાના હેતુથી ' શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા ' સ્થાપવા માટે મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. તરફથી ગુજરાત યુનિવર્સિટીને જે પ્રીતિદાન મળ્યું તેના ફલરૂપે, યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં, તા. ૧૬-૮-૧૯૬૦ થી તા. ૨૦-૮-૧૯૬૦ સુધી જે પાંચ વ્યાખ્યાનો પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ આપ્યાં તે અહીં સંગ્રહિત થયાં છે.

આ વ્યાખ્યાનમાળાની સાથે જેમનું પુણ્ય નામ જોડાયું છે તે જ લેખક આ પહેલી વ્યાખ્યાનમાળાના વિષય બન્યા અને જેમણે આજીવન સ્વ. ગોવર્ધનરામના જીવન અને સર્જનનું પરિશીલન કર્યું છે તેવા વિદ્વાન વ્યાખ્યાતા પ્રો. વિ. ર. ત્રિવેદી યુનિવર્સિટીને પ્રાપ્ત થયા એ સુયોગ ઉભયને રળિયાત કરે તેવો છે.

એમના પ્રથમ વ્યાખ્યાનનું શીર્ષક છે: ' ગોવર્ધનરામનો જીવનતત્ત્વવિચાર '. આ વ્યાખ્યાનમાં પ્રો. ત્રિવેદીએ શ્રી. ગો. મા. ત્રિપાઠી બાવીસ વર્ષના હતા ત્યારે તેમણે લખેલ ' Practical Asceticism, '–વ્યાવહારિક સંન્યાસ,–એમની મહાનવલ ' સરસ્વતીચન્દ્ર, ' ' સાક્ષરજીવન, ' ' અધ્યાત્મજીવન ' અને એમની પ્રગટ થયેલી અંગ્રેજી ' Scrap Books ' સ્ક્રેપ બુકોના અભ્યાસને આધારે ગોવર્ધનરામનો જીવન અંગેનો મૌલિક તત્ત્વવિચાર વિશદતાથી સમજાવ્યો છે–અને એ અનુમાન ઉપર આવ્યા છે કે ' સરસ્વતીચન્દ્ર 'માંની વિચારણા ' પ્રવૃત્તિમય સંન્યાસ 'ની વિચારણા, ' સાક્ષરજીવન 'ની વિચારણા તથા ' અધ્યાત્મજીવન 'ની વિચારણા ગોવર્ધનરામને આપણા ઉત્તમ વિચારકોમાં શ્રી અરવિંદ જેવાની આગાહી આપનાર વિચારક તરીકે સ્થાપે છે. વળી એમની લોકસંગ્રહરૂપ કર્મયોગની મીમાંસામાં પણ ગોવર્ધનરામ, વિવેકાનંદ, ટિળક અને શ્રી. અરવિંદની આગાહી કરે છે એમ પ્રો. ત્રિવેદી કહે છે.

સમષ્ટિની મહાપ્રવૃત્તિમાં વ્યક્તિની પ્રવૃત્તિ માત્ર, સમષ્ટિની મહેચ્છામાં વ્યક્તિની ઇચ્છા માત્ર હોમાય એ જ સાચો યજ્ઞ, સાચી ઉપાસના, સાચો કર્તવ્યધર્મ છે. મહેચ્છામાં વ્યક્તિની ઇચ્છા મેળવવી તે આ; વૈયક્તિક સંપત્તિનો હોમ—(Consumption) તે આ જ. यज्ञेन यज्ञं अयजन्त देवाः। પરિવ્યયરૂપ આ મોક્ષને ગોવર્ધનરામ Beautitude of emancipating Consumption–the only result worth my life-long pains "—એમ વર્ણવે

છે. આ બધી જીવનતત્ત્વની મીમાંસા જીવન વિષે અને જીવન સાથે નિષ્ઠાપૂર્વક મથામણ કરનાર એક મહાપુરુષનું, એક સાધુ પુરુષનું, ઊંડું, વ્યાપક ને સર્વાંગસ્પર્શી દર્શન પ્રો. ત્રિવેદીએ કરાવ્યું છે. બીજા વ્યાખ્યાનનો વિષય છે: 'ગોવર્ધનરામનો સાહિત્યવિચાર: સાક્ષરભાવના.' આ વ્યાખ્યાનમાં પ્રો. ત્રિવેદી શરૂઆતમાં જણાવે છે કે ગોવર્ધનરામ કવિતા તો પોતા માટે ને ઉચ્ચ અધિકારી રસજ્ઞ જનો માટે લખતા હતા જ્યારે નવલકથા સામાન્ય દેશજનને માટે. 'સરસ્વતીચંદ્ર'ના આલેખનમાં ગોવર્ધનરામ કેવી રીતે સત્યશોધક પર્યેષક ને સારશોધક સર્વગ્રાહક છે, પક્ષવાદી નહીં પણ પ્રેક્ષક છે; ઉપદેશક કે મીમાંસક નહીં પણ કલાકાર છે અને તેમની સાહિત્યભાવના કેવી રીતે નિરપેક્ષ, પ્રગતિશીલ ને ઉદાર પ્રયોજનલક્ષી છે તે તેની વિશેષતાઓ અને મર્યાદાઓના સંદર્ભમાં દર્શાવ્યું છે. બોધતત્ત્વને તેઓ આનંદતત્ત્વમાં અંતર્ગત કલ્પતા લાગે છે. અભ્યાસ, અવલોકન અને અનુભવના સમુચ્ચયને ગ્રંથકાર થનારનું તેલ ગણે છે અને તે વિના એકલી વધવા ઇચ્છતી બુદ્ધિ દીવાસળીની પેઠે સળગી તરત હોલાય છે'—એમ માને છે.

હાસ્યરસને તેઓ રસસમૂહનું ઉત્તમાંગ ગણતા નથી. 'પ્રસંગ, પ્રયોજન, સ્વાભાવિકતા, બુદ્ધિ, રસિકતા, ચાતુર્ય, અનુભવ, અપૂર્વતા અને અંકુશ એ સર્વ વિનાનો હાસ્યરસ એકલાં મરચાંના ભોજન જેવો છે'—ગોવર્ધનરામના આ વિચારોની સમીક્ષા કરતાં પ્રો. ત્રિવેદી કહે છે કે તેઓ તેની કિંમત આંકવામાં ચૂકયા છે. 'જીવનના ગંભીર સત્યને સૌંદર્ય દ્વારા શોધી શકાય તેમ હાસ્ય દ્વારા પણ જોઈ શકાય. કટુતા વિના સમાધાન હાસ્યવૃત્તિથી પણ થઈ શકે. 'સરસ્વતીચંદ્ર'માં હાસ્યનો ઉજાસ નથી એ ગેરલાભ એ સમજનું જ પરિણામ છે.' એ જ રીતે 'ગુજરાતી સાહિત્યપરિષદ'ના કાર્યક્ષેત્રમાંથી ગોવર્ધનરામ સાપેક્ષ સાહિત્ય (Applied Literature)ને બાતલ ગણે છે ત્યાં પણ પ્રો. ત્રિવેદી, ગોવર્ધનરામની આ પ્રકારની વિચારસરણી સાથે સંમત થતા નથી.

ગુજરાતી સાહિત્યના ભાવિ વિશે ચિંતન પણ ગોવર્ધનરામ કરે છે ને પરંપરા અને નવપ્રસ્થાનનો સજીવ સંબંધ દર્શાવે છે. પરંપરા સાથે સજીવ સંબંધ હોય તો જ નવીન સાહિત્ય દ્વારા સાહિત્યકાર લોકહૃદયમાં પ્રવેશ પામે. ગોવર્ધનરામને મતે સાહિત્યકાર બે રીતે લોકને વશ કરી શકે: 'પ્રેમાનંદ પેઠે લોકરુચિને પ્રસન્ન કરી યા તો નરસિંહ-અખાની જેમ તેને સર કરી.'

ગોવર્ધનરામની લેખક-વિષયક વિભાવના પણ, સંસ્કૃતમાં ઋષિ, કવિ કે ધીરની જે વિભાવના છે તેવી ભવ્ય ને ઉત્કૃષ્ટ છે. કૃષ્ણાર્જુનના અશસ્ત્રસારથિત્વ ને યુદ્ધના યોગથી લોકકલ્યાણ સધાય છે એવો ઉભયપદી પ્રવૃત્તિ-નિવૃત્તિપરાયણ લોકકલ્યાણસાધક-યોગ સાહિત્યકારના જીવનનો પણ છે. બાલદ્રષ્ટા, શુકદ્રષ્ટા, લક્ષણદ્રષ્ટા ને પર્યેષકમાં, ગોવર્ધનરામ પર્યેષકને મંત્રદ્રષ્ટા કે સ્મૃતિકાર જેવો ગણે છે જેનું દર્શન અરવિંદમાં કે ગાંધીમાં થાય છે. માઈકલ એન્જેલો, કાલિદાસ કે શેક્સ્પિયર લક્ષ્યદ્રષ્ટામાં આવે; સાક્ષરનો મોટો સમુદાય જેને આપણે Men of Letters કહીએ છીએ તે તેમાં આવે.

અવલોકનરૂપનાં કે સિદ્ધાંતચર્ચાનાં અલ્પ એવાં ગોવર્ધનરામનાં લખાણની મર્યાદા આંકી, ખાસ તો 'સાક્ષરતાની ઉદાર ને સભર કલ્પના' આપનાર 'સાક્ષરજીવન'નું બહુમાન કરે છે. પ્રો. ત્રિવેદી આ ગ્રંથને 'સિદ્ધાંતસાર' કે 'સમૂળી ક્રાંતિ'ની અમરતાનો સમકક્ષ ગણાવે છે, ને બીજા રોચક—સમર્થ વ્યાખ્યાનનું સમાપન આ રીતે કરે છે: 'યુરોપી Men of

Lettersની કલ્પના અને પ્રાજ્ઞ યા કવિની ભારતીય ભાવનાનો મેળ બેસાડવાનો, આપણી ભાષામાં સ્ફુટ કરવાનો, આ અનન્યસાધારણ પ્રયત્ન ગોવર્ધનરામના પોતાના સાહિત્યકાર્યને તથા જીવનઆદર્શને પણ પ્રકાશિત કરે છે.'

ત્રીજા વ્યાખ્યાનમાં પ્રો. ત્રિવેદીએ 'સ્નેહમુદ્રા' અને પ્રકીર્ણ કવિતાનું એમની પરિમાર્જિત વિવેચકદૃષ્ટિથી સૂક્ષ્મ રસદર્શન અને યોગ્ય મૂલ્યાંકન કર્યું છે. કાવ્યનું કાવ્ય લેખે અને કાવ્ય નવલકથાઅંગમાં નિરૂપાય ત્યારે અંગાંગી તરીકે કેવું—એમ એનું દ્વિવિધ સૌંદર્ય ચકાસ્યું છે. ગોવર્ધનરામના હૃદયનો ઘણો રસ લાવણ્યના પાત્રમાં વિશેષ ઝીલાય છે. પ્રો. ત્રિવેદી, ગોવર્ધનરામમાં, કાવ્યના કસબની સિદ્ધિનો અભાવ દર્શાવી એકંદરે આવા અનુમાન ઉપર આવે છે: 'વિચારની સમૃદ્ધિ, પાંડિત્યની સંપત્તિ, ભાષાનું પ્રભુત્વ, ભાવની ઉત્કટતા, કલ્પનાની સાક્ષાત્કારિતા અને તરંગનો લીલાવૈભવ હોવા છતાં પદ્યરચનાની કોઈ મોટી ન્યૂનતા તેમનામાં હંમેશાં વરતાય છે.'

ચોથા વ્યાખ્યાનમાં "'સરસ્વતીચંદ્ર'નાં પ્રભાવકતત્ત્વો"—જેવાં કે 'સ્થળકાળના વ્યાપે, તેના જીવનચિત્રના મનોરમ, દીપ્તિમય અને ભરચક વૈચિત્ર્યે ને વૈવિધ્યે, તેની કલ્પનાના ઉડ્ડયને, તેની સમજના ઊંડાણે, તેની ભાવિના ગર્ભમાં જોનારી પ્રજ્ઞાએ, તેના પાંડિત્યના વૈભવે, તેની ઉદારભવ્ય શૈલીએ, તેની સર્વત્ર ઓતપ્રોત દેશહિતચિંતક—લોકહિતચિંતક ભાવનાએ'—એને 'મહાનવલ,' 'પુરાણ', 'મહાકાવ્ય', 'સંસ્કૃતિકથા' જેવાં અભિધાન અપાવ્યાં તેનું રહસ્ય સૂક્ષ્મ પૃથક્કરણથી સ્ફુટ કર્યું છે. આંગ્લ કવિ-વિવેચક મેથ્યુ આર્નોલ્ડની રીતિએ, 'સરસ્વતીચંદ્ર'ને તેઓ એના યુગની સર્વોત્કૃષ્ટ વાર્તા જ નહીં, પણ વિશેષમાં એ યુગની સર્વાંગી જીવનસમીક્ષા ગણે છે. આમ 'સરસ્વતીચંદ્ર'એ 'નાના ઘરની બારીમાંથી નજરે ચઢતું જીવનનું કોઈ ઝબકી જતું તરલ દૃશ્ય નથી, સુંદરગિરિ ઉપરથી નિહાળાતી જીવનમહાનદની અદ્‌ભુત અને જાણે અનન્ત લીલા છે.' પૃ. ૮૨ પર વિજયરાયે "એને 'સ્મૃતિકથા' કહી" ત્યાં 'સ્મૃતિકથા'ને બદલે 'સંસ્કૃતિકથા' જોઈએ.

પાંચમા વ્યાખ્યાનનો વિષય છે 'ગોવર્ધનરામની નિરૂપણરીતિ અને ગદ્યશૈલી'. એક રીતે તો ચોથા વ્યાખ્યાનનો આ પ્રસ્તાર જ છે જેમાં ગોવર્ધનરામની વૈવિધ્યપૂર્ણ અને વિશિષ્ટ નિરૂપણ-રીતિનાં અનેક ઉચિત અને સમર્થ દૃષ્ટાંત આપ્યાં છે અને 'ગદ્યની વિવિધ વિચ્છિત્તિઓમાં ગોવર્ધનરામને ગુજરાતી ગદ્યસિદ્ધિમાં કોઈ અતિક્રમ્યું નથી, ગુજરાતી ભાષાને ગોવર્ધનરામે જે છટા વગેરેનો સંસ્કાર આપ્યો છે તે ફીટે એવો નથી'—એ સ-દૃષ્ટાંત પ્રતિપાદિત કર્યું છે અને એમના વ્યક્તિત્વ અને શૈલીનો સહજ મેળ દર્શાવ્યો છે. પ્રો. ત્રિવેદીને મતે, ગોવર્ધનરામની શૈલીને બાણ અને બર્કની શૈલીના સંસ્કાર સાંપડ્યા છે ને ગોવર્ધનરામે નંદશંકરની શૈલીની કૃત્રિમતા ને મનઃસુખરામની ક્લિષ્ટતા ટાળી છે. એમની શૈલીને પ્રો. ત્રિવેદી સામાન્ય રીતે 'પ્રવાહી, ઉદાર, ઉન્નત અને રમણીય' ગણે છે.

આમ આ પાંચેય વ્યાખ્યાનો દ્વારા ગોવર્ધનરામની સૂક્ષ્મ વિચારસંપત્તિ અને મનોહર કલાસમૃદ્ધિનાં કેટલાંક અંગનો સમર્થ પરિચય કરવા-કરાવવાનો પ્રો. ત્રિપેદીએ સફળ પ્રયત્ન કર્યો છે. ગોવર્ધનરામના કેટલાક સારા અભ્યાસીઓમાં, કદાચ પ્રો. ત્રિવેદી પ્રથમ પંક્તિના છે એની સાચી પ્રતીતિ આ વ્યાખ્યાનો વાંચતાં પાકી થાય છે. આ પહેલાં પણ, જગતકાદંબરીઓમાં જેની ગણના થઈ શકે એવા 'સરસ્વતીચંદ્ર'કાર સંબંધે પ્રો. ત્રિવેદીએ ઠીક ઠીક લખ્યું છે અને આ

વ્યાખ્યાનો દ્વારા એ વસ્તુઓ નવી રીતે કહી છે. ગોવર્ધનરામના સાહિત્યવિચાર અને જીવનતત્ત્વ-વિષયક સામગ્રી નવી છે અને પૂરતી રોચક પણ છે. આવો સુંદર ગ્રંથ આપવા બદલ પ્રો. ત્રિવેદીને અનેક સાધુવાદ.

રણજિત મો. પટેલ

* * * *

ભારત-રત્ન :—લેખક : ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા; પ્રકાશક : ડૉ. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, વડોદરા. પ્રાપ્તિસ્થાન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ તથા સરસ્વતી પુસ્તકભંડાર, રતનપોળ, અમદાવાદ. ફેબ્રુઆરી, ૧૯૬૩. કદ: ડેમી આઠ પેજી; પૃષ્ઠ ૩૮ + ૫૦૮; મૂલ્ય રૂ. ૧૫ = ૦૦.

રામાયણ અને મહાભારત ભારતના મહાન્ 'ઇતિહાસ'-ગ્રન્થો છે એટલું જ નહીં પણ સનાતન 'ધર્મ'-ગ્રન્થો છે. આદિકાવ્ય રામાયણની પવિત્ર કથા આદર્શ માનવજીવનની ચમત્કૃતિઓથી ગુંફિત થયેલી હોઈ હજારો વર્ષથી સતત વહેતો તેનો પ્રવાહ કદી સુકાતો નથી અને હમેશ નવીનતાની તાજગીભર્યો જ રહ્યો છે. મહાભારત તો 'સ્મૃતિ' તરીકેનું માન પણ પામ્યું છે. મનુષ્યજીવનનાં ચારેય સનાતન મૂલ્યોનું આદર્શ અને અનુપમ નિરૂપણ તેમાં કરવામાં આવ્યું છે, અને અર્થ-કામ ધર્મમૂલક જ હોવાં જોઈએ એવો ખાસ આગ્રહ તે રાખે છે. આપણા જીવનનાં સર્વ સનાતન સત્યો તેમાં પ્રબોધાયેલાં હોવાથી તે, પ્રસ્તુત ગ્રન્થમાં કહેવાયું છે તેમ, માનવ-આત્માનો સનાતન ઇતિહાસ બની રહ્યો છે. તેમાં અતિવિપુલ પ્રમાણમાં મૂકેલાં, મનુષ્યજીવનનાં સર્વ પાસાંને સ્પર્શતા સચોટ અનુભવ-ઉપદેશનાં ઉદાહરણો સમાજના સર્વ સ્તરોને આવરી લેતાં હોવાથી આ મહાગ્રન્થ અદ્વિતીય જીવનપથપ્રદર્શક બની રહ્યો છે. અત્યન્ત લોકપ્રિય હોઈ તેણે આપણા જીવન ઉપર સૌથી વધારે અસર કરેલી છે; અને એ રીતે ભારતીય સંસ્કૃતિ તથા ઇતિહાસમાં મહાભારતનું સ્થાન અદ્વિતીય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ઉપદેશેલ નાના-મોટા સર્વ સિદ્ધાન્તોનાં ઉદાહરણો તે પૂરાં પાડે છે. અનેક કવિઓ તથા નાટચકારોને આ સર્વસંગ્રહમાંથી ઇષ્ટ વિષયો પ્રાપ્ત થયા છે. આ રીતે આ આકરગ્રન્થ વિષે '**व्यासोच्छिष्टं जगत्सर्वम्**' એવું પ્રચલિત વિધાન તેમ જ '**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्**' એવી મહાભારતકારની પોતાની ગૌરવવાણી સાર્થક જણાય છે.

આવું અનુપમ મહત્ત્વ ધરાવતા આ સાહિત્ય-સાગરમાંની સૂક્તિઓના સંચયો તો અનેક થયા છે; પરન્તુ પ્રસ્તુત સંગ્રહ તે સર્વમાં જુદો તરી આવે છે—તેની કક્ષામાં તે અપૂર્વ છે. ૧૯ વર્ષના દોહનના વિપાકરૂપ નવનીત તે છે. મહાભારતની સર્વ સૂક્તિઓનું સૂક્ષ્મદૃષ્ટિથી વિષયવાર વર્ગીકરણ કરવું તે એક ભગીરથ-કાર્ય છે અને તેવી સાંસ્કૃતિક સૂચિ તૈયાર કરવાના પ્રયત્નમાંથી જ આ 'ભારત-રત્ન'નો ઉદ્‌ભવ થયો છે. ઈ. સ. ૧૯૫૩માં "મહાભારત અને જૈન આગમમાં સર્વસામાન્ય રૂપે જણાતા વિરક્તિકાવ્ય[Ascetic poetry]નો તુલનાત્મક અભ્યાસ" આ લેખકે 'મહાભારત અને ઉત્તરાધ્યયનસૂત્ર' નામક સ્વાધ્યાય-પુસ્તિકા દ્વારા પ્રકટ કર્યો હતો, અને, લેખકના શબ્દોમાં કહીએ તો, "મહાભારતમાંથી જુદા જુદા વિષયના શ્લોકો લઈ એનું ઉદ્‌ઘાટન અર્થાત્ વિવેચન-સમાલોચન-અભ્યાસ-આસ્વાદ-મનન એવું કંઈ પ્રસ્તુત 'ભારત-રત્ન'માં આપ્યું છે".

આ સમાલોચના માટે જે ૧૯૫ શ્લોકોને પસંદગી સાંપડી છે તેમને નીચે પ્રમાણે કુલ ૨૧ પ્રકરણોમાં વિભક્ત કરવામાં આવ્યા છે: ઉપક્રમ, ઉપક્રમ ૨—ગ્રન્થમહિમા, ધર્મ, સત્ય, અહિંસા, બ્રહ્મવિદ્યા, ભક્તિ, ગાર્હસ્થ્ય, અર્થ-દોષ, કર્મ, કાળ, વ્યસન, સુખદુઃખ, યુદ્ધ-નિરર્થકતા, વિદ્યા, તત્ત્વજ્ઞાન, સજ્જન-દુર્જન-વિવેક, યોગ, શીલ, સંયમ અને પ્રકીર્ણ. અન્તે પ્રસિદ્ધ ભારત-સાવિત્રીનું સ્વતંત્ર પ્રકરણ યોજેલું છે. ગ્રન્થની યોજના કંઈક આ પ્રકારની છે:—પ્રથમ મૂળ શ્લોક અગર શ્લોકો, દેવનાગરી લિપિમાં; પછી ગુજરાતી અનુવાદ, મોટા ટાઈપમાં. અનુવાદની નીચે ટૂંકી સંદર્ભકથા અને શ્લોકના મર્મની વિવેચના નાના ટાઈપમાં મૂકવામાં આવી છે. લગભગ દરેક પૃષ્ઠ ઉપર વિદ્વત્તાપૂર્ણ પાદ-ટીપો આપી છે, ઝીણા ટાઈપમાં. અક્ષરના સ્વરૂપનો આ ફેરફાર બહુ ઉચિત રીતે યોજેલો છે, કેમ કે જેને કેવળ સૂક્તિઓમાં જ રસ હોય તેવો સામાન્ય માણસ માત્ર મોટા અક્ષરનું લખાણ વાંચી લે, પરન્તુ જિજ્ઞાસુ અધિકારીની સૂક્ષ્મદૃષ્ટિ સૂક્ષ્મ લેખ ઉપર પણ ફરી વળે. આ સમાલોચના તેમ જ પાદટીપોમાં મહાભારતમાં જ અન્યત્ર જડતી સમાનાર્થક ઉક્તિઓ, અનેક શાસ્ત્રીય ગ્રન્થોનાં પ્રસંગાનુરૂપ કથનો, જૈન અને બૌદ્ધ ધર્મના તેમ જ અન્ય પ્રકારના સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના સમયોચિત સિદ્ધાન્તો, ઉપરાન્ત સ્વામી વિવેકાનન્દ, મહાત્મા ગાંધી અને શ્રી અરવિન્દ જેવાં ભારતીય નરરત્નોના તેમ જ સૉક્રેટિસ, અબ્રાહમ લિંકન તથા મેયો-બંધુઓ જેવા વિદેશી મહાપુરુષોના ઉચ્ચારણ તથા આચરણનું વિશદ અને મુદ્દાસર તુલનાત્મક વિવેચન કરેલું છે. ખાસ કરીને મહાત્મા ગાંધીનાં લખાણોનાં વિસ્તૃત ઉદ્ધરણો આપેલાં છે—જે ઉપરથી ગાંધીજીના જીવનઘડતરમાં મહાભારતનો કેટલો મોટો હિસ્સો હશે તેનો કંઈક ખ્યાલ આવે છે.

લેખકની વિદ્વત્તાની સ્થળે સ્થળે પ્રતીતિ કરાવતી પાદટીપોમાં સંસ્કૃત, પાલિ તથા પ્રાકૃતનાં નાનાં-મોટાં મળીને કુલ ૪૭૫ અવતરણો આપવામાં આવ્યાં છે, જ્યારે વિવેચનામાં આવાં ૧૦ ઉદ્ધરણો મળે છે. કોઈ સ્થળે વ્યર્થ લંબાણ કરાયેલું નથી. ભાષા સરળ છતાં સ્થળે સ્થળે સંસ્કૃતમય થવા જાય છે, શૈલી વિશદ અને સીધી સચોટ છે, અને ઘણા વિશાળ સમયપટ પર કાર્ય પથરાયું હોવા છતાં સાતત્ય સચવાયું છે. લેખકની સર્વગ્રાહી વિચક્ષણ દૃષ્ટિ, તલસ્પર્શી ચિન્તનવૃત્તિ, રાગદ્વેષરહિત તટસ્થ રજૂઆત, સત્યશોધનની જીવનદૃષ્ટિ, ગંભીર એકાગ્રતા અને મૌલિક ઉચ્ચ અભિરુચિમાંથી ઊપસી આવતા તેમના નિરાળા વ્યક્તિત્વનાં દર્શન તેમાં થાય છે. ચિન્તનની મૌલિકતા તો જ્યાં ત્યાં ડોકિયાં કરતી જણાય છે. ખાસ કરીને નીચેનાં સ્થળોએ નાવીન્યની ઝમક સવિશેષ જણાય છે:

[૧] 'જય' સંજ્ઞાનું વિવેચન (પૃ. ૧–૩), [૨] 'પ્રજ્ઞા' શબ્દની સમીક્ષા (પૃ. ૧૦–૧૨), [૩] 'કલ્ક' અને 'કલ્કિ' વિષેનું લખાણ (પૃ. ૧૯–૨૧), [૪] 'कुरु कर्म त्यजेति च'ની વિવેચનામાં ઈશાવાસ્યોપનિષદ્‌ના પ્રથમ મન્ત્રનું વિવરણ (પૃ. ૨૭–૩૫), [૫] 'બુદ્ધ' અને તેને મળતા બીજા કેટલાક શબ્દોની યાદી અને બ્રાહ્મણ, બૌદ્ધ તથા જૈન પરમ્પરાઓ પાછળની સર્વસામાન્ય વિચારસરણીનાં પ્રતીકો તરીકેની તેમની રજૂઆત (પૃ. ૩૪–૩૫, પાદટીપ ૨૯), [૬] 'બ્રાહ્મણ' અને 'શ્રમણ' સંજ્ઞાઓનું વિવેચન (પૃ. ૯૪–૧૩૩), [૭] 'ધર્મ' અને 'વિજ્ઞાન'ની પરસ્પરપૂરકતાનું દર્શન (પૃ. ૪૩૪), ઇત્યાદિ.

'ભારતીય સંસ્કૃતિની ઝાંખી' એવા સૂચક શીર્ષકવાળા આશીર્વચનમાં કાકાસાહેબ

કાલેલકરે કહ્યું છે તેમ "આમાં વધારેમાં વધારે શ્લોકો ભેગા કરવાનો લોભ નથી પણ ભારતીય સંસ્કૃતિ સમજવા માટે જેટલા શ્લોકો જરૂરી જણાયા તેટલા જ લઈને એ વિષયો પર તુલનાત્મક વિવેચન કરેલું છે". શ્લોકોના આ સંચયનને અભિનંદતાં તેઓ માર્મિક રીતે કહે છે કેઃ "આપણા બગીચામાં બધી જાતનાં ફૂલઝાડ ભલે હોય પણ પુષ્પગુચ્છોની શોભા અને ખુશબો એ ગુચ્છ બનાવનાર માળીને જ આભારી હોય છે."

જોકે કેટલેક સ્થળે શ્લોકોનો લેખકે યોજેલો ક્રમ સુશ્લિષ્ટ જણાતો નથી તથા મુદ્રણદોષો પણ રહી ગયા છે, પરન્તુ "एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः" એ ન્યાય આવા અપૂર્વ કાર્યને તો સમ્પૂર્ણતઃ લાગુ પડે તેમ છે.

પં. સુખલાલજી સંઘવીએ પોતાના ત્રણ પૃષ્ઠના પુરોવચન 'કિંચિન્માત્ર'માં કેવા કપરા સંયોગો વચ્ચે આ અધ્યયન થયું છે તેનો ખ્યાલ આપીને પોતાની લાક્ષણિક તટસ્થ સમીક્ષા-દૃષ્ટિથી 'ભારત-રત્ન' એ ગ્રન્થશીર્ષકની અનેકધા ઉચિતતા પુરવાર કરી છે. તેઓએ આપણા અમર વારસા સમા પ્રાચીન સાહિત્યનું આવું સર્વતોમુખી દોહન કરવા માટે પણ્ડિતો તથા અધ્યાપકોને પ્રેરક ઉદ્બોધન કર્યું છે.

ગ્રન્થને અન્તે પરિશિષ્ટ ૧ માં અઢાર (૧૮)ની સંખ્યા કુલ ૭૦ મહત્ત્વનાં સ્થળોએ વપરાઈ છે તેની યાદી આપીને તેના મહત્ત્વનું નિદર્શન કરવામાં આવ્યું છે તે પણ લેખકની વિદ્વત્તા તથા પરિશ્રમશીલતાની પ્રતીતિ કરાવે છે. એ જ રીતે પરિશિષ્ટ ૨ માં જૈન શાસ્ત્રોમાંની 'લેશ્યા'નું સરળ નિરૂપણ કર્યું છે. છેવટે આપેલી મહાભારતના સમાલોચિત શ્લોકોની પ્રતીકસૂચિ, પાદનોંધોમાં ઉદ્ધૃત કરેલ સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત અવતરણોની પ્રતીકસૂચિ તેમ જ સામાન્ય શબ્દસૂચિને લીધે ગ્રન્થની ઉપયોગિતામાં વધારો થયો છે.

શ્રીયુત સાંડેસરાનો આવો અપૂર્વ પ્રયત્ન ધન્યવાદ માગી લે છે. પરન્તુ તેઓ કહે છે તેમ મહાભારત એ માનવ-આત્માનો સનાતન ઇતિહાસ છે. આવા મહાન રત્નાકરના પરિશ્રમપૂર્વકના દોહનમાંથી આ પ્રકારનાં અનેક 'ભારત-રત્નો' ઉદ્ભવી શકે તેમ છે. તેથી તેની અગાધતાને પામવાના પ્રશસ્ય પ્રયત્ન દ્વારા તેઓ આવાં 'રત્નો'ની શ્રેણી—નિઃશ્રેણી—તૈયાર કરવામાં વિલંબ નહીં કરે એવી આશા રાખવી અનુચિત નથી જ.

જયન્ત ઠાકર

* * * *

શબ્દકથા :—કર્તા : ડૉ. હરિવલ્લભ ભાયાણી; પ્રકાશક : સ્વાતિ પ્રકાશન, મુંબઈ ૧૯૬૩; કદ : ક્રાઉન ૧૬ પેજી; પૃ. ૮+૧૬૪; મૂલ્ય રૂા. ૩ = ૫૦ ન. પૈ.

ઐતિહાસિક ભાષાવિજ્ઞાનના એક અંગરૂપ ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર (Semantics)ની છણાવટ કરતા ગ્રન્થ 'શબ્દકથા'ને આવકારતાં આનન્દ થાય છે. 'કલા ખાતર કલા'ની જેમ 'અધ્યયન ખાતર અધ્યયન'નો વાદ મૂર્ત કરતા, સંશોધન અને અધ્યયનના ક્ષેત્રને નિષ્ઠા-પૂર્વક વરેલા ડૉ. ભાયાણીએ ગુજરાતી ભાષાવિજ્ઞાનના સંશોધનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

૧૯૫૪માં પ્રસિદ્ધ થયેલ તેઓના ભાષાવૈજ્ઞાનિક લેખસંગ્રહના સમૃદ્ધ ગ્રન્થ 'વાગ્વ્યાપાર' પછી ભાષાવિજ્ઞાનની સૈદ્ધાન્તિક ભૂમિકા પર આધારિત આ 'શબ્દકથા' આપણને મળે છે. આ પુસ્તકમાંના શબ્દોની ચર્ચા, આમ તો 'શબ્દકથા'એ શીર્ષકથી, માર્ચ ૧૯૫૮થી 'કુમાર'માં નિયમિત રીતે આવતી હતી તે હવે પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે. આ શબ્દચર્ચા હજી ય 'કુમાર'માં ચાલુ છે અને આશા રાખીએ કે 'શબ્દકથા'નો બીજો ભાગ આપણને મળે.

પુસ્તકમાં શબ્દોના ઇતિહાસની ચર્ચા નવ ભાગમાં વહેંચાયેલી છે: ૧. આદાન અને પ્રદાન; ૨. નામ કરે નાશ; ૩. ઇતિહાસની આરસી; ૪. શબ્દોની કાયાપલટ; ૫. શબ્દોની તોડમરોડ; ૬. શબ્દોની ટોળાબંધી; ૭. શબ્દમાંથી સૃષ્ટિ; ૮. શબ્દો સાથે ખેલ; ૯. અર્થની કાયાપલટ. આ દરેક વિભાગની શરૂઆતમાં કર્તાએ, વિભાગમાં સમાવેલા શબ્દો અને તેમના અર્થઘટન વિષે ટૂંકી વિદ્વત્તાપૂર્ણ નોંધ આપી છે.

બે જુદી જુદી સંસ્કૃતિઓનું મિલન થતાં, બે પ્રજાઓ આચાર, વિચાર, રહેણીકરણી, પહેરવેશ આદિની આપ-લે કરે છે, અને હંમેશના જીવનવ્યવહારમાં વ્યાપક એવા ભાષાના ક્ષેત્રમાં તો આ પ્રક્રિયા અતિ જીવંત હોય છે. આર્યોના આગમન પૂર્વેની આ દેશની અને દેશ બહારની આર્યેતર જાતિઓ સાથે આર્યોનું મિલન; અને વેપાર કે અન્ય રાજકીય હેતુઓ માટે ભારતમાં આવેલી ગ્રીક, રોમન, આરબ, શક, હૂણ, મોગલ, પોર્ટુગીઝ, અંગ્રેજો આદિ પ્રજાઓ સાથેનો આપણો સંપર્ક; આનાથી ભારતીય ભાષાઓમાં અને સામે પક્ષે બીજી પરદેશી ભાષાઓમાં. અનેક શબ્દોની આપ-લે થઈ છે; તેનો આછો ચિતાર આપણને 'આદાન-પ્રદાન' વિભાગમાં મળે છે. 'દામ' જેવા ગ્રીક અને 'દીનાર' જેવા રોમન શબ્દો અનેક વર્ષો પૂર્વે આપણા પ્રજાજીવનમાં કેવી રીતે પ્રવેશ્યા, ચલણી બન્યા, એ ભાષાના સાંસ્કૃતિક પાસાનું દર્શન કર્તા રસપ્રદ રીતે કરાવે છે. બીજા વિભાગ 'નામ કરે નાશ'માં, અમંગળસૂચક, અપશુકનિયાળ અને જુગુપ્સાજનક શબ્દોને સ્થાને, આઘાતજનક ભાવ ઉત્પન્ન ન કરે તેવા હળવા કે શોભન શબ્દોની ચર્ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે, 'આવો,' 'પધારો,' 'જી', 'ખમ્મા,' જેવા આદરવાચક શબ્દોની ચર્ચા પણ આ ભાગમાં આપવામાં આવી છે તે, મનોવૈજ્ઞાનિક રીતે, એક જ વલણની બીજી દિશાનો વિકાસ સૂચવે છે, છતાં ય 'નામ કરે નાશ' શીર્ષક નીચે આદરવાચક શબ્દોની ચર્ચાનો સમાવેશ બરાબર લાગતો નથી. ત્રીજા વિભાગ 'ઇતિહાસની આરસી'માં, સામાજિક તહેવારો, રીતરિવાજ અને રૂઢિઓની પરંપરાએ, જે શબ્દોમાં ચોક્કસ પ્રકારના અર્થનું આરોપણ કરવામાં ભાગ ભજવ્યો છે તેવા શબ્દોનું વિવરણ આપવામાં આવ્યું છે. 'દિવાળી', 'દશેરા', 'વીરપસલી' જેવા શબ્દોની અર્થવ્યાપ્તિની ચર્ચા નોંધપાત્ર છે. સંસ્કૃત કે પ્રાકૃત ભાષાના ઘણા શબ્દો, પોતાનો મૂળ અર્થ જાળવી રાખી, ગુજરાતીમાં જુદા દેહે રૂપાન્તર પામ્યા છે; તેવા શબ્દોની વ્યુત્પત્તિ, અર્થ આદિ 'શબ્દોની કાયાપલટ' એ ચોથા વિભાગમાં આપેલાં છે. 'છપ્પનિયો દુકાળ'ને બદલે 'છપ્પનિયો' અને 'દંડવત પ્રણામ'ને બદલે 'દંડવત' એમ શબ્દના અથવા શબ્દોના આખા ભાગને સ્થાને શબ્દનો એકાદ અંશ બોલવાથી અર્થ સરે છે; બોલવાના શ્રમની કરકસર દર્શાવતા શબ્દોની ચર્ચા 'શબ્દોની તોડમરોડ' નામના પાંચમા વિભાગમાં આપેલી છે. 'શબ્દોની ટોળાબંધી'ના છઠ્ઠા વિભાગમાં, 'લગોલગ', અડોઅડ', 'છેલછબીલો,' 'છેલ-છોગાળો' જેવા શબ્દોની ચર્ચા દ્વારા કર્તાએ દર્શાવ્યું છે કે, બોલનારના ચિત્તમાં જે બે સમાનાર્થ

શબ્દપ્રયોગો સંકળાયેલા હોય છે, તે કેટલીક વાર બોલતી વેળા સેળભેળિયા રૂપે પ્રકટ થાય છે અને એ બે શબ્દોના અર્થો પણ એકબીજાના રંગે રંગાય છે. લૌકિક વ્યુત્પત્તિનો આશરો લઈ, લોક-માનસે 'માશી', 'બાપા', 'શચી' જેવા શબ્દોની અર્થવ્યાપ્તિ બાંધી, તેનાં ઉદાહરણ 'શબ્દોમાંથી સૃષ્ટિ' નામના સાતમા વિભાગમાં આપણને મળે છે. કોઈની ઠેકડી ઉડાવવા કે વિનોદ પ્રાપ્ત કરવા, વ્યક્તિ કેટલીક વખત પરંપરા ને ગતાનુગતિકતાના સજ્જડ ચોકઠામાંથી છટકીને ઉપહાસમૂલક શબ્દોના પ્રયોગો ઉપજાવી કાઢે છે; 'ગપ્પીદાસ', 'ફુલણજી', 'બટાકીદાસ', 'ઊંઘણશી' જેવા શબ્દોનાં ઉદાહરણો દ્વારા કર્તાએ 'શબ્દો સાથે ખેલ'ના આઠમા વિભાગમાં એવા ઉપહાસાત્મક શબ્દોની ચર્ચા કરી છે. શબ્દોના અર્થનો સંકોચ કે વિકાસ થઈને, શબ્દોના મૂળ અર્થમાં પલટા આવે છે; 'મુદ્રિકા,' 'મુદ્રણ', 'મરી', 'મરચું' જેવા શબ્દોનાં દૃષ્ટાન્ત વડે 'અર્થની કાયાપલટ'ના નવમા વિભાગમાં લેખકે દર્શાવ્યું છે કે, "શબ્દ એ અર્થને મવરાવવાની પેટી જેવો નથી હોતો, એ તો હોય છે સાંકેતિક કે પ્રતીકાત્મક. જેમ સંકેત કે પ્રતીકનો અર્થ અનુકૂળતા પ્રમાણે એક કે બીજી દિશામાં અમુક કેન્દ્રને વળગી રહીને લંબાવી ટૂંકાવી કે અદલીબદલી શકાય છે, તેમ શબ્દનો અર્થ પણ સંદર્ભ અનુસાર લાંબોટૂંકો કે ઊંડોછીછરો કે જાડોપાતળો કરી શકાય છે."

ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર-વિષયક આ ગ્રન્થમાં ભાષાવિજ્ઞાનને કેન્દ્રમાં રાખી, સાંસ્કૃતિક ઇતિહાસ, સમાજવિદ્યા, લોકવિદ્યા, મનોવિજ્ઞાન, પુરાણવિદ્યા આદિ વિષયોની વિવિધ ત્રિજ્યાએ ઉડ્ડયન કરી, લેખકે શબ્દોનો ઇતિહાસ આપ્યો છે. ધ્વનિપ્રક્રિયા, સ્વરવ્યંજનપ્રક્રિયા કે રૂપરચનાના નિયમોની ભૂમિકા પર, ડૉ. ભાયાણીએ શબ્દોની ભાષાવૈજ્ઞાનિક ચર્ચા યોજી છે તે આ ગ્રન્થનું મહત્ત્વનું લક્ષણ છે. તાત્ત્વિક મીમાંસાના આ ગ્રન્થમાં ક્યાં યે પાંડિત્યનો આડંબર કે શુષ્કતા દેખાતાં નથી; વિદ્વત્તાના ભાર નીચે દબાયા વિના, પ્રસન્ન ગંભીર અને રસળતી શૈલીમાં નિરૂપાયેલ વસ્તુ અને વિષય, એક કથાગ્રન્થની માફક કુતૂહલ, રસ અને જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે, અને પુસ્તકના અન્ત સુધી આપણી જિજ્ઞાસાવૃત્તિને વધુ ને વધુ સતેજ કરે છે. ગંભીર અને તાત્ત્વિક વિષયોના ગ્રન્થોનું નિરૂપણ સરસ, સચોટ અને પાસાદાર ગદ્યમાં થઈ શકે છે તેનો નમૂનો, આજથી દશેક વર્ષ પર પ્રસિદ્ધ થયેલ, ડૉ. ભોગીલાલ સાંડેસરાકૃત 'શબ્દ અને અર્થ'માં મને જોવા મળ્યો; તે ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર જેવા ગંભીર વિષયનો ગ્રન્થ હોવા છતાં, તેનાં વિષય, વસ્તુ, ગદ્યશૈલી અને નિરૂપણ પદ્ધતિએ મારા મન પર એક કથાગ્રન્થના જેવી પ્રસન્નતા ફેલાવેલી; ડૉ. ભાયાણીનો ગ્રન્થ 'શબ્દકથા' પણ અન્તસ્તત્ત્વ, ગદ્યશૈલી અને નિરૂપણપદ્ધતિની દૃષ્ટિએ, ઉપર્યુક્ત કૃતિની કક્ષામાં મૂકી તકાય એવો રસપ્રદ છે.

અન્તમાં, ગુજરાતી ભાષાવિજ્ઞાનના ક્ષેત્રને સમૃદ્ધ કરતા ગ્રન્થ 'શબ્દકથા' માટે ડૉ. ભાયાણીને અનેક અભિનંદન, અને તેમના જેવા યુવાન વિદ્વાનના હાથે, ગુજરાતી ભાષાવિજ્ઞાનના અનેક અક્ષુણ્ણ વિષયો ખેડાય એ જ શુભેચ્છા.

સોમાભાઈ પારેખ

સ્વાધ્યાય

પુસ્તક ૧ : અંક ૧ વિ. સં. ૨૦૧૯
દીપોત્સવી અંક ઑક્ટોબર, ૧૯૬૩

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	પુરોવચન—ડૉ. જ્યોતીન્દ્ર મહેતા	૧–૨
૨.	સત્યની એક દિશા—પંડિત સુખલાલજી સંઘવી	૩–૪
૩.	કુવલયમાલાકથા અને તેનાં સંધ્યાવર્ણનો—દલસુખભાઈ માલવણિયા ...	૫–૧૧
૪.	પ્રા. 'વિગુત્ત', ગુ. 'વિગૂત', 'વિગૂચ' વગેરે—હરિવલ્લભ ચૂ. ભાયાણી ...	૧૨–૧૫
૫.	હીરાણંદકૃત 'વસ્તુપાલ રાસ' (સં. ૧૪૮૫)—ભોગીલાલ સાંડેસરા ...	૧૬–૨૭
૬.	ચાચર-ચર્ચરી—એક અધ્યયન—ઉમાકાન્ત પ્રે. શાહ	૨૮–૪૮
૭.	ગાન્ધારી—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા	૪૯–૬૦
૮.	ઋગ્વેદાદિમાં વાસ્તુકલા—રસિકલાલ છો. પરીખ	૬૧–૭૯
૯.	મુનશીની નવલકથાઓમાં ચમત્કારનું નિરૂપણ—યશવન્ત શુક્લ ...	૮૦–૮૩
૧૦.	ધોળકાની વાવનો શિલાલેખ—હરિપ્રસાદ શાસ્ત્રી	૮૪–૮૭
૧૧.	જ્ઞાનચન્દ્રની 'સિંહાસનબત્રીશી'—રણજિત પટેલ (અનામી)	૮૮–૯૬
૧૨.	કેની, કન્યા—સોમાભાઈ પારેખ	૯૭-૧૦૧
૧૩.	ગ્રન્થાવલોકન :	
	૧. આનન્દમીમાંસા	૧૦૨–૧૦૫
	૨. ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક	૧૦૫–૧૦૮
	૩. ભારત-રત્ન	૧૦૮–૧૧૦
	૪. શબ્દકથા	૧૧૦–૧૧૨

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂ. ન.પૈ.
૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૮=૦૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૫=૦૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા	૭=૫૦
૩.	ભાલણકૃત **નલાખ્યાન**—સંપાદક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં. : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૦૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૪=૭૫
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૮=૨૫
૭.	**પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૧૮=૬૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

૧.	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૧=૭૫
૨.	,, ,, ,, ૨	૧=૭૫
૩.	,, ,, ,, ૩	૪=૦૦
૪.	**નિરુત્તમા**	.૨=૦૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ ; મનનિકા સહિત)	૧=૭૫
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૩=૫૦
૭.	,, ,, **બીજો**	૨=૪૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૩=૦૦

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા નવેમ્બર ૧૯૬૩

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. ન.પૈ.
૧.	**કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી	૬=૫૦
૨.	**પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩.	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪.	**આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર	૬=૮૦
૫.	**આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ	૩=૦૦
૬.	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭.	**મીરાંબાઈ-એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮.	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯.	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦.	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ગાંધી	૧૪=૦૦
૧૧.	**હરિભદ્રસૂરિ**—હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાળા

૧.	**ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨.	**આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩.	**લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર	૧=૨૦
૪.	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ પટવા	૨=૩૦
૫.	**સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

દીપલક્ષ્મી

[પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝીઅમના સૌજન્યથી]